THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. DS
64
·M9
14372

શ્રી સયાજી સાહિત્યમાલા-પુષ્પ ૩૪ મું.

( ઇતિહાસ-ગુચ્છ. )

# ઇતિહાસનું પ્રભાત.

ભાષાંતરકાર,
વેણીશંકર જીવણજી અવાશીઆ.
એમ્. એ. એલ્એલ્. બી.
મુંબઇ.

પ્રકાશક,
એમ. સી. કોઠારી.
કાપડીપોળ, રાવપુરા-વડોદરા.

વડોદરા-રાવપુરા રોડપર "જાગૃતિ પ્રેસ" માં ભ. બ. પાળેકર એમણે
પ્રકાશક માટે છાપ્યું. તા. ૩૦-૯-૧૯

ઈ. સ. ૧૯૧૯ }
સંવત્ ૧૯૭૫ }

{ પ્રથમાવૃત્તિ
{ પ્રત ૫૦૦

કિંમત:—

પાકું પુઠું ૧-૪-૦ કાચું પુઠું ૧-૨-૦

9V392
V (G)E9
7DS
68
M9
SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY
V (G)E9

# અનુક્રમણિકા.


| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠ. |
| --- | --- | --- |
| પહેલું | ...ઇતિહાસ વિનાના લોકો. | ૧ |
| બીજું | ...ઇતિહાસનું નાટ્યઃ તેની રંગભૂમિ તથા પાત્રો | ૧૭ |
| ત્રીજું | ...મિસરમાંનું ઇતિહાસનું પ્રભાત. | ૩૩ |
| ચોથું | ...બૅબીલોનીઆમાં ઇતિહાસનું પ્રભાત. | ૭૧ |
| પાંચમું | ...સેમિટીસ લોકોનું આગમન. | ૯૦ |
| છઠ્ઠું | ...બૅબીલોનીઆના ઉચ્ચ પ્રદેશમાંના પાડોશીઓ. | ૧૦૫ |
| સાતમું | ...પુલરૂપી પ્રદેશ મધ્યેનું પ્રભાત. | ૧૨૨ |
| આઠમું | ...પૂર્વદા ભૂમધ્ય સમુદ્ર ઉપરના પ્રદેશોમાંનું પ્રભાત. | ૧૪૬ |
| નવમું | ...ઉત્તરના લોકોનું આગમન. | ૧૭૧ |
| દશમું | ...ઇટાલીમાંનું ઇતિહાસનું પ્રભાત. | ૧૯૬ |
| અગીઆરમું | ...મધ્ય અને ઉત્તર યુરોપમાંનું પ્રભાત. | ૨૧૫ |

# પ્રસ્તાવના.

ઇંગ્લંડમાં પ્રસિદ્ધ થયલ "હોમયુનિવર્સિટી" ગ્રંથમાળામાંના, અધ્યાપક જે. એલ. માયર્સકૃત "ડૉન ઑફ હિસ્ટરી" નામક પુસ્તકનું આ "ઇતિહાસનું પ્રભાત" નામક પુસ્તક ગૂજરાતી ભાષાંતર રૂપે પ્રકટ થાય છે.

આ પુસ્તકની ઉપયોગિતા પરત્વે બે મત હોઇ શકે નહિ; કારણ કે, હાલના જમાનામાં વધતા જતા આપણા ઇતિહાસ પરત્વેના જ્ઞાનમાં વધારો કરવો એ એક જરૂરની તેમ મહત્ત્વની બાબત છે. આ પુસ્તકમાં અલબત, હિંદુસ્તાનના પ્રાચીન ઇતિહાસને સીધી રીતે સ્થાન આપવામાં આવ્યું નથી. તથાપિ આપણા આ દેશના–એશિયાખંડના પશ્ચિમ ભાગમાં આવેલ ઍસીરીઆ, બૅબીલોનીઆ કે સીરીઆ વગેરે પ્રાચીન પ્રદેશોમાં તથા મિસર દેશમાં જે શોધખોળ ચલાવવામાં આવેલી છે તે શોધખોળથી પૃથ્વીના પ્રાચીન ઇતિહાસ ઉપર ઘણો પ્રકાશ પડેલો છે, અને તેના પરિણામમાં પરોક્ષ રીતે હિંદુસ્તાનના આર્ય લોકોના અતિપ્રાચીન અંધકારગ્રસ્ત ઇતિહાસની ઉપર પણ કંઇક અજવાળું પડતું હોય એમ કહી શકાય છે, અને તેટલા માટે આવા પુસ્તકથી આપણા દેશી ભાષાના ઇતિહાસવિષયક સાહિત્યમાં કેટલેક અંશે ઉપયોગી થઇ પડે તેવો વધારો થયો છે એમ કહેવામાં અતિશયોક્તિ થતી નથી.

મનુષ્યસમાજનો વિકાસ ધીમે ધીમે થતો ગયો છે. તે વિકાસની સીડીને પગથિયે પગથિયે સમાજ ચઢતી રહેલી છે એટલે મનુષ્યનો હાલના સ્વરૂપમાં દેખાતો સુધારો કયા કયા કાળમાં કેવા કેવા પ્રકારનો હતો, અને તે સુધારો કેવા કેવા સંયોગોમાં કેવી કેવી રીતે થવા પામેલો તે જાણવું ઘણું ઉપયોગનું થઇ પડે તેમ છે. એ બધું જ્યાં સુધી સમજવામાં ન આવે ત્યાં સુધી માણસ જાતનું સંપૂર્ણ પૃથક્કરણ થઇ શકે નહિ એ કુદરતી છે, અને ત્યાં સુધી પૃથ્વીપરની જુદી જુદી જાતો ઉપરનાં સામાન્ય તત્ત્વોને

આપણે સમજી શકીએ પણ નહિ. આ પુસ્તક, ઉપર બતાવેલી દિશામાં જો કંઇક પણ અર્થ સારી શકશે તો લેખકના ધારવા પ્રમાણે વાચનારને ઉપયોગી જ્ઞાનની ઉપલબ્ધિ થયા વિના રહેશે નહિ.

શ્રીમંત મહારાજા ગાયકવાડ સરકાર તરફથી દેશી ભાષાને સમૃદ્ધ કરવાનો જે પ્રયાસ ચાલુ રહેલો છે તે જોતાં આશા રહે છે કે, આપણું દેશી ભાષાનું સાહિત્ય વધારે તવંગર બનશે, આપણા લોકોમાં ઇતિહાસપ્રેમ જાગૃત થશે, અને એક એવો પણ દિવસ આવશે કે, આપણા હિંદુસ્તાનના 'ઇતિહાસનું પ્રભાત' પણ કદાચિત્ લખાશે, અને ત્યારે જ ગૂજરાતનો વિદ્યાધરવર્ગ શ્રીમંત મહારાજા સાહેબના ઋણમાંથી મુકત થઇ શકશે.

આ પુસ્તક તૈયાર કરવામાં લેખકને તો ભાષાંતર જ કરવું પડ્યું છે, એટલે એને આ સ્થળે વિશેષ કહેવાનું હોય જ નહિ. તથાપિ વડોદરા રાજ્યની વિદ્યાધિકારી કચેરીની ભાષાંતર શાખાએ એ પુસ્તક તૈયાર કરાવવામાં દીર્ઘ દૃષ્ટિ વાપરી લોકસેવા કરવાની પ્રવૃત્તિ કરી છે અને તે પ્રવૃત્તિમાં યોગ્ય સૂચનાઓ આપીને એણે ભાષાંતરકાર તરીકે મદદગાર થવાની મને તક આપી છે તે માટે તેનો હું આભાર માનું છું.

આ પુસ્તક ભાષાંતર છે એટલે ભાષાંતર કરતાં ગમે તેટલી કાળજી રખાય તો પણ દોષો રહે એ સ્વાભાવિક છે, એટલે એવા દોષો તરફ અમારા આ પુસ્તકના વાચનારે ઉદાર દીલથી જોવાની કૃપા કરવી એવી પ્રાર્થના કરી હું વિરમું છું.

વે. જી. અવાશીઆ.

શ્રી

# જાહેરાત.

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદ્દેશથી શ્રીમંત મહારાજા સાહેબ **સર સયાજીરાવ ગાયકવાડ**, સેના-ખાસખેલ, સમશેર બહાદુર, જી. સી. એસ. આઇ; જી. સી. આઈ. ઈ. એઓશ્રીએ કૃપાવંત થઇને બે લાખ રૂપિયાની જે રકમ અનામત મુકેલી છે તેના વ્યાજમાંથી "**શ્રી સયાજી સાહિત્ય-માળા**" રૂપે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો તૈયાર કરવામાં આવે છે.

આ પુસ્તક 'હોમ યુનિવર્સિટી' નામક અંગ્રેજી ગ્રંથમાળાના અધ્યાપક જે. એલ. માયર્સ કૃત "ધી ડૉન ઑફ હિસ્ટરી" નામક પુસ્તકનું ભાષાંતર છે અને તે રા. રા. વેણીશંકર જીવણજી અવાશીઆ એમ. એ. એલ. એલ. બી. એમની પાસે ઉક્તમાળાના "ઇતિહાસ–ગુચ્છ" માં પુષ્પ **ચોત્રીશમા** રૂપે વિદ્યાધિકારી કચેરીની **ભાષાંતર શાખાએ** ઠરાવેલા ધોરણ પ્રમાણે તૈયાર કરાવી પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે.

| | | |
|---|---|---|
| વિદ્યાધિકારી કચેરી,<br>વડોદરા.<br>તા. ૨૫–૭–૧૯૧૯. | જ. પુ. જોષીપુરા,<br>ભા. મ. | A. B. Clarke,<br>વિદ્યાધિકારી,<br>વડોદરા રાજ્ય. |

શ્રી.

# ઇતિહાસનું પ્રભાત.

## પ્રકરણ પહેલું.

### ઇતિહાસ વિનાના લોકો.

દરેક ઇતિહાસ, મનુષ્યના યત્નો સફળ થાય તેની તેમ જ તેની કુદરત તથા બીજાં મનુષ્ય સાથેની ચરસાચરસીની નોંધ છે; પરંતુ આપણે એમ પણ જોયું છે કે, ઇતિહાસનો સંકુચિત અને વધારે સામાન્ય અર્થ લઇએ તો તે અર્થમાં મનુષ્યના યત્નોને સફલ કરે તેવી દરેક બાબત ઇતિહાસનો વિષય ગણાતી નથી. આવી જાતના અર્થમાં જેમનો “ ઇતિહાસ ન હોય ” તેવા લોકો, અથવા વધુ ચોક્કસ રીતે કહીએ તો, મનુષ્યના સમૂહો હોઇ શકે; અને આવી બીજી જાતના થોડાએક દાખલા સંબંધી આપણે પહેલાં વિચાર કરીશું તો ઇતિહાસ તે શું છે અને અમુક લોકોના યત્નો સફળ થાય છે તે ઇતિહાસની દૃષ્ટિએ કિંમતી કેવી રીતે ગણાવા લાગ્યા છે, તે સંબંધી વિશેષ સ્પષ્ટ ખ્યાલ આપણને મળી આવશે.

પૃથ્વીના ગોળા અથવા એક સામટા નકશા ઉપર નજર કરીશું તો તુરત જ સહેલાઇથી આપણને જણાશે કે, વાસ્તવિક રીતે ઇતિહાસકારોમાંના ઘણાખરાએ પૃથ્વીના થોડાએક તદ્દન નાના દેશો તરફ જ ધ્યાન આપેલું

છે. ઇતિહાસનાં દર દશ પુસ્તકોમાંથી નવ તો યુરોપની પ્રજાઓ અથવા તેઓમાંના વિદેશમાં જઈ વસેલા લોકોનાં કૃત્યોની સાથે જ સંબંધ ધરાવતાં માલૂમ પડશે, અને બાકી રહેલા દશમા ભાગનાં પુસ્તકોમાંથી મોટો ભાગ ઇજીપ્ત, ઍસીરીઆ, તથા બૅબીલોનીઆ, હિંદુસ્તાન, ચીન અને (છેવટના કાળમાં) જાપાન એટલા યુરોપ બહારના થોડાએક દેશો સંબંધી છે. પરંતુ, વચમાં આવેલા ઘણા મોટા પ્રદેશો સંબંધી ઐતિહાસિક લેખ બીલકુલ નથી, અથવા છે તો, ઘણા જ થોડા છે; અને તેનું કારણ સ્પષ્ટ છે. તે કારણ એ છે કે, તેવા પ્રદેશોમાં મનુષ્યયત્નો સફળ થવા વિષે ઇતિહાસકારોથી નોંધાવા જેવું કાંઈ પણ નહતું અથવા તો બહુ જ થોડું હતું.

આવી રીતે થવા માટે કાંઇક કારણ તો હોવું જ જોઇએ. ઐતિહાસિક મહત્તાવાળી આવી જાતની ભૂગોળને લગતી વહેંચણી ઉપર કાંઇક અજવાળું પાડે તેવી બીજી ભૂગોળને લગતી વહેંચણી તો ચોક્કસ હોવી જ જોઇએ. પૃથ્વીની જમીનની સપાટી ઉપર પાણીનો જથ્થો પૂરો પાડતી વરસાદની વહેંચણી આપણું ધ્યાન પહેલું ખેંચે છે. ઐતિહાસિક મોટી અગત્યતાને માટે વધારે અને ઓછી પડતી ભીનાશ એ બન્ને બંધબેસતી બાબતો નથી તે દેખીતું જ છે. ક્વચિત્ જ વરસાદ થાય તેવા રણના પ્રદેશો મધ્યેની, અને થોડો ઘણો પણ દરરોજ વરસાદ થયાં જ કરે તેવા જંગલના પ્રદેશોમધ્યેની મનુષ્યોની જીંદગી કેવી સ્થિતિની હોય છે તેનો ટુંક વૃત્તાન્ત આવી જાતના પરસ્પરના સંબંધનો સુચક અર્થ બતાવી આપશે. આવા ઘણા દાખલા મળી આવે તેમ છે. તેમાંના વધુમાંવધુ તફાવતવાળા બે પસંદ કરવામાં આવે છે. તેમ કરવાનું કારણ એ છે કે, તે બન્ને ઘણા સાદા છે તેમ જ તેઓની વચ્ચેનો તફાવત સ્પષ્ટ અને બહોળો છે; પરંતુ સર્વેથી ખાસ કારણ તો એ છે કે, મને લાગે છે તે પ્રમાણે તો ભૂમધ્યસમુદ્રની આસપાસના પ્રાચીન યુરોપમાંના સર્વે રાજકીય લોકોના સમૂહોની ઉત્પત્તિ, છેવટે પૂર્વતરફના દક્ષિણ રૂષીઆ તથા તેની પેલેપાર તથા દક્ષિણ તરફના જૉર્ડન નદીની પેલી બાજુના અરબસ્તાનનાં રણોમાં આવેલા મોટા ઘાસ–પ્રદેશોમાં જેમણે



પોતાની જીંદગી શરૂ કરેલી તેવા લોકો જે વસ્તુસ્થિતિમાં તેવા પ્રદેશો છોડી દઈ, ભૂમધ્યસમુદ્ર તથા ઍટ્લૅંટિક મહાસાગરની વધારે નજીકના વધારે ભીનાશવાળા તથા વધારે જંગલથી ભરપૂર પ્રદેશોમાં જબરદસ્તી અથવા લાલચથી ગયલા, અને જે વખતે તેઓ ઘાસ–પ્રદેશોમાંની જીંદગીમાં જરૂરી પરંતુ ત્યારથી જે નવા પ્રદેશોમાં તેઓ આવેલા ત્યાં જીંદગી નિભાવવા તથા આબાદી વધારવામાં ખાસ કરીને બરાબર બંધબેસતાં નહિ તેવાં કુટુમ્બી અને સાંસારિક સંસ્થાઓ તથા રીતરિવાજો પોતાની સાથે લઇ ગયલા, તેવા સંજોગોમાં થયલી હોવી જોઇએ.

તોપણ, આ ક્ષણે તો આપણે તેઓની સાધારણ ચાલુ જીંદગીમાં કાંઈપણ અવ્યવસ્થા થયલી હોય ત્યારે આપણને માલૂમ ન પડે તેવા, તથાપિ કુદરત અને મનુષ્ય વચ્ચેની અરસપરસની સ્પર્ધામાં કેવી જાતનું સમતોલપણું રહે છે તેના દાખલા તરીકે ઘાસ–પ્રદેશો અને જંગલોમાંના જનસમૂહ સંબંધી ચર્ચા કરવાની છે.

પુષ્કળ વરસાદવાળા મુલકમાંથી કમી વરસાદ થતો હોય ત્યાં આપણે જઇએ, તો પૃથ્વીના દરેક ભાગમાં ઝાડપાલા, પ્રાણીઓ અને મનુષ્યો ઉપર એક જ જાતની અસર થતી આપણને માલૂમ પડે છે. જંગલી ઝાડોનાં ઘાટાં ચાલુ ઝુંડો થવાને બદલે તે ખુલ્લાં, ક્રમસર, પોતાની નીચે નાના છોડવાવાળાં અને ઘાસવાળાં ઉગે છે. પછી વરસાદને અભાવે ઘણાં જ થોડાં અને નાના કદનાં થતાં જઇ તેની અવજી તડકો સહન કરનાર નિરંતર લીલા છોડવાની સર્વત્ર નાની ઘાટી ઝાડીવાળા પ્રદેશો આવે છે; અને ત્યાર પછી નાની ઘાટી ઝાડી તથા નિરંતર લીલા છોડવા બંધ થઇ તેની જગ્યાએ માત્ર ઘાસ જ માલૂમ પડે છે. જંગલી હરણ અને વનમાંનાં ભૂંડને બદલે સાબર અને બકરાં માલૂમ પડે છે. વરૂ અને રીંછ જેવાં હિંસક જંગલી પ્રાણીઓને બદલે સૂકા ઘાસમાં ચૂપકીથી ફરવાને સગવડતા કરી આપનાર ખાખી રંગના સિંહ અને વાઘ માલૂમ પડે છે. ઘાસ કે સુગંધી ઘાસ અથવા વાળા ઉપર પણ

નિર્વાહ ન કરી શકનાર મનુષ્યો બીજાં પ્રાણીઓના ભટકતા દુશ્મન અથવા ફરજીઆતં પરોણા કે, ખરેખરી રીતે તો, અન્ય પ્રાણી ઉપર જ ગુજરાન ચલાવનાર તરીકે આ સૂકી જગ્યાઓમાં હિમ્મત કરીને પણ જાય છે.

ઝાડી અને બીડમાં જીવન ગાળતાં, એવી સ્થિતિનાં ફરતાં ભટકતાં મનુષ્યો સંબંધી વધારે વિવેચન કરવાની આપણને જરૂર નથી. ઑસ્ટ્રેલીઆના અસલના વતનીઓની પેઠે જો તેની પાસે કૂતરો હોય તોપણ તેની સ્થિતિ દયા ઉપજાવે તેવી જોખમ ભરેલી છે. ઘાસના બીડમાં ગુજરાન ચલાવતા કેટલાએક અમેરિકન-ઇન્ડીઅન હરણ અથવા જંગલી ભેંશને પકડી પાડે તેવી ઝડપ અને સહનશક્તિવાળા હોવાનું કહેવામાં આવે છે. પરંતુ ખુલ્લાં મેદાનવાળા પ્રદેશમાં મનુષ્યનું શરીર ઉભું સીધું તથા માથું સહેલાઇથી નજરે પડી જાય તેવું હોવાથી તે ઘણે દૂરથી દેખાઇ આવે છે; અને જો તે પ્રદેશમાં ખરેખર લાકડાંનો અભાવ હોય, તો તો તે લગભગ હથીઆર વિનાનુ જ રહે છે. વળી ઘાસ પ્રદેશમાંનાં પ્રાણીઓમાંનાં ઘણાંખરાં ઝડપી હાલચાલને માટે જાણીતાં હોય છે, અને છૂપાઇ રહેવાને માટે લગભગ બીલકુલ સાધન ન હોવાથી શિકારીને તેવાં પ્રાણીઓની નજીક જવા માટે તો જરા સંભવ પણ રહેતો નથી.

તેવા ઘાસ-પ્રદેશમાં મનુષ્યો રહી શકે તો તેમ કરવા માટે ફક્ત એક જ રસ્તો છે, અને તે એ છે કે, તેઓએ ઘાસ ખાનારાં પ્રાણીઓને પાળી તેઓનાં દૂધ અને તેઓનાં નકામાં બચ્ચાં ઉપર નિર્વાહ ચલાવવો જોઇએ. વહેલો ઘાસચારો મળી શકે તેવી જગ્યાએથી જ્યાં મોડો મળે ત્યાં જેમ પોતાનાં જાનવરોનાં ધણ જાય તેમ તેની પાછળ પાછળ ફરતાં મનુષ્યો, ઍરિસ્ટૉટલ વર્ણન કરે છે તે વાક્ય વાપરીએ તો, "જગ્યા બદલતાં ખેતર ખેડી" શકે, અને તેવી રીતે કરીને તેઓ જે વિશાળ પ્રદેશમાં તેમ ન કરે તો ચોક્કસ મરણશરણ થઇ જાય ત્યાં પોતાની જીંદગી પણ નિભાવી શકે. પરંતુ એક વખત આવી જાતની ભરવાડની જીંદગી અખત્યાર કરે કે પછી ઘણા વખત પછી પણ મનુષ્ય આવી એક જ



જાતની શરૂઆતની જાનવર પાળવાની શોધને લઇને જે દૂધ આપનારાં જાનવરો પોતે પાળે તેના ઉપર જ નિર્વાહ ચલાવનાર તરીકે બંધ થઇ તે હિંસક પ્રાણીઓથી તેઓનો બચાવ કરનાર અને કદાચ ચરવાની જગ્યાઓ પસંદ કરવામાં તેમનું મદદગાર પણ થઇ શકે. પરંતુ આખા વર્ષ દરમ્યાન તેવાં જાનવર પોતાની ટેવ અને અક્કલ અનુસાર ફર્યાં કરે તેની પાછળ પાછળ જવા તથા જ્યારે સ્હવાર સાંજ રાબેતા મુજબના આરામને માટે તેઓ પાછાં આવે ત્યારે પોતાનો દરરોજનો ખોરાક દોહી લેવા સિવાય તેને સામાન્ય રીતે બીજું કાંઇ પણ કરવાનું હોતું નથી. ગરીબ બિચારા ઘોડા જેવું પ્રાણી જે પોતાના રખેવાળને ખોરાક પૂરો પાડે છે એટલું જ નહિ, પરંતુ એકમાંથી બીજા લીલા ભાગમાં પોતાની પીઠ ઉપર તેને લઇ જવાનું પણ કામ કરે છે તે પણ તે સંજોગોમાં અગત્યનું થઇ પડે છે; કારણ કે, તે પણ પોતાના ખોરાકની હદની બહાર જઇ શકતું નથી. ફક્ત ઉંટ જ પોતાનો ખોરાકનો કોઠાર પોતાનાં શરીરની અંદર ફેરવે છે; પરંતુ તે ખોરાક કાંઇ તેના સ્વારને કામ લાગે તેવો હોતો નથી.

દૂધ અને ઊન અથવા વાળની જાત અને તેનો જથ્થો સુધારવાને માટે મનુષ્ય કાંઇક કરી શકે તેમ છે, અને તેમ તેણે કરેલું પણ છે. પરંતુ ઘાસનાં બીડમાં સુધારા કરવાનું તો તેની શક્તિની બહાર હતું. ખરૂં જોતાં તો, લાંબા કાળ પર્યન્ત એક જ જગ્યાએ રહેવાથી થતા ઘસારાથી પણ, અને ખાસ કરીને ઇરાદા પૂર્વક ઘાસનાં બીડની જમીન ખોદી ખેડીને પણ, ઘાસ-પ્રદેશની જમીનની સપાટીમાં જેમ બને તેમ ઓછો ફેરફાર તે કરે તો બહેતર છે. તો પછી તેના સંબંધમાં ખેતી કરવાની તો વાત જ શી!

તેવી જ રીતે સાથે સાથેના ઉદ્યોગો શોધી કાઢવા સારૂ બુદ્ધિના ઉપયોગને માટે તો કાંઇ જ જગ્યા રહેતી નથી. જે જરૂરીઆતોને લઇને ઉદ્યોગો હયાતીમાં આવે તે જવલ્લે જ હોય છે, તેમ જ તે ઉદ્યોગ માટેનો કાચો માલ પણ જવલ્લે જ હોય છે. ભરવાડને જરૂરી નહિ તેવા બીજા કાંઈ પણ બોજા બિના તેવી જાતની જીંદગી ગાળતાં મનુષ્યોને જેમ બને તેમ ઓછો માલ લઇને

મુસાફરી કરવી તે ખાસ અગત્યનું છે; તેથી રાચરચીલું અને ઓજારો પણ જેમ બને તેમ ઓછાં અને મુસાફરી દરમ્યાન ઘણી જ સહેલાઇથી સમારી શકાય કે બદલાવી શકાય તેવી વસ્તુનાં બનાવેલાં હોય—એટલે કે, તેઓની પાસે ઘેટાં અને બકરાંનાં ફક્ત ઊન, વાળ, ચામડાં, આંતરડાં અને હાડકાં તથા પાણીનાં ખાબોચીઆં અને નાના નદીનાળાંના કાંઠા ઉપર ઉગતાં બરૂ અને પાતળા ટુંકાં સાગના લાકડાંના ટુકડા એટલું જ તેઓ પોતા સાથે રાખી ફરતાં ફરે, એ શક્ય છે. તેઓનાં તંબુ અને કપડાં ચામડાંનાં અથવા ટીપી બેસાડેલાં ઊનનાં અથવા જે બનાવવા માટે કોઇપણ જાતની મોટી સાળની જરૂર ન પડે તેવી જાતનાં સાદામાં સાદા વણાટવાળા કાપડનાં બનેલાં હોય છે. છરી, ચામડાં છોલવાનું ઓજાર, કાંતવા માટેનાં રેંટીઓ અને તરાક તથા દૂધ ભરવા માટેની ચામડાંની બોખ અને ઉભા કાંડાની કુડલી સિવાય બીજાં કાંઇ પણ સાધનની, તેમ જ બળદ હાંકવાનો આરવાળો પરોણો, ગોફણ, અને જાનવર પકડવાની સડકીઆંવાળી દોરી સિવાય બીજા કોઇપણ હથીઆરની તેમને જરૂર પડતી નથી; કારણકે તેવા ઘાસ–પ્રદેશમાં પોતાના કરતાં વધારે હથીઆરબંધ કોઇપણ મનુષ્યો તેઓને મળવાનો સંભવ જ હોતો નથી. આવી જાતની ભરવાડની જીંદગી ભોગવતાં મનુષ્યોને માટે એક સર્વસામાન્ય લાભની વાત એ છે કે, તેઓએ જુદાં જુદાં જ રહેવું અને એક બીજાની સામે થવું નહિ; કારણ કે, ઘાસનાં જંગલોમાં તો જમીન સર્વને પૂરી પડે તેટલી હોય છે જ.

આ પ્રમાણેના સંજોગોમાં ઘસાઇ ગયલી કે ગુમ થયલી વસ્તુ પાછી તૈયાર કરી લેવા ઉપરાંત મનુષ્યનો ઉદ્યોગ ભાગ્યે જ આગળ વધી શકે છે; અને આવી જાતની જે ચીજોની જરૂર પડે તે એવી હોય છે કે, દરેક મનુષ્ય તે બનાવી શકે છે, અને તે પોતે જ જો તે ન બનાવે તો બીજાને તે બનાવવાનું સોંપે છે. જો તેમ ન કરે તો પછી પોતાને જ તે બનાવવી પડે છે. જેમ જેમ જે જે ચીજોની જરૂર પડતી જાય છે, તેમ તેમ દરેક મનુષ્ય તે બનાવી શકે છે, અને બનાવતો જાય છે; એટલે પછી બનાવેલી ચીજોની અદલાબદલી અને અમુક ચીજ બનાવવામાં ખાસ હોંશીઆરીનો તો સવાલ જ રહેતો નથી.



કાચો માલ ગમે તે વખતે સહેલાઇથી મળી શકે તેમ હોવાને લીધે અગાઉથી તે એકઠો કરી સાથે ફેરવવાની કાંઇપણ જરૂર હોતી નથી, તથા જોઇએ તે પહેલાં ચીજો બનાવી સાથે ફેરવવામાં આવે તો, જ્યારે જ્યારે રહેઠાણ ફેરવાય ત્યારે ત્યારે સામાનમાં તેટલો બોજો વધારવો પડે છે. એક જ કુટુંબની અંદરનાં મનુષ્ય એક બીજાને કાંઇ મજુરી આપે કે લે નહિ, એટલે પછી કાંઇ નફો કે બચત થવા જેવું રહેતું નથી. તેમજ પોતાની માનીતી બળદ હાંકવાની આરવાળી લાકડી અથવા કટાર સિવાય પોતાની એકલાની જ મીલકત જેવું તેની કનેખાનું કાંઇ જ હોતું નથી. જેમ આપણને દરિયાઇ છૂટ તેમ તેઓને જમીનની છૂટ હોય છે. માછલું જ્યાં સુધી પકડવામાં આવે નહિ ત્યાં સુધી તે જેમ હોય છે તેમ, ઘાસ ચરવામાં આવે નહિ ત્યાં સુધી તો તે સર્વ કોઇની મીલકત હોય છે. આવી જાતની વસ્તુસ્થિતિ હોઇને, આગમચેતી કે હોંશીઆરીનો બદલો તેમ જ મજુરીને માટે ખેંચાણ એ તો ઓછાંમાં ઓછાં હોય છે. જાનવર અને મનુષ્યો બંને સરખી રીતે, ગ્રીક લોકો અને તેમની પછી થયલા હાલના, કુદરતના શાસ્ત્રમાં નિપુણ લોકો જેને "એક સામટાં નિર્વાહ કરનાર" કહે છે તેવા સામાન્ય સમૂહનાં અંગભૂતો જ હોય છે, અને બંને તેવી જ સરખી રીતે તેવો સમૂહ બનાવે છે અને એક બીજાની માલીકીનાં હોય છે.

આવી જાતની ભરવાડની જીંદગી ગાળનાર મનુષ્યોની સંસ્થાઓ સાદામાં સાદી હોય છે. દરેક જગ્યાએ આવી જાતના જનસમુદાય નિકટનાં સગાંઓના નાના, ઘાટા સંબંધવાળા સમૂહોના બનેલા માલૂમ પડે છે. રાજ્ય ચલાવવાની તજવીજનાં બીજાં કાંઇપણ સાધન રહિત એક જ "પિતૃસત્તાક કુટુંબ" તરીકે તેવા દરેક સમુદાય રહે છે. તે "પિતૃસત્તાક કુટુંબ" એક બાપ, કેટલીએક મા કે જેની સંખ્યા મુખ્યત્વે કરીને તેમની છત કે અછત ઉપર આધાર રાખે છે તે, તથા બીજાં કેટલાંએક જાનવર અને છોકરાંઓનું બનેલું હોય છે. અર્થશાસ્ત્રની ભાષામાં કહીએ તો, આમાંનાં છેલ્લાં બેનો

એક જ વર્ગ પાડી શકાય; કારણ કે પહેલાં તો તેવા ઘાસ–પ્રદેશોમાં તેવા સંસારિક સમૂહને છોકરાં ઉછેરવાનાં કામ જેટલું જ પાળેલાં જાનવરો નિભાવવા તથા તેની સંખ્યા વધારવાનું કામ અગત્યનું હોય છે. ખરેખર તે સમૂહમાંનાં મનુષ્યો સંતતિ રહિત હોવાથી જેવી રીતે તે સમૂહ નષ્ટ થઇ જાય છે, તેવી જ રીતે તેવાં જાનવર વિના પણ તે ચોક્કસ નષ્ટ થાય છે. વળી બીજું એ પણ કારણ છે કે, જ્યારે જ્યારે કોઇ પ્રાચીન જનસમૂહ એકલો પડી જાય છે ત્યારે ત્યારે જેમ જરૂરનાં હોય તેટલાં જ કૂતરાં કે મેંઢાંનાં બચ્ચાં રાખે છે, તેવી જ રીતે જરૂર ઉપરાંતનાં છોકરાં પણ ન રાખવાની તે તેટલી જ કાળજી રાખે છે. પ્રાચીન ગ્રીસ કે પારાગુઆઇ મધ્યેના ચૅકો માફક જો દેશ ગરીબ હોય તો અથવા હાલના ચીનની માફક દેશ ફળદ્રુપ પરંતુ વધુ પડતી વસ્તીવાળો હોય તો, તે જનસમૂહનો મુખ્ય ઇરાદો જેમ બને તેમ પોતાની સંખ્યા વધારે ઓછી ન થવા દેવાનો હોય છે.

તોપણ “ પિતૃસત્તાક ” જનસમૂહમાં કુટુંબનાં છોકરાં પાસેથી કરાવાતી મજુરી સંબંધી વિચારોને લઇને આ કૃત્યની દેખાતી ક્રૂરતા ઘણી ઓછી અમલમાં મુકાતી માલૂમ પડે છે. તદ્દન નાનાં બાળકો પણ જાનવરોનાં બચ્ચાંની સંભાળ રાખી શકે છે; અને એક “ પિતૃસત્તાક ” કુટુંબનું કલ્યાણ તેનાં જાનવરની સંખ્યા ઉપર એટલી સીધી રીતે આધાર રાખે છે કે, તેવા કુટુંબમાં ગમે તેટલાં છોકરાં હોય તોપણ સારૂં ગણાય છે. ખરૂં જોતાં, આવા સંજોગોમાં તો, છોકરાં વધારેમાં વધારે લાભકારક મીલકત ગણાય છે; તે એટલે સુધી કે, તેમને “ ઇશ્વરદત્ત વારસો અને બક્ષીસ ” ગણવામાં આવે છે. જો છોકરાંની સંખ્યા ઓછી થવા પામે, તો બેદરકાર પાડોશીઓનાં છોકરાંની ચોરી પણ થઇ જાય છે. છોકરાં વિનાનાં સ્ત્રી-પુરૂષોને દયા અને કરૂણાને પાત્ર ગણવામાં આવે છે; કારણ કે લોકોમાં એવો ખ્યાલ હોય છે કે, તેઓએ ખરેખર કાંઇક પાપ જ કરેલાં છે અથવા તો ઇશ્વર તેમને પોતાને ધિક્કારે છે.



છોકરાંઓ જેવીજ તેમની માતાઓની સ્થિતિ પણ હોય છે. તેઓ વળી છોકરાં ઉછેરીને જ નહિ, પરંતુ જાનવરોની અને તેની પેદાશની વ્યવસ્થા રાખીને, દૂધ દોહીને, દરેક ચીજ સાચવીસંભાળીને, ચામડાં, ઊન તથા વાળમાંથી કપડાં અને તંબુઓ બનાવીને, અને છોકરાંઓને આ હુન્નરો શીખવીને પોતાનાં ગુજરાનનાં સાધન કમાય છે. જે સ્ત્રી બરાબર પોતાનાં કામ કરી જાણે છે તેની કિંમત વાસ્તવિક રીતે ઘણાં જાનવરો જેટલી હોય છે; અને વધારે પડતાં જાનવરો આપીને તેના બદલામાં વધારે પડતી સ્ત્રીઓ લેવામાં આવે તેને એક સારી જાતનો ધંધો કહેવામાં આવે છે. આવી સ્ત્રીઓ જ્યાં સુધી સારી ચાલચલગતની હોય છે, ત્યાંસુધી તેમને કુટુંબનાં માણસોની માફક જ રાખવામાં આવે છે. જો આવી જાતનો કોઇ સોદો ગેરકાયદાવાળો માલૂમ પડે, તો તેવી સ્ત્રીને તેનાં કોઇ છોકરાં હોય તો તે સાથે કાઢી મુકવામાં આવે છે, અને તેઓ જ્યાંથી આવેલાં હોય ત્યાં, પોતાનો રસ્તો શોધી શકે તો, પાછાં ચાલ્યાં જાય છે.

માત્ર એક જ કુટુંબથી બનેલ રાજ્યવાળા, એક જ પુરૂષના હાથમાં સર્વે રાજ્યસત્તાવાળા, અને સ્ત્રીઓ અને બાળકો તો જાણે કે બહુ જ સારી રીતે પાળવામાં આવેલ જાનવરો હોય તેવા ખ્યાલવાળા આવી જાતના જનસમૂહ, રાજદ્વારી અર્થમાં કહીએ તો, મનુષ્યનું જાણે કે અમુક જાતની હવામાં પોતાનું રક્ષણ કરવાને માટે એક ફક્ત પુરાતની અને પરિચિત કપડું જ ન હોય? જ્યાં સુધી આસપાસની વસ્તુસ્થિતિ કાયમ રહે ત્યાં સુધી તે ઘણા વખતસુધી અને બીલકુલ ફેરફાર થયા વિના ચાલે છે. જો તે સ્થિતિમાં કાંઇ અગત્યનો ફેરફાર થાય તો તે ઘસાવા લાગે છે અને છેવટે બાતલ થાય છે. ઍરિસ્ટૉટલના શબ્દોમાં કહીએ તો, અમુક “ બાહ્ય પદાર્થો ” હોવાનું અને તેવી જ રીતે બીજા સર્વે પદાર્થો ન હોવાનું ધારી લેવામાં આવે છે. મનુષ્ય પોતે ખાઇ ન શકે તેવા ઘાસ જેવા ભાજીપાલા ઉપર ગુજરાન ચલાવતાં પાળેલાં જાનવરો હોવાનું, અને આવી ઘાસથી છવાયલી જમીનનો સાધારણ રીતે અમર્યાદિત અને અખૂટ વિશાળ પ્રદેશ

હોવાનું, તેમ જ મનુષ્ય પોતે ખાઇ શકે તેવાં ફળ અને કંદમૂળો ભેગાં કરીને અથવા પાળી ન શકાય એવાં જંગલી પ્રાણીઓનો શિકાર કરીને પોતાનો નિર્વાહ ચલાવવાનાં બીજાં કોઇ પણ સાધનો ન હોવાનું ધારી લેવામાં આવે છે. જે સ્ત્રીઓ અને પુરૂષોનું આવી જાતનું પિતૃસત્તાક કુટુંબી રાજ્ય બનેલું હોય છે તેમને તેને માટે જે અખૂટ અને સજડ ચાહના હોય છે તે આવી જાતની ધારણાઓ ઉપરથી જ આપણે સમજી શકીએ છીએ.

આ સમયે સ્પષ્ટ કરવાની જરૂરની સૌથી વધારે આગત્યની બાબત તો એ છે કે, આવી જાતનો પિતૃસત્તાક કુટુંબી જનસમૂહ ઘણો પુરાતની તોપણ બહુજ સાદા સ્વરૂપનો હોવાથી એક અપવાદરૂપ સ્થિતિમાં મનુષ્યની જીંદગી ટકાવી રાખવાનું સાધારણ રીતે ખાસ સાધન છે; તથા આવી સ્થિતિ હોય અને તે જ્યાંસુધી બદલાય નહિ ત્યાંસુધી ફક્ત જીવતા રહેવાના નહિ, પરન્તુ તેવી અપવાદરૂપ સ્થિતિમાં જેમ બને તેમ સારી રીતે રહેવાના સવાલનું નિરાકરણ તે પિતૃસત્તાક જનસમૂહે કરેલું છે. પછી જીવતા રહેવાનો સવાલ જેમ જેમ તેઓની સમક્ષ આવીને ઉભો તેમ તેમ તેઓએ તેનું નિરાકરણ કર્યું; તે કારણને લઇને, મુખ્યત્વે કરીને, ઇતિહાસના ગ્રન્થોમાં કેવળ ભરવાડની જીંદગી ભોગવતા જનસમૂહો સંબંધી કાંઇ પણ લખાણ જોવામાં આવતું નથી, અને તેવી જ રીતે જે પ્રદેશોમાં તેવા જનસમૂહો વસે છે તે ઐતિહાસિક નકશામાં તદ્દન ખાલી જ રહેલા છે. બીજી બાજુએ, જ્યારે જ્યારે એક ભરવાડની જીંદગી ભોગવતા જનસમૂહને કોઇ ઘાસ–પ્રદેશ અમુક કારણોને લઇને છોડવો પડે છે, ત્યારે ત્યારે, તેવી રીતે જગ્યાની ફેરવણીની ઐતિહાસિક અસર ઘણી જ મજબૂત હોય છે, અને તેનું મુખ્ય કારણ એ છે કે, તેઓની જીવનશૈલી તથા વિચારમાળા દરેક રીતે ખાસ મર્યાદિત હોય છે અને તેના અંગભૂતોમાં સખ્તાઇથી તે પળાવવામાં આવે છે.

ચાલો, હવે આપણે તેનાથી તદ્દન ઉલટો દાખલો લઇ તે ઉપર વિચાર કરીએ. જંગલી ઝાડપાલો ઉગી શકે તેટલો સારો વરસાદ થતો હોય



તેવા કોઇ પ્રદેશમાં મનુષ્યો જંગલી પ્રાણી પકડી, મારી અથવા બોર વિગેરે ફળ અને કંદમૂળ ભેગાં કરી પોતાનો નિર્વાહ ચલાવી શકે. આ સ્થિતિમાં મનુષ્યોને જાનવરો એકઠાં કરી, પાળી તેમની પેદાશ ઉપર પોતાનો આધાર રાખવો પડતો નથી; અને જ્યાં ઘાટાં જંગલ હોય ત્યાં જાનવરોનો સમૂહ એકઠો રાખી શકવો તે ઘણુંજ અસંભવિત થઇ પડે છે. વહેલોમોડો તે ગુમ થઇ જાય છે અથવા જંગલી હિંસક પ્રાણીઓ તેનો નાશ કરે છે. તો પછી, આવી રીતે જાનવરો ભેગાં કરી રાખવાની જરૂર તેમ જ શક્તિ નહિ હોવાથી મનુષ્યને તે સંજોગોમાં મોટાં કુટુંબનું પણ કામ હોતું નથી; કારણ કે એવે સમયે જાનવરોની બરદાસચાકરી કરવા માટે તેને તેવા કુટુંબની જરૂર રહેતી નથી. વળી જ્યારે તે શિકાર ઉપર જાય ત્યારે પોતાનાં બૈરાંછોકરાંથી પણ તેને જુદું પડવું પડે છે, અને તેઓ પણ તેનાથી જુદાં જ પડે છે; કારણ કે શિકારમાં તેની સાથે છોકરાં ફરી શકે નહિ. વળી એકલો માંસનો ખોરાક પસંદ પડે નહિ કે તેવો ખોરાક વાંધા ભરેલો અથવા હાનિકારક લાગે, તેથી બોર વિગેરે ફળ, કંદમૂળ ભેગાં કરી આવવાનું છોકરાંઓને ભાગે આવે છે, વળી પુરૂષ શિકારમાંથી ખાલી હાથે અને તદ્દન ભૂખ્યો પાછો ઘેર આવે એવું પણ કદાચ બને. બીજી બાજુએ, ભરવાડની જીંદગીમાંના મુખ્ય ખોરાક રૂપ દરરોજ મળતું દૂધ અને સંગ્રહ કરી રાખેલી મલાઇને અભાવે સાધારણ રીતે છોકરાંઓને ભૂખ લાગે છે એટલે તેઓ પોતાનો બચાવ કરી લેવાનું એકદમ શીખી જાય છે. ભરવાડની જીંદગી કરતાં બીજી કોઇપણ જાતની જીંદગીમાં વધુઓછા અંશે, પરન્તુ જંગલની જીંદગીમાં તો વિશેષ કરીને પોતપોતાને માટે શિકાર કરવા અથવા બોર, ફળ, કંદમૂળાદિ ભેગાં કરવાને તેઓ શક્તિવાળાં થાય છે કે તુરત કુટુંબના બંધનમાંથી વધારે કે ઓછા પ્રમાણમાં પણ પુરૂષો અને સ્ત્રીઓ બન્ને છૂટાં પડી જાય છે. શિકાર અથવા ખોરાક માટેની શોધ કરવાને લગતી જીંદગીને લઇને છોકરાંઓને માબાપની છાયા વહેલાં તજી દેવાનું બની આવે છે. એવી સંસારવ્યા-

હારની વિરૂદ્ધતાઓની બાબત, તે વખતે તો, બંને પક્ષોને માટે લાભકારક થાય છે; કારણ કે જંગલ કે ઝાડીવાળા પ્રદેશોમાં જેમ નિરાધાર છોકરાંઓ ભારરૂપ ગણાય છે અથવા તેમને ગુમ થઇ જવાનો વિશેષ સંભવ રહે છે તેમ બીજી કોઇપણ જાતની જીંદગીમાં બનવા પામતું નથી. પરંતુ તેને લઇને એક જમાનાનો અનુભવ ત્યારપછીના જમાનાને મળવાનો અથવા તેનો અનુભવ એકઠો થવાનો સંભવ ઘણો જ કમી થઇ જાય છે.

તોપણ, જો સાંસારિક વ્યવહાર ચાલુ રાખવાનો હોય તો છોકરાં તો અવશ્ય હોવાં જ જોઇએ. વળી, કારણ તથા કાર્ય બન્ને તરીકે માનવ સંસ્કૃતિ સાથે નિકટ સંબંધ ધરાવી આજુબાજુએ જ રહેનાં બાળકોના લાંબા કાળ પર્યન્ત ચાલતા નિરાધારપણાથી બાપ કરતાં માના કાર્યક્રમ ઉપર વધારે અસર થઇ છે. પુરૂષ શિકારી જીંદગી ભોગવતો હોવાથી સહેલાઇથી પાછો ફરી શકે નહિ ત્યાં સ્ત્રીઓ તો સહેલાઇથી બહાર જઇ શકે જ નહિ; તો પછી ઘર ફેરવવું તે તો તેને માટે વધારે મુસ્કેલ થઇ પડે છે. તો પણ પુરાતની શિકારીની જીંદગી ભોગવતા જનસમૂહના આવે વખતે જ જુદી જુદી શૈલીથી ઘરસંસાર ચલાવતા બે વર્ગો પડી જાય છે. એકમાં "બુશમેન" અને અમેરિકાના કેટલા ઇન્ડીઅન લોકો માફક સ્ત્રીઓ રહેઠાણ બદલતી ચાલુ રહે છે અને કાંગારૂ નામનાં પ્રાણીઓની પેઠે પરંતુ તેટલી જ સગવડતા વિના પોતાનાં બાળકોને પોતાની સાથે સાથે જ ફેરવે છે, અને એવા સર્વે (તેને આપણે જનસમૂહ કહી શકીએ તો) જનસમૂહમાં બીજી કાંઇ પણ વસ્તુ બનાવવા, પોતાની કરી તેની માલીકી ભોગવવા તથા પોતાની સાથે ફેરવવામાં સ્ત્રીઓને પોતાની ઇચ્છાઓ અને વૃત્તિઓને ઘણી જ દબાવી રાખવી પડે છે.

હવે, આપણે હાલ લગભગ નાબુદ થયલા અને જંગલી પ્રદેશોની પેલીપાર આવેલા તથા મનુષ્યરૂપી કચરો આવવા દીધેલા અને પાળી શકાય તેવાં પશુઓ રહિત ખુલ્લા ભાગોમાં જ માલૂમ પડતા, ઘરવિનાના, છોકરાં સાથે ફેરવતા લોકો સંબંધી વિચાર કરવાનું તુરત જ છોડી દઇશું. ભરવાની



જીંદગી ભોગવનારા જંગલી લોકોની માફક તેઓને પણ સમતોલપણું મળી ગયલું; અને તેઓનો કાંઈ પણ ઇતિહાસ આપણા હાથમાં આવેલો નથી. જે બીજી જાતનો સમૂહ છે તેના સંબંધી આપણે જરા લાંબા વખતસુધી વિચાર કરવાનો છે.

આ બીજી જાતના સમૂહમાં સ્ત્રીઓએ છોકરાં છોડી દેવાથી ઘર જેવી સંસ્થા શોધી કાઢી છે; કારણ કે, જ્યાં પોતાનાં છોકરાં રાખી શકે ત્યાં જે બીજી વસ્તુઓ પહેલાં પોતાની સાથે ફેરવવી પડતી હતી તે પણ તે રાખી શકે છે; અને આવી રીતે એક વખતે અમુક જગ્યાએ પોતાનાં છોકરાંને લીધે થોડા વખતને માટે પણ સ્થાયી થાય કે તેને લઇને પુરૂષોને (અને વિશેષ કરીને સ્ત્રીઓને) ઉપયોગી ચીજો ભેગી કરવા ત । કુદરતમાંથી એક રૂપ બદલાવી બીજા રૂપમાં વસ્તુઓ મેળવવાની શરૂઆત કરવાની તક મળે છે. પોતાનાં છોકરાંઓનો બોજો હોય છે તેને લીધે તેમનું પોતાનું ધ્યાન એક લક્ષ્ય ઉપર લાંબો વખત રહેતું નથી; તો પણ જેને હવે પોતાનું ઘર કરીને ધાર્યું છે તે સુધારવાને વાસ્તે નવરાશની વેળાએ સ્ત્રીઓ કરી શકે તેવી ઘણી વસ્તુઓ હોય છે. ફળઝાડોવાળી જગ્યાને, ભોંય ઉપરના નાના ઉપયોગ વિનાના છોડવા અને વેલા કાઢી નાખીને સાફ કરી શકાય. અચાનક ઇરાદાવિના બેદરકારીથી છૂટાંછવાયાં નાખી દીધેલાં બીજ તથા છાલ અથવા, એક ખીસકોલી કરે તેવી રીતે, ઘણી ભીનાશવાળા ખૂણામાં સંગ્રહ કરી રાખેલાં ફળ અને ગોઠલામાં ફણગા ફૂટે અને તે ઉગી, પાકી, બદલો વાળે ત્યાં સુધી તેની તેવી જ રીતે તેઓ સંભાળ લઇ શકે. છાલ બીઆં વીણી લઈ જવાને આવતાં જંગલમાંનાં પક્ષીઓને પોતાની પાસે જ રહેવા અને કદાચ ઇંડાં મુકવા તેઓ લલચાવી શકે. ટુંકામાં સ્થાયી જગ્યા, પરાણે મળતો નિરૂદ્યમ અને જેમ તેમ કરી વખત ગાળવો, એવા એવા છોકરાં ઉછેરવાની જીંદગીમાં અવશ્ય માલૂમ પડતા સર્વમાન્ય સંજોગોને લઇને જ ખેતી જેવી શોધ થવા પામી છે. તેવીજ રીતે સ્ત્રીઓએ વેલા કે છાલના રેસામાંથી દોરડાં ખાસ હેતુ વિના ગૂંથી કાઢેલાં હોય અને ઝાડ અથવા છોડવાનાં સીધાં થડ અને ડાળીઓ પોતાના

ઉપયોગ માટે પસંદ કરી રાખી મુકેલાં હોય તે; શિકારી ઘણે વખતે પોતાને મથકે પાછો ફરે ત્યારે તેને પણ કાંતો ભાંગેલાં ભાલાં અથવા તૂટી છૂટાં પડી ગયેલાં ફાંસા અથવા તીરની દોરી તરીકે ઉપયોગમાં આવે. આમ થવાથી પુરૂષોને પાછા ઘર તરફ આવવાનું નવું કારણ મળે છે; કેમકે આ ચીજો સ્ત્રીઓ બનાવે છે, અને તેથી કરીને છોકરાં ઉછેરવાનાં ઘરોની આસપાસની ખેતીમાં કળા કે કારીગીરીનો ઉમેરો થવા પામે છે.

છતાં પણ જે પ્રદેશમાં વરસાદ જોઇએ તે કરતાં વિશેષ પડે છે ત્યાં, એકાએક કુટુંબમાં જ છુટાછવાયા થતા મનુષ્યના યત્નો કાબૂમાં રાખી કેળવી શકાય નહિ તેવા વિશેષ પ્રમાણમાં ઝાડપાલા ઉગી નીકળે છે, તેમ જ તેવાં કુટુંબો સાથે મળી મોટા સમૂહમાં રહી શકે તેટલો પુષ્કળ ખોરાક થઈ શકતો નથી. કોઈ કોઈ વખતે શિકારીઓનાં ટોળાં મોટાં અથવા જથ્થા બંધ ફરતાં શિકારી પ્રાણીઓનો શિકાર કરવા નીકળે; પરન્તુ તેવી રીતે એકત્ર થવાનું થોડો જ વખત ચાલે છે, અને તેમાં પણ વળી ફક્ત પુરૂષો જ આવી રીતે ભેગા મળી કામ કરે છે. તેઓ કોઇપણ જાતનાં સગપણથી નહિ. પરન્તુ એક બીજાંની સંમતિ અને લગભગ એકસરખી જ હોંશીઆરીનાં બંધનથી જ એકત્ર થવા પામે છે. નબળા અને વૃદ્ધ પુરૂષોને આ સ્થિતિ બહુ મુશ્કેલી ભરેલી લાગે છે, તથા મજબૂત અને કઠણ મનવાળા પુરૂષો જ સત્તા ભોગવી રહે છે.

જંગલમાં વસતા અમુક જનસમૂહમાં સમતોલપણું કયે ચોક્કસ વખતે થવા પામે છે - તે વાતનું યથાર્થ અનુમાન અત્યારસુધી અસંભવિત ગણાયલ માનુષી અને બાહ્ય તત્ત્વોની તુલના ઉપર આધાર રાખે છે. જે કાંઈ આપણે કહી શકીએ તેમ છીએ તે એટલું જ છે કે, પૃથ્વીના ઉષ્ણ અને ઉત્તર તરફના મધ્યમ આબોહવાવાળા એ બન્ને ભાગોમાંના ઘણા જ વિશાળ જંગલી પ્રદેશોમાં અમુક જનસમુદાયોએ આર્થિક, સાંસારિક અને રાજદ્વારી સમતોલપણું મેળવવામાં જે મહેનત અથવા યુક્તિ અથવા જે બારીકીથી



કે મોટા પાયા ઉપર વ્યવસ્થા કરેલી છે તેના કરતાં વિશેષ કરવી તે કેવળ વખત અને શક્તિને ગુમાવવા બરાબર છે. તેથી કરીને, વળી, ઘણા જમાના સુધી ઇતિહાસમાં નોંધ લેવા લાયક કોઈપણ બાબત મળી શકતી નથી.

તે સમતોલપણું ફેરવી નાખવા માટે આજવામાં એક નવીન, વધારાના તોલાંની આ સ્થિતિમાં જરૂર રહે છે. વરસાદમાં ફેરફાર; કોઈ નવીન ઝાડ કે છોડવાનો ફેલાવો, કે કોઈ નવા ફરતા ફરતા જનસમૂહનું આગમન કે તેથી પણ વધારે સંભવિત એવો જંગલને દાહ લગાડી નાશ કરવા અથવા લાકડાં કાપી જીવનનાં બીજાં સાધન સાથે અદલાબદલી કરવા અથવા જમીન નીચેના ખનિજ પદાર્થો માટે ઝાડો નીચે ખોદકામ ચલાવવાનો નવો વિચાર: એ સર્વે બાબતો તેવા લોકોની અગાઉ પણ હયાતી ધરાવનાર પરન્તુ કાંઈપણ ફેરફાર થવાની અપેક્ષા રાખતી, સંજોગોને અનુકૂળ રહેવાની બુદ્ધિને પ્રેરે છે.

ઉપર સામાન્ય રીતે જણાવેલી એક બીજાથી વિરૂદ્ધ પડતી જાતિની રૂપરેખાઓ ઉપર, જે દાખલામાં તે વ્યવસ્થિત ચાલતી જોવામાં આવેલી છે તે દાખલા આપીને, ખાસ અજવાળું પાડવાની અમારી ફરજ સ્થળસંકોચને લઇને અમો અદા કરી શકાતા નથી. કેવળ પિતૃસત્તાક વ્યવસ્થિત જનસમૂહમાંનાં ભરવાડની જીંદગી ભોગવનારાં મનુષ્યોનો બહુ જ સારો દાખલો ' ઓલ્ડ ટેસ્ટામેન્ટ 'ના શરૂઆતના ખંડોમાંથી આપણને સહેલાઇથી મળી આવે છે. તે જગ્યાએ " ઇશ્વરના માનીતા લોકો " ના જુદે જુદે ઠેકાણે ફરતા, જાનવરોનાં ટોળાં રાખનારા પૂર્વજોનો સવિસ્તર હેવાલ આપવામાં આવેલો છે; તથા કેટલીએક અગત્યની બાબતોમાં આપણાથી તદ્દન વિરૂદ્ધ એવી જનસમૂહની જાતિનો આબેહુબ શબ્દોદ્વારા આલેખાયલો ચીતાર કેળવણીના કામમાં અને ખાસ કરીને તદ્દન શરૂઆતની કેળવણી વખતે નાગરિકત્વ તથા ઇતિહાસ એ બન્નેનાં તત્ત્વોમાં પ્રવેશ કરાવવાને માટે ઘણો જ કિંમતી થઈ પડશે એવી સૂચના કરવાને હું સાહસ કરૂં છું. જો

સાંસારિક મનુષ્ય-જાતિઓએ પોતાની ઉત્પત્તિ કરનારાઓના ઇરાદા ફળીભૂત કર્યા છે અને ત્યાર પછી જેઓનો કાંઇપણ ઇતિહાસ મળી આવતો નથી તેવી જાતિઓ, અને જે બીજી સાંસારિક જનસમૂહની જાતિઓ કે જેમાં વારંવાર સંયોગાનુસાર વ્યવસ્થા થવા પામેલી છે અને " મહત્ કાર્યો " અને " મહાન્ નરો " એક પછી એક ક્રમસર થવા પામેલાં છે તેવી જાતિઓ વચ્ચેનો તફાવત પ્રકાશમાં લાવવો એટલો જ આ પ્રકરણનો ઉદ્દેશ હોવાથી, અમો હવે ફક્ત એટલી જ ખાત્રી આપીએ છીએ કે, ભરવાડની જીંદગી કે જંગલી પ્રદેશોમાંના જીવનને લગતો ઘણા દાખલાઓમાં મળી આવતા આધાર વિનાનો કોઇપણ સંજોગ જણીજોઇને અમોએ દાખલ કરેલો નથી; તથા ખાસ અમુક જ સ્થળમાં હસ્તી ધરાવતી બાબતોને લઇને અર્થનો અનર્થ ન થવા પામે તેવી સાવચેતી રાખવાના હેતુથી જે પુરાવાનો લાભ લેવામાં આવેલો છે તે, લગભગ દરેક બાબતમાં, પૃથ્વીના એકથી વધારે ખંડોમાંના પુરાતની જનસમૂહમાંથી મેળવવામાં આવેલો છે.

# પ્રકરણ ૨ જું.

## ઇતિહાસનું નાટ્ય-તેની રંગભૂમિ તથા તેનાં પાત્રો.

મનુષ્યના ઇતિહાસના મુખ્ય ક્રમની નિશાની આપણને માલૂમ પડે છે તે જગ્યાએથી તે ચાર મુખ્ય સ્થિતિઓમાંથી પસાર થયલ છે; અને અને તે દરેક સ્થિતિ જુદા જુદા ભૂગોળને લગત્તા આસપાસના સંજોગોની સાથે નિકટનો સંબંધ ધરાવે છે.

જે સ્થિતિમાં કાદવથી ભરપૂર, પાણી પાઇ શકાય તેવી જમીનવાળી, મોટી નદીની ખીણોની અંદર તથા તેવી ખીણોથી મર્યાદિત સુધારાનાં મથકો થવા પામ્યાં છે તે સ્થિતિ તેવું પહેલું પગથીઉં છે. મિસર અને બૅબીલોનીઆ મધ્યેના બનાવોના ચોક્કસ ક્રમનો આધાર મોટે ભાગે બહારની બાબતો ઉપર રહેલો છે; પરંતુ જેને " પુરાતની પૂર્વ " નામના વર્ગમાં ઇતિહાસકારો સામાન્ય રીતે સામેલ કરે છે તેની, પૃથક્ પૃથક્ નદીકાંઠા ઉપરના અને મોટે ભાગે ખેતીવાડી સાથે સંબંધ ધરાવતા સુધારા, એ સામાન્ય ખાસીઅત છે. તેવા સુધારાને ઘાસ-પ્રદેશો અને પહાડી ભાગોમાંનાં મનુષ્યોનો વારંવાર ભય રહે છે, અને તેઓમાં એક બીજા વચ્ચે ચાલુ સંબંધ પણ હોતો નથી. યુફ્રેટીસ અને નીલ વચ્ચેનો વ્યવહાર એક સાંકડે રસ્તે—એટલે કે, અર્ધા ભાગમાં નદીકાંઠા અથવા યુફ્રેટીસ નદીનાં જ મૂળ તરફના વહેન વાટે અને અર્ધામાં ભૂમધ્ય સમુદ્ર એક બાજુ ઉપર અને જેમાં ધીમે ધીમે તે અદૃશ્ય થાય છે તે અરબસ્તાનનું રણ બીજી બાજુ ઉપર છે તેવા ટેકરીઓવાળા પ્રદેશની સાંકડી

પટ્ટીદ્વારા ચાલતો હતો. આ ટેકરીઓવાળા પ્રદેશમાં થઈને બૅબીલોનીઆ અને મિસર વચ્ચે ચીજવસ્તુઓ અને મનુષ્યો તથા વિચારોનું આવવું જવું થતું હતું. તે બેમાંની એક સત્તા જ્યારે બીજીના ઉપર ચઢાઈ લઈ જવા જેટલી જોરદાર થતી, ત્યારે તે જ રસ્તે થઈને લશ્કરો પણ જતાં, અને બંનેના પરદેશી શત્રુઓ પણ વારંવાર તે જ રસ્તો વાપરતા. પોતપોતાની હદમાં મર્યાદિત સ્થિતિને અનુકૂળ દરેકના પોતાના જ સુધારાવાળી, સ્વયંબિંદુ અને સ્વાવલંબિત ભૂભાગોની ખીલવણી, તે મનુષ્યના ઇતિહાસનું આ પહેલું પગથીઉં છે. પ્રકાશનાં ઉત્પત્તિસ્થાનનાં આ જોડાંની બહાર તો તદ્દન અંધારૂં જ, અથવા તેઓમાં એક અથવા બન્નેમાંથી આવતા પ્રકાશનાં કિરણોનાં અથડાવાથી અજવાળું મેળવતા નાના ઉપગ્રહો જ રહેલા છે.

જ્યારે જમીનની વચમાંના સમુદ્રના એક અખાતમાંના છૂટાછવાયા બેટોમાં વસતા લોકો તેના કિનારા ઉપરની દરેક જગ્યાઓ સાથે માલની અદલાબદલી કરવાના વ્યવહારની શરૂઆત કરવા લાગ્યા, અને તેને લઈને તેમને આ વસવાટ કરી શકાય તેવી દુનિયા “ જમીનનું કુંડાળું, ” “ દેશોનું ચક્ર, ” અથવા જેની અંદરના ભાગ તરફની ઢોળાવવાળી કોર ઉપર તથા જેની વિષેના બેટોમાં મનુષ્યો “ જળમાર્ગે ” અથવા, હોમર કહે છે તેમ, રેતીનાં નહિ પરંતુ પાણીનાં મોજાનાં રણને રસ્તે થઈ એક બીજા આવજાવ કરતા પોતાની જીંદગી ગાળતા તેવા એક જ પાણીના સમૂહની આસપાસ ફરતા આવેલા દેશોનું એક કુંડાળું હોવાનો ખ્યાલ આવવા લાગ્યો, ત્યારથી ઇતિહાસનું બીજું પગથીઉં શરૂ થયું. દેશોનાં કુંડાળાંનો આ ખ્યાલ લાંબા વખત સુધી કાયમ રહેવા પામ્યો અને તેનાં ગ્રીક અને રોમન લોકોની જીંદગીમાં વ્યવહારિક પરિણામો થવા પામ્યાં તેનુ કારણ એ છે કે, જે ભૂગોળને લગતી સ્થિતિઓને લગતો આ ખ્યાલ હતો તેના જેવી જ સ્થિતિમાં ગ્રીસ અને રોમે પોતાની બાજી પૂરેપૂરી ફત્તેહમંદીથી ખેલી હતી. કેમકે, ભૂમધ્યસમુદ્રની આસપાસના દેશોમાં જે મહાન સુધારો થવા પામ્યો તે સંબંધી આપણે વિચાર કરીશું, તો તેની દરેક મુખ્ય



સ્થિતિમાં દેખીતી રીતે ખાસ ભૂમધ્યને લગતી જ બાબતો હોવાનું આપણને માલૂમ પડશે. તેની મહત્તા તેની સ્થિતિ બરાબર ભૂમધ્યમાંની જેવી જ હોવાને આભારી છે. માઇનૉસ, ઍથેન્સ અને રોમનાં સામ્રાજ્યો, એક એક સુધરેલું “જમીનનું કુંડાળું” અસ્તિત્વમાં લાવવા માટેના એક પછી એક થયલા યત્નો માત્ર છે. આ હદ ઓળંઘવા માટેના ઍલેક્ઝૅન્ડર, ઑગસ્ટસ, અને ટ્રૅજનના ક્ષણિક યત્નો તેઓની સાથે જ અથવા અગાઉ જ અદૃશ્ય થયા. પોતાની અસાધારણ બુદ્ધિને લઈને જ ફક્ત સીઝર અગાઉથી જ જાણી શક્યો હતો કે, ર્‌હૉન નદી ઓળંઘીને જે “નવી દુનિયા” પોતાને શોધવી છે તે એલ્બ નદીની નહિ, પરંતુ ઍટ્લૅન્ટિક મહાસાગર તરફની દિશામાં આવેલી છે.

જ્યારે સરેલ કે દેવદારૂ લાકડાંનાં બાંધવામાં આવેલાં હલેસાંવાળાં, ભૂમધ્ય સમુદ્રમાંથી નીકળતાં સીઝરનાં વહાણોનો, મહાસાગરમાં ફરતાં વેનેટાઈ લોકોનાં માફ્લા લાકડાનાં બનેલાં, સઢવાળાં વહાણો સાથે મેળાપ થયો ત્યારથી મનુષ્યના ઇતિહાસનું ત્રીજું પગથીઉં શરૂ થયું. અંગ્રેજી ખાડીમાંથી રોમન લોકોને દરિયાઈ મુસાફરી કરતા ટયુટન લોકોએ કાઢી મુકી તેની જગ્યા પોતે લીધી; બાલ્ટિક સમુદ્ર તરફના ઉત્તર પ્રદેશોમાંના લોકો સિસિલીના ટાપુમાં આવી વસ્યા; અને ઍથેન્સ અને કૉન્સ્ટૅન્ટીનોપલને હેરાન કર્યાં. એવી રીતે ઉત્તર તરફના દરિયાઈ સત્તા ધરાવનાર લોકોએ દક્ષિણ તરફના સાથે લડાઈ કરી ત્યારથી તે છેક ઇંગ્લાંડ તથા હોલાંડ, પોર્ટુગાલ તથા સ્પેન અને જીનોઆ જેવી ઉત્તર તેમજ દક્ષિણ તરફની સત્તાઓએ ઉત્તર તથા દક્ષિણ અમેરિકા શોધી કાઢી તથા વસાવીને ઍટ્લૅન્ટિક મહાસાગર પણ કોઇ જમીન પ્રદેશ બહારનો દરિયો ન હોવાનું એટલુંજ નહિ, પરંતુ ભૂમધ્ય સમુદ્ર અને પુરાણા ઇજીઅન સમુદ્રની માફક જ “ યુનાઇટેડ સ્ટેટ્સ ” ( સંયુક્ત રાજ્યો ) અને વિભક્ત રાજ્યો વચ્ચેનો જાણે કે પૃથ્વીના ખંડો મધ્યમાં આવેલો એક મોટો અખાત જ હોવાનું, તથા તેવી જ રીતે તે પણ પાછો પોતાના હૉર્ન અને ગુડહોપની ભૂશિરોના બનેલા દરવાજાની પેલીપાર આવેલા એક ખરેખરા મહાસાગરમાં જવાનો ધોરી રસ્તોજ હોવાનું, એક

સરખી રીતે બતાવી આપ્યું, ત્યાં સુધીના લાંબા કાળ પર્યંત એક પછી એક થતા રહેલા ફેરફારોમાંથી તે સ્થિતિ પસાર થયલી છે.

ઑસ્ટ્રેલિયા તથા અમેરિકાના પશ્ચિમ તરફના કિનારા ઉપરના દેશોમાં વસવાટ થવાથી, તથા હિન્દુસ્તાન, જાપાન અને. ચીનમાં પાશ્ચિમાત્ય વિચારોના દાખલ થવાથી દુનિયા જે મનુષ્યના ઇતિહાસની ચોથી સ્થિતિમાંથી હાલ પસાર થતી જણાય છે તે સંબંધમાં એવો સવાલ નવેસરથી ઉપસ્થિત થાય છે કે, ગમે તેમ હોય પરંતુ જમીન વાળા ભાગોની બહારનો દેખાતો દરિયો પણ તેના જેવા બીજા દરિયાની માફક જ પોતાની આસપાસના જમીનના પ્રદેશોથી ખરેખર વીંટલાઇ ગયલો છે કે શું ?

આપણી આ પૃથ્વીના પૂર્વ અને પશ્ચિમ ગોળાર્ધોએ પૂરતા લાંબા કાળપર્યંત ઍટ્લૅન્ટિક મહાસાગર ઉપરના પ્રદેશો તરીકે કામ કરેલું નથી ? વાસ્તવિક રીતે શાંત (પૅસિફિક) મહાસાગરની આસપાસની દુનિયાના મધ્ય પ્રદેશાભિમુખ કિનારામાં તેમને ઉલટાવી નાખવા જોઇતા નથી શું ?

ઉપર જણાવી ગયા તે ઇતિહાસના નાટયમાંના એક પછી એક આવતા મુખ્ય દેખાવો છે. હવે આપણે આ નાટ્ય ભજવી બતાવવામાં આવે છે તે નાટકશાળા, જે જુદા જુદા પ્રદેશોમાં મનુષ્યો વારાફરતી વસેલાં છે તેનાં લક્ષણો, તથા મનુષ્યની જે જુદીજુદી જાતોએ કુદરત ઉપર પોતાનું આવી જાતનું સામ્રાજ્ય જમાવેલું છે તેની વહેંચણી ઉપર જરા વિશેષ બારીકીથી વિચાર કરીશું.

પૃથ્વીના ગોળા ઉપર નજર કરીશું તો જેને આપણે પ્રાચીન દુનિયા કહીએ તે વિશાળ જમીનના વાયવ્ય ખૂણામાંનો ચોથો ભાગ, વાયવ્યખૂણા તરફની દિશાએ વાયુથી જર્જરિત ઉંચી સપાટીવાળી જમીનના થોડાએક ખડબચડા ટેકરાઓવાળી અને વળી પીરીનીઝના પહાડોથી હિન્દુકુશપર્વત પર્યન્ત નિરંતર ચાલી જતી અને ત્યારપછી એક બાજુએ બેહરિંગની સામુદ્રધુની અને ટૅાકીના પહાડો તરફ છૂટી પડી જતી આપણા આ પૃથ્વીના ગ્રહની ધારનાં એક ભાગના પર્વતોની ધુંચવાઈ ગયલી આંટલીથી વચમાં વચમાં પડી ગયલા આંકાવાળી સપાટ શિલાઓની હાર જેવા દેખાવનો માલૂમ પડે છે. આપણી પૃથ્વીના ગ્રહ ઉપરની ટેકરીનો આ ભાગ પીરીનીઝ અને ઍરારાટ પર્વતો વચ્ચે સાધારણ રીતે પશ્ચિમમાંથી પૂર્વ દિશા તરફ જાય છે, અને તે પછી તેના બે ફાંટા કાસ્પીઅન સમુદ્ર અને હિન્દી મહાસાગર વચ્ચે ઇરાનના વિશાળ ઉચ્ચ પ્રદેશની આસપાસ ફરી વળે છે.



દરિયાની સપાટી કરતાં વિશેષ ઉંચી નહિ પરંતુ લગભગ તેના જેટલી જ સપાટીએ ઉપર જણાવેલી શિલાઓમાંની ઘણી ખરી આવેલી છે. ઉત્તર જર્મની અને રૂષીઆ તેમ જ ઉરલ પર્વતોની પેલી બાજુએ આવેલ સાઇબીરીઆ તથા આફ્રિકામાંનો સહરાનો પ્રદેશ, એ સહજ દેખાઇ આવે તેવા દાખલા છે. થોડીએક શિલાઓ બરાબર ન બેસારેલા પથ્થરના રસ્તાની માફક જરા ઢળી ગયલી દેખાય છે, અને તેથી કરીને તેની એક બાજુની કિનારી હવામાં તો સામેની બાજુની પાણીની નીચે આવી ગયલી છે. તેનો ઉત્તમ દાખલો અરબસ્તાન છે. તેના પશ્ચિમાદા ભાગમાં આવેલી સીધી ઉંચી ટેકરીઓ જૉર્ડન નદીની ખીણ તથા રાતા સમુદ્ર ઉપર અધર લટકે છે, જ્યારે પૂર્વાદા ભાગમાં આવેલો લાંબો ઢોળાવ ઈરાની અખાત તથા તેને મથાળે આવેલા ક્રિન્ચ્યડના વિશાળ સપાટ મેદાનમાં મળી જાય છે. અને તેના ઉપર વળી તેની બાજુએ આવેલ પૂર્વ તરફના ઉચ્ચ પ્રદેશની સીધી અને સંકુચિત કિનારી એક મિનારા માફક ઉભી રહેલી છે. નીલ નદીની ખીણથી વચમાં બે જુદા ભાગમાં વહેંચાઇ ગયલો તથા રાતાસમુદ્રથી શરૂ થઈ સહરાના રણમાંના ફળદ્રુપ દ્વીપો તરફ છેક દરિયાથી પણ નીચી સપાટીવાળા ફાયુમ પર્યન્ત નીચોનીચો ઉતરતો ગયલો ઢોળાવ, દરિયાથી પણ નીચી સપાટીવાળા કાસ્પીઅન સમુદ્રની ઉત્તર તરફ છજ્જાં માફકનો કિનારો અને ટ્યુનિસ તથા સાઇરીન વચ્ચેનો ભૂમધ્યસમુદ્રનો આફ્રિકાવાળો કિનારો એ વળી વધારાના દાખલા છે. તો વળી હંગરીનાં મેદાનની માફક બીજી કેટલીએક નાના વિસ્તારની, ઘડ પડવાને લીધે બનેલી ટેકરીઓની વચમાં આવેલી શિલાઓ સમુદ્રના જેટલી જ સપાટીવાળી રહેવા પામી છે,

અથવા સ્પેન, એશિયામાઇનર અને ઇરાનના મધ્યભાગમાં આવેલાં મેદાનની માફક કેટલીએક તેવી ટેકરીઓની સાથે જ ઉંચી ચઢી ગયલી છે, ત્યારે છેવટે કાસ્પીઅનસમુદ્રના દક્ષિણાદી બાજુના છેડા કે કાળાસમુદ્ર અથવા જે તેવી જ જાતના જમીનના બેસી ગયલા ભાગોની હારનો ભૂમધ્યસમુદ્ર બનેલ છે તેમની માફક કેટલીએક દરિયાની સપાટીથી પણ તદ્દન નીચે ઉતરી ગયલી છે. "પર્વતોના પ્રદેશ" ના પોતાના જ ભાગો ત્રણ જગ્યાએ તેવી જ રીતે નીચે ઉતરી ગયલા છે અને અમુક અંશે પાણીથી ઢંકાઇ જવા પામેલા છે. દાખલા તરીકે, ઍટ્લાસ પર્વતની હાર તેને પશ્ચિમાદે છેડે જિબ્રાલ્ટર સિવાય સ્પેનના અગ્નિખૂણા તરફના પ્રદેશની સાથે, અને તે પ્રદેશ પાછો બૅલીઆરિક દ્વીપોની સાથે ચાલુ જ છે; તેને પૂર્વાદે છેડે ટ્યુનિસ અને પ્રાચીન કાર્થેજની બન્ને બાજુઓ ઉપરના જમીનના દરિયામાં જતા ઉંચા ભાગો, સિસિલી અને દક્ષિણ ઇટાલીના ઉચ્ચ પ્રદેશોમાં થઇને ચાલ્યા જઇ ઍપિનાઈન્સના પહાડોમાં મળી જાય છે. વળી પાછો પરંતુ વિશેષ રીતે એકદમ તે પર્વતોના પ્રદેશનો બાલ્કન દ્વીપકલ્પ અને એશિયા માઇનર વચ્ચેનો લગભગ આખો પહોળો ભાગ પાણીની સપાટીની નીચે આવી ગયલો છે અને તેવી રીતે દ્વીપો મધ્યેની અર્ધ ડૂબેલી ટેકરીઓનાં માથાંના સમૂહ સહિતનો ઇજીઅન સમુદ્ર બની ગયલો છે. આ જગ્યાએ, દાખલા તરીકે, ક્રીટ દરિયાની સપાટીથી વધુમાં વધુ ૮૦૦૦ ફીટની ઉંચાઇએ છે, જ્યારે તેની અને સાઇક્લૅડિક દ્વીપો વચ્ચેનું સમુદ્રનું તળીઉં તેટલી જ નીચાઈનું છે. તેનાથી વધારે ઉત્તરના ભાગમાં નીચાણ જરા કમી છે. ગ્રીસમાંનો ઓલીમ્પસ પર્વત ઉંચાઇમાં ૧૦૦૦૦ ફીટથી વધારે છે, જ્યારે ઍસિયન સમુદ્ર ઉંડાઇમાં વધુમાં વધુ ૫૦૦૦ ફીટ છે. તેમ જ એશિયા-માઇનરના વાયવ્યખૂણાના ભાગમાં આવેલો ઓલીમ્પસ નામનો બીજો પર્વત ઉંચાઇમાં ૭૫૦૦ ફીટ છે, તો મામોરા સમુદ્રનું પાણી ૬૦૦ ફીટથી વધારે ઉંડું તો નથી જ.

વિશાળ સપાટ પ્રદેશો, ચાલુ પર્વતોવાળો પ્રદેશ, અને સાંકળની માફક જોડાયલ સમુદ્રનાં તળીઆંની જમીનની જુદીજુદી જાતની સપાટી, એ દરેકમાં



એની પોતાની જ હવાને અનુકૂળ વનસ્પતિની જાતો ઉગે છે તે સંબંધી હવે આપણે વિચાર કરવાનો છે. "અર્વાચીન ભૂગોળ" નામનાં આ પુસ્તકની જેવાં જ તથા તેની સાથેસાથે વાંચવા લાયકનાં પુસ્તક ઉપર તેસંબંધી વિશેષ માહિતી મેળવવા માટે વાચકોનું લક્ષ્ય ખેંચીને અમો સૂર્યનો તાપ, વાયુ અને વરસાદનાં કારણો અને તેની વહેંચણીની શું અસર થાય છે તેનું વર્ણન કરીશું, અને વનસ્પતિની ત્રણ મુખ્ય જાતિઓ વચ્ચેનો તફાવત સમજાવીશું. વિશાળ સપાટ પ્રદેશોમાં જો વરસાદ દર વર્ષે દશેક ઇંચથી વિશેષ થતો ન હોય તો ફક્ત ટુંકું ઘાસ અને માત્ર વસન્ત ઋતુમાં જ ફુલ બેસી થોડા વખતમાં જ બીઆં પડી જઇ ચીમળાઇ જતા વાર્ષિક છોડ ઉગી શકે છે. બહુ તો, જ્યાં પાણીનો પ્રવાહ બંધ થઇ તે એકઠું થતું હોય તેવાં ખોયાણમાં, અથવા ઉંડા ઝરા નીકળી પડેલા હોય ત્યાં જાથુકનાં આખા વર્ષ દરમ્યાન લીલા કુંઝાર ઝાડપાણીવાળા દ્વીપો જેવા ભાગ થયલા હોય છે. તો વળી ત્યાં એવી ખરાબાવાળી જગ્યાઓ પણ હોય છે કે જ્યાં બીડોમાં થતા ઘાસને બદલે જૂજ ચામડાં જેવું કઠણ અને કાંટાવાળું ઉંટ જ માત્ર ખાઇ શકે તેવું જાડું ગુચ્છાગુચ્છામાં જ ઉગતું ઘાસ માલૂમ પડે છે; અને તેથી કરીને સુકાઇ ગયલી જમીન ઉપરના ભાગની માટી તથા ધૂળ ઠેકઠેકાણે પવનથી બરફની માફક ઉડી રણમાંનાં રેતીનાં મોજાંના કદમાં વધારો કરે છે.

ઘાસ–પ્રદેશની કિનારી ઉપરના જરા ભીનાશવાળા ભાગો કે જ્યાં સાધારણ રીતે દરવર્ષે દશથી વીશ ઇંચિ વરસાદ થાય છે અને ખાસ કરીને જ્યાં મૂળ વધારે ઉંડાં ઉતરી શકે તેવી વનસ્પતિને લાયક જમીન હોય ત્યાં ઘાસના બીડને બદલે નાના કદના છોડવાઓનાં ઝુંડવાળી ઘાટી ઝાડી માલૂમ પડે છે. ઉત્તર અને મધ્ય યુરોપની માફક જ્યાં આખા વર્ષમાં સાધારણ સરખો વરસાદ પડયા કરે છે ત્યાં આવી જાતની ઝાડીને બદલે હાથલા અને દાંડલીઆ થોર અને બાવળ થતાં થતાં છેવટે ઝાડ અને "ભક્ષીવૃક્ષ" જેવાં મોટાં ઝાડોનાં જંગલો માલૂમ પડે છે. એક વખત તેવી જાતનાં જંગલો કાર્પેથિયન અને ઉરલ પર્વતોની વચ્ચે તથા તેની પેલીપાર આવેલાં ઘાટાં ઘાસનાં બીડોની આજુ-

બાજુ ઍટ્લૅન્ટિક મહાસાગરથી શરૂ થઇ છેક સાઇબીરીઆ પર્યન્ત એક પછી એક આવેલાં હતાં.

બીજી બાજુએ દક્ષિણદિશામાં જે જગ્યાએ શિયાળામાં વરસાદ પડે છે ત્યાં "બનાર્ઇવન", કપુરકાચલી, અને "રૂસમારી" જેવા નાના સુગંધી છોડવાઓ નીચેના ભાગમાં અને તેની ઉપર જરા ઉંચાં નિરંતર લીલાં રહેતાં ઝાડ "બેદાણા" "મેંદી" તથા "શમશાદ" ની ઝાડીઓ માલૂમ પડે છે. જે જગ્યાએ પૂરતું પાણી હોય છે અથવા ખીણોમાંની જમીનમાં અથવા ખડકોમાંની ફાટમાં મૂળીઆં પૂરતાં ઉંડાં જઈ શકે છે ત્યાં બદામ, અંજીર અને લીસાં ઝાડ તથા સ્પેનમાં થતાં "બાંખોર" અને નિરંતર લીલાં રહેતાં "મારૂ" નાં ઝાડો ઉગે છે અને તેમની ઉપર દ્રાક્ષ અને તાપમારીના વેલા ચઢે છે. ઉનાળામાં વાદળાં અને વરસાદ થઇ શકે તેવી ઉંચાઇવાળા પ્રદેશોમાં પાછાં વધારે ઉત્તરમાં આવેલા દેશોમાંની નીચાણવાળી જમીનમાં આપણને જોવામાં આવે છે તેવાં છૂટાંછૂટાં પાંદડાંવાળાં ઝાડો માલૂમ પડે છે.

છેવટે ઉત્તરમાંના દૂરના અથવા વધારે ઉંચાઇવાળા પ્રદેશોમાં ઠંડી રાત્રીઓ અને શિયાળામાં વરસતા બરફને લઇને બળી જતાં હોવાથી તેવાં છૂટાં છૂટાં પાંદડાંવાળાં ઝાડોને બદલે નીચેના ભાગમાં નાના છોડવા રહિત "સરલ", વિગેરેનાં નિરંતર લીલાં રહેતાં છૂટાં છૂટાં પાંદડાંવાળાં ઝાડોનાં જંગલ માલૂમ પડે છે, અને ત્યાર પછી બારમાસી બરફવાળા પ્રદેશની સરહદ ઉપર નાના કદના "ભોજપત્ર" ના છોડવા અને બરફને લીધે ભીનાં રહેતાં લીલાં ઘાસનાં મેદાનની કિનારી આવી છેવટે ઝાડપાલો થતો બંધ થઇ જાય છે.

જે પ્રદેશોમાં ઇતિહાસનું પ્રભાત થવા પામ્યું તેમાં થતી જમીન, પાણી અને વનસ્પતિની જાતિઓની વહેંચણીના મુખ્ય પ્રકારો આપણે ઉપર જણાવ્યા છે, તેવા દરેક પ્રદેશ સંબંધી જુદીજુદી ચર્ચા ચલાવીશું ત્યારે જરૂરી લાગશે તેવી સવિસ્તર હકીકતનો વધારો કરીશું. આપણે જરા સામાન્ય પ્રકૃતિવાળા



દેશમાં રહેતા હોવાથી અને જ્યારે નકશામાંના અમુક દેશના પ્રકારો સંબંધી વિચાર કરી તે સમજવા માગીએ ત્યારે અમારા જ દેશની વસ્તુસ્થિતિ ઉપરથી અમારા વિચારો દોરાય છે તેને લઇને, એક જ સામાન્ય વિષય ઉપર ખાસ કરીને વિવેચન કરવાની અત્યારે આપણને આવશ્યકતા જણાય છે. "ભૂમધ્ય પ્રદેશ" અને "પર્વતોનો પ્રદેશ" એ બન્ને ફક્ત એ જ જાતનાં માપથી માપી શકાય તેમ નથી. ભૂગોળની દૃષ્ટિએ લંબાઇ અથવા પહોળાઇની જેટલી જ અગત્યતા ઉંચાઇની પણ છે. "પર્વતોના પ્રદેશ" ની એક સામટી રીતે બે ત્રણ હજાર ફીટની અને તેમાંના પર્વતોની ટોંચોની સાધારણ રીતે સાત આઠ હજાર ફીટ સુધીની ઉંચાઇને લીધે પર્વતના એક જ પડખાની જગ્યાઓમાં સામાન્ય હવાવાળા દેશની દરેક પ્રકારની હવા મળી આવવાનું કોઇ કોઈ વખતે બની આવે છે, અને જુદાજુદા પ્રકારની હવાને લઇને તાડથી માંડીને બદામ, બદામથી "બાંખોર" અને "બાંખોર" થી સરળનાં ઝાડો અને છોડવાઓ અને પછી બરફ, એવી જાતની એક ક્રમસરની આવૃત્તિ હોવાનું પણ બને છે એટલેથી જ બસ થતું નથી; પરંતુ આવી જાતની ઉંચી ટેકરીઓને લઇને તેઓની વચ્ચે આવેલાં ઉંડી ખીણો અને મેદાનો એક બીજાથી જુદાં પડી જવાથી તથા તેની પૃથ્વી ઉપરની જગ્યા અથવા ત્યાંનાં હવાપાણીને લઇને, આપણે ધારી શકીએ તેના કરતાં ઘણાજ મોટા પ્રમાણમાં ત્યાં ઉંચા પ્રમાણની રસાળ કાદવવાળી જમીન હોવાનાં અને સ્થાનિક પૂરતો વરસાદ પડવાનાં પરિણામો ઘણી જ અગત્યનાં હોય છે. અર્ધ પાણીમાં ડૂબી ગયલી ખીણોનાં મથાળાંનો ભાગ બંધ કરી દેતી ઉત્તમ જમીન લગભગ એક નિયમ તરીકે દરિયાની સપાટી નજીક હોય છે; તો પણ ઉંચાણમાં આવેલી જમીન પણ, ઘણા ભાગમાં ખરાબો હોવા છતાં, લગભગ નિરંતર બરફ હોય ત્યાં સુધી ભરવાડની જીંદગી ગાળતા લોકોને તેમના નિર્વાહનાં સાધનો પૂરાં પાડે છે.

આવી તરેહના સંજોગોમાં અને ખાસ કરીને ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપરના અને "પર્વતોના પ્રદેશ" ની બાજુએ આવેલા ભાગોના ઘણા જ નાના ક્ષેત્રફળના વિસ્તારમાં, પોતપોતાની વનસ્પતિ અને પ્રાણીઓની જા-

તિઓવાળી અને તેને લઇને સાંસારિક અને આર્થિક જુદા જુદા વર્ગની માનુષીય વ્યવસ્થા હોઇ શકે તેથી ભિન્ન ભિન્ન પ્રકારોની હવા માલૂમ પડે છે. વળી દરવર્ષ ઋતુઓમાં થતા ફેરફારોને લઇને ઉંચાણુ અને નીચાણુમાં આવેલા પ્રદેશોનો વિભાગ પાડતી રેખા ટેકરીઓની બાજુઓ ઉપર નિયમસર નીચી ઉંચી જતી હોવાથી તેનું પરિણામ એ થાય છે કે, બરાબર ઠરીઠામ બેઠેલા જનસમૂહોમાંના ભરવાડની જીંદગી ગાળતા લોકો ઉનાળુ તથા શિયાળુ ગૌચરો વચ્ચે તે પ્રદેશના ઘણા મોટા ભાગ ઉપર એક સ્થાનેથી બીજે સ્થાને એમ ફરતા ફરે છે.

દુનિયાના આ પ્રદેશની હદમાં તથા આ હવા અને વનસ્પતિની સ્થિતિમાં મનુષ્યોની ત્રણ મુખ્ય જાતો વસતી માલૂમ પડે છે. એકલી પડી ગયલી અને તદ્દન ભેળસેળ વિનાની જો કે તેઓ કવચિત્ જ જોવામાં આવે છે, તો પણ ખરાં જાતવાન પ્રાણીઓની માફક તેઓ પણ પારખી શકાય તેમ હોય છે અને ખાનદાન અંદરના ભાગમાંની જાતમાંથી અને સરહદ ઉપરના ભેળસેળ થઇ ગયલા લોકોમાંથી તે પ્રદેશમાં વસતા સર્વે જનસમુદાયની ઉત્પત્તિ થવા પામી છે. તે લોકો સામાન્ય રીતે "ભૂમધ્યવર્તી" "આલ્પ્સના પ્રદેશના" અને ઉત્તરના અથવા "ઉત્તરીય મનુષ્યો" તરીકે ઓળખાય છે.

નૃકુળવેત્તાઓની બે પેઢીની મહેનતને લીધે અને ખાસ કરીને સર્જી અને રીપ્લીએ કરેલ એકીકરણને પરિણામે વાયવ્યકોણ તરફના ચોથા ભાગનો ઇજારો લઇ બેઠેલી મોટી સફેદ ચામડીવાળી જાતિઓમાંની સર્વથી વધારે દક્ષિણમાંની "ભૂમધ્યવર્તી" જાતિના ખ્યાલનો આપણને પરિચય થયલો છે. તે જાતિ બાલ્ટિક સમુદ્ર આસપાસની ગોરી કદાવર જાતિઓ કે આલ્પ્સ પર્વતો ઉપર અને તેનાથી ઉત્તર તરફના દેશના દૂર ભાગોમાં વહેંચાઈ ગયલી ફીકી બકરાંનાં બચ્ચાંની ચામડી જેવી સુંવાળી ચામડીવાળી જાતિઓ કરતાં જરા ઓછી સફેદ ચામડીવાળી છે. રંગે અને વાળે કાળાં હોવા છતાં "ભૂમધ્યવર્તી" મનુષ્યો ઉત્તર તરફના ગોરા લોકોની માફક



ખાસ જણાઇ આવે તેવા અંડાકારનાં ચહેરા અને ખોપરીવાળાં હોય છે. આલ્પ્સ ઉપરનાં મનુષ્યોની માફક તેઓ ઘઉંવર્ણું હોવા છતાં બીજી રીતે બાંધા અને ઘાટમાં બન્ને વચ્ચે ફેર હોવાથી તથા વધારે સાંકડાં માથાં, લાંબા ચહેરા અને સાફ ચામડી હોવાથી તેઓ વચ્ચેનો ખાસ તફાવત માલૂમ પડી જાય છે. ભૂમધ્ય પ્રદેશમાં તેઓનું ચલણ હોવા છતાં અને તે દેશમાંની જીવનશૈલીથી તેઓ એકલાં જ પૂરેપૂરી રીતે ટેવાયલાં હોવા છતાં, તે દેશમાં સર્વત્ર તેઓજ વસેલાં નથી. તેમ જ તેઓ તે દેશમાં જ છે એમ પણ નથી. જોકે પર્વતોના પ્રદેશમાંના લોકોએ રીવીએરા માર્ગે સમુદ્ર તરફ સખત દબાણ કરેલું છે અને લોમ્બાર્ડીના આખા પ્રદેશમાંની વસતિની જાતિમાં જણાઇ આવે તેવી અસર કરેલી છે, તોપણ ભૂમધ્ય સમુદ્રની આસપાસના પશ્ચિમ તરફના ભાગમાં તો લગભગ તેઓ એકલા જ વસેલા છે. પરંતુ પૂર્વાંદા ભાગોમાં ઉત્તર તરફના કિનારા ઉપર તેઓની અસર તદ્દન તજવી જ માલૂમ પડે છે. ગ્રીક લોકોને ખાસ ભૂમધ્યવર્તી મનુષ્યજાતિના ગણવામાં આવે છે ત્યારે આપણને આ જરા માની ન શકાય તેવું લાગે છે; પરંતુ ડૉક્ટર વૉન લુશારની ધ્યાનપૂર્વક તપાસ ઉપરથી એમ દેખાયલું છે કે, રીવીએરાના પ્રદેશની માફક અહીંઆં પણ આલ્પ્સના પ્રદેશમાંની જાતિ જેવી જ પૂર્વમાંની અને તે પ્રદેશમાંથી જ ચાલુ રહેલી "ઍનેટોલીઅન" અથવા "આર્મીનૉઇડ" તરીકે ઓળખાતી યુરોપખંડના અંદરના ભાગોમાં માલુમ પડતી જાતિ સમુદ્રની સપાટી ઉપરના દેશોમાં ઉતરી આવેલી છે, અને તેને લઇને ભૂમધ્યવર્તી મનુષ્ય ફક્ત કિનારા ઉપર જ રહેલ છે. ઍડ્રિઍટિક સમુદ્રની પૂર્વ તરફની બાજુએ અને ત્યાંથી દક્ષિણ તરફ છેક કૉરિન્થના અખાત સુધી પણ તેવી જ રીતે બનેલું છે. પુરાતની આલ્પ્સ પ્રદેશોમાંના લોકોનું મોરીઆ મધ્યેનું મજબૂત દબાણ અસલથી જ થયલું હોવું જોઇએ એમ ખાત્રી પૂર્વક માનવાને વધારે અને વધારે પ્રમાણો મળતાં જાય છે. ઇજીઅન સમુદ્રમાંના દ્વીપો અને ક્રીટ કે જ્યાં વહેલી અને ચોક્કસ ભૂમધ્યવર્તી મનુષ્યની વસતિ હોવાનું કબૂલ રાખવામાં આવે છે ત્યાં

પણ આલ્પ્સ પ્રદેશોમાંના લોકોના જેવા યુરોપખંડની અંદરના પ્રદેશોમાંના લોકોનાં ચિહ્નો પથ્થરના જમાનાના છેવટના ભાગમાં જ દેખાવાં શરૂ થયલાં; અને તે ઉપરથી એમ સાબીત થાય છે કે, તે દ્વીપોની પાડોશમાંના કિનારા ઉપરના ભાગોમાં આલ્પ્સ પ્રદેશોમાંના લોકો સંખ્યાબંધ હોવા જોઇએ. માટે, જેવી રીતે આલ્પ્સ પર્વતોની આજુબાજુના દેશમાંના લોકો, પૂર્વમાંથી પર્વતોવાળા પ્રદેશોને માર્ગે, એકથી બીજી રેખાંશે એમ આવેલા હોય એમ વધારે ને વધારે હવે આપણુને સ્પષ્ટ લાગે છે, તેવી જ રીતે ભૂમધ્યવર્તી મનુષ્યે દક્ષિણ પ્રદેશોમાંથી પેશકદમી કરેલી હોવાનો પણ દરેક રીતે સંભવ છે. બન્ને પ્રકારનું આગમન એક સરખી રીતે ઘણા પુરાતન કાળમાં થયલ છે, અને તે બરફના જમાનાની સમાપ્તિ પછી છોડી દેવામાં આવેલા ઠંડા, ભીના પ્રદેશમાં દક્ષિણ તથા અગ્નિકોણની દિશાઓ તરફથી પ્રાણીઓ અને વનસ્પતિનાં ઘણા મોટા પાયા ઉપરની એકત્ર થવાની હીલચાલના ભાગરૂપ છે.

ભૂમધ્યવર્તી મનુષ્યની ઉત્પત્તિ સંબંધી આપણા આવી જાતના ખ્યાલને, ભૂમધ્યપ્રદેશની બહાર આ જાતિ ત્રણ મુખ્ય દિશાઓમાં ઘણા જ દૂર જુદા જુદા ભાગોમાં ફેલાઈ ગયલી છે, એ બીનાથી ટેકો મળે છે. દક્ષિણ તરફ આરબ લોકોનાં આગમન સુધી ઉત્તર આફ્રિકાના સર્વે વસવાટ થઈ શકે તેવા ભાગોમાં આ જાતિ લગભગ પૂર સત્તામાં હતી, અને તેથી જ કરીને મિસરના લોકોના, તેઓના પશ્ચિમ તરફના પાડોશીઓ લીબીઅન લોકોના ચીતારમાં, તેઓ અને તેઓના "મહાન્ સમુદ્રમાંના" સમકાલીન લોકો વચ્ચે કાંઈ તફાવત માલૂમ પડતો નથી. પૂર્વ તરફ આ દક્ષિણ બાજુની જાતિઓ આખા અરબસ્તાનમાં વસતા લોકોની સાથે ઘણી જ ધાડી રીતે જોડાઇ ગયલી જણાય છે. જેવી રીતે અરબસ્તાન તથા આફ્રિકા વચ્ચેના જમીન-માર્ગના સળંગ જોડાણના ભંગની બીના તેઓની ભૂગોળને લગતી બાબતોમાં ઘણી મોડી બનેલી છે, તેવી જ રીતે તે લોકો વચ્ચેનો તફાવત બાંધામાં રહેલો નથી પરંતુ ઉપરછલ્લો જ છે. તો પણ હાલ તેઓની વચ્ચે એશિયા માઇનરના પૂર્વ તરફના ભાગથી શરૂ થઈ સીરિયાની ટેકરીઓ ઉપરથી



તેઓના પૅલેસ્ટાઇન મધ્યેના છેડા સુધી ચાલી જતી, અને તેથી કરીને આરબ લોકોને "ભૂમધ્યવર્તી" અને આફ્રિકાના લોકોથી તદ્દન જણાઈ આવે તેવી રીતે જુદા પાડી રાખતી "આર્મીનૉઇડ" (એટલે કે, આલ્પ્સના પૂર્વ તરફના ભાગોમાંની) જાતિઓની ઉંચી ભૂશિર, અકાબાના અખાતની પેલી તરફ રાતા સમુદ્રની, અટકાવ કરતી પરંતુ ઓળંઘી શકાય તેવી હદનું કામ કરે છે.

આ બાબત અને ઐતિહાસિક કાળ દરમ્યાન દરેક સમયે રાતાસમુદ્ર ઉપરના આફ્રિકાના કિનારા ઉપરની વસતિ પુર્વ તરફના કિનારા ઉપરની વસતિ જેટલી જ "આરબી" છે તે હકીકત વચ્ચે કેટલો તફાવત છે? જેને આપણે "ભૂમધ્યવર્તી" જાતિ કહીએ છીએ તેના દક્ષિણ અને અગ્નિકોણ તરફની દિશાઓમાં થયલા ફેલાવાથી તેની ઉત્પત્તિ ભૂમધ્યવર્તી ભાગની દક્ષિણે થયલી છે, અને તે ઉત્તર તરફના કિનારા ઉપર થોડા જ વખત થયાં વસેલી છે એવી જે માન્યતા આપણે ઉપર જણાવી છે તેને ટેકો મળે છે.

ત્રીજી બાજુએ, એટલે કે વાયવ્ય કોણ તરફની દિશાએ ઍટ્લૅન્ટિક મહાસાગરના કિનારા ઉપર સારી રીતે મધ્યમ હવા હોવાના અને પીરો-નીઝ પર્વતોની બાજુએ થઇને ભૂમધ્યવર્તી ભાગોમાંથી ત્યાં જવામાં સહેલાઈ હોવાના પ્રમાણમાં ભૂમધ્યવર્તી જાતિઓ કે જેમનો સામાન્ય લોકોએ "આઇ-બીરીઅન" નામનો વર્ગ પાડેલો છે તેઓ ઉત્તરમાં છેક ઇંગ્લાંડ પર્યન્ત અને પૂર્વમાં છેક રૂહાઈન અને ઉપરવાસની ડૅન્યૂબ પર્યન્ત ઘણા વખતથી ફેલાયલી છે. તેમનું આ દેશોમાંનું આગમન, આલ્પ્સ પ્રદેશોમાંના લોકોનો વિસ્તાર, ફ્રાન્સના મધ્ય અને મધ્યથી જરા દક્ષિણમાંના ભાગોમાં અથવા રૂહાઈન નદીના મુખ તરફના નીચી ઝાડીવાળા પ્રદેશમાં થયો તે કરતાં ઘણું જ વહેલું થયલું હોય એમ જણાય છે. ભૂમધ્યવર્તી મનુષ્યો સખત ઠંડી સહન કરી ન શકતાં હોવાને લીધે અને તેમનામાં શ્વાસ લેવા માટેની

નળીઓનાં દર્દોથી થતા અત્યન્ત મરણોને લઇને ઉત્તર તરફ જતાં રોકાયાં; અને તેના જ પરિણામમાં વાયવ્ય કોણ તરફની દિશામાં એટલે દૂર સુધી તેઓ ફેલાયલાં છે. તેઓનું ખરેખરૂં વતન તો તેમને પોતામે શીદી લોકોથી જુદાં રાખતા રણનો ઉત્તર તરફનો કાંઠો છે; અને તેમની મુલાયમ તબીઅતને લઇને જેટલે દૂર જઈ શકાય તેટલા જ દૂર ભાગો સુધી તેમનો ફેલાવો થયો છે. કદાચ આ કારણથી જ તેઓ પર્વતોના પ્રદેશની તળાટી અને પૅલેસ્ટાઇનમાંની ટેકરીઓથી આગળ વધી શક્યાં નહિ હોય.

બીજી બાજુએ આલ્પ્સ પર્વતો ઉપરની જાતિ અને તેનાથી પણ વિશેષ રીતે પૂર્વ તરફની જોડી—એટલેકે "આર્મીનૉઇડ" જાતિ, અગાઉ આપણે ઉપર કહી ગયા તે જાતિની માફક જ, નીચાણવાળા પ્રદેશોમાંની જીંદગી સહન કરી શકતી ન હોવાનું જણાયછે; અને નીચીનીચી ટેકરીઓવાળા ભાગમાં તે જાતિઓ નજરે પડતી નથી; તે એટલે સુધી કે, નીચાણવાળા પ્રદેશોમાંના લોકોમાંથી જેઓ ટેકરાઓવાળા ભાગોમાં ચઢી આવેલા અને ત્યાં બારીકીથી ચૂંટી કઢાયલા, તેઓમાંથી આલ્પ્સના પ્રદેશોમાંની જાતિઓ ઉત્પન્ન થયલી છે એમ પણ ધારવામાં આવે છે. પરન્તુ આ ધારણા, એક રેખાંશથી બીજીએ એમ પર્વતોવાળા પ્રદેશમાં જ તે જાતિ ચાલુ રહેલી તે બીના અથવા પર્વતોવાળા પ્રદેશની જ દિશામાં તે ખરેખર ગયલી તે બીના તેના પુરાતનવસ્તુશાસ્ત્રને લગતા ઐતિહાસિક પુરાવા સાથે બંધબેસતી થતી નથી.

જેઓમાંના તદ્દન ભેળસળ વિનાના હયાત લોકો હજી પણ બાલ્ટિક સમુદ્રના કિનારાની આસપાસ તથા સ્વીડન અને નૉર્વેના દક્ષિણમાંના ભાગોમાં માલૂમ પડે છે અને જેઓની ઉત્પત્તિ તે ભાગોમાં થયલી છે તેવી ઉત્તર તરફની ગોરી કદાવર જાતો સાથે, આપણા વિષયના છેવટના ભાગમાં પર્વતોની અટકાયત કરનારી હદની કેટલીએક જુદી જુદી જગ્યાએથી જ્યારે તેઓ તેની પેલી પાર નીકળી ગયલી હોવાનું આપણા જોવામાં આવશે ત્યાં સુધી, આપણે હવે ઘણો ઓછો સંબંધ રાખશું. છતાં પણ આપણે એટલું



તો ધ્યાનમાં રાખવું જોઇએ કે, ઘણા અસલના વખતમાં તેઓ (અથવા તેઓનાં કેટલાએક નજીકનાં સગાંઓ) ઘાસ–પ્રદેશના ઉત્તર તરફના ભાગના પશ્ચિમાંદા અર્ધભાગમાં તો વસેલાં હતાં, અને ઉત્તર હિન્દુસ્તાન ઉપરની આરા લોકોની ચઢાઇની દંતકથા ઉપરથી અટકળ થઈ શકે છે તેમ કદાચ એક વખતે તેઓ તે આખા ઘાસ–પ્રદેશ ઉપર ફરતા પણ રહેલા હોય. એ બધું ગમે તેમ હોય, તોપણ મોંગલ લોકો આ પ્રદેશમાં તદ્દન થોડા વખત ઉપર જ આવેલા એમ માનવાને સબળ કારણો મળે છે. ગ્રીક લોકો દક્ષિણ રૂષીઆમાં દાખલ થયા તે પછી પણ આ મોગોલ લોકોની જાતિ બીજી જાતિઓની સાથે સરખાવતાં લગભગ દાઢી વિનાની હોવાની હકીકત એટલી અજાણી હતી કે, તે સંબંધી અત્યારસુધી વાદવિવાદ થતો રહ્યો છે; અને ઘાસનાં બીડોને લીધે જ ઓળખાતા પ્રદેશમાં "સ્ત્રીયોદ્ધાઓ" સંબંધીની દંતકથાઓ પણ પ્રચલિત રહેલી છે. વળી સાતમી સદીના અરસામાં ડૉન નદી ઓળંઘનારા સીથિયન લોકોમાં પણ આ ખાસીઅત દરેક વ્યક્તિમાં જોવામાં આવેલી નથી. તેઓ મોંગલ જાતિના છે એ વાત શંકા ભરેલી છે; તો પણ, જો તેઓ મોંગલ જાતિના હોય તો પછી તેમનામાં બીજી કોઇ જાતિના લોકોનો મોટા પ્રમાણમાં ભેળીસાળો થયલો હોવો જોઇએ. હીટાઇટ લોકોનાં વહેલામાં વહેલાં (ઈ. સ. પૂર્વે ૧૨૮૫ ના અરસામાંનાં) ચિત્રો મોંગલ જાતિનાં હોવાનું કેટલાએક ધારે છે; પરંતુ તે સંબંધી અત્યાર સુધીમાં મળેલો પુરાવો ઘણો જૂજ અને અનિશ્ચિત છે. હીટાઇટ લોકોનાં સ્મારક ચિહ્નોમાં દાઢીવાળી આકૃતિઓ વારંવાર નજરે પડે છે, અને તેથી કરીને તે જાતિ "આર્મીનૉઇડ" છે એમ કહી શકાય.

પૃથ્વીના વાયવ્યકોણ તરફના ચોથા ભાગની કુદરતી સ્થિતિ અને મનુષ્યોની વસતીનું સંક્ષિપ્ત વર્ણન આપણે ઉપર કરી ગયા છીએ. હવે આપણું કામ જુદાજુદા માનીતા પ્રદેશોમાં મનુષ્યની જુદીજુદી જાતિઓએ વસવાને અને પોતાની આસપાસની બક્ષીસો અને તત્ત્વો ઉપર પોતાનો વહીવટ ચલાવવાને—અર્થાત, પોતાના રહેઠાણ મધ્યેની જે અમુક સ્થિતિમાં તેઓ

મુકાયા તેમાં, પુરાતની ગ્રીક શબ્દોમાં કહીએ તો, "સારી રીતે રહેવાને," અથવા તેમાં નિષ્ફળ નિવડાય તો નવું રહેઠાણુ શોધવા અને બનાવવાને, અને બન્ને વાતમાં કુદરતના ફરમાન મુજબ વર્તવા તેમ જ તેના ઉપર પોતાનો કાબુ બેસાડવા, એટલે કે, કુદરતના કાયદા પાળીને તેના ઉપર જીત મેળવવાને જે પહેલા યત્નો કર્યાં છે તેને પગલે પગલે ચાલ્યાં જવાનું છે.

---

# પ્રકરણ ૩ જું.

## મિસરમાં ઇતિહાસનું પ્રભાત.

મિસર એ નીલ નદીની બક્ષીસ છે, અને આ નીલ નદી એવી છે કે, આપણી પૃથ્વી ઉપર તેની બીજી જોડી નથી. તેના મૂળ તરફનો વિશાળ પ્રદેશ જેનો વિસ્તાર ખાતૂંમથી જરા નીચે અત્યારા નદી સાથેના તેના સંગમ પર્યંત છે તેની સાથે આપણે અત્યારે કાંઈ પણ સંબંધ નથી; પણ તેનો 'S' અક્ષરના જેવા આકારનો વળાંક કે જેને લઇને તે બર્બરથી આસુઆન પર્યંત ન્યુબીઆના પ્રદેશમાંથી એક મોટા વહેનમાં ચાલી જાય છે તેની મિસર ઉપર બહુજ થોડી અને ઉપલક અસર થવા પામી છે. પ્રાચીન તેમજ અર્વાચીન મિસર સાધારણ રીતે આસુઆન નજીકના છેલ્લા ધોધથી તે સમુદ્ર સુધીનો નીલ નદીની ખીણનો પ્રદેશ છે; પરંતુ નીલ આફ્રિકાના નક્કર ખંડમાંની એક ફાટમાં થઇને અથવા ભૂમધ્યમાંના અખાતમાં પોતાથીજ ઉત્પન્ન થયલા કાદવવાળી વિશાળ સપાટ જમીન ઉપર થઇને વહે છે ત્યારે જુદા જુદા પ્રકારનાં કંમો કરતી જાય છે. મિસરનો પ્રદેશ, તેટલા માટે, તે નદીનાં મૂળ અને મુખ તરફના અને ખીણુ તથા દોઆબ એ બે તદ્દન નિરનિરાળા અને વિરોધી ભાગોનો બનેલો દેશ છે.

મિસરનો નીચાણનો ભાગ ૧૫૫ માઇલનો, સમુદ્ર તરફ બહાર પડતાં મુખડાવાળો અને આ મુખડાંથી તે ટોંચ પર્યન્ત આશરે ૧૦૦ માઇલ ઉંડો એક વિલક્ષણ દોઆબ છે. તેની રસાળ કાદવવાળી જમીન નીલ નદીનાં પાણી-માંથી દર સૈકામાં આશરે ૪ાા તસુના દરથી ઉંચાઇમાં વધતી જાય છે, અને હાલ તે ૫૦ થી ૭૦ ફૂટ જાડાઈની છે; પરંતુ આવી રીતે કાદવથી ભરાતો

અખાત અસલ કેટલો ઉંડો હતો તે આપણે જાણતા નથી, તેથી કેટલા વખતથી મનુષ્યો ત્યાં આવી વસેલાં છે તે સંબંધી વિચાર આ આંકડાઓ ઉપરથી કરવો એ સલામતી ભરેલું પણ નથી. જ્યાં જ્યાં આ દોઆબ એમ ને એમ પડેલો રહેવા દેવામાં આવ્યો છે ત્યાં ત્યાં ધીમે ધીમે વચમાં થઇને વહેતાં વહેતાં માછલાં અને જળચર પક્ષીઓવાળાં નાળાં સહિતની, અને ઐતિહાસિક કાળમાં ટાઢીઆ તાવનો ઉપદ્રવ કરતી બરૂની ઝાડીનો વિશાળ પ્રદેશ રચાવા પામ્યો છે. પૂર્વ તથા પશ્ચિમ તરફ ભીનાશવાળી જમીનને બદલે કાદવથી ભરપૂર વિશાળ સપાટ પ્રદેશ, અને તેવા પ્રદેશને બદલે પાછો ઉડતી રેતીવાળો પ્રદેશ થવા પામ્યો છે. વચગાળામાં પહોળાં છીછરાં તળાવડાંની આજુબાજુ સમુદ્ર ઉપરતાં મુખડાંની કિનારીના ભાગોમાં પણ ઉંડાં ખાડાખાબોચીઆં અને રેતીના ટેકરાઓ આવેલ છે; છતાં આવી જાતના કિનારાથી તોફાની સમુદ્રનાં પાણી અને સમુદ્રમાંના ખાર સામે બીલકુલ બચાવ થઇ શકતો નહિ, અને કેટલાએક મોટા ભાગો તો એટલા ખારા છે કે, તેમને સુધારવામાં આવેલા નથી અને કદાચ સુધારી શકાય તેમ પણ નથી.

આ દોઆબને અટકાયત કરનારૂં કોઇપણ જાતનું પૂર્વ તેમ જ પશ્ચિમ દિશાએ કુદરતી બચાવનું સાધન નથી. પશ્ચિમ તરફનો આફ્રિકાનો વેરાન સમુદ્રના કિનારાનો મુલક ધીમેધીમે નીચોનીચો થતો જતો વિસ્તરી રહેલો છે, અને ત્યાં ગુજરાનની કોઈપણ પ્રકારની સગવડતા થઇ શકે તેમ નથી. બહુતો, તે મુલક એક ખુલ્લો ઘાસ–પ્રદેશ છે; તથાપિ તેનો ઘણોખરો ભાગ રણ જ છે. અંદરના ભાગમાં આશરે ૨૦૦ માઇલ દૂર જરા જરા નીચાણવાળા જમીનના ટુકડાઓની હારને લીધે ફળદ્રુપ ભાગો થવા પામેલા છે; અને તે ભાગો એકબીજાની નજીકમાં એવી રીતે આવેલા છે કે, તેઓ બધા એક જવા આવવાના માર્ગરૂપ બની ગયા છે. સમુદ્ર ઉપરના પ્રદેશમાં ઐતિહાસિક કાળમાં કેટલાએક ભાગો સમુદ્રમાં ગરકાવ થઈ ગયલા છે; અને ત્યાંની પુરાતની વસતિ સંબંધી હેવાલ આપણને મળેલા છે તે ઉપરથી એવી અટકળ થઈ શકે છે કે, તે જતી રહેલી પટ્ટીની જમીન બાકી રહેલી કરતાં વધારે



વસવાટ કરવા લાયક તેમ જ વધારે સારાં બંદરોવાળી હોવી જોઇએ. પશ્ચિમ તરફ વધારે દૂરના પ્રદેશમાં તેવી જ જાતના ફેરફારોને લઇને જે સીરીનનો ઉચ્ચ પ્રદેશ ગ્રીક લોકોના તાબામાં સહેલાઇથી જઇ આવી શકાય તેવો અને પુષ્કળ સમૃદ્ધિવાન હતો તે નિર્માલ્ય થઈ એકલો પડી ગયલો છે. આ પુરાતની લીબીઆના દેશમાંથી તોફાન મચાવતાં લોકોનાં ટોળાંઓ, વારંવાર, મિસરમાં ઘૂસી આવતાં હતાં, અને તેમ થવાનું કારણ કદાચ્ વખતોવખત પડતા દુષ્કાળો હશે. તે દુષ્કાળોને લઇને ઘાસ–પ્રદેશમાંના ભરવાડની જીંદગી ગાળતા લોકોને તે છોડી દેવા પડતા, અને કિનારા ઉપરની જમીનની પટ્ટીમાંના તેમ જ રણમાંના ફળદ્રુપ ભાગોમાંના લોકોને દોઆબમાંની ભીની ઝાડી પણ જાણે નૅબૉથનો દ્રાક્ષનો બગીચો હોય તેવી લાગતી. લીબીઆમાંના લોકો અને દરિયાપારના તેમની સાથે સારો સંબંધ ધરાવતા લોકોની સામે, ઈ. સ. પૂર્વે ૧૨૩૦ ની સાલમાં થયલું મેરેન્ટાહનું મોટું યુદ્ધ આવી જાતની ચઢાઇનો ઇતિહાસમાં મળી આવતો ઉત્તમ દાખલો છે; અને તે વખતે તેવી ચઢાઇ સામે અટકાવ કરવાને વાસ્તે મિસરદેશ પૂરેપૂરો બળવાન હતો. ઇરાની સત્તા નીચેના “ ઝાડીઓના રાજા ” સાથે લીબીઆને મિત્રાચારી હોવાનું જણાવવામાં આવે છે તે, આવી રીતે ચઢી આવેલા લોકોનું ધાર્યું થતું ત્યારે પશ્ચિમ તરફના દોઆબની કેવી દુર્દશા થતી હતી તે આપણને સૂચવી આપે તેમ છે.

પૂર્વ તરફ પણ આ દોઆબ તેવી જ રીતે બચાવ રહિતનો છે. ઝાડીઓની આ કિનારીથી શરૂ થઈ છેક રાતાસમુદ્રના મથાળા પર્યન્ત ચાલ્યાં આવતાં છીછરાં તળાવડાંઓની પેલી બાજુએ એશિયાખંડમાં જવાનો એક ખરેખરા બેઠા પૂલ જેવો માર્ગ થઇ શકે તેવી પૂરતી સખત જમીન છે. આ ભાગમાં સીનાઇની ઉત્તરે આવેલા ટીહના રણની સ્થિતિ લીબીઆની જેવી જ છે. ત્યાંનો કિનારો નીચાણવાળો, ઉજ્જડ, પુષ્કળ છીછરાં તળાવડાં અને કાદવવાળાં સપાટ મેદાનોવાળો, અને “ સર્બોનીઆનું ખાબોચીઉં ” એ જેની કહેવત થઇ ગઇ છે તેવો છે; અને તેને પેલેપાર યાહુદી ટેકરીઓની નીચેના

ભાગમાં વધારે જળમય એવાં ફીલીસ્ટાઇનનાં જંગલો આવેલાં છે. અંદરના ભાગમાં, રાતાસમુદ્રના બે અખાતોની વચમાંના, એક નાના અરબસ્તાન જેવા સીનાઇના મુલકમાંના કાળા પથ્થરો અને પુષ્કળ ખનિજથી ભરપૂર નસ જેવા દોરાઓ તરફની દક્ષિણ દિશામાં વધારે ઉંચો અને ખડબચડો થતો જતો ઉચ્ચ, ઉજ્જડ પ્રદેશ આવેલો છે. અહીંઆં પણ જો કે મિસરને એકલું પાડી રાખવા કુદરતી નડતરો પૂરતી છે, તોપણ એશિયામાંથી આવતી વ્યવસ્થિત ચઢાઇને, અથવા ભૂખે મરતી રણમાંની જાતિઓ "સાંભળે કે મિસરમાં ધાન્ય છે" અને તેઓ જો નિરૂપાય થઇને તે તરફ ધસી આવે તો તેને અટકાવવાને તે બીલકુલ પૂરતી થઇ પડે તેમ નથી. તોપણ હમેશાં ઓછામાં-ઓછો, ટીહના ઉચ્ચ પ્રદેશમાં થઇને અકાબાથી તે સુવેજ પર્યન્ત, અને તેવી જ રીતે "મીઠાં પાણીની નહેર" ને કાંઠે કાંઠે છેક દોઆબના મથાળા પર્યન્ત એક, અને ઘણીવાર વપરાતો ભૂમધ્ય સમુદ્રને કિનારે કિનારે "ફીલીસ્ટાઇનને રસ્તે" બીજો, એમ બે વણઝારી રસ્તા હતા.

પરંતુ, અત્યાર સુધીમાં આપણે મિસરના અર્ધ ભાગ સંબંધી અને તે પણ ઘણી બાબતોમાં ઓછી અગત્યતા ધરાવતા ભાગ સંબંધી વિવેચન કરેલું છે. દોઆબને મથાળે આવેલ કેરો શહેરની દક્ષિણે જઇએ કે તુરત જ આપણે, આ જગ્યાએ સમુદ્રની સપાટીથી ૧૦૦૦ થી ૧૫૦૦ ફીટની ઉંચાઇએ, ખુલ્લી ખડકોની એકસરખી સપાટીવાળા રણવાળા આફ્રિકાના વચલા ભાગમાં પડેલી ઉંડી ફાટની અંદર એક લીલમના હાર માફક પડેલ, આરબ લોકો જેને "નશીબવાન ભૂમિ" કહે છે તેવા મિસરના ઉચ્ચ પ્રદેશમાં આવીએ છીએ. દોઆબની દક્ષિણે વરસાદ ક્વચિત્ જ થાય છે, અને પશ્ચિમ તરફ દૂર જુદી જુદી જગ્યાએ થયલાં નીચાણમાંની અથવા તે ફાટના જ પશ્ચિમ તરફના કાંઠાના બહાર પડતા ભાગોમાંની ફળદ્રુપ જમીનના ટુકડાઓની પંક્તિ સિવાય તે દેશ તદ્દન વેરાન જ છે. કેરોથી દક્ષિણે લગભગ ૩૦૦ માઇલ સુધી તે ફાટ પહોળાઇમાં દશથી પંદર માઇલ છે, અને તેની બાજુઓ ભૂખરા પથ્થરોની છે. તે પથ્થરની બાજુઓમાં અગાઉના સમયમાં



પડખે પડખેથી વહેતાં આવતાં નાળાંઓથી ઘસાઇ જઇને ખોયાંણો પડી ગયલાં છે, અને તેની નીચલી કિનારીએ હવે કોઇપણ વખત પાણી ન પહોંચે તેવો નાના નાના જૂના ગોળ પથ્થરોનો સૂકો પટ્ટો આવેલો છે. થીબ્સની દક્ષિણે નદીનું તળીઉં તથા કિનારા અડદીઆ પથ્થરનાં છે, અને તેનું વહેન પહોળાઇમાં સરેરાશ બે માઇલથી પણ વધુ સાંકડું થઇ જાય છે. આસુઆન નજીક અને પાછા ન્યુબીઆની સરહદ ઉપરના વાડીહાફા નજીક કાળા પથ્થર અને બીજા કઠણ ખડકોની હાર ખીણની વચ્ચોવચ આવે છે, અને તેને લઇને લોઢાથી જડી લેવામાં આવ્યા હોય તેવા મજબૂત દ્વીપોના સમૂહની વચમાંથી સાંકડા અને જોખમ ભરેલા વેગબંધ વહેતા પાણીના પ્રખ્યાત ધોધની ઉત્પત્તિ થઇ આવેલી છે. કલબશા નજીક આખી ખીણ પહોળાઇમાં ૨૦૦ વારથી પણ કમતી છે.

આ ૬૦૦ માઇલના વિસ્તારનો આખો પ્રદેશ લગભગ વરસાદ વિનાનો હોવાથી તથા સૂકા ઉત્તર તરફના પવનથી સર્વદા સૂકો રહેતો હોવાથી, ફાટની અંદરના ભાગોમાં થતી વનસ્પતિ પણ સરેરાશ આસુઆન નજીક ૨૬ ફીટ અને કેરો નજીક ૨૩ ફીટ સુધીની, ઉંચાં ચઢતાં ઉનાળામાં આવતાં પૂરનું પાણી જે સાંકડી પટ્ટીમાં પહોંચે છે ત્યાં જ થઇ શકે છે. હવે આ જગ્યાએ ખીણની જમીન નીલ નદીમાંના કાદવની જ બનેલી હોવાથી તે તદ્દન સપાટ રહેલી છે, અને તેથી કરીને જો પૂર જરા પણ મોડું આવે તો તે સાલની પેદાશમાં પણ મોટો ફરક પડી જાય છે. માટે જે દેશમાં જીંદગી બીજી રીતે તદ્દન સહેલાઇવાળી લાગે છે ત્યાં દર વર્ષ આ વિકટ સવાલ ઉભો થયાં કરે છે કે, નીલ નદીમાંના પૂરનું પાણી કેટલું ઉંચે ચઢશે? પરન્તુ ઘણે દૂર ઍબીસીનીઆના પર્વતોમાં ઉનાળામાં પડતા પુષ્કળ વરસાદથી જ નીલ નદીમાંના પૂરનું પાણી આવે છે, એટલે આ સવાલનો જવાબ દેવામાં મનુષ્યની હોંશીઆરી કે સત્તા કાંઇપણ અંશે કામ આવતી નથી. મનુષ્ય ફકત એટલું જ કરી શકે કે, જે કાંઇ પાણી આવે તેની ધોરણસર વહેંચણી કરવી, તે નકામું જવા ન દેવું, અને ડબ્બાવાળી ઝવડે પાણી સારવાની અથાગ મહેનત

ફરી કિનારા ઉપરના જરા દૂર આવેલા ભાગોમાંનો થોડોએક મોલ બચાવી લેવો.

"ખેતરમાંના નકામા છોડવા" ના મળી આવતા જૂજ પુરાવા ઉપરથી તથા તેના જેવી જ બીજી જૉર્ડન નદીની ફાટની બનેલી ખીણની સાથે તેની કાળજી પૂર્વક સરખામણી કરવાથી, નીલ નદીના પ્રદેશમાંની કુદરતી વનસ્પતિ સંબંધી થોડોએક ખ્યાલ આવી શકે તેમ છે. ખજૂરીનાં ઝાડ તે પ્રદેશમાંનાં જ હશે; પરન્તુ તે સિવાય બીજાં ઝાડ ત્યાં ઘણાં જ થોડાં છે. ગુંદા અને ખેરનાં ઝાડ સર્વેથી મોટાં ઝાડો છે, અને તે પણ ત્યાં જવલ્લે જ માલૂમ પડે છે. સેતુર, દાડમ અને દ્રાક્ષની ત્યાં આયાત કરવામાં આવેલી છે. વધારે સૂકા, કિનારી ઉપરના ભાગો કાંટાવાળા છોડવાઓ અને અર્ધ-ઘાસ (બરૂ) થી ઢંકાયલા હોય છે. (સૅરૅસન લોકોએ મેળવેલી જીતને લીધે ખેતી કરનારાના "કાગળ" ની જગ્યા ભરવાડની જીંદગી ગાળતા લોકોમાં સ્વાભાવિક રીતે માલુમ પડતા "ચર્મપટ્ટે" લીધી ત્યારથી નષ્ટ થયલ) મુંજ અને તેવા બીજા ઘણા બરૂની જાતના છોડવાઓ એ નદીને કાંઠે પુષ્કળ જથ્થામાં ઉગે છે, તથા વસન્તરૂતુમાં પુષ્કળ ચકચકિત રંગબેરંગી ફૂલો પણ ત્યાં ખીલી નીસરે છે. શ્વેતદૂર્વા, પિયાજી, ખસખસ, અને મોટાં પીળાં સૂર્યમુખી; એ ફૂલો ત્યાં સાધારણ છે. મિસરમાંની શૃંગારકળામાં ઘણો ભાગ ભજવતાં કમળનાં ફૂલો સ્થિર પાણીમાં જ થાય છે અને તેથી દોઆબના ભાગમાં તેમને ઘણી જ ઉત્તમ રીતે કેળવવામાં આવે છે. પરંતુ આ પ્રદેશમાં વસંત રૂતુ ટુંકી હોય છે, અને તેથી જુલાઈ માસમાં નીલ નદીમાં પૂર આવે તે પહેલાં તો પાક ઉતારી લેવામાં આવે છે.

જંગલી જાનવરો અને પક્ષીઓમાં ભૂમધ્યવર્તી અને ઉષ્ણદેશીય, એમ બન્ને જાતિનાં જોવામાં આવે છે. જંગલી ભુંડ દોઆબમાં તથા જંગલી ગધેડાં રણની નજીકના ભાગમાં હોય છે, તથા મગરમત્સ્ય અને જળઘોડા નદીના નીચાણના ભાગોમાં, પરંતુ પહેલાં કરતાં હાલ જરા થોડી સંખ્યામાં



જોવામાં આવે છે. ઉંટ, ઘોડા અને ભેંસની મનુષ્યોએ આયાત કરેલી છે. ઇ. સ. પૂર્વે ૧૫૦૦ને સુમારે ઘોડા, તથા ગ્રીક લોકોના વખતમાં ઉંટ અને ભેંસ દાખલ કરવામાં આવેલ છે. બગલા, રાજહંસ અને બીજાં ઘાસવાળી ભીની જમીનમાં મળતાં પક્ષીઓ તથા શિકારનાં પક્ષીઓ ત્યાં પુષ્કળ થાય છે; અને દૂરદેશી, સર્વવ્યાપક તથા અત્યાગ્રહી ગીધ પક્ષી તો ત્યાંની રાજ્યસત્તાનું બીહામણું રાજચિહ્ન થઇ જવા પામ્યું છે.

નીલ નદીની ખીણમાંના લોકો, મુખ્યત્વેકરીને, ઉત્તર આફ્રિકાના આખા સૂકા પ્રદેશમાં તેમ જ ઍટ્લાસ પહાડોની પંક્તિવાળા પ્રદેશમાં પોતાનું પ્રબળ ધરાવતી, અને રાતા સમુદ્રની આસપાસના તેવા જ પ્રકારના મુલકમાંની આરબ જાતિઓની પેઠે ઘણી જ વિસ્તરેલી "બર્બર" જાતિના છે. એટલે એમનું તથા આરબોનું પુરાતન કે મધ્યકાલીન મિશ્રણ શોધી કાઢવું તે ઘણું જ કઠિન કામ છે. ઉનાળામાં વરસાદ થાય તેવા દેશમાંના શીદી લોકો કે જેઓનો આ અસલની જંગલી જાતિના લોકો સાથે તેમની પોતાની સરહદ ઉપરના ભાગોમાં ભેળસેળ થવા પામ્યો છે તેઓ પોતાની જંગલી દેશીય રીતભાત અને ટેવને લઇને નદીનાં મુખ તરફ ઉત્તરમાં અસાધારણ રીતે દબાણ કરી શકેલા છે. દોઆબમાંની મધ્યમ હવાને લઇને ત્યાં મનુષ્યો વધારે કદનાં અને મર્દાનીવાળાં થયલાં છે; પરંતુ ઘણા જ જુદા પ્રકારની આલ્પસના પ્રદેશ તરફની એટલે આર્મીનૉઇડ જાતિના જે લોકો સીરીઆમાં દક્ષિણ તરફ છેક વરસાદવાળા અને ખેતી થઈ શકે તેવા પૅલેસ્ટાઇનના ઉચ્ચ પ્રદેશ પર્યંત પ્રસરેલા છે તેઓ પણ ત્યાંથી ઘણા વહેલા મિસરના ઉત્તર ભાગમાં આવી રહેલા છે તે વાત પણ અહીંઆં આપણાં ધ્યાન બહાર જવી જોઇતી નથી. પહેલા વંશની સત્તા દરમ્યાન રાજ્યદ્વારી એકત્રપણું થયા પછી, કદાચ ભેળસેળને લઇને તેમ જ કદાચ, અમુક અંશે, વધારે અનુકૂળ સંજોગો વિશેષ પ્રમાણમાં હોવાને લીધે, ઉત્તર મિસરમાંની આગળ પડતી જાતિઓ કાંઇક એકાએક દોઆબમાંની જાતિઓ જેવીજ

થઇ ગયલી. નવમી સદીમાં સહજ થવા પામેલી સમૃદ્ધિનો લાભ ઈંગ્લાંડના લોકોમાંના જેમને પહેલો મળી ગયો તેવા વર્ગોનું પ્રમાણ વહેલું વધ્યું, એ સ્થિતિ ઉપર જણાવેલા સંજોગો સાથે સરખાવી શકાય તેમ છે.

નીલ નદીની ખીણના પ્રદેશમાંના લોકોની જીવનદશા અને જે લોકોનો વહેલાંમાં વહેલો ઇતિહાસ આપણને મળેલો છે તેમના સંબધી મુખ્ય મુખ્ય હકીકત ઉપર જણાવ્યા પ્રમાણે છે. હવે પહેલાં કુદરતના મિસરના લોકો સાથેના અને ત્યાર બાદ તે લોકોના કુદરત સાથેના વ્યવહારમાં શું શું ફેરફાર થવા પામ્યા છે તે આપણે તપાસીશું.

ઉંચા રણના ભાગોમાં નીલ નદીની ફાટની બન્ને બાજુએ અને તેના વહેન ઉપરની કેટલીએક જગ્યામાં પુરાતની પથ્થરનાં ઓજાર વારંવાર જડી આવે છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે, આ ભાગોમાં મનુષ્યો ઘણાં જ વહેલાં વસેલાં હોવાં જોઇએ. મનુષ્યની વસતિ પહેલી વાર થયાનાં તેવી જાતનાં ચિહ્નો દાક્ષણ તરફ ન્યુબીઆ અને સોમાલી લેંડમાં, અને ઇશાન કોણ તરફ સીરીઆમાં માલૂમ પડે છે. એ લોકોને ઇતિહાસ સાથે કાંઈપણ સંબંધ હોય એમ બનવું ઘણું મુશ્કેલ છે. કેટલાએકોનું હજુ પણ માનવું છે કે, તે ખીણના પ્રદેશમાંનાં મનુષ્યના વસવાટમાં ગાળો ચોક્કસ પડેલો, અને જે જમાનામાં પથ્થરનાં જ ઓજારો હતાં તેમાં તે દેશમાંની હવા અને અંદરની રચના તદ્દન જુદીજ હતી. બીજાઓ વળી એમ ખાત્રીપૂર્વક માને છે કે, તેવી રીતે તેવાં ઓજારો જુદી જુદી જગ્યાએ વહેંચાઈ ગયલાં તે હકીકત હાલની સ્થિતિને પણ બંધબેસતી થાય છે; પરંતુ, એટલું તો સર્વ કોઇ કબૂલ કરે છે કે, જ્યારે પથ્થરના જમાનાના છેવટના કાળમાં લોકો તે પ્રદેશમાં વસેલા હતા ત્યારે ખીણની બહારના આખા ઉચ્ચ પ્રદેશમાં રણ જ હતું; અને ખરૂં જોતાં, સર્વ મુખ્ય મુખ્ય ખુબીઓ અત્યારે છે તેવીને તેવી જ લગભગ તે વખતે પણ હતી.

આ અસલના વતનીઓ પથ્થરનાં ઓજાર ઉપરાંત બીજી ટકાઉ વ-



સ્તુઓ બનાવવાનું શીખ્યા તે વખત સુધીની તેમને લગતી માહિતી તેમની પોતાની પહેલાં થઇ ગયલા અને પથ્થરનાં ઓજારો વાપરતા લોકો સંબંધી માહિતીના કરતાં આપણને કાંઇ ઘણી વિશેષ મળતી નથી. મિસરમાંના હાલના ખેડુતો અને ન્યુબીઆના લોકોની માફક તેઓ જ્યાં સુધી માત્ર મટીઅર ઘર અથવા ઘાસપાંદડાંઓની ઝુંપડીઓમાં રહેતા અને ચામડાં અથવા તુંબડાંનાં વાસણો વાપરતા ત્યાં સુધીની તેમની જીવનશૈલી સંબંધી વિશેષ માહિતી મળવાનો તો આપણને માટે ઘણો જ ઓછો સંભવ છે. તોપણ કુંભારકામનો હુન્નર તે મિસરનું બીજા ઘણા દેશોની માફક સુધારો અને ઇતિહાસની દિશામાં પહેલું મોટું પગલું હતું, એમ કહી શકાય.

કુદરતી બક્ષીસો અને તત્ત્વો ઉપર પુષ્કળ સત્તા ધરાવનાર, માટીમાંથી પોતાની ઇચ્છા અનુસાર ઘાટ ઘડી કાઢવાને શક્તિવાન થતો કુંભાર આપણને લગભગ સર્વ શક્તિમાન લાગે છે, અને તેની આપણામાં આખી કહેવત પણ થઈ ગઇ છે. પરંતુ અસલના લોકોમાં તેમ નહતું. હથીઆરને માટે એક ગોળ પથ્થર, આર અથવા ટાંકણી તરીકે ફાટી છૂટો પડી ગયલો હાડકાંનો ટૂકડો અથવા પ્યાલા કે બાટલી તરીકે સુકાઇ ગયલ તુંબડાંની કઠણ છાલ પસંદ કરવામાં કાંઇ અક્કલ વાપરવાની હોતી નથી. તેમાં તેઓને કાંઇ શોધ કરવાની કે અમુક ચીજને પોતાના ઉપયોગમાં બંધબેસતી કરવાનું હોતું નથી. તેમ કરવામાં તો તેઓ ફક્ત અમુક ચીજ પોતાના વપરાસમાં જ લે છે. જ્યારે કોઇ ધારવાળા પથ્થરના વપરાસથી ઘસાઇ ગયલા ભાગોને કાઢી નાખીને અથવા ઘસી નાખીને ફરીથી નવી તીક્ષ્ણધારવાળા પથ્થરના રૂપમાં ફેરવી નાખવામાં આવે, અથવા પ્યાલા જેવા આકારના પથ્થરમાંથી એક વાટકો બનાવવામાં આવે, અથવા તુંબડું પાકી સૂકાય ત્યારે તે એક કાંઠાવાળી બાટલીના આકારનું થાય તેવા ઇરાદાથી તે ઉગતું હોય તે વખતે તેના ડીંટીઆંવાળા ભાગ ઉપર દોરીનો ટુકડો જોરથી બાંધી રાખવામાં આવે, અથવા બકરાં કે મેઢાંનાં બચ્ચાંનું ચામડું ઉતારતી વખતે તે વચમાંથી ફાડી ન લેતાં ખાવા પીવાની વસ્તુ રહી શકે તેવી એક કોથળીની

માફક આખું રાખવામાં આવે, ત્યારે તે સર્વેને આપણે અમુક ચીજને પોતાના ઉપયોગમાં બંધબેસતી કરી દીધાની કક્ષામાં ગણી શકીએ; પરંતુ, આવી રીતે કરવાથી પણ કુદરતને મદદ કરી તેમાં ફક્ત સુધારો કરવામાં આવે છે. આને કાંઇ કોઇ જાતની નવી ચીજો બનાવવાની કળા કહી શકાય નહિ.

તોપણ, જ્યારે સ્વાભાવિક રીતે તદ્દન આકાર અથવા ઉપયોગ વિનાની નરમ માટીને મનુષ્યો પોતાને હાથે, પોતાની કલ્પના શક્તિથી દોરાઇને, કાંઇ પણ જાતની બીજી મદદ વિના, તે તુંબડું, ચામડું કે પથ્થર ન હોવા છતાં, તુંબડાં, શીશી અથવા પથ્થરના વાટકા જેવા આકારમાં લાવે, કે શોધની શરૂઆત થઇ ચૂકે છે, અને એક જાતની કળા જન્મ પામે છે. જ્યારે જ્યારે આ કળાના ઉપયોગનો પ્રસંગ આવે છે ત્યારે ત્યારે ખરેખરી એક નવીન ચીજ યોજી કાઢવાને કલ્પનાશક્તિ, અને તે યોજના અમલમાં લાવવાને બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે. આ વસ્તુને એક વખતે આપવામાં આવેલો આકાર તેને તપાવવાથી લાંબો વખત ચાલુ રહે છે; પરંતુ તેમ કરવાથી જ સાથે સાથે તે એટલી બરડ થાય છે કે, તે વસ્તુ થોડો વખત જ વાપરી શકાય છે. આમ થવાથી પરિણામ એ આવે છે કે, એક ચીજ વારંવાર ભાગી જાય કે તેની અવજી બીજી પાછી તુરત ધારવી પડે છે; અને કૅબેલીસ લોકો તથા ઉત્તર આફ્રિકાના ઑરીસ પર્વતોમાંના લોકોમાંની કેટલીએક અસલની જાતિઓમાં કુટુંબને કુટુંબો પોતપોતાનાં માટીનાં ઠામ બનાવી વાપરે છે. કુટુંબમાંની સ્ત્રીઓને માટે માટીનાં ઠામ બનાવવાં તે કપડાં ધોવાના અને રાંધવાના કામ જેટલુંજ નિયમિત, પરંતુ જરા ઓછીવાર કરવાનું કામ હોય છે. માટીનાં ઠામ બનાવવામાં જેટલી બુદ્ધિની જરૂર છે તેટલીજ બુદ્ધિની જરૂર ફક્ત કપડાં વણવામાં અને ટોપલીઓ બનાવવામાં છે. ટોપલીઓ તથા દરેક જાતના સાદડી અને કાપડનો નાશ થઇ જાય છે, પરંતુ ભાંગેલ તૂટેલ માટીનાં ઠામ લગભગ નાશ પામતાં જ નથી; કારણ કે, તે ભાંગી જાય કે તદ્દન તકામાં થઇ જાય છે, તે ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, તેના જેવો કાયમી પુષ્કળ અને



જુદાં જુદાં રૂપમાંનો પુરાવો, એટલે કે, એક પુરાતની જગ્યામાંના માટી કામના ટુકડાના આકારમાં મળી આવતી એક કારીગરના મગજની સ્થિતિમાંના ફેરફારોની ખરેખરી અને પૂરેપૂરી નોંધ, એ સુધારાની શરૂઆતનો ક્રમ જાણવા જણાવવાને કામમાં લેવાય તેવું એક આપણી પાસેનાં સાધનોમાંનું સૌથી વધારે કિંમતી સાધન છે. વળી આપણી ઘણી સામાન્ય ઉપયોગની ચીજો લાકડાંને બદલે મિસર જેવા ઝાડ વિનાના દેશમાં માટીની બનાવવામાં આવે છે, અને તેથી કરીને વધારે જંગલવાળા પ્રદેશમાં હોવાની આપણે આશા રાખીએ તેના કરતાં અહીંઆં તરેહતરેહના ઘરઘરના રિવાજો અને સાધનોની નોંધ વિશેષ પ્રમાણમાં આપણને મળી આવે છે.

કુંભારની કારીગીરી મિસરના અસલ વતનીઓ ક્યાંથી શીખી લાવ્યા તે અત્યારે આપણે જાણતા નથી. નીલ નદીની ખીણના પ્રદેશમાં તે કળાની શોધ થવા સંબંધી કાંઇ પણ પુરાવો મળી આવતો નથી. વળી નીલ નદીમાંનો કાદવ ઠામ બનાવવાની માટી જેવો સારો નથી. મિસરમાંની માટીની બરણીનો આકાર સીરીઆ, સાઇપ્રસ અને પૂર્વમાંના નજીકના બીજા ભાગોમાંની બરણીઓ જેવો હોતો નથી; તો પણ ત્યાંની શરૂઆતની કુંભારોની ઠામ બનાવવાની રીતિ ઉપર જણાવેલા પ્રદેશોમાંની જેવી જ હતી, તથા આપણે અત્યારે જાણીએ છીએ તેની મદદથી કયા દેશમાંથી કયા બીજા દેશોમાં તે કળા ગઇ તે નક્કી કરવું એ પણ અશક્ય થઇ પડે છે. આપણે ફક્ત એટલુંજ કહી શકીએ તેમ છીએ કે, ઘણા ઉંચા દરજ્જાની, કૌશલ્ય રહિત તેમ જ ઘણા લાંબા વખતના નહિ પરંતુ બહોળા અનુભવથી તે સમયની સ્થિતિએ પહોંચેલી તે નવીન કળા ઉત્તર મિસરના એક સારી રીતે ચોક્કસ થયલા ભાગમાં એકાએક માલૂમ પડેલી હતી.

ઉપર જણાવેલો ભાગ ઍબીડોસની જરા દક્ષિણેથી શરૂ થઇ હીરૅકૉન્પૉલીસ તથા એલ્કાબની જરા ઉત્તર પર્યંત વિસ્તારમાં પડેલો છે. આગળના જમાનામાં ઉત્તર મિસરનું પાયતખ્ત થીબ્સ તે ભાગના મધ્યમાં આવેલું છે; પરંતુ તે ભાગનું મધ્યબિંદુ, થીબ્સ અને ઍબીડૉસની વચમાંના

નીલ નદીના લગભગ અર્ધચંદ્રાકાર વાંક ઉપર જે જગ્યાએ નદીના પૂર્વ બાજુના કાંઠા ઉપર કૉપ્ટૉસ અને પશ્ચિમ બાજુના કાંઠા ઉપર નાગાડા-અને ડેન્ડેરા આવેલાં છે ત્યાં હોવાનું જણાય છે. ઍબાડૉસ નજીક પૂર્વ તરફની ટેકરીઓની બાજુબાજુએ નદીનું વહેન શરૂ થઈ જવા માંડે છે ત્યાંથી નીચેના ભાગમાં નીલ કોઇપણ જગ્યાએ તેની ખીણની વચ્ચોવચ્ચ થઇને વહે છે તેનાથી વધારે મધ્યમાં તે આ ભાગમાં વહે છે. તેથી કરીને, જે સપાટી ઉપર નદીનું પૂર ફરી વળે છે તેના બે ભાગ થઇ જાય છે. નદીના મુખ તરફના સર્વે ભાગ કરતાં તેની ખીણ કાંઇક વધારે સાંકડી આ જગ્યાએ થઇ ગયલી છે, અને એલ્કાબથી જરા ઉત્તરમાં તે ખીણ એકદમ સાંકડી થઇ જઇ સીલ્સીલેહ નજીક એક સાંકડા નાળાના રસ્તા જેવી જ થઇ રહે છે; અને ત્યાં કાદવવાળી જમીન બાલકુલ દેખાતી નથી.

વળી આ પ્રદેશમાં તે તદ્દન એકલી પડી ગયલી ખીણ બે જુદે જુદે રસ્તે બહારના ભાગો સાથે સમાગમમાં આવી જાય છે. પૂર્વ તરફ આપણે ઉપર જણાવેલા નદીના વાંકને લીધે નીલ નદી અત્યાર સુધીનાં તેનાં વહેનમાંના કોઇપણ સ્થળ કરતાં રાતા સમુદ્રના કિનારાની વધારે નજીક આવી જાય છે, અને તે એટલે સુધી કે, સુવેજના અખાતના મથાળા ઉપર તે બંને વચ્ચે જેટલો અંતર છે તેટલો અહીં પણ થાય છે. તે બંને વચ્ચેનો અંતર આશરે ૧૦૦ માઇલનો છે. વળી કૉપ્ટૉસ નજીક પૂર્વ તરફથી અંદરના ભાગમાં જતા હનામત નામના ધરનાળાંને લઇને મોટી ખીણ થયલી છે તે ઉચ્ચ પ્રદેશમાંનો મોટો ઉંડો નીચાણવાળો ભાગ કિનારા ઉપરનાં કૉસીર સુધીના માર્ગનો અર્થ સારે છે. જો કે ધરનાળું પોતે સૂકું છે, તોપણ તે માર્ગમાં વચમાં વચમાં પૂરતું પાણી પણ મળી શકે છે; એટલે જો રાતા સમુદ્રના કિનારા ઉપર કૉસીરમાં અથવા તેની દક્ષિણે ઍબેસીનીઆની સરહદ ઉપરની ટેકરીઓ તરફ મનુષ્યની વસતિ અને કાંઇ સુધારાનાં તત્વો હોય, તો આ એવી એક જ જગ્યા છે કે; જ્યાંથી ત્યાંના લોકોને નીલ નદીના પ્રદેશમાંના લોકો સાથે સમાગમ હોઇ શકે.



પશ્ચિમ તરફ પણ લગભગ તેટલે જ દૂર લીબીઆમાંનાં રણ મધ્યેની ફળદ્રુપ જગ્યાઓમાંની સર્વેથી નજીક અને મોટી ખાર્ગા નામની જગ્યા આવેલી છે. ઍબીડૉસથી અથવા થીબ્સની પાડોશના ભાગમાંથી ત્યાં જવાનો એક સારો રણમાં થઇને જતો રસ્તો છે; તથા ડાકલા, ફરફ્રા વિગેરે મનુષ્ય રહી શકે તેવી જગ્યાઓએ ખાર્ગાથી જઇ શકાય છે. આ રણમાંના ફળદ્રુપ ભાગોના અસલના વખતના ઇતિહાસ સંબંધી અત્યારસુધી આપણને બહુ થોડી જ માહિતી મળેલી છે; પરંતુ વસતિ ન હોવાનું કે કૉસીર કરતાં ત્યાં જવામાં વધારે મુસ્કેલી હોવાનું માનવાને કાંઇ પણ કારણ નથી. ગમે તેમ હોય, તો પણ જો કાંઇ સમાગમ તેમની અને નીલ વચ્ચે હતો તે આ ભાગ સુધી પહોંચેલો અને ત્યાંથી આગળ ચાલેલો નહિ.

આ સાદા લોકોનાં ખંડીએરો તેમના સંબંધી જે ચીતાર સૂચવે છે તે સહેલાઇથી આપી શકાય તેમ છે. નદીમાંનું પૂર ચઢી આવે તેનાથી ઉંચે, પરંતુ તેમ છતાં તેની અસર થાય તેટલે દૂર, જમીનના સાંકડા પટ્ટામાં મોટાં ગામડાં તેઓએ વસાવેલાં હતાં. ઘાસવાળી ભીની જમીનથી તથા પાણીનાં પૂરથી ઉંચી સપાટીએ હોવાને લીધે તંદુરસ્ત અને ઘણા વખત સુધી ખરેખરી રીતે માટીની ઇંટોની બંધાયલી દિવાલોની કિલ્લાબંધી વિનાના છતાં જરૂર પડે બચાવ કરી શકાય તેવી ખીણની ઉંચી બાજુઓમાંથી બહાર નીકળી આવેલી વધારે ઉંચી જમીનના મથાળાના ભાગમાં તેઓ રહેતા હતા. તેમનાં ઘરની નિશાની લગભગ કાંઇપણ રહેલી નથી. બરૂ અથવા ઘાસનાં બનાવેલાં તેનાં છાપરાં તકલાદી હોવા છતાં દિવસના ભાગમાં સૂર્યના તડકાથી બચાવે અને રાત્રે ઠંડીની સખતાઇને નરમ પાડી દે તેવાં તો હશે જ. વરસાદ તો ત્યાં પડતો જ ન હતો. તેઓનાં કબરસ્તાન નજીકમાં પરન્તુ ઢોરોની ચરવાની જગ્યા અથવા ખેડી વાવેતર થઇ શકે તેવી, જમીન રોકાય નહિ તેવા સૂકી જમીનવાળા ભાગોમાં હતાં. તે ગામડાંમાંના લોકો અમુક અંશે ભરવાડની જીંદગી ગાળનારા હતા; કારણ કે, તેમની પાસે બળદ અને બકરાં હતાં, તથા

તેની રખેવાળી કરવાને કૂતરાં અને ભારબ્રદારી કરવાને માટે ગધેડાં હતાં. ખીણના અમુક ભાગો પૂરી દેતાં ઝાડઝાંખરાં કે જંગલનો કોઇપણ ભાગ તેઓએ સુધાર્યો હોય તેમ ચોક્કસ દેખાતું નથી; કારણ કે અત્યારે પણ નીલના મૂળ તરફના ઘણા ભાગો તેવી રીતે પૂરાઇ ગયલા છે. તેમ જ પાણી પાઇને મોલ ઉછેર્યાં હોય તેમ પણ ચોક્કસ માલૂમ પડતું નથી. બીજી બાજુએ તેઓ મગરમત્સ્ય અને જળચર ઘોડા તેમ જ હરણ અને સાબર તથા જળ-પક્ષીઓનો શિકાર કરતા, તથા વધુમાં વધુ ઉત્તરમાં આંહીસુધી પોતાનાં પીછાં અને ઇંડાંને લીધે બહુ કિંમતી ગણાતા શહામૃગો રખડતા હતા. આનાં આબેહુબ ચિત્રો તેઓ પોતાની કારીગીરીનાં કામોમાં પાછળ મુકી ગયા છે. ઉંચાં તુતક ઉપર ધરવાળા, પુષ્કળ હલેસાંથી હકરાતા અને પોતપોતાની જાતિની નિશાનીના ધોરણસર વાવટાવાળા મોટા મછવાઓમાં તેઓ નીલનદીમાં સફર કરતા હતા.

આ જાતિઓમાંની દરેકને પોતપોતાના જીલ્લા હતા, અને તે કોઇ પવિત્ર જાનવરનાં નામથી અથવા તે જાતિમાંના લોકો પુષ્કળ માનની નજરથી જુવે તે દેવની બીજી સંજ્ઞાથી ઓળખાતા. આ નામ અને સંજ્ઞાઓમાંનાં કેટલાં-એક ઐતિહાસિક કાળ સુધી ચાલુ રહ્યાં હતાં. આ ઉપરથી થોડા પ્રમાણમાં પણ આપ લે થતી હોવાનું, કાયદા સંબંધી શરૂઆતના વિચારો તથા બીજા લોકોના હક્ક માટે ગણના હોવાનું અને સ્થાનિક સત્તા અને એકત્ર સ્થિતિ-માંથી થતો સંપ હોવાનું માનવાને આપણને કારણ મળે છે. નદી-પ્રદેશના જંગલના બે ભાગ પડી ગયલા હતા, છતાં બીજી જગ્યાઓ કરતાં અહીંઆં તેમાં થઇને બીજી તરફ જઇ શકાય તેમ હતું. વળી બંને કાંઠા ઉપર વસતિ હોવાથી તેવી રીતે નદી ઓળંઘવા માટે કારણ પણ હતું. આવી જાતના સમાગમથી સરખામણી થવાનો અને કદાચ હરિફાઈ થવાનો પણ સંભવ હતો; પરંતુ, સાધારણ રીતે ચીજોની અદલાબદલી તો ચોક્કસ થતી હોવી જ જોઇએ. વળી આપણે એટલું પણ યાદ રાખવાનું છે કે, એલ્કાબની પેલી તરફ તે ખીણનાં લક્ષણોમાં જરા જરા ફેરફાર થયલો છે, અને તેને



પરિણામે ત્યાંની પેદાશ અને જીવનશૈલીમાં પણ ચોક્કસ ફેરફારો થવા પામ્યા છે. વળી જ્યાં જ્યાં આવી રીતે ફેરફારો થાય ત્યાં ત્યાં ફરી પાછી સરખામણી અને ચીજોની અદલાબદલી પણ થવા પામે છે. જે દરેક મોટી નદીની ઉપર લોકોની વસતિ હોય છે તેમાં, તેનાં મૂળથી મુખ તરફ અને મુખથી મૂળ તરફ એમ બંને દિશામાં, પરસ્પર વેપાર ચાલતો જ રહે છે.

નદી દ્વારા બંને દિશામાં થતી આવજાવને લીધે જ નહિ, પરંતુ કિનારા અને રણમાંના ફળદ્રુપ ભાગો વચ્ચેના નદી ઓળંઘીને જતા રસ્તાઓને લઇને પણ લોકોની જાતિઓના અંદર અંદરના મિત્રાચારી, હરિફાઈ, અને શત્રુતા ભરેલા સમાગમમાં જે પ્રદેશ વિષે ઉમેરો થાય છે ત્યાં, ચીજવસ્તુઓ અને વિચારો મેળવવાને અસામાન્ય અનુકૂળતા મળી આવે છે. તેનું પરિણામ એ આવે છે કે, જે દેશને તેના આરબ જીતનારાઓ "ઇસ સૈયદ" એટલે કે "નશીબવાન દેશ" કહેતા તે હજી તેવો નહતો, તો પણ ત્યાંના રહેવાસીઓને ઉપર જણાવેલી સગવડતાથી જીદંગી ગાળવાના કઠિન કામમાં ઘણી જ મદદ મળતી; અને કળા, વ્યવસ્થા અને ખરૂં જોતાં તો, કોઇ પણ જાતનાં સાહસ જેવી મોજશોખની અને બિન જરૂરી વધારે પડતી બાબતો સંપાદન કરી શકવાને જોઇતી નવરાશ અને શકિતની બચત, ઉપર જણાવેલી સગવ-ડતાથી મળી શકે છે. ગમે તે પ્રકારે, માગી ભીખીને નહિ, પરંતુ નોકરીના બદલામાં આ એક બીજા સાથે જોડાયલા દેશોમાં લોકોને ઘણા જ થોડા જથ્થામાં પણ સોનું, હાથીદાંત, પરવાળાં અને પીરોજી રંગના હીરા પ્રાપ્ત થઇ આવેલા, તથા તાંબા અને લોખંડ સંબંધી જ્ઞાન પણ તેમને મળેલું. નીલ-નદીનાં મૂળ તરફના ભાગોમાંથી રણમાંના ફળદ્રુપ ભાગોની પેલી બાજુ પશ્ચિમ તરફના પ્રદેશમાંથી, અથવા રાતા સમુદ્રના માર્ગે ઍબીસીનીઆમાંથી, એમ જુદા જુદા પ્રદેશોમાંથી તે લોકોને સુવર્ણની પ્રાપ્તિ થઈ આવી હશે. સોનાંની માફક હાથીદાંતનો વેપાર સોમાલી લૅન્ડ અથવા તેની પેલી બાજુના ભાગ સાથે રાતાસમુદ્રને કિનારે કિનારે થયલો હોય, તોપણ ઘણે ભાગે તે પણ નદીના મૂળ તરફના ભાગોમાંથી આવેલો હોવો જોઇએ. વળી હાથી ઉત્તરમાં છેક ન્યુબીઆ

સુધી રખડતા હોવા જોઇએ; કારણ કે તેનાં ચિત્રો શરૂઆતનાં કળાકામમાં જોવામાં આવે છે. પરવાળાં તો ચોક્કસ રાતા સમુદ્રમાંથી જ મળેલાં હોવાં જોઇએ. પીરોજા રંગના હીરા સીનાઇમાંના વાડીમોઘારાના પ્રદેશમાં આવેલી પ્રખ્યાત ખાણોમાંથી ચોક્કસ આવેલા હોવા જોઇએ; કારણ કે, પહેલા વંશ જેટલા પૂર્વકાલીન મિસરના લોકો તે ખાણોમાંથી હીરા લઇ જતા એ ચોક્કસ છે, અને ઘણું કરીને ત્રીજા વંશની સત્તા દરમ્યાન તો તે પ્રદેશ મિસરની સાથે જોડી પણ દેવામાં આવેલો. શરૂઆતમાં તાંબું, કદાચ સીનાઇ અને ન્યુબીઆમાંથી આવેલું હોવાનો દરેક રીતે સંભવ છે; અને ઘણા જ જુના વખતની કટારો, કુહાડીનાં માથાં અને ખીંટીના જુદા જુદા આકાર તાંબાના દ્વીપને નામે ઓળખાતા સાઇપ્રસમાંની તે ચીજોના આકાર જેવા જ હોવાથી, અને ખાસ કરીને મિસરમાંનાં શરૂઆતનાં અને સાઇપ્રસમાંનાં માટી કામની બનાવટમાં તેમને ઘણું જ મળતાપણું હોવાથી, સાઇપ્રસમાંથી પણ તે લોકોને તાંબું મળેલું હોય એ બનવા જોગ છે.

કોઇ કોઇ ઠેકાણે જ મળી આવતું તોપણ પહેલા વંશના જેટલા જુના વખતમાં પણ લોખંડ મિસરમાં હયાત હતું, અને તેથી ધાતુ વાપરતા દેશોમાં મિસરની સ્થિતિ ઘણી જ અસાધારણ થવા પામી હતી. કારણ કે, જવલ્લે જ પરંતુ ચોક્કસ મળેલી ચીજો એક બાજુએ રાખીએ, તોપણ હજારો વર્ષ પર્યન્ત મિસરના લોકો મોટે ભાગે કાંસું અને ઘણી વાર તો ફક્ત તાંબું જ વાપરતા હતા; ચીનમાં જેમ ધ્રુવના કાંટા અને દારૂ ક્વચિત્ જ મળતાં તેમ મિસરમાં લોખંડ ક્વચિત્ જ મળતું; અને તે એટલે સુધી કે, તેનાં માદળીઆં અને દાગીના બનાવવામાં આવતાં, અને જ્યારે તે તૈયાર ધાતુના આકારમાં મળી શકતું ત્યારે પણ તેનાં ફક્ત ઓજારોજ બનાવવામાં આવતાં હતાં. મિસરમાં તે ધાતુ તૈયાર કરવામાં આવતી હોય એમ લાગતું નથી, અને ત્યાંના લોકો તે ક્યાંથી આવતું તે પણ કદાચ જાણતા ન હતા. ઐતિહાસિક જમાનામાં પણ જાણે કે તે ખરતા તારાંમાંથી મળી અવતું હોય નહિ, તેમ તેઓ તેને



"આકાશી ધાતુ" કહેતા; અને તે સંબંધી તેમને દક્ષિણ તરફના દેશોમાંથી માહિતી મળેલી હોવાનું હાલ જણાય છે. કારણ કે, મધ્ય આફ્રિકામાં કાંસાનો જમાનો ન હોવાનું અને પથ્થરનાં હથીઆરોમાંથી અસલના વખતમાં એકદમ લોખંડનાં હથીઆરો થવા પામેલાં હોય એવું માલૂમ પડે છે. છતાં ઇસ્વી સન પૂર્વે સોળમા સૈકામાં, જ્યારે તેમણે સીરીઆ જીતી લીધું ત્યારે તે ત્યાં સાધારણ રીતે વપરાતું તેમના જોવામાં આવેલું અને તે તેમને ખંડણીમાં પણ મળેલું. તો પણ જ્યારે ઇ. સ. પૂર્વે ૬૬૮ માં મિસર અને ઍસીરીઆ વચ્ચે લડાઇ થઇ, અને દરિયાપારના ગ્રીક લોકોએ મિસરમાંથી લાભ લેવાનું શરૂ કર્યું ત્યાંસુધી મિસર પોતામાં તો "લોખંડનો જમાનો" ખરેખરી રીતે શરૂ પણ થયો ન હતો.

આ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે, મિસરની ચઢતી નીલ નદીની ખીણમાંના ઇશ્વરી મહેરબાનીવાળા ભાગમાંનાં બીજાં ગામડાંઓ સાથેના સમાગમ અને તેની પોતાની હદની બહાર પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ તરફના દેશો સાથેના સમાગમને લીધે થયલી. નવી નવી જરૂરીઆતો ઉભી થવાથી નવી નવી જાતની મહેનત કરવામાં આવતી, અને દરેક જાતની મહેનતના બદલામાં જીંદગીનો નિભાવ કરવાનાં અને નવાં નવાં સાહસ કરવાનાં વધારે બહોળાં, સ્વતંત્ર અને સલામતી ભરેલાં સાધનો મળી આવતાં. આટલે સુધી તો, સ્વાવલમ્બી મનુષ્ય સંબંધી સર્વે જુની પુરાણી વાતો આવી. ભૂગોળને લગતી સ્થિતિ, કુદરતી સમૃધ્ધિ, મળતાવડા એક સરખા જ વિચારોવાળા પાડોશીઓ વિગેરે તક મળેલી; પરંતુ તે તક લઇ તેનો લાભ લે તેવા મનુષ્યોની જરૂર હતી; અને તેવા લાભ લેનાર મનુષ્યો જેમ મોટા પ્રમાણમાં હોય તેમ કુદરત ઉપર કાબુ ધરાવી શોધખોળ કરવાની પ્રેરણામાં વધારો થવા પામે છે. ચોખ્ખાં મગજ અને ચંચળ કલ્પનાશક્તિવાળાં મનુષ્યો જરૂર બહાર નીકળી આવે છે; અને જેમ જેમ તેઓ બારીકીથી જોવા તપાસવા લાગે છે, અને જોયલું તપાસેલું જાણવા લાગે છે અને

તેનો શો ઉપયોગ કરી શકાય તેનો વિચાર કરવા લાગે છે, તેમ તેમ તેમને હંમેશાં નવાં નવાં ક્ષેત્રોમાં ફત્તેહ મેળવવાનું બની આવે પણ છે.

હાલમાં વળી સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે, મિસરમાંના શરૂઆતના ભાગનું પૂરેપૂરું વૃત્તાંત એટલેથી જ બસ થતું નથી. શોધખોળ કરનારાઓને માલૂમ પડેલું છે કે, મિસરમાંની ભાષા જો કે ઉત્તર આફ્રિકાના ઘણાખરા ભાગોમાં ચાલતી હૅમિટિક અથવા બર્બર ભાષાના જેવી જ છે, છતાં તે અરબસ્તાનમાં પ્રથમ જન્મ પામેલી સેમીટિક બોલીને એટલી બધી મળતી છે કે, અસલથી વસતા બર્બર ભાષા બોલનારા લોકોમાં સેમિટિક લોકોની કાંઇએક સંખ્યા ભળી ગઈ હોય અને તેનું પરિણામ આવી રીતે આવેલું હોય એમ ધારી શકાય છે.

તેમ જ આપણે સામાન્ય રીતે જાણીએ છીએ કે, પાંચમા વંશ પછીથી મિસરની કોતરકામવાળી મોહોર વાંદાના આકારનો હતો, અને તેની અંદરની બાજુએ તરાહ કોતરેલી હતી; જ્યારે તેની પહેલાંના વંશના વખતમાં તે લાંબી નળીના આકારની અને ઉપરના ગોળ ભાગ ઉપર કોતરેલી તરાહવાળી હતી; અને તે તેવી હતી તેથી કરીને તેને ફેરવવાથી છાપ પડતી હતી. હવે આવી જાતની નળીના આકારની મોહોર પુરાતન કાળમાં બૅબીલોનીઆમાં ખાસ કરીને જોવામાં આવતી; અને તેથી જ્યાં માટીની ટીકડીઓ ઉપર દસ્તાવેજો લખવામાં આવતાં એટલો સુધારો થયલો હતો ત્યાં મોહોર પણ આવી જ જાતની બંધબેસતી બને તે દેખીતું છે. મિસરમાં દારૂના બરણી અથવા બાજી ચીજોથી ભરેલાં વાસણોને મોહોરબંધ કરવામાં માટી વાપરવામાં આવતી; તોપણ કાગળની બનાવટને માટે જરૂરી બરૂની જાતના છોડવા પુષ્કળ થતા હોવાથી તથા કાગળ ઘણા અસલના વખતથી વપરાતા હોવાથી માટીને દસ્તાવેજોનાં કામ માટે કોઇપણ વખતે વાપરવામાં આવેલી નથી. વળી એવી દલીલ કરવામાં આવે છે કે, લાંબી નળી જેવી મોહોર સંબંધી માહિતી મિસરના લોકોને બૅબીલોનીઆમાંથી મળેલી



છે, અને તે પણ સીધી રીતે નહિ. પરંતુ વેપારમાં થયલા મોહોરબંધ ડબાલા લગભગ અવશ્ય હોવા જ જોઇએ તેને લઇને અથવા બૅબીલોનીઆમાંના સુધારાથી પરિચિત પૂર્વ તરફના લોકો મિસરમાં આવવાને લીધે આડકતરી રીતે આવી રીતે બનવા પામેલું હોવું જોઇએ. બારીક કોતરકામવાળાં પથ્થરનાં ગદાનાં માથાં અને ઉંચા હોદ્દા ઉપરના અમલદારોના કિનારીવાળા ઝભ્ભા તથા જેનાં ચિન્હો હાલ પણ નજરે પડે છે તેવા ઇંટના બાંધેલા મજબૂત કિલ્લાઓ વિગેરે ખાસ બાબતોથી નીલનદીના પ્રદેશનાં મનુષ્યો તદ્દન અજાણ્યાં હતાં. વળી તે બૅબીલોનીઆમાંના રીતરીવાજોને મળતી આવે છે, અને આ વખતની શિલ્પકળા અને બીજી કારીગિરીમાં પણ બૅબીલોનીઆની અસર થયલી છે, એમ આ વિષયનાં કેટલાએક અભ્યાસીઓ માને છે.

વળી આ જ અરસામાં ઍબીડૉસ અને કૉપ્ટૉસની આસપાસના મુલકમાં દફનક્રિયાને લગતા નવા રિવાજો દાખલ થયલા માલૂમ પડે છે. એલઅમ્રાના મોટા કબરસ્તાનમાં આ રિવાજો ખાસ નજરે પડે છે. આ નવા રિવાજોમાં શબને ઘુંટણીઆં વાળેલી સ્થિતિને બદલે તદ્દન લાંબાં, તથા સાદી માટીની કબરને બદલે ઇંટની બાંધેલી કુંડીમાં દફનાવવાનો રિવાજ સર્વેથી વિશેષ અગત્યતાવાળો અને જાણીતો હોય એમ જણાય છે. પાંચમા વંશના અમલ સુધી દેશાશેહ જેવી ચોકસ જગ્યાએ ઘુટણીઆં વાળેલી સ્થિતિમાં શબને દફનાવવાનો રિવાજ ચાલુ રહેલો, અને ચોથા વંશના સમયમાં બન્ને રિવાજો એક સામટા ચાલતા; અને તે વખતે તો તદ્દન લાંબા કફનમાં મસાલા ભરીને શબ દટાયલાં હોય એમ માલૂમ પડે છે. જેમ જેમ આવી રીતે બાંધેલી કુંડીવાળી કબરો કરવાનો પ્રચાર વધતો ગયલો; તેમ તેમ મરનારના આત્મા રહી શકે અને તેની પાસે લોકો જઇ શકે, તેમ જ શબ જાણીતને માટે ત્યાં રાખી શકાય એટલા માટે, તેવી કબરો દહેરીના આકારની બનાવવામાં આવતી ગયલી. આત્માના ભાવી તથા મૃત્યુ પછીના તેના દેહ સાથેના સંબંધ વિષે નવી નવી માન્યતાઓના પ્રચાર સાથે આ નવીન ક્રિયાનો નિકટનો સંબંધ હોય એમ લાગે છે. ઉંચ વર્ણના લોકોનાં શબો વધારે સારી

રીતે મસાલા ભરીને અને વધારે ખર્ચ કરીને દફનાવવામાં આવતાં હશે તેથી કરીને ત્યાંની વસતિમાં કોઇએક નવીન વર્ગ ઉપસ્થિત થયો હશે એવું અનુમાન થઇ શકે છે.

વળી તે જ અરસામાં પવિત્ર જનાવરોનાં સ્વરૂપ ધરીને અસલના સ્થાનિક દેવતાઓની સાથે સાથે સૂર્ય અને આકાશરૂપે પ્રકટ થયલ દેવોની પૂજા શરૂ થયલી તે પણ પુરાતની બૅબીલોનીઆ તેમ જ સેમિટિક ભાષા બોલતા લોકોના ધર્મની સાથે બરાબર મળતાપણું બતાવે છે. આ સર્વ ઉપરથી એમ અનુમાન થઇ શકે છે કે, મિસરના લોકોનું જ એમ કહેવું છે કે, તેમના પોતાના સૂર્ય અને આકાશના 'હૉરસ' નામના દેવ તેમ જ આકાશ અને બીડની મહાન 'હૅથૉર' નામની દેવી રાતા સમુદ્રના કિનારા ઉપરના અથવા તો તેનાથી પણ વિશેષ દક્ષિણ તરફના ભાગમાંના કોઇ એક "પવિત્ર સ્થળ" માંથી આવી તેઓ સમક્ષ પ્રકટ થયલાં, અને ધાતુકામ કરનારા અને પાછળના કાળના ગ્રંથકર્તાઓ કહે છે તેમ, ખરેખર "ભૂત" અથવા તો કોઇ એક નવીન અને ખાસ અર્થમાં "ભૂત અથવા આત્મા" વાળા કેટલાએક તે દેવદેવીના અનુયાયીઓ તેમની સાથે આવેલા પણ હતા. જે પ્રદેશ સંબંધી આપણે વિવેચન કરીએ છીએ તે જ પ્રદેશમાં એડ્ફૂ આગળ આ નવા આવેલા લોકો નીલની ખીણમાં દાખલ થયલા વળી જેઓ સૂર્ય દેવતામાં માનતા હતા તેમની નજરે જેઓ તેમાં માનતા ન હતા તેઓ "અંધારાનાં સન્તાન" હતાં, અને તેથી "અંધારામાં ભૂલા પડી ગયલા" દેશી લોકોના સાથે ઍબીડૉસ નજીક ડન્ડેરા આગળ તેમને એક મોટી લડાઈ થયલી, અને ત્યાં મળેલી જીતને લઇને તેમણે પોતાનો લાભદાયી વિસ્તાર નીલ નદીના મુખ તરફ આગળ ચલાવેલો, એમ મિસરના લોકોનું માનવું છે.

તે જ સમયે તેવી જ જાતની હકીકત દોઆબના ભાગમાં પણ બની હોય એવું જણાય છે. કારણ કે, દોઆબનાં મથાળાંની નજીક તેની પૂર્વ બાજુએ આવેલ "સૂર્યપુર" હેલીઓપોલીસમાં એડ્ફૂની વિષે પૂજાતા તેવા જ બાજ



સૂર્ય દેવતાની પૂજા પ્રચલિત હતી એટલું જ નહિ, પરંતુ નદીના મૂળ તરફના સૂર્ય દેવના પૂજકો પોતાની સત્તા દોઆબવાળા ભાગમાં વધારતા ગયા તેમ તેમ આ બન્ને દેવો એક જ હોવાનું મનાવા લાગ્યું. તેવી જ રીતે હીરૅકૉન્પૉલીસ મધ્યેની 'નેખાબેટ' નામની દેવી તે જ દોઆબમાંની 'બૂટો' નામની નાગદેવી છે એમ લોકો માનવા લાગ્યા. આ ઉપરથી આપણને એમ અનુમાન કરવાનું કારણ મળે છે કે, જે વખતે રાતાસમુદ્ર તરફથી ઍબીડૉસ નજીકના પ્રદેશમાં ઉપર જણાવેલા લોકો દાખલ થયા તે જ વખતે સેમિટિક ભાષા બોલતા અને તે ધર્મ પાળતા અને થોડે ઘણે અંશે બૅબીલોનીઆમાંના સુધારાવાળા લોકોનો એક બીજો સમૂહ સુવેજને રસ્તે દોઆબના ભાગમાં કદાચ દાખલ થયલા હશે. હાલમાં લેવામાં આવેલાં માપથી જણાતો તથા અસલનાં ચિત્રોમાં પણ માલૂમ પડતો દોઆબ અને મિસરના ઉચ્ચ પ્રદેશમાંના લોકો વચ્ચેના શરીરની આકૃતિને લગતા તફાવત સંબંધી ઘણો ખુલાસો આવી જાતના ચડાઈ થયલી હોવાની બીનાથી થઈ જાય છે.

પોતપોતાના સાધારણ રીતે જનાવરના રૂપમાંના સ્થાનિક દેવની રખેવાળી નીચે પ્રાન્તો અથવા પ્રગણાંમાં આખા દેશની વહેંચણીની વ્યવસ્થા ઘણી જુદી જુદી જાતિઓ વચ્ચેનાં અસલનાં જુદાપણાંની નોંધનું કામ કાયમને માટે કરે છે: અથવા તો ઉપર જણાવેલી વ્યવસ્થા તેના છેવટના રૂપમાં આવવાને માટે કેટલેક અંશે કોઈ બીજી જગ્યાએથી આવેલા નવીન રાજ્યકર્તાઓની બુદ્ધિને આભારી છે, તે અત્યારે નક્કી થઈ શકે તેમ નથી. જેમ જેમ "એકત્ર થયલી જાતો"ના કાબુનો વિસ્તાર થવા લાગ્યો, તેમ તેમ તેટલા જ પ્રમાણમાં એક બીજા પ્રાન્તોની હદ નક્કી થયલી હોવી જોઇએ એ ચોક્કસ છે; અને તેમ થવાને માટે અર્થશાસ્ત્રને લગતું સબળ કારણ હતું. જેમ જેમ નીલ નદીની ખીણમાંની જમીનમાં સુધારા વધારા થતા ગયા તેમ તેમ દરેક જાતિની જમીનની કિંમતમાં સારો વધારો થતો ગયો. અત્યાર સુધી હતું તેના કરતાં વિશેષ ખેતીમાં પણ ચાલુ વધારો નદીની ઉપર તથા નીચે વાસ થતો ગયો, અને તેથી પહેલાંની સરહદ જે અનિ-

શ્રિત હતી તે દર વર્ષે પાણી ફરી વળવાથી અવ્યવસ્થિત થઇ જવાનું જોખમ ન રહે તેટલા માટે ચોક્કસ કરવી પડેલી.

જે વિસ્તારની પ્રગતિનાં કારણો આપણે જણાવી ગયા છીએ તે વિસ્તાર થવા પામ્યો ત્યાં સુધી ખેડી શકાય તેવા ભાગમાં વધારો કરવા માટે નિયમિત રીતે પાણી લઇ જઇ ખેતરને પીવરાવવા સંબંધી કાંઇપણ ચોખ્ખો પુરાવો આપણને મળતો નથી. વળી જ્યાં સુધી નીલની ખીણનો પ્રદેશ જુદી જુદી સ્વતંત્ર જાતોમાં વહેંચાયલો હતો ત્યાં સુધી, તેવા કામમાં જરૂરી મહેનત અથવા યુક્તિઓ થઇ શકવાનો સંભવ નહતો. જ્યાં સુધી નદીના મૂળ તરફના પાડોશીઓ નહેરમાં પાણી આવવા ન દે અથવા નદીના મુખ તરફના પાડોશીઓ નહેરનું વધારાનું પાણી પોતે તેવી જ બીજી લાયક નહેર બાંધીને તે વાટે લઇ ન લે ત્યાં સુધી, અમુક પ્રદેશની ઉજ્જડ રણ-માંથી પસાર થતી સરહદ ઉપર નહેર બાંધવાની યોજના કરવી તે નિરર્થક છે. છતાં પણ ઉપર જણાવેલી પ્રગતિ થયા પછી તુરતમાં જ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ મિસરની જે સ્થિતિ ત્યાર પછી કાયમને માટે રહેવા પામી હતી તે સ્થિતિ હયાતીમાં આવી ગયલી. સર્વેથી પહેલા નાર્મર નામના રાજા નહેર ખુલ્લી મુકવા તથા પાણી પાવાની મોસમની શરૂઆત કરવા હાથમાં કોદાળી લઇને નીસરેલા તે હાલમાં ઑક્સફર્ડમાં રાખવામાં આવેલી તેની ગદાના માથા ઉપરના કોતરકામમાં જોવામાં આવે છે; અને પહેલા વંશના રાજા ડેનના સમયમાં તો, જેવી રીતે નદીનું કુદરતી વહેન પાણી પાઇને કરવામાં આવતાં વાવેતરવાળાં ખેતરની પૂર્વ તરફની હદ બતાવે છે તેવી જ રીતે પશ્ચિમ તરફ તેની હદ સૂચવતી બેહરયુસફ નામની મોટી નહેર ઍબીડૉસથી શરૂ થઇ કૅરોથી ફક્ત પચાશ માઇલ દૂર આવેલા ફૅયુમના નીચાણવાળા ભાગ પર્યન્ત ત્રણસો માઇલ સુધી બરાબર ચાલી જતી હતી, અને નીલનદીના મુલકની સાથે સંબંધ ધરાવતા ફૅયુમના ભાગમાં પણ અમુક અંશે ખેતી થતી હતી. તે ઉપરથી એમ સિદ્ધ નથી થતું કે, રાજા ડેનના સમયમાં આખી ખીણની જમીન સુધારી દેવામાં આવી હતી. પરન્તુ, એટલું તો ચોક્કસ થાય છે કે, જો કે તે



સમયે મિસરમાં જંગલો પુષ્કળ હતાં, તોપણ વખત જતાં તે આખો પ્રદેશ ફળદ્રુપ થઇ જશે, એવી બેહરયુસફની નહેર બનાવનારની ધારણા હોવી જોઇએ; અને તે પ્રમાણે તેણે પોતાની યોજના ઘડી કાઢેલી એટલું જ નહિ, પરન્તુ તે યોજના અમલમાં મુકવા માટે મોટીકામ પૂરું કરવા જેટલી પૂરતી સત્તા તેની પોતાની ખીણના નીચાણવાળા આખા પ્રદેશ ઉપર પણ તે ધરાવતો હશે જ.

ખીણનો ભાગ સુધારવા અને ઐતિહાસિક મિસર અસ્તિત્વમાં લાવવાની સાથે સાથે અર્થશાસ્ત્રની દૃષ્ટિએ મહત્ત્વની લાગતી બે બીજી બાબતો સર્વેથી પહેલાંના વંશના વખતમાં બનેલી છે. રાજા અમુક વખતે ફક્ત એક જ જગ્યાએ હોઇ શકે, અને ખાસ મિસર જેવા આકારના દેશમાં એક જ માણસને રાજ્ય કરવામાં નડતી મુશ્કેલી અસાધારણ રીતે મોટી હતી. આ સંજોગોમાં હોંશીઆર જાહેર નોકરીઆત વર્ગ તથા રાજાના હુકમો પહોં-ચાડવા માટે વિશ્વાસપાત્ર સાધન, એ ફક્ત બે જ ઉપાયો કરી શકાય તેમ હતુ. જો કે પાછળથી જણાવેલી બાબત માણસ જાતને વધારે ઉપયોગી થઇ પડેલી છે, તો પણ તે તે બેમાં વધારે સાદી બાબત છે. જે કામ શીખવામાં માણ-સને સર્વથી વિશેષ વખત લાગે છે તે પોતાના ગોઠીઆને પોતાના કબ-જામાં રાખવાનુ કામ છે.

રાજકર્તાઓના વંશોની શરૂઆત પહેલાં ઘણા વખતથી પથ્થરના જમાનાના છેવટના ભાગમાંના કારીગરો બનાવોની નોંધ રાખવા તથા માહિતી આપવા માટે ચિત્રોનો ઉપયોગ પુષ્કળ છૂટથી કરતા હતા. મુખીઓ અને ખાનગી આસામીઓ પણ પોતાની મીલકત ઓળખી કઢાય એટલા સારૂ હાલના વખતનાં આયુધશાસ્ત્રને લગતી કલગીના જેવાં ચિહ્નો અથવા ઉપરટપકે કાઢેલાં ચિત્રો ઉપરથી તદ્દન નાના કદનાં બનાવીને તેવી જાતની નિશાનીઓ વાપરતા હતા. દેવતાઓની સંજ્ઞા તરીકે તેમનાં પવિત્ર જનાવરોનાં ચિત્રોનો ઉપયોગ [illegible] આવતો હતો. અમુક જાતનું બરૂ મિસરના [illegible] પ્રદેશની [illegible]

તેવી રીતે બીજી સંજ્ઞાઓ પણ વાપરવામાં આવતી. આથી કરીને જે જે વસ્તુની તે સંજ્ઞા હોય તે તે વસ્તુઓનો એક સામટો ખ્યાલ લાવવાને તેવી સંજ્ઞાઓ ભેળી કરવાનું અને તેમ કરીને તેનો ભાવાર્થ સૂચવવાનું કામ સહેલાઇથી થઇ શકતું હતું; પરંતુ જે માટે કોઇપણ ચિત્ર ન હોઇ શકે તેવા શબ્દો અને ખ્યાલને માટે ચિત્રના રૂપમાં નિશાની આપવા સારૂ અવાજનાં આબેહૂબ સરખાંપણાંનો ઉપયોગ કરવામાં આવે ત્યારે એક જુદા જ પ્રકારની અને વિશેષ હોંશીઆરી ભરેલી નવીન શોધ કરેલી ગણી શકાય; દાખલા તરીકે, "પુત્ર" અને " હંસ " માટેના મિસરની ભાષામાંના શબ્દો લગભગ એવા સરખા હતા કે, સૂર્ય અને હંસનાં ચિત્રો એકી વખતે ભેગાં કાઢવાથી " સૂર્યના પુત્ર " એવો રાજાનો જે ઇલ્કાબ તે સૂચિત થઇ શકતો હતો.

કોઇએક વસ્તુ અથવા ખ્યાલનું જ ફક્ત નહિ, પરંતુ ચોક્કસ અવાજનું પણ સૂચન કરવાને અમુક ચિત્રની નિશાની વાપરવાની આ મહાન્ યુકિતમાંથી લેખનકળાની દરેક પદ્ધતિની ઉત્પત્તિ થવા પામી છે. તેઓએ શરૂઆત તો ફક્ત મશ્કરીમાં જ કરેલી, કારણ કે છોકરાંઓની માફક સર્વ જંગલી લોકો મળતી કે બંધબેસતી ન હોય અથવા વિચિત્ર હોય તેવી બાબતમાંથી સહેલાઇથી આનંદ મેળવી શકે છે. એક જ રીતે બોલાતા પરંતુ જુદા જુદા અર્થવાળા શબ્દો, સમસ્યા અથવા અલંકારથી ભરપૂર ભાષા તેમને અત્યંત પ્રિય લાગે છે; પરંતુ તે મશ્કરીમાંથી એક અગત્યની બાબત થઇ પડી. નહિ ધારેલો છૂપો અર્થ સમજાવવાને એક જાતની છૂપી ભાષા, તેમ જ નામનાં તથા નિશાનીનાં પાટીઆં અને ચુંટણી માટેની જાહેરાતે. એ સર્વેની ઉત્પત્તિનાં મૂળરૂપ ચિત્રદ્વારા સાદા લોકોએ અવશ્ય જાણવી જોઇએ તેવી જાહેરાત આપવાની યુક્તિ, એ બન્ને તેને લીધે અસ્તિત્વમાં આવવા પામ્યાં. એ બન્નેની રાજ્યકારોબારમાં ઘણી જ આવશ્યકતા છે, અને આખા મિસરના પહેલા રાજાઓએ ત્વરાથી તેનો ઉપયોગ કરી લીધેલો અને સુધારો વધારો કરી તેની ખીલવણી પણ કરેલી. ઘણા અસલના કાળમાં પણ એકથી પણ વધારે જિલ્લાઓમાંના લોકો પોતપોતાના ભાગમાં પો-



તાની અમુક નિશાનીઓ વાપરતા હોવાનું સંભવિત છે; પરંતુ થીબ્સના મુલકની વિષે એકત્ર થયલી જાતિઓ જ્યારે બીજા પ્રદેશો જીતવા લાગી, ત્યારે તેઓ સર્વે આવી જાતનાં ચિત્રોનો એક જ શબ્દકોષ વાપરતી હતી, અને તેમના મુલકમાં ખીણનો બાકીનો ભાગ ભેળવી દેવામાં આવ્યો ત્યારે તેવી ભાષાનો ઉપયોગ વધારે બહોળા વિસ્તારમાં થવા લાગ્યો તેમ જ તેવો ઉપયોગ તે વિસ્તાર વધારવામાં મદદગાર પણ થયલો. પહેલા વંશના વખતમાં પણ રાજાની મીલકત ઉપર રાજાના નામ અને તેના ખેતાબની નિશાનીઓ કરવામાં આવતી હતી અને અગત્યના બનાવોની દરવર્ષે નોંધ કરી રાખવામાં આવતી, તથા તેમાં નીલનદીમાં આવતા પૂરની ઉંચાઇનાં માપ ખાસ નજરે પડે તેવી રીતે જણાવવામાં આવતાં હતાં.

ચિત્રો દ્વારા નિશાનીઓ સારી રીતે લખવાની ગમે તેટલી ઇચ્છા હોય, તો પણ જ્યારે તે ઉતાવળથી લખવામાં આવે ત્યારે તેના આકારમા એટલો બધો ગોટાળો થઇ જાય છે કે, હાલના હસ્તાક્ષરો જેવી રીતે છાપેલા અક્ષરોને મળતા આવતા નથી તેવી જ રીતે તેમાં પણ અસલ નિશાનીઓથી ઘણો મોટો ફેરફાર પડી જાય છે. મિસરમાંના પાદરીઓના અક્ષરો તરીકે જાણીતા થયલા એક પછી એક જલદીથી લખવામાં આવતા અક્ષરો પહેલા વંશના સમયમાં પણ બહોળા વપરાસમાં હતા તે ઘણા લોકોના જાણવામાં નથી.

રાજા અને પ્રજાને લખાણો દ્વારા એક બીજાના સમાગમમાં રાખવાના કામ કરતાં રાજ્યકારોબાર ચલાવવાના કામમાં વધારે મુસ્કેલી પડતી હતી. મિસરમા હંમેશાં દરેક બાબતમાં એકને અભાવે બીજો એવી રીતે બે જાતના ઇલાજ હયાતી ધરાવતા હતા. રાજ્યદરબારમાં દરેક પ્રકારની સત્તા એકહાથે રાખવામાં આવતી અથવા તો દરેક પ્રગણામાં સ્થાનિક સત્તા રાખવામાં આવતી, અને આ બન્નેમાંથી એક અથવા બીજાના હિતમાં એક પછી એક બન્નેની સંમતિથી દરેક બાબતમાં નિર્ણય થતા જતા; અને તેવા નિર્ણયોની નોંધ તે મિસરનો રાજકીય ઇતિહાસ છે. છતાં બન્ને જાતના સંજોગમાં જુદા જુદા ખેડુતોની અરસપરસ મદદની જરૂર પડે તેવાં જાહેર પ્રજાહિતનાં

કામોની જવાબદારી અમુક જમીન ખેડવા લાયક શરૂઆતમાં જેણે બનાવી હોય તેના પ્રતિનિધિ તરીકે તે જમીનના માલીકો ઉપર રહેતી. તેવા માણસોના મુખીપણા નીચે કુદરતમાંથી તેવી રીતે મેળવેલા લાભોમાં જે બીજા શખ્સોને ભાગ મળતા તેઓ સર્વે પાછા તેના અસલના મદદગારોના પ્રતિનિધિઓ હતા. અગ્રેસરપણા, દેખરેખ, અને બહારના લોકો તરફના જોખમમાંથી સલામતીના બદલામાં અસલ કરારની શરતા મુજબ તેઓની ભેગી મહેનતથી સંપાદન કરેલી જમીનની ફળદ્રુપતાના ભોગવટામાં તેમને પોતાનો હિસ્સો મળતો. ઉપર જણાવેલી ત્રણે બાબતો ઘણે ભાગે દૈવી ભાગીદારોને લઇને અને ખાસ કરીને તે પ્રગણાના ઇષ્ટ દેવને લઇને થવા પામતી, એમ કુદરતી રીતે તે લોકો ગણતા; કેમકે આપણે અગાઉ કહી ગયા છીએ તેમ, નીલની ખીણના પ્રદેશમાં કુદરત ઘણી રીતે પ્રતિકૂળ અને મહેર વિનાની હતી. નાશ અને બિગાડ કરનારાં તત્ત્વોનું ( અને ખાસ કરીને સૂર્યની ગરમી અને નુકસાન કરનાર જનાવરોનું ) પ્રબળ વિશેષ હતું, અને તેમના ઉપર પણ અખત્યાર ધરાવતી સત્તાની કૃપા અને મદદથી જ મનુષ્ય તેવાં તત્ત્વોને ઘણી મહેનતે કાબુમાં રાખી શકતાં હતાં.

ઉપર પ્રમાણેનો મિસરનો રાજ્યસિદ્ધાંત હતો; અને મિસરમાં ચાલતું તે ઉપરથી આપણે સમજી શકીએ છીએ તેટલા પૂરતો તે દુનિયાના રાજ્યકારોબારનો સિદ્ધાંત પણ હતો. પાણી સંબંધી હક, આપણને વરસાદના પાણીનો હક હોય છે તેવી જ રીતે, ( જો પાણી પુષ્કળ મળી શકે તેમ હોય તો ), આવી જાતના પાણી પાઇને મોલ ઉછેરાતા હોય તેવા દેશમાં જમીનથી કોઈ પણ પ્રકારે જુદો પાડી શકાતો નથી. આવા જમીન અને પાણીના હક ઘણા ખરા શરૂઆતથી જ બળવાન શખ્સોના ભોગવટામાં હોય છે, અને તેમનાં કુટુમ્બ તેનાં માલીક હોય છે. બાકીના તેવા હક તેમનાં દેવદેવીઓના પાલકો તરીકે પૂજારીની સંસ્થાની માલીકીના હોય છે. વળી જેમ જેમ વખત જતો તેમ તેમ ધર્માદાની મીલકતોનું પ્રમાણ ખાનગી આસામીઓની મિલકત કરતાં હમેશાં વધારેને વધારે થતું જતું હતું. આમ



થવાનું કારણ એ હતું કે, દુકાળો અને શત્રુઓની ચઢાઇના એક પછી એક આવતા ભયના વખતમાં ખાનગી જમીનના માલેકો પોતાનો બચાવ કરવા ખાતર પોતાની જમીન દેવદેવીઓને સમર્પણ કરી દેતા, અને પોતે તથા પોતાનાં છોકરાંઓ ત્યાં વંશપરંપરાનાં ભાડુતો તરીકે રહી હંમેશને માટે તે ખેડી ખાતાં. આ પ્રમાણે સિદ્ધાન્ત હતો; તથાપિ વ્યવહારમાં, ખરેખરી રીતે તો, પહેલા વંશના વખતના ધોરણને લઇને દરેક પ્રગણામાં જે જે મુખીઓ અને રાજાઓ જે જે જમીન જીતી લેતા તે તે જમીન તેમના હવાલામાં આવતી, અને આખા મિસરના રાજાઓ જ કરી શકે તેવાં જાહેર કામોને લઇને નવીન બાદશાહી મીલકતો થતી જતી. વળી કુદરત ઉપર પોતાની સત્તા જમાવવાના સબબસર તે મીલકતો રાજાઓની માલીકીની ગણાતી. જે કાંઈ મોટી તકરારો થતી તે ઘણા ખરા દાખલામાં જમીન અને પાણી સંબંધી, અથવા તો એક બીજા ખેડુતની કામ કરવાની ઓછી શકિત અથવા તેના સંતોષીપણા સંબંધમાં થતી; કેમકે, ખરેખરી રીતે તકરારના વિષયો આ સિવાય બીજા ક્વચિત્ જ હતા. આમ હોવાને લીધે સ્થાનિક રીતરિવાજથી પૂરતા વાકેફગાર એવા પ્રગણામાંના મુખી અને, ખરેખરી રીતે તો, મુખ્ય જમીનદારોના હાથમાં લોકોને ન્યાય કરી આપવાનું કામ રહેતું. લોકો તદ્દન એકાળુ હોવાથી અને પોતપોતાનાં ખેતરો છોડી બીજે દૂર જવાનાં કારણોને અભાવે, સ્થાનિક અદાલતો અને સ્થાનિક રીત રિવાજોમાં તફાવત પડતો; પરંતુ તેનાથી લોકોને કાંઇ અગવડતા પડતી નહતી. તેમ જ તેવી અદાલતો અને રીતરિવાજોમાં બહુ તફાવત હોવાનો સંભવ ન હતો; કેમકે દરેક જગ્યાએ લોકોની સાદાઇને લીધે જરૂરીઆતો, તેમ જ તે વખતની સ્થિતિને અંગે લોકોના હકો તદ્દન જણાઇ આવે તેવા અને એક સરખા જ હતા. તેટલા માટે મિસરમાં કોઈ પણ કાળે સામાન્ય કાયદાના નિબંધની જરૂર જણાયલી નહિ. પરંતુ જો રાજાની રૂબરૂ જઈ અરજ ગુજારી શકાય તો નાના અને નજીકના મુખી જુલમ કરે તેની ઉપરવટ થઇને રાજાની પાસે તકરારી બાબતો લઈ જઇ શકાતી,

અને કેટલીએક વેળાએ ખેડુતોને અન્યાય ન મળે તેટલા સારૂ રાજાઓ તકરારી બાબતો સાંભળી તેનો નિકાલ કરીને સામાન્ય નિયમો બાંધતા. આવી રીતે મિસરમાં સ્થાનિક રાજ્યકારોબાર ચાલતો હતો.

બીજી બાજુએ આપણે અગાઉ જણાવી ગયા છીએ તેમ, થીબ્સની રાજ્યસત્તા નીચે "એકત્ર થયલી જાતિઓ" એ હોંશીઆર સરદારીતળે મેળવેલી અનેક જીતોને લઇને જ ઐતિહાસિક મિસર અસ્તિત્વમાં આવેલું; અને શરૂઆતમાં આવી જાતની લાભદાયી સત્તાની જમાવટથી એક રાજાના હાથમાંની નિરંકુશ રાજ્યસત્તા તથા એક હથ્થા રાજ્યકારોબારનો દાખલો પડી ગયલો હતો. એક જીત મેળવનારના હકની રૂએ મિસરનો દેશ એ રાજાની માલીકીની મીલકત હતી. આખા દેશની સમૃદ્ધિ માટેની જવાબદારી તેણે માથે લીધેલી. વળી બચાવ તેમ જ વહીવટ કરવાના હક તેણે પોતાને સ્વાધીન રાખેલા, અને તેની સાથે સાથે જ જરૂરી સાધનો એકઠાં કરી રાખવાની ફરજ પણ તેના ઉપર જ પડેલી. સ્થાનિક મુખીઓ અને મોટા જમીનદારોએ તેનો આશ્રય લીધેલો, અને તેના તરફની વફાદારી માટે સોગન લીધેલા. તેમની મીલકતો તેમને કાયમ કરી દેવામાં આવેલી, અને રાજાની મરજી હોય ત્યાં સુધી તે તેમના કબજા ભોગવટામાં રહેતી. પરંતુ રાજ્ય કારોબારના ખર્ચમાં પોતાનો હિસ્સો તેમને આપવો પડતો, તેમ જ કોઈ બંધ તૂટી જાય કે નીલમાંનું પૂર કમીજાસ્તી આવે, તો મિસર જેવા પાણીની નહેર ઉપર જ આધાર રાખતા દેશમાં જ્યારે જ્યારે મજુરોની એકદમ અને ખાસ જરૂર પડતી ત્યારે ત્યારે તેવા મજુરો વેઠીઆ તરીકે પૂરા પાડવા પડતા. "તમારી જમીન અને નોકરી મને આપો અને હું તમોને મારૂં પાણી પૂરૂં પાડીશ" આવી જાતનો "સાંસારિક કરાર" મિસરના રાજા અને તેના જમીનદારો અને ખેડુતો વચ્ચે હતો. અમુક જગ્યાએ રાજા રહેતા અને ત્યાં પોતાના દરબાર ભરતા. પહેલાં જ્યાં પોતાનાં દેવદેવીઓ હતાં તેમ જ પોતાના પૂર્વજોની કબરો અને મુકબરાઓ હતાં ત્યાં ઍબીડૉસની નજીકમાંની અસલની મુખ્ય જગ્યાઓમાંની એક જગ્યાએ, અને પાછળથી જ્યારે તેઓ



"બે દેશોના રાજા" થયા અને ખીણમાંના રાજાઓના સફેદ ટોળાની બહાર દોઆબનો લાલ મુકુટ ધારણ કરવા લાગ્યા ત્યારથી મેમ્ફીસ પાસે, ખીણ અને દોઆબ ભેગાં થાય છે ત્યાં રાજદરબાર સ્થાપવામાં આવ્યો હતો; અને જ્યારે જ્યારે મિસરનો આખો પ્રદેશ એક જ સત્તા નીચે હતો ત્યારે ત્યારે પાછો મેમ્ફીસ અથવા તેની પાડોશમાંના ભાગમાં તેને સ્થાપવામાં આવતો હતો.

પરંતુ, થોડે ઘણે અંશે પણ રાજ્યસત્તા રાજાને પોતાનીવતી બીજાઓને સોંપવી પડતી, અને રાજા ડેનના સમયમાં પણ દોઆબમાં રાજાના પ્રતિનિધિ, એટલે કે, "મિસરના નીચાણવાળા પ્રદેશમાં રાજાની મોહોર ધરાવનાર" હોવાનું આપણા સાંભળવામાં આવેલું છે. તો પણ અસલના રિવાજ તેમ જ બાહોશ રાજ્ય કારોબાર ચલાવવાની રીતિ મુજબ રાજા પોતે ખીણનો પ્રદેશ પોતાની દેખરેખ નીચે રાખતો; કેમકે, જ્યારે જ્યારે કાંઇ મુશીબત આવી પડતી ત્યારે ત્યારે તે ખીણના પ્રદેશમાં ઉપર જ પડતી. અગવડતા પડે તેવી જાતના આકારવાળા તેમ જ અસલના સ્થાનિક આચાર વિચાર અને પેદાશની સંકુચિત વ્યવસ્થાવાળા દેશમાં પોતાનો કાબુ કાયમ જાળવી રાખવાનું કામ અતિ બળવાન રાજાઓ જ કરી શકે. એક બાજુએ રાજ્યાધિકારીઓ અને બીજી બાજુએ અમીરો અને ધર્મગુરૂઓ એમ એ ઉભય પક્ષો વચ્ચે એક બીજાની ભૂલો અથવા સ્પૃહાને લઇને થોડે ઘણે વખતે પણ તકરારો ઉભી થતી. હોંશીઆર રાજાઓ ધર્મગુરૂઓને રાજી રાખી અમીરોને હંફાવતા. રાજ્યસત્તાની આ યુક્તિ બીજા જમાનાઓમાં તેમ જ બીજા દેશોમાં જાણીતી હતી, અને તેટલા માટે જ મિસરની ખીણના એક છેડાથી બીજા સુધી ત્યાંના બળવાન રાજાઓ પોતાનાં સ્મારક તરીકે મોટા પાયા ઉપર મંદિરો બંધાવતા, અથવા જુનાં મંદિરોનો પુનરૂદ્ધાર કરતા. પરન્તુ જો ધર્મગુરૂઓ અને અમીરો સંપી જઇ રાજાની સામે થતા અથવા જેવી રીતે છઠ્ઠા વંશના સમયમાં બનેલું તેમ પોતાપોતાના ભાગમાં અમીરોને પોતાને જ ધર્મગુરૂઓની પદવી ધારણ કરવામાં દેવામાં આવતી, તો પછી મિસરમાંનો એકસંપ નષ્ટ થતો અને તેની અવજી અમુક સમયને

માટે સુઝ ન પડે તેવું અંધારૂં વ્યાપી જતું હતું. પછી કોઈ નશીબદાર મુખી, જેમ ઘણીવાર થીબ્સ અથવા તેની પાડોશના ભાગમાં થયલું તેમ, પહેલાં પોતાના જ પ્રગણામાં અને પછીથી આખા ખીણના પ્રદેશમાં અને છેવટે (એક નિયમ તરીકે) દોઆબના ભાગમાં પણ પોતાનું ઉપરીપણું જમાવતો. પરન્તુ, આવી જાતની ફત્તેહ ઘણા લાંબા વખત સુધી ચાલતી લડાઇને અન્તે મળતી, અને તેવી લડાઇમાં દક્ષિણ તરફના લોકોનાં વિશેષ બળ અને ઉંચા દરજ્જાની વ્યવસ્થાને લીધે, ઉત્તર તરફના મજબૂત બાંધાના લોકો અથવા તે ભાગ જીતી લેનાર પરદેશીઓ ધીમેધીમે પરન્તુ ચોક્કસ નબળા પડી જતા; અને તેવી જાતની ફત્તેહને અન્તે પોતાના પ્રગણામાંથી બદલાઇને મેમ્ફીસ અથવા તો તે મધ્ય ભાગમાંની કોઇ માનીતી જગ્યા વળી પાછી નવી સત્તાની રાજધાની બનતી, અને તે રાજધાનીની પેલી તરફ આવેલ ફેયુમ બાદશાહી બગીચો થતું.

એક પછી એક થતા પ્રયોગને લઇને એક પછી એક ખોટી રાજ્યપદ્ધતિ બંધ પડતી અહીંઆં તો ફક્ત અગત્યની સામાન્ય હકીકત આપી શકાય તેમ છે. પહેલા છ વંશનો જેમાં સમાવેશ થાય છે તે "જુના રાજ્ય" ના રાજાઓ સ્થાનિક અમીરો સાથે ઘણી જ નરમાશથી કામ લઇ સંતોષ પામતા. સરકારી અમલદારોની સંખ્યા મોટી હતી તે વાત ખરી છે; પરન્તુ રાજાના વતનની જમીન અથવા રાજ્ય ચલાવવાનાં ધોરણને લગતાં ખાતાંનાં કામકાજ સાથે જ તે સર્વનો સંબંધ હતો. તેવાં માણસોનો દરેક જાતનો આધાર રાજાની મહેરબાની ઉપર જ રહેતો, અને સાધારણ રીતે તેઓ નીચેના વર્ગોમાંથી જ ઉંચે દરજ્જે ચઢતા. રાજાના દરબારમાં "રાજકુંવરો" અને "બાદશાહીમિત્રો" નો જ સમાવેશ થતો. ફક્ત લશ્કરની જ વ્યવસ્થા અમીરો દ્વારા થતી; કારણ કે દરેક સ્થાનિક મુખી પોતપોતાના ફાળા મોકલતા, અને તેમાં પણ રાજા પોતાની આવકમાંથી લડવાનો જ ધંધો કરવાવાળાની સંખ્યાબંધ ફોજ નિભાવતા. ઉપર પ્રમાણે જે લશ્કર અમીરો પૂરૂં પાડતા તે મિસરના દેશી લોકોનું જ બનેલું હોવાથી રાજાની પોતાની ફોજમાં ખાસ



કરીને લીબીઆ અથવા સુદાનના લોકો જેવા પરદેશીઓને રાખવામાં આવતા હતા.

દરેક પ્રદેશની સ્વતંત્રતાના આવી જાતનાં પ્રયોગને લઇને છઠ્ઠા અને અગીઆરમા વંશ વચ્ચેની લાંબી મુદત દરમ્યાન અંદર અંદરની જે તકરારો થતી તેવી દુર્દશા મિસરની થયલી, અને તે જોઇને બારમા વંશનું "મધ્ય રાજ્ય" સ્થાપનાર થીબ્સમાંના કુટુંબે ઠીક શીખામણ લીધેલી. સ્વતંત્ર રાજ્યસત્તા ભોગવતા પ્રાન્તો તરીકે અસલના અમીરોની જાગીરો કાયમ રાખવામાં આવી હતી તે વાત ખરી; પરંતુ રાજાના કર વસુલ કરવા, હિસાબ તપાસવા તથા ઉપરી અમલદારોને નિવેદન કરવા માટે તેવી દરેક જાગીરમાં "રાજાના કામદાર" રાખવામાં આવ્યા હતા. વળી એમ જણાય છે કે, જે મુખીઓની પદવી બિનવારસી ખાલી પડેલી તે પાછી બક્ષવામાં આવેલ નહિ, તેમ જ બીજા ભાગોમાં પણ અસલનાં અમીરી કુટુંબો પોતાનો મોભો અને ઘણીખરી સત્તા ખોઇ બેઠેલાં હતાં. બીજી તરફ રાજાનાં કામકાજને માટે એક નહિ, પરંતુ ઉત્તર મધ્ય અને દક્ષિણના ભાગો માટે એક એક એમ રાજાના ત્રણ પ્રતિનિધિઓની તે કાળે જરૂર જણાયલી. આમ થવાથી ઘણો જ ફાયદો થયલો. બારમા વંશના સમયની ગણના મિસરના ઇતિહાસમાં સર્વથી ઉજ્જવલ અને ઉત્તમ વખતમાં થાય છે; પરંતુ તે સમય દરમ્યાન પણ નબળા રાજકર્ત્તાના કાળમાં ખામીઓ જણાવા લાગી હતી; અને તે વખતે મિસર ઉપર હીક્સૉસ લોકો ચઢી આવેલા અને તેથી મિસરના વહીવટમાં બહારના લોકોના વચમાં પડવાની ગંભીર બીના પહેલી વાર બનેલી. તેને લઇને બનાવોની આખી સંકલના તૂટી ગયલી. આ લોકોની ફત્તેહનાં કારણો તથા તેના પ્રકાર સંબંધી તપાસ આપણે પાછળથી કરીશું. અત્યારે તો તેની મિસર ઉપર શી અસર થઇ તેની સાથે જ આપણને સંબંધ છે. પરદેશી અમલ હોવા છતાં ખીણમાં દૂર આવેલા અસલના થીબ્સના ઉચ્ચ પ્રદેશમાં દેશી રાજ્યસત્તાનો અમલ અસ્થિર પણ ચાલુ રહેલો; પરંતુ આ બનાવથી અમીરોને કાંઇ પણ, લાભ થયલો નહિ. પરદેશી

રાજકર્તાઓ તેમના તરફ બીલકુલ માનની નજરથી જોતા ન હતા અને તેને લીધે જ્યારે પાછો સમય બદલાઇ ગયો ત્યારે અઢારમા વંશમાંના રાજકર્તાઓનાં કામમાં ઘણી જ સહેલાઇ અને સગવડતા થઇ આવેલી. ઇંગ્લાંડમાં જેવી રીતે "ગુલાબનાં ફૂલોની સંજ્ઞા ધરાવનાર બે પક્ષો વચ્ચે" (વૉર્સ ઑફ ધી રોઝીઝ) ના વિગ્રહને લીધે ટયુડર વંશના રાજાઓને આપમુદી સત્તા વાપરવામાં સરળતા થયલી, તેવી જ રીતે અહીંઆં પણ બનેલું હતું.

થીબ્સના કુળમાંના અઢારમા વંશના રાજાઓએ હીક્સૉસ લોકોને તદ્દન પાછા હાંકી કાઢયા. તેમણે સ્થાપેલ "નવા રાજ્ય" માં રાજા ઉપર દરેક બાબતનો આધાર રહેતો. રાજકુટુંબ પ્રજાના દરેક વર્ગથી તદ્દન અલગ રહેતું અને તે એટલે સુધી કે, લગ્નો પણ કાંતો કુટુંબની અંદર અંદર જ થતાં અથવા તો પરદેશી રાજકુટુંબોમાં થતાં, અને એમ કરીને રાજ્યદ્વારી સંબંધ જોડાતા. પ્રજાકીય કામકાજનાં સર્વ ખાતાંઓ રાજાના જ અમલદારોના તાબામાં રહેતાં. તેવા અમલદારો અસંખ્ય અને સર્વત્ર હોઇને, જેમ દરેક જગ્યાએ રાજ્યસત્તા મુખ્ય અધિકારી એકલાના જ હાથમાં હોવી જોઇએ તેવા સિદ્ધાન્તવાળો અમલદાર વર્ગ સહેલાઇથી થઇ જાય છે તેમ, તેઓ યોગ્ય સમય થતાં જૂલમી થઇ ગએલા હતા. તેમના અસલના અધિકાર રાજાએ લઇ લીધેલ તેથી અમીરો લગભગ અદૃશ્ય થયલા. રાજાની સત્તા જ્યારે ચઢતીના શિખરે પહોંચેલી તે વખતે ધર્મગુરૂઓને પણ પોતાના દાબમાં રાખવા જેટલું અને "સ્થાપિત પંથની વિરૂદ્ધનો અસત્ય પંથ" કે જેને અસલના વતનીઓ માનતા ન. અસંખ્ય પશુવૃત્તિનાં દેવદેવીઓને બદલે ઈશ્વર એકજ હોવાની માન્યતાવાળો "સ્થાપિત પંથની વિરૂદ્ધનો અસત્ય પંથ" નવીન સંપ્રદાય હતો તેને પ્રચલિત કરવા જેટલું પૂરતું સામર્થ્ય અખેન–આટેન નામના બુદ્ધિશાળી રાજામાં હતું તેનું પરિણામ શું આવશે તે પણ કદાચ તેના ધ્યાન બહાર ન હતું. અખેન–અટનનો આદર્શ લેખ "સત્યમાં વાસ" એ હતો. તે કદાચ કારીગર, ધર્મશાસ્ત્રી કે



તપસ્વી હશે; પરંતુ તે રાજધારી પુરૂષ તો તદ્દન નહતો. એટુતો તેમ જ તેઓના ધર્મગુરૂઓ અને જમીનદારોના વિચારો અને રિવાજોની સામે થવું તે આખા દેશની સાથે કટ્ટી દુશ્મનાઈ ઉભી કરવા જેવું થયું. અખેન–અટેનનો ધર્મ સંબંધી સુધારો તેના શોધક અને સ્થાપકની સાથે જ અદૃશ્ય થયો, અને તેના મરણ બાદ થોડા વખતની અરાજકતામાંથી ઉભા થયલ નવીન ઓગણીશમા વંશમાંના રાજાઓએ ગંજાવર મંદિરો બંધાવ્યાં. તે ઉપરથી ધર્મગુરૂઓનો વિશ્વાસ પાછો સંપાદન કરવાને કેટલી મહેનત લેવી પડેલી હતી તે જણાઇ આવે છે. પરંતુ ધર્મગુરૂઓ પણ પોતાની સત્તા કેટલી છે તે સમજી ગયા હતા. રાજા જે હક અને સત્તા ભોગવતા હતા તે પોતાને માટે મેળવી લેવા તેઓ ફક્ત યોગ્ય સમયની અને તકની રાહ જોતા બેઠા હતા. વળી પરદેશી રાજ્યો સાથેના વિગ્રહોમાં ઓગણીશમા વંશના રાજાઓને મળેલી ખરેખરી હારને જેટલે જ દરજ્જે અમુક, ગણતરીના જ, રાજ્યસત્તા ભોગવતા જમીનદારોની જગ્યા લેવાને પરાણે અસ્તિત્વમાં આણવામાં આવેલા, રાજ્યસત્તા મુખ્ય અધિકારી એકલાના જ હાથમાં હોવી જોઇએ તેવા સિદ્ધાન્તવાળા અમલદાર વર્ગ તરફથી રાજાની સત્તા દેશમાંને દેશમાં જ ખુંચવી લેવામાં આવતી, અને તેથી તે રાજાઓનો મોભો ધીમે ધીમે કમી થતો જતો હતો.

વીશમા વંશની આખરના સમયમાં થીબ્સમાંના એમૉન–રા નામના સૂર્યદેવતાના પૂજક ધર્મગુરૂઓએ જ્યારે ઉઘાડું બંડ કરી રાજાના ખેતાબો પોતે ધારણ કર્યા, ત્યારે "નવું સામ્રાજ્ય" પાછું ખતમ થયું. રાજા, અમીરો, અને ધર્મગુરૂઓ વચ્ચેનું સત્તાનું અસલી સમતોલપણું હતું તેમાંથી હવે ફક્ત ત્રીજા જણાવેલા ભાગીદાર બાકી રહેલા. કોઇપણ અંકુશ ન હોવાથી તેમનો રાજ્યવહીવટ જૂલમી, દૃઢ અને નાશજનક નીવડયો. અત્યારસુધી મિસરને પથ્થરની ખાણ તરીકે ઉપયોગમાં આવતા ન્યુબીઆમાં કદાચ એબીસીનીઆ ઉચ્ચ પ્રદેશોમાં થઇને, ઇથીઓપીઆના રાજ્યકર્તાઓ ઇતિહાસમાં પહેલી વાર જ પોતાનું જોર બતાવવા લાગ્યા, અને બીજુનો આખો

પ્રદેશ પોતાને તાબે કરી લીધો. ત્યારબાદ ઈ. સ. ૬૬૮ માં તે વખતે પશ્ચિમમાંના સર્વે નજીકના ભાગોમાં પૂર સત્તા ધરાવતા ઍસીરીઆએ પોતાનો લાંબો હાથ પ્રસાર્યો, અને દોઆબનો ભાગ પોતાનાં રાજ્ય સાથે જોડી દીધો, તથા થોડા વખતને માટે દક્ષિણમાંની સત્તા તોડી પાડી. પરંતુ, વળી ફક્ત ચાર વર્ષમાં જ આકાશવાણીમાં જેઓને "સમુદ્ર તરફના કાંસાંવાળા લોકો" તરીકે જાણવામાં આવતા તે ગ્રીક અને બીજા પશ્ચિમ તરફના સાહસિક લોકોના જ ખરેખરા બળથી દોઆબના ભાગમાંની નવીન પ્રજાકીય ચળવળને લઇને ઍસીરીઆને પાછાં ફરવાનો વારો આવ્યો. છેવટ પૂર્વમાંના સર્વે પ્રદેશોનાં સામ્રાજ્યમાં મિસરને પાછું ભેળી દેવાની ઇરાનની સત્તાએ મહેનત કરેલી; તે છતાં ઉપર જણાવેલી પશ્ચિમ તરફની અસરોને લઇને નીલના પ્રદેશોમાંના લોકોની તેઓ અસલથી એકલા છૂટા પડી ગયલા તેવી સ્થિતિ ધીમે ધીમે પરંતુ તદ્દન નાબૂદ થતી ગઇ હતી, અને ઇ. સ. પૂર્વે ૩૩૨ ની સાલ સુધીમાં તો, તેઓ એવી તયારી વાળી સ્થિતિમાં જઇ પડેલા કે, તેમનો સમાવેશ ઍલેક્ઝેન્ડરના રાજ્યમાં જ થઈ જાય

આવી રીતે મિસરની રાજકીય ઉન્નતિ સંબંધી વિવેચન કરવામાં આપણે "ઇતિહાસના પ્રભાત" થી ઘણા આગળ વધી ગયા છીએ. તેમ કરવાનો ઉદ્દેશ, જે કુદરતી સ્થિતિઓને લઈ ત્યાંના લોકોના વિકાસનું પહેલું રૂપ નક્કી થયલું તે જ સ્થિતિઓની અસર ઘણા લાંબા કાળ પછી પણ તેના વિસ્તારને અમુક રૂપ આપવામાં કેવી રીતે ચાલુ રહી હતી, તે બતાવવાનો છે. વળી તેના તે જ નીલની ખીણના પ્રદેશમાં "સારી રીતે રહેવા" ના ગ્રીક, રોમન, અને આરબ લોકોના યત્નોમાં તે જ સ્થિતિઓ સમગ્રે પણ કેવી રીતે અસર કરે છે તે જોવામાં ઘણું શીખવાનું મળે તેમ છે. એક નવીન જાતિના આ વેળાએ "સમુદ્ર તરફના લોખંડવાળા લોકો" ને પાણી મેળવવાની અને જમીનના હકની બાબતમાં અને અસલી લોકોના વંશજ, એટલે કે, હાલના નીલના પ્રદેશમાંના ખેડુતોએ જીંદગી ગાળવાના પરાપૂર્વથી ચાલતા આવેલા અસલી રીત રીવાજોની બાબતમાં નડતી તેની તે જ મુસ્કે-



લીઓ કેવી રીતે દૂર કરેલી; તથા સુદાન, પૂર્વમાંના નજીકના દેશો, સૂર્ય તથા રણની સામે પોતાંનો બચાવ કરવાના તેના તે જ પ્રશ્નોનો પોતાની મેળે કેવી રીતે નિકાલ લાવેલા તે તપાસવામાં આપણને વિશેષ શીખવાનું મળે તેમ છે.

પરમુલકો સાથેના મિસરના સંબંધને લગતા ઇતિહાસ વિષે કાંઇક કહેવું બાકી રહી જાય છે. સાધારણ રીતે તો તેનો તેવો ઇતિહાસ કાંઇ જ નથી. નીલ નદીમાંના ધોધથી તે સમુદ્ર પર્યંતના ખીણના પ્રદેશની આસપાસ રણ આવેલાં છે; પરન્તુ આપણે જોઇ ગયા છીએ તેમ, આ પ્રદેશ તદ્દન અંદરના ભાગમાં આવી ગયલો નથી. અરબસ્તાન તથા તેની પેલી બાજુના ભાગો તરફથી ખાસ અગત્યની ઘણા અસલના વખતમાં થયલી અસરને માટે રાતા સમુદ્ર મારફતનો માર્ગ સ્પષ્ટ રીતે જવાબદાર છે: વળી મુખ્યત્વે કરીને જંગલી અને ઢોર ચારીને જીંદગી નિભાવતા પરંતુ પોતાના દેશમાં અમુક ભાગે ખેતી કરતા સુદાનના લોકો કે જેઓ જંગલી અને લડાયક હતા તેઓ પણ મિસરની આસુઆન નજીકની ખડકો વાળી સીમાની ઉત્તરે પણ ત્યાંનાં લોકોને ઘણીવાર ફીકરમાં નાખી દેતા, અને એક વખતે તો કુશળ આગેવાનની સરદારી નીચે તે લોકોએ ખીણના આખા પ્રદેશમાં પોતાનું જોર પણ જમાવેલું.

તેવી જ રીતે, પશ્ચિમ તરફના ભાગમાં પણ; રણના કાંઠા ઉપરના દેશમાં અને ખાસ કરીને દોઆબની પૂર્વ તરફની કિનારી ઉપર જે જગ્યાએ તેની બાજુએથી રણમાંના ફળદ્રુપ ભાગોની હારમાં થઇને આવી શકાય છે ત્યાં, પાકી વ્યવસ્થા કરવાનું કામ, એક પછી એક થતા દરેક રાજાનાં પહેલાં કામોનું એક છે લીબીઅન લોકોની આ જગ્યા ઉપરની પેશકદમી ઘણી વખત હાનિકારક સ્વરૂપમાં થતી, અને "નવા સામ્રાજ્ય" ના છેવટના ભાગમાં ઘણું કરીને ભૂમધ્ય સમુદ્રમાંની ઝાકળ પહોંચતી તેવા ઘાસ–પ્રદેશોમાં પડતા અસાધારણ દુકાળને લીધે "મિસરમાંનાં અનાજ" ની અને દોઆબની કિનારીના ભાગમાં વસવાટ કરવાની જગ્યાની શોધમાં અર્ધ ઢોર ચારવાની

જીંદગી ભોગવતાં લોકોનાં મોટાં ટોળેટોળાં દાખલ થયલાં, ત્યારે ખાસ કરીને તેવી સ્થિતિ થઈ હતી, મેરેન્ટાહ ( ઈ. સ. પૂર્વે ૧૨૩૦ ) અને રામીસીસ ( ઇ. સ. પૂર્વે ૧૨૦૦ ) નાં રાજ્યમાં થયલ તેમ આવી જાતની પ્રેશકદમીને વખતે જ લીબીઆની કિનાર કિનારે થઇને પશ્ચિમ તરફના દરિયાઇ મુસાફરી કરનારા લોકો પણ ચઢી આવતા ત્યારે તેવી પેશકદમી ઘણી જ હાનિકારક નીવડતી હતી. કારણ કે, આ લોકો નીલના મુખ ઉપરના ભાગોમાં આગળ વધી અને દોઆબના ભાગમાં પણ લૂટફાટ કરી જે જગ્યાએ બચાવ કરવામાં આવતો તેની બાજુએ અને પછવાડે આવી જતા. દરિયા ઉપરથી હલ્લો લઇ આવનારા આ લોકો કોણ હતા તે આપણને હવે પછી ( પ્રકરણ નવમામાં ) માલૂમ પડશે. અત્યારે તો તેઓ અસ્તિત્વમાં અને લીબીઆના લોકો સાથેની સામેલગીરીમાં હતા, એટલી વાત ધ્યાનમાં રાખવી એ જ બસ થઈ પડશે.

હવે સંયુકત ભૂમિ અને એશિયાનો માર્ગ બાકી રહે છે. હીકસૉસના "ભરવાડ રાજાઓ" ઍસીરીઆ અને બૅબીલોનના નેબુકડનેઝર ( જો કે બહારના મુલકો તરફથી થતી અડચણોને લીધે આ બંને લોકોના કબજામાં મિસર બહુ થોડો વખત રહેવા પામેલું ) કૅમ્બીસીસની સરદારી નીચે ઇરાન, ઍલેકઝૅન્ડર અને ઇસ્લામ એવી રીતે ઐતિહાસિક કાળમાં ઘણીવાર મિસર ઉપર આ રસ્તે ચઢાઇ થયલી અને તે તેઓના કબજામાં રહેલું. ઍલેકઝૅન્ડ્રીઆને રસ્તે નહિ, પરંતુ નીલ અને ડેરીઅસની નહેરની બાજુબાજુએ દોઆબની પૂર્વાદિ કિનારી ઉપર થઇને હાલમાં અંગ્રેજોએ કેરો પોતાના કબજામાં લીધું તે પણ વિગ્રહને લગતી ભૂગોળને અનુસરીને જ થયલું છે. મિસર પોતે પણ પરમુલકો જીતે તો તે પણ ફકત આ માર્ગે જ બને તેમ હતું. રાતા સમુદ્રના કિનારા ઉપર દક્ષિણ તરફ આવેલા પન્તનાસોનાં તથા હાથીદાંતવાળા પ્રદેશમાં જવા માટે યત્નો વારંવાર કરવામાં આવેલા તે, તે પ્રદેશ જીતી પોતાની સાથે જોડી દેવા કરતાં શોધખોળ અને વેપાર કરવા માટેના હતા. ઇચ્છવા જોગ મુલક ખરેખર ઘણે દૂર હતો; પરંતુ સંયુકત ભૂમિની



પેલી બાજુ થોડે દૂર રણમાંથી જતા માર્ગે જવાતો, તદ્દન એકલો પડી ગયલો, ત્રાંબાં, આસમાની હીરાની ખાણો તથા આસુઆન અને ન્યુબીઆ જેવા કોતરકામ માટેના સખત પથ્થરોવાળો, સીનાઇનો પ્રદેશ આવેલો છે. વળી તે જ તરફ ખાસ ઇચ્છવા જોગ પૅલેસ્ટાઇન અને સીરીઆના દેશો આવેલા છે, અને તેમાં થઇને બૅબીલોનીઆ અને પૂર્વમાંના દૂર દેશોમાં જવાના ધોરી રસ્તાઓ જાય છે. આ દેશો ઉપર તે લઇ લેવાને માટે અથવા તો આપણે જાણતા નથી તેવા કોઇ શત્રુઓની સામે થવાને બારમા વંશમાંના રાજાઓએ ચઢાઇ કરેલી, અને તેથી પણ વિશેષ આકાંક્ષા અઢારમા વંશના રાજાઓને મિસરના બચાવ માટે તે દેશો પોતાના કબજામાં રાખવાની હતી; કારણ કે, જંગલી શત્રુઓ પણ કેટલું નુકસાન કરી શકે છે તે તે વખતે "ભરવાડ રાજાઓ" એ બતાવી દીધું હતું. શરૂઆતથી જ "દેશ કેવા આસપાસના સંજોગોમાં હતો" તે સંક્ષિપ્તમાં બતાવી આપીએ એટલું જ અત્યારે તો બસ છે. ભવિષ્યમાં આ મિસરની જીતોની, તેમ જ બહારના દેશોમાંથી તેના ઉપર ચઢી આવેલા લોકોની શી સ્થિતિ થયલી તે સંબંધી હવે પછી ( ૫ મા તથા ૭ મા પ્રકરણમાં ) આપણે વિવેચન કરીશું.

હવે આપણે આપણા મિસરના અભ્યાસના વિષયોનો સંક્ષિપ્ત સાર જણાવીશું તો બીજે કોઇપણ ઠેકાણે તેવો દાખલો મળી ન શકે તેવા લાંબા કાળના અને તેની પુષ્કળ વિગતો સહિતના તદ્દન દેશી સુધારાની ઉત્પત્તિ અને ફેલાવો જેમાં નજરે પડે છે તેવા અસામાન્ય રીતે એકલા પડી ગયલા અને અસાધારણ સ્થિતિવાળા પ્રદેશ તરીકે તે આપણા જોવામાં આવે છે. તેની વિચિત્ર ખીલવટનાં આર્થિક કારણો અને ત્યાંના લોકોની અને તેઓના રાજ્યકર્તાઓની સમક્ષ આવી ઉભેલા રાજકીય સવાલો તેમ જ તે સવાલોના ફડચા કરવામાં તેઓએ વાપરેલા જુદા જુદા ઇલાજો, અને જેમ જેમ વેપાર અને મહત્ત્વાકાંક્ષા વધતાં ગયાં, તેમ તેમ પહેલાં રણની પેલી તરફ જોવા જાણવા યોગ્ય બહારની દુનિયા આવેલી છે અને પછીથી તે બહારની દુનિયાના લોકોના મનમાં ચઢાઈ કરે !! જેવો મિસર કરીને એક દેશ

છે તેવી ધીમે ધીમે પડેલી સમજ : એ સર્વે બાબતો સંબંધી આપણે વિવેચન કરી ગયા છીએ. વળી તે જ્ઞાનને લઇને લોકો કાર્ય કરવા લાગ્યા તેને પરિણામે ગેરવ્યવસ્થા કેવી થયલી તે પણ આપણે જોઇ ગયા છીએ. મોટા પાયા ઉપર ખાસ અભ્યાસ કરીને તેની મદદથી આ ઉપર આપવામાં આવેલા ચીતારની વિગતો નવરાશની વેળાએ પૂરી પાડવાનું કામ જે લોકોની તેવી ઇચ્છા હોય તેમને સોંપી દેવું.

પરંતુ, તેમ કરવા છતાં બે સવાલો બાકી રહી જાય છે, અને તેનો નિર્ણય બીજી જગ્યાએથી થઇ શકે તેમ છે. એક તરફ મિસરમાંના ફેરફાર અને યત્નોમાં ત્યાંની દરેક બાબતની ઉત્પત્તિ સંબંધી આપણી તપાસ દરમ્યાન આપણને માલૂમ પડેલું, પહેલું અને એકનું એક જ પરદેશ તરફનું ઉત્તેજન, જે બીજા દેખીતા વધારે પુરાતની સુધારાને લઇને મળેલું, તે સંબંધી આપણે જાણવા જેવું શું છે ? તે ક્યા દેશનો હતો. તેની ઉત્પત્તિ કેવા પ્રકારની હતી; અને તેની અસરમાં વધારે સીધી રીતે આવેલા વચમાંના પ્રદેશો સાથે તેનો કેવી જાતનો સંબંધ હતો ? આ સવાલનો જવાબ બૅબીલોનીઆ, ઍસીરીઆ અને સીરીઆના કિનારા ઉપરના ઇતિહાસના પ્રભાત ઉપરથી મળી શકે તેમ છે. બીજી તરફ, દોઆબનાં મુખડાના ભાગની પેલી તરફ ફરતા, અને એક પછી એક કરેલી દરેક ચઢાઇને લીધે વધુ અને વધુ બળવાન અને એકત્ર થઇ, છેવટે, જેમણે બૅબીલોનીઆ અથવા તેમાંથી ઉત્પન્ન થયલાં રાજ્યોના કરતાં પણ વધારે શક્તિ અને સત્તા મેળવેલી તેમનાં પોતાનાં જ રાજ્યોમાં મિસરનો સમાવેશ કરી દઇ તેના ભવિષ્યને અંત આણ્યો, તેવા "લીલા સમુદ્રની પેલી તરફના લોકો" નાં ભૂતનો શો અર્થ થાય છે ? અહીં ઇતિહાસનું પ્રભાત પશ્ચિમમાં, એટલે ભૂમધ્ય સમુદ્રની તરફ થતું હોય એમ દૃષ્ટિગોચર થાય છે.

---

# પ્રકરણ ૪ થું.

## બૅબીલોનીઆમાં ઇતિહાસનું પ્રભાત.

બૅબીલોનીઆ, એ ટાઇગ્રિસ અને યુફ્રેટીસ નદીઓના એકત્ર દોઆબનો પ્રદેશ છે, અને તેની ચઢતી અને પડતી બન્ને, આ બે નદીઓના ત્યાંના લોકોએ કરેલા સદુપયોગ કે દુરૂપયોગ ઉપર એકસરખી રીતે આધાર રાખે છે.

યુફ્રેટીસ નદી પણ નીલની માફક સમુદ્રમાં મળતાં પહેલાં ત્રણ જુદી જુદી સ્થિતિમાંથી પસાર થાય છે. તેનાં બે મુખ્ય મૂળ આર્મીનીઆ મધ્યેના ઉચ્ચ પ્રદેશમાં દૂર આવેલાં છે, અને તે બેનું ભેગું વહેન એક મોટા ખીણમાંના સાંકડા માર્ગમાં થઇને પર્વતોમાંથી નીકળે છે. તે પહેલાં તેઓ ૪૦૦ માઇલ પર્યંત એક બીજીથી સરખે અંતરે ચાલી જાય છે. તે પછી તે સમ્સટથી હીટ સુધી ૭૨૦ માઇલ ખુલ્લા, ઝાડ વિનાના અને જેમ જેમ ટેકરીઓથી દૂર તેમ તેમ વધારે સપાટ અને ઉજ્જડ થતા જતા પ્રદેશમાં થઇને જાય છે. પશ્ચિમ તરફથી કાર્કેમીશ જેવી ઉચ્ચ પ્રદેશમાંની જગ્યા નજીકમાં સાજર નામની અગત્યની ફક્ત એક જ અને પૂર્વ તરફથી, તેના આ ભાગની વચમાં બેલીખ અને ખાબર નામની ફક્ત બે શાખા તેને મળે છે. સાજર પર્યંત તો તેના બન્ને કાંઠા ઉપર વસતિ થઇ શકે તેમ છે, અને પૂર્વ તરફના કાંઠા ઉપર ખાબર પર્યન્ત હૅરનનો પ્રાંત અને મીટ્ટનીનું અસલનું રાજ્ય આવેલાં હતાં. તે પછી અરબસ્તાનની બાજુએ, તેમ જ બન્ને નદી વચ્ચેના મેસૉપૉટેમીઆના પ્રદેશના ઘણા ભાગમાં, એમ બન્ને તરફ, તે દેશ રણનો છે. સાધારણ રીતે, બહુ થોડા માઇલની પહોળાઇવાળા અને ખેડાઇ શકે તેવાં, પરંતુ, કુદરતી

રીતે જંગલી ઝુકરોવાળાં, ટૅમૅરીસ્ક અને બરૂનાં જંગલનાં, ઉંડાં, ખડકોની દિવાલવાળાં તડમાં થઇને, ખત તાણવાળી અને વચમાં વચમાં ધોધબંધ નદી પોતે વહી જાય છે. પાણીના ગરેડાની મદદથી અસલી રીતે પાણી પાઈ પાક ઉછેરતા થોડા એક બેડોળ પ્રકૃતિના આરબો રણમાંનો બળવાન જંગલી જાતિઓના લોકોને પોતાનું રક્ષણ કરે તે માટે લાંચ આપતા. આશરે અરધા ભાગ પછી બદામને બદલે તાડ આવે છે. હીટની ઉપરવાસ નદી ઘણી જગ્યાએ સાંકડી અને નાના નાના બેટોવાળી છે; પરંતુ હીટ નજીક સખત જમીન બંધ થઈ ગંધક, મીઠા અને શિલાજીતવાળા ઝરાથી ભરપૂર વધારે સખત ખડકોની હાર આવે છે. અહીંઆં નદી આશરે ૨૫૦ વાર પહોળી છે, અને હજી પણ આ છેવટની અટકાયતમાં થઇને તે જોસબંધ વહી જાય છે.

નદીના ત્રીજા ભાગમાં સર્વત્ર ઘસડાઇ આવેલા કાદવવાળી જમીન આવી છે, અને તેનો વિસ્તાર હીટથી ઇરાનના અખાત સુધી ૫૫૦ માઇલનો છે. તુરત જ નદીના બે મુખ્ય ફાંટા પડે છે; અને તેના પાછા એકબીજાથી દૂર નાના નાના ફાંટા પડી જાય છે. આ ફાંટાઓ અસલના વખતની તૂટી ગયલી નહેરો હોવી જોઇએ, પહેલાં તો પુષ્કળ કચરો ભેગો થાય છે, અને પછી નીલની માફક બારીક કાદવ જામી જાય છે તેને લઇને કિનારો ઐતિહાસિક કાળમાં એકદમ આગળ વધતો જાય છે. દાખલા તરીકે, ઇરીડૂ જે અસલ બૅબીલોનીઆનું મુખ્ય બંદર હતું. તે હાલ સમુદ્રથી ૧૨૫ માઇલ દૂર છે. જો કે હજી સાબીતી કાંઇ પણ મળી શકે તેમ નથી, તોપણ હાલ સાધારણ રીતે ત્રીશ વર્ષમાં એક માઇલ પ્રમાણે જમીન વધે છે, અને તે ઉપરથી એમ અટકળ કરી શકાય છે કે, ઇ. સ. પૂર્વે ૧૮૦૦ ના અરસામાં ઇરીડુની નજીક કાદવ એકઠો થવા લાગ્યો હોવો જોઇએ.

ભૂગોળની દૃષ્ટિએ ટાઇગ્રિસનું વહેન પણ તેવી જ જાતનું છે. યુફ્રેટીસનાં મૂળની નજીકમાં તેનાં બે મુખ્ય મૂળ આવેલાં છે, અને તે આર્મીનીઆની



અગ્નિ કોણ તરફની ટેકરીઓમાંના જળમાર્ગ છે. તે બન્નેના સંગમથી સમારા નજીક જ્યાં તે દોઆબમાં દાખલ થાય છે ત્યાં સુધીનો પહેલો ૨૫૦ માઇલ છે, અને તે ભાગમાં ટાઇગ્રિસ પહેલાં ઍસીરીઅન લોકોના અસલના વતનની ખીણના ખુલ્લા પ્રદેશમાંની ઉપરા ઉપરી આવેલી ટેકરીઓમાં થઇને, અને પછી નીચાણવાળાં મેદાન અને રણમાં થઇને તે ચાલી જાય છે. જો કે, પહેલાં ખાબર નદીનાં પૂરનાં પાણીનું એક નાળું તે બાજુએથી આવી મળતું હતું; તો પણ પશ્ચિમ બાજુના કાંઠા તરફ હાલમાં કોઈ પણ શાખા આવી મળતી નથી. વળી પૂર્વ બાજુના કાંઠા તરફ ટાઇગ્રિસનાં વહેનથી સરખે અંતરે ચાલ્યા આવતા મીડીઆના ઉચ્ચ પ્રદેશમાંનું પાણી પુષ્કળ નાળાંઓ વાટે ટાઇગ્રિસમાં મળી જાય છે. આ નાળાઓમાં મોટું ઝાબ અને નાનું ઝાબ એ નામનાં બે નાળાં મુખ્ય છે. આવી રીતે હોવાથી યુફ્રેટીસ કરતાં ટાઇગ્રિસમાં એકંદર રીતે વધારે પાણી વહે છે, અને તેના વધારે ઝડપબંધ વહેતા પાણીને લઇને તેમાં ઘણો વધારે કાદવ પણ આવે છે.

સમારાથી નીચાણના ભાગમાં આશરે ૧૦૦ માઇલ દુર બગદાદની નજીક અને તેથી કરીને કાદવવાળા પ્રદેશમાં યુફ્રેટીસ અને ટાઇગ્રિસ વચ્ચે ફક્ત ૩૫ માઇલનો જ અંતર રહે છે; પરંતુ પાછો તે અંતર થોડે જ છેટે ૧૦૦ માઇલનો થઈ જાય છે. આ જગ્યાએથી જરા દૂર પુરાતન કાળમાં યુફ્રેટીસના પહેલાં જે બે મુખ્ય ફાંટા પડેલા તેમાંનો પૂર્વ તરફની સક્લાવી નહેરના ભાગ લોકોએ બગદાદની પશ્ચિમ તરફના મોટા પ્રદેશમાં પાણી પૂરૂં પાડવા તથા નદીમાં આવતા પૂરનું વધુ પડતુ પાણી લઈ જવાના ઉદ્દેશથી બાંધેલો છે; કેમકે બૅબીલોનીઆના ઉચ્ચ પ્રદેશમાં ટાઇગ્રિસ, યુફ્રેટીસના કરતાં વધારે ઉંચી સપાટીએ આવેલી છે. તેનાથી નીચાણવાળા ભાગમાં યુફ્રેટીસ, ટાઇગ્રિસના કરતાં વધારે ઉંચી સપાટીએ છે, અને લૅગૅશની પાસે થઇને જતી શૅટ-એલ-હૈના નહેર મારફતે ટાઇગ્રિસનું વધારાનું પાણી સુર તથા તેનાથી નીચાણના ભાગ વિષે યુફ્રેટીસમાં જાય છે, અને તેથી તેના પુષ્કળ પાણીમાં ઉમેરો થાય છે. વળી ઘણા જૂના વખતથી ખેતરોમાં પાવાનું પાણી વહેંચી

રેલા તથા ખેતરોનો રણથી બચાવ કરવાના ઉદ્દેશથી બાંધેલી એ બન્ને નદીઓથી બનેલા દોઆબના આખા વિસ્તારમાં ઘણી નહેરો છે. એ નહેરોમાંની બૅબીલોન નજીક જુદી પડતી અને દોઆબની પશ્ચિમ બાજુએ કિનારી કિનારીએ જતી અને પુરાતની ઇરેકનાં શહેર નજીક પાછી મળી જતી શૅટ-હીન્દી અને તેનાથી આડી આવેલી ઉપર જણાવેલી શૅટ-એલ-હૈ, એ બન્ને વિશેષ અગત્યની છે. આ મોટી નહેરોની વ્યવસ્થા કરવામાં હોંશીઆરીની જરૂર છે. માર્ચથી મે માસ સુધીમાં જેમ જેમ પર્વતોમાંનો બરફ ઓગળે છે તેમ તેમ અનિયમિત રીતે નદીઓમાં પૂર આવે છે, અને તે પૂરમાં મોટા માટીના બાંધેલા બંધ અને પાળ ઘસડાઇ જાય છે. તેઓમાં એટલો બધો કાદવ તણાઇ આવે છે કે, સેંકડો વર્ષો થયાં એકઠા થયલા કાદવને લઇને તથા નદીમાંથી કાઢેલા ગાળને લઇને, નદીના તળીઆની તેમ જ તેની નજીકની જમીનની સપાટી, દેશની સાધારણ સપાટી કરતાં વધારે ઉંચી થઇ ગયલી છે. ઍલેકઝૅન્ડરના સમયમાં પણ બન્ને નદીનાં મુખ્ય મુખ વચ્ચે એક દિવસની મુસાફરી જેટલો અન્તર હતો, તે હાલમાં બગદાદથી નીચાણના ભાગમાં ૩૦૦ માઇલ દૂર બસરા નજીક એક બીજીને મળે છે, અને તેમના સંગમ પછીની શૅટ-એલ-ઍરબની પહોળાઈ ૧૦૦૦ વાર છે અને તેમાં વહાણો ફરી શકે છે. તેનાથી પણ જરા નીચે પૂર્વ બાજુએથી પુરાતની ઇલૅમના ઉચ્ચ પ્રદેશમાંથી આવતી કારૂન નદીનો તેની સાથે સંગમ થાય છે.

જો ધ્યાનપૂર્વક વ્યવસ્થા કરવામાં આવે તો કાદવવાળો આખો પ્રદેશ અજાયબ રીતે ફળદ્રુપ થઇ શકે તેમ છે. ખજૂરીનાં ઝાડ ત્યાં અસલથી છે, અને ઘઉંની પેદાશ પણ ત્યાં થતી હોવાનું પુરાતન કાળમાં પણ માનવામાં આવતું હતું. અસલના કાળમાં ત્યાંની જમીનમાં દરવર્ષે ઘઉંના પાક બે કે ત્રણ પણ ઉતરતા, અને તેના એક બીજમાંથી ૨૦૦ થી ૩૦૦ દાણા થતા. અનાજના પાકમાં હાલ ચોખા મુખ્ય છે, પરન્તુ તેની શરૂઆત આરબ લોકોએ કરેલી છે. પહેલાં અગીઆરમા સૈકામાંના જંગલી તુર્ક લોકોને



લઇને અને પાછળથી મૅસોપૅાટેમીઆમાંના આરબ લોકોની અવિચારી વર્તણુકને લઇને હાલ તે દેશ ઉજ્જડ થવા પામ્યો છે.

ઉનાળામાં ગમે તે વખતે નદીના મુખ્ય વહેનમાં વહાણો ફરી શકે છે અથવા ફરી શકે તેમ સહેલાઇથી કરી શકાય તેમ છે. વળી છેક હીટ અને સમારા સુધી વહાણો જઇ શકે છે, પરંતુ સપ્ટેમ્બર લગભગમાં પૂર ઉતરી જાય છે, અને નવેમ્બરમાં તો પાણી તદ્દન કમી થઇ જાય છે, તથા કુદરતી ખડકો અને જૂના બંધના બાકી રહેલા ભાગ ત્યાં હોય છે એટલે વહાણોને જવા આવવામાં પુષ્કળ અડચણ પડે છે.

બૅબીલોનીઆનો પ્રદેશ ઉપર જણાવ્યા પ્રમાણેનો છે. પરંતુ લોકોએ પોતાના સાહસિકપણાથી તેમાં શા શા ફેરફાર કરેલા છે તે આપણે તપાસીએ તે પહેલાં તેની આસપાસના પ્રદેશો સંબંધી સંક્ષિપ્ત નોંધ આપણે કરી લઇશું.

યુફ્રેટીસની પશ્ચિમે, જૉર્ડન નદી તથા રાતા સમુદ્ર તરફ ધીમે ધીમે ઉચું થતું જતું અરબસ્તાનનું વિશાળ મેદાન આવેલું છે. તે કોઇ પણ વિશિષ્ટ લક્ષણ રહિત, બહુધા ઘાસ-પ્રદેશ જેવો અને હાલમાં તો ઘણા ભાગમાં રણથી ભરેલો મુલક જ છે. છતાં પણ એ તો ઐતિહાસિક મહત્ત્વવાળી બીના છે કે, ત્યાંના જંગલી ભરૂવાડની જીંદગી ભોગવતા વતનીઓએ બૅબીલોનીઆ તેમ જ તેની આસપાસના પ્રદેશોમાં ભવિષ્ય ઉપર આપણે આગળ જોઇશું તેમ, સારી રીતે અસર કરેલી છે. તની પૂર્વે ટાઇગ્રિસની પેલી તરફ મોટા સફેદ પથ્થરના પર્વતોની એક પછી એક હારવાળો ઉચ્ચ પ્રદેશ આવેલો છે. તેની બીજી બાજુએ આવેલા ઉંચાં સપાટ મેદાનમાં જવાના તે પર્વતોમાંના નાળાના રસ્તાઓ સમુદ્રની સપાટીથી ૫૦૦૦ થી ૬૦૦૦ ફીટ, અને તેની ટોચો ૧૧૦૦૦ ફીટથી પણ વધારે ઉંચાઇએ છે. આ પર્વતોવાળા પટ્ટાની પહોળાઇ સરેરાશ રીતે ૩૦૦ માઇલની છે, અને તેની સરખા અન્તર વાળી હાર પાંચથી દશ જેટલી છે. તેમની વચમાં જુદી જુદી ઉંચાઇવાળી, અને જુદા જુદા વિસ્તારની,

વધારે ઓછી વસતિવાળી, પરંતુ એકબીજીથી અને બન્ને બાજુએ બહારની દુનિયાથી એકલી પડી ગયલી ખીણો આવેલી છે. કેટલીકોમાંથી પાણીનો નિકાસ પણ હોતો નથી, અને તેને લઇને ઉત્તરમાં વૅન અને ઉર્મીઆ અને દક્ષિણમાં શીરાઝ જેવાં મોટાં તળાવો ત્યાં થઈ રહેલાં છે. પરંતુ, ઘણી ખરી ખીણોમાંનું પાણી બરફથી ઢંકાયલી ટેકરીઓમાંથી નીકળી, મોટાં નાળાં વાટે, પશ્ચિમ તરફ પાણી ભરાઈ રહે તેવી જગ્યાઓમાં એકઠું થાય છે, અને છેવટે તેમાંથી થોડીએક મોટી નદીઓ ઉત્પન્ન થાય છે આપણે જણાવી ગયા છીએ તેમ, તેમાંની કેટલીએક ટાઇગ્રિસની શાખાઓ છે. કેટલીએક વધારે દક્ષિણ તરફની પોતાથી જ ઈરાની અખાતમાં પડે છે. અને તેને લઇને પાણીથી ભીના ગરમ જુદા જુદા દોઆબો બનેલા છે. બીજી તરફ જોઇએ તો, વચમાંના ભાગની કારૂન, જરોહી અને ટૅબ નામની મોટામાં મોટી ત્રણ નદીઓના કાદવથી બનેલા સપાટ પ્રદેશો શૅટ-એલ-ઍરબના તેવા પ્રદેશો સાથે એકત્ર થઈ ગયા છે અને તેવી રીતે "નદીઓ વચ્ચેના" બૅબીલોનીઆના પ્રદેશનાથી અર્ધા ક્ષેત્રફળનો કાદવવાળી જમીનનો પ્રદેશ થવા પામ્યો છે. તેમાં ત્યાંના કરતાં કાદવ વધારે છે, પરંતુ તેના નીચાણના ભાગોમાં ખેતી થાય તો તે તેટલા જ ફળદ્રુપ બને તેવા છે.

આ કિનારા આગળના ભાગનો ઉપરવાસ, અખાતનાં પુરાતની કાળમાંનાં મથાળાંની તદ્દન નજીકમાં આવેલી કારૂન અને ટાઇગ્રિસ વચ્ચેની ટેકરીઓ પહેલાં તો ઉંચી નીચી સપાટી વાળા મોટા પ્રદેશમાં થોડી થોડી ઉંચી થતી જાય છે, અને પછી જ્યાં પહેલા પર્વતો આવેલા છે અને જ્યાં તેઓ વાયુમાંની ભીનાશો ખાળી રાખે છે ત્યાં નીચેના ભાગોમાં માર, અને ઉપર-ઉપરના ભાગોમાં **સીડર** અને સરળનાં ઝાડોનાં જંગલનો લાંબો સાંકડો પટ્ટો આવેલો છે. તે પટ્ટાનો વિસ્તાર ડીઆલા નદીથી દક્ષિણ તરફ છેક શીરાઝ પર્યંત છે. બીજી રીતે ઝાડ વિનાના આવા પ્રદેશમાં જવાના માર્ગ સંબંધી અસલના વારામાં ઘણી તકરાર ચાલેલી. પર્વતોના વધારે ઉંચા ભાગોની સ્થિતિ આલ્પ્સમાં માલૂમ પડે છે. તેવી છે, અને ત્યાં આવેલી ઉંડી ખીણમાં



જરા ભીનાશ અને કઠણ ભાજીપાલો હોય છે; પરન્તુ પૂર્વ તરફના ઢોળાવ ઉપર હવા સૂકી હોય છે તથા ત્યાં સુગંધી વનસ્પતિ અને દવાના કામમાં આવતાં દ્રાક્ષ અને ગુંદર પેદા થાય છે. ત્યાર પછી પર્વતોમાંથી જતાં નાળાં વચમાં વચમાં જ્યાં જ્યાં સપાટ મેદાનમાં થઇને વહે છે ત્યાં ત્યાં કિનારી કિનારીએ થતા ફળદ્રુપ ભાગોવાળો, પણ જાણે કે, ચેતનહીન થઇ ગયો હોય તેવો, પ્રાચીન તથા અર્વાચીન ઈરાનના મધ્ય ભાગનો ઉજ્જડ અને ઘણે ઠેકાણે તો ખારી જમીનવાળો દોઆબો ઉચ્ચ પ્રદેશ આવેલો છે. પરંતુ મધ્યકાલીન અને અર્વાચીન ઈરાનના, જાણે કે, મરણ પામેલા હોય તેવા આ મધ્યભાગ તેમ જ ફળદ્રુપ જગ્યાની કિનારીવાળા પ્રદેશની સાથે અત્યારે આપણને કાંઇપણ સંબંધ નથી. અત્યારે તો, જે કાદવવાળી જમીન, ટેકરીઓની તળેટીઓ, અને જંગલના પટ્ટાનો પુરાતની ઇલામનો પ્રદેશ બનેલો છે તેની અને વચમાં વચમાં પર્વતોવાળાં મેદાનો અને ઉચ્ચ પ્રદેશમાં આવેલી ખીણો કે, જેમાં પ્રત્યેક ઇતિહાસમાં પોતાનો ભાગ ભજવનારા પહેલ વહેલા ઉચ્ચ પ્રદેશમાંના વતનીઓ–અસલના મીડઝ અને ઇરાની લોકો પોતાનો નિર્વાહ ચલાવતા હતા તેની સાથે જ આપણને સંબધ છે.

બૅબીલોનીઆનું પાડોશ આ જાતનું છે. પૂર્વ તરફ ઉંચા પર્વતોની તળાટીમાં આવેલી ટેકરીઓ છે પશ્ચિમ બાજુએ નીચું શૂન્ય રણ આવેલું છે. નદીઓના ઉપરવાસના ભાગોમાં વચમાંથી ફક્ત તે નદીઓ જ વહી જાય છે તેવાં બીજાં રણ અને નીચાં જંગલો છે. આ પ્રદેશોમાંના કયામાંથી લોકો આવીને બૅબીલોનીઆમાં વસ્યા હશે ?

નદી, જંગલ, અને ઝાડીના ભાગોવાળા આ પ્રદેશમાં થયલો સુધારો એટલા પુરાતની કાળમાં થયલો, અને તેના આરંભકાળમાં તેનાં ચોખ્ખાં જણાઈ આવે તેવાં ચિહ્નો એવી તો એક સરખી રીતે જારી રહેલાં કે, તેની ઉત્પત્તિ સંબંધી કાંઇ પણ ચોક્કસ કહેવું તે અશક્ય છે. ફક્ત એક બાબત ચોક્કસ છે અને તે એ છે કે, અરબસ્તાનના ભરવા-

ડની જીંદગી ગાળતા લોકો સાથેના સહવાસની નિશાની માલૂમ પડે છે, તે પહેલાં પણ તે બહુ લાંબા વખતથી અને સારી રીતે જામી ગયલો છે. તે સુધારાને જન્મ આપનાર લોકોનાં શારીરિક ચિહ્નો રણમાંના લોકોની મુખાકૃતિને જરાપણ મળતાં આવતાં નથી; તેમ જ અસલના ત્યાંના વતનીઓની ભાષા પણ તેમની સેમિટિક ભાષાને મળતી નથી એટલું જ નહિ પણ ટાઇગ્રિસની બીજી બાજુ ઉપર આવેલી ઉંચી જમીનથી શરૂ થઈ પૂર્વ તરફ દૂર જતા મોટા પ્રદેશમાંનાં લોકો અને ભાષાને બૅબીલોનીઆમાંનાં લોકો અને ભાષા જરા વિશેષ રીતે મળતાં આવે છે. દોઆબના નીચાણના અને વધારે રસાળ અર્ધા પ્રદેશમાંની જુદા જ પ્રત્યયોવાળી અને સ્વતંત્ર ગણાય તેવા "સુમેરીઅન"ના જુના નામોની ભાષાનું બંધારણ, મધ્ય એશિયામાંના ઉચ્ચ પ્રદેશમાંની અસલી તુર્કી અને બીજી મોંગોલ ભાષાઓનાં બંધારણ સાથે સરખાવવામાં આવે છે. પણ આ એક જ જાતિની ભાષાઓ નવીન દુનિયામાં પણ લગભગ સર્વત્ર પ્રસરેલી છે તેથી તે ઇરાનના ઉચ્ચ પ્રદેશમાં, તેમ જ તેની પશ્ચિમ તરફની હદની પેલી તરફ ઘણા અસલના કાળમાં પ્રસરેલી હોય તો તેમાં શંકા રાખવાનું કાંઇ પણ કારણ નથી. વળી આપણે હમણાં જ જોઇશું તેમ પર્વતોની તળાટીમાંની ટેકરીઓવાળા ઇરાની અખાતના મથાળા નજીકનાં પ્રદેશ અને ટાઇગ્રિસની લગોલગના તેની પેલી બાજુ ઉપર આવેલા પ્રદેશમાંનો સુધારો જ અસલના બૅબીલોનીઆમાંના સુધારાના જેવો જ લગભગ જણાશે.

તો પણ રણમાંના યુફ્રેટીસના પ્રવાહની આજુબાજુના ખેડાઈ શકે તેવા ભાગના રહેવાસીઓએ જ આ ઝાડીના પ્રદેશને સુધારવાને વહેલામાં વહેલા અથવા કદાચ પહેલા જ યત્નો કરેલા હશે એમ સ્વાભાવિક રીતે ધારી શકાય તેમ છે; કારણ કે, આપણે જોઇ ગયા છીએ તેમ જો થોડી એક પણ મહેનત કરવામાં આવે તો, આ ભાગમાં ખેતી થઈ શકે તેમ છે. એ ગમે તેમ હોય, તો પણ નદીની ઉપરવાસના ભાગમાં તો પુરાતની કાળમાં પણ ખેતી કરવામાં આવતી હોય એમ લાગે છે. વળી એમ માનવાને પણ કારણ મળે છે કે, હીટથી નીચાણમાં જુદા જુદા પડી જતા દોઆબવાળા ભાગને ફરી વળી ઘેરી



મુકતાં નાળાંનાં વહેનને નિયમિત કરવાની પહેલવહેલી યોજના કાદવવાળા પ્રદેશના ઉપરવાસના અર્ધ ભાગના જ લાભ માટે કરવામાં આવેલી. જેમ જેમ આ પ્રદેશને વધારે સુધારવામાં આવતો તેમ તેમ નવેસરથી તેમને નિયમિત કરવાની જરૂર ખચિત જ પડતી; અને આ સમયે બૅબીલોનીઆમાંનાં રહેઠાણો અને વ્યવસ્થાને લગતા ઐતિહાસિક જમાનાની શરૂઆત થઇ ચૂકેલી.

શરૂઆતના સુધારાનાં બે જાતનાં લક્ષણો હોવા સંબંધી ખુલાસો મેળવવાને આવી રીતની કાંઇક બે જાતની ઉત્પત્તિની જરૂર પડે છે. ઉત્તરમાં પહેલા જામી જતા કઠણ કાદવથી વધારે અને વધારે મર્યાદિત થતો જતો નાનો અને કંગાલ અકાદનો પ્રદેશ આવેલો છે. દક્ષિણમાં ઇરાની અખાતના સમુદ્ર ઉપર પડતા મુખડા અને ટાઇગ્રિસ તથા તેની પેલી બાજુ કારૂનના દોઆબ તરફનાં મોટાં પુરાતની છીછરાં તળાવો ઉપર આવેલી એવી એક બાજુ અને પુરાતની મિસરની માફક જે પ્રાન્તમાં થોડાએક વપરાઇ શકાય તેવા રસ્તાઓમાંના એક રસ્તે થઇને નૈઋત્ય દિશામાં ફળદ્રુપ ભાગો તરફ જવાય છે તેવા પ્રાન્તમાંનાં રણ ઉપર આવેલી એવી બીજી બાજુવાળો; વિશાળ, ફળદ્રુપ, ગુંચવાડા ભરેલો, અને હંમેશાં વિસ્તારમાં વધતો જતો "સુમર"નો પ્રદેશ આવેલો છે. જ્યારે આગળ ઉપર (પ્રકરણ ૫ મા માં) બૅબીલોનીઆના ઘાસનાં જંગલોમાંના લોકોના સંબંધ વિષે વિવેચન કરીશું, ત્યારે બૅબીલોનીઆના ઇતિહાસ ઉપર આ છેલ્લી બાબતને લીધે શી અસર થયલી છે તે આપણે જાણી લઇશું.

હવે, જો આપણે જરા મેસૉપૉટેમીઆની સ્થિતિને નીલ ઉપરના પ્રદેશની સ્થિતિ સાથે સરખાવીશું, તો પહેલાં આપણને એમ માલૂમ પડશે કે, બન્ને ખીણોની દિશામાં ફેર હોવાને લીધે નીલનો જરા ઉષ્ણ પ્રદેશ તેના ઉપરવાસના ભાગમાં છે, તથા તેનો લગભગ મધ્યમ હવાવાળો દોઆબનો ભાગ ઉત્તરમાં આવેલો છે, જ્યારે યુફ્રેટીસનો દોઆબ દુનિયામાં ઉનાળાની સર્વેથી અધિક ગરમ ગણાય તેવી હવાવાળા ભાગમાં આવેલો છે. નીલના

શોધ સર્વે ઉપરવાસ દૂર આવેલા છે, અને તેથી થોડી જ જગ્યાએ તેની ખીણ એકદમ નીચી થઇ ગયલી છે, અને બાકીના આસુઆનથી કિનારા સુધીના ભાગમાંનું નદીનું વહેન ધીમું અને સહેલાઇથી વહાણો જઇ આવી શકે તેવું છે. વળી આવી રીતે પાણી જોસબંધ વહે છે તેનાથી ઘણે દૂર અડચણ કરતો કાદવ અટકી જાય છે, અને અતિશય નરમ અને તેમાં વાવેલા પાકને પાણી પાવામાં મુસ્કેલી ઉભી ન કરે તેનો ફક્ત લાભદાયક કાંપ તણાઇને મિસરમાં આવે છે; ત્યારે તેના ઉપરવાસના ભાગમાં દરેક જગ્યાએ યુફ્રેટીસ જેવી મોટી નદી જોસબંધ વહેવી ન જોઇએ તેને બદલે જોસબંધ વહી જાય છે. વહેનનું જોસ કાંઇક કમી કરે તેવી છેલ્લી જગ્યા હીટ છે, અને તે જગ્યા આ ખીણની રચના તપાસીશું તો, આસુઆન કરતાં કેરો ને મળતી આવે છે. આ કારણને લીધે યુફ્રેટીસ નદી જ્યારે ઘાસવાળી ભીની જમીનવાળા ભાગમાં દાખલ થાય છે, ત્યારે તેમાં વધારે કાદવ હોય છે; દરેક જમાનામાં તેનાં વહેન એક પછી એક બદલાતાં જાય છે, અને અતિશય નુકસાન કરે તેવી રીતે તેનું પાણી ફરી વળે છે. રણના ભાગમાં પાણી ફરી વળેલું તેવાં તેમાં પૂર આવેલાં અને તે બનાવોની યાદ બૅબીલોનીઆમાંની દંતકથાઓ આપે છે. આ પ્રમાણેનું વર્ણન ઘણા લોકોના વાંચવામાં આવેલું હશે. "આખા આસમાનની તળેની સર્વ ઉંચી ટેકરીઓ ઢંકાઈ ગયલી અને તેનાથી પંદર હાથ ઉંચું પાણી ચઢેલું". આવી રીતે સાધારણ ઉંચાઇએ ચઢેલ પૂરથી વેરાન ન થયલા તેવા કાદવની જમીનવાળા બૅબીલોનીઆમાં થોડા જ "પર્વતો" બે એપ્રીલ અને મે–માં શરૂ થતાં અને ઑગસ્ટમાં વધારેમાં વધારે ઉંચાઇએ પહોંચતાં યુફ્રેટીસમાંના ઉનાળામાંના સાધારણ પૂરની માફક આ પૂરનું પાણી આશરે એકવીશ અઠવાડીઆં સુધી રહેલું હતું, અને "સાતમા માસ" સપ્ટેમ્બરમાં તે ઓસરી ગયું હતું.

નીલના પ્રદેશમાંના લોકોને આવી જાતની ફીકર હોતી નથી. મિસરના પ્રદેશમાં દરેક રીતે લાભદાતા કે હાનિકર્તા સૂર્ય છે, અને તેને લઇને (સમય જતાં) તે મુખ્ય દેવતા અને "રાજ્યસત્તાની પણ ઉપરી સત્તા" થયલ.



તેના શત્રુઓ, ભીનાશની નહિ પરંતુ અંધકાર અને ઠંડીની સત્તાઓ હતી. બૅબીલોનીઆમાં અને તેનાથી પણ વિશેષ, ઍસીરીઆ કે જે ટેકરીઓની નીચે વધારે નજીકમાં આવેલ છે તેમાં જ્યારે તોફાનના દાનવો બહાર પડતા ત્યારે મનુષ્યો તેમ જ આકાશી દેવતાઓ એક સરખી રીતે હાથ જોડીને બેસી રહેતા. ધીમેધીમે એકઠો થતો અને નહેરનાં મુખ બંધ થઇ જાય ત્યાંસુધી વધતો જતો, પાણીને અટકાવનારો કાદવનો બંધ જેનું યોગ્ય ચિહ્ન હતું તેવા કાળાપાણીમાં રહેનારા દાનવને બાંધી લેવામાં આવ્યો તે, ભલાઇનો બુરાઇની ઉપર મેળવાયલો પહેલવહેલો વિજય મનાયો હતો.

તેટલા માટે, ઘણાં કારણોને લઇને ખીણના ભાગમાં નહિ પરન્તુ દોઆબના ભાગમાં બૅબીલોનીઆમાંનો સુધારો આગળ વધેલો. ખીણમાંનો સુધારો મિસરમાં વહેલો વધેલો ન હોત, તો ત્યાં પણ આવી રીતે બનવા પામત. તેના પરિણામે જ બૅબીલોનીઆમાંનાં કુલ્લે બારેક મુખ્ય મથકો એક ઝુમખાની માફક રહેલાં, અને મિસરની પેઠે સેંકડો માઇલ પર્યન્ત એક લીલી દોરીની આસપાસ ગંઠેલાં હોય તેમ ન હતાં. વળી ટાઇગ્રિસ તથા યુફ્રેટીસનાં વહેન એક બીજાં સાથે ગંઠાઇ જાય છે અને તેમ થવામાં પહેલાં એક બીજીને અને પછી બીજી પહેલીને મળે છે. તેને લઇને તે દેશની અંદરનો વ્યવહાર વિશેષ રીતે પૂર્ણ ગણાય છે, પરંતુ મિસરમાંના દોઆબમાં પૂર્વ પશ્ચિમ મુસાફરી કરવામાં ઘણું જોખમ રહે છે. લૅગૅશથી યુર જવા માટે બૅબીલોન સુધી જવું પડતું નહિ; જ્યારે મિસરમાં ઍલેક્ઝેન્ડ્રીઆથી પૉર્ટ સૈદ જવાની આગગાડી તેમ જ આગબોટોને લગભગ કેરો સુધી જવું પડે છે. અહીં લગભગ દરેક જગ્યાએ સીધી જતી નહેરો હોવા છતાં યુફ્રેટીસમાં હીટથી પેલી તરફ મોટી આગબોટો જઇ શકતી નથી; અને જો કે ટાઇગ્રિસમાં મોસલ સુધી આગબોટો જઈ આવી શકે છે, તોપણ અસલના વારામાં તેમાંનો તેમ જ યુફ્રેટીસમાંનો વ્યવહાર નદીઓનાં ફક્ત નીચાણમાંનાં વહેન તરફ જ હતો; કારણ કે નદીઓ બહુ જ જોસબંધ વહેતી હતી અને વહાણોને ખેંચી લઇ જઇ શકાય તેમ નહતું. નીલનદીના ઉપરવાસ તરફ વાતો પવન અહીંઆં

બીલકુલ નથી, અને આવા લગભગ લાકડાં વિનાના દેશમાં લાકડું એટલું બધું મોંઘું મળે છે કે, નદીના ઉપરવાસના ભાગમાં પુષ્કળ મહેનત કરીને માલ આગબોટોમાં ( અથવા વિશેષ કરીને ત્રાપાઓમાં ) ખેંચી લઇ જવો તે વધારે મોંઘું થઇ પડે છે. તે માટેનાં સારામાં સારા સાધન તરીકે લાકડાંનાં ચોકઠાં ઉપર ચામડાં મઢીને કરવામાં આવેલા મછવા જેવા ત્રાપાઓ હતા, અને તેમને સંકેલી લઇને ગધેડાં ઉપર લાદીને પાછા મોકલવામાં આવતા હતા.

જ્યાં જ્યાં જોઇએ તેટલું પાણી મળી શકતું ત્યાં ત્યાંની કાદવવાળી જમીનની પુષ્કળ ફળદ્રુપતા, એ બૅબીલોનીઆમાંની સુધારણાનું મૂળ હતું. જ્યારે પાણી વધારે પડતું હોય ત્યારે તે અસુખાકારી ભીની ઘાસવાળી ઝાડી થઈ જાય છે, અને જ્યારે કમી હોય ત્યારે તે સૂકાઈ જઇ ત્યાં રણ થઇ જાય છે. વળી પાણી પાઇ પાક કરી શકાય તેવી હદમાં પણ અત્યારે તદ્દન રણના મોટા જમીનના ટુકડાઓ છે. પરંતુ તે એ ખીણ એવી હતી કે, તે દ્વારા માલ દેશની બહાર મોકલી શકાય તેમ ન હતું, તો પણ અંદર લાવી શકાય તેમ તો હતું જ. વળી આપણે જાણીએ છીએ તેમ, જે પેદાશ બૅબીલોનીઆમાં થતી ન હતી તે પેદાશવાળા મુલકમાંથી તે નદીઓ વહેતી આવતી હતી. દાખલા તરીકે, દ્રાક્ષનો દારૂ અને બદામનું તેલ, બાંધકામ માટે જોઇતાં ઇમારતી લાકડાં અને પાણી જેમાંથી ટપકી સરી જઇ ન શકે તેવું કાપડ બનાવવાના કામમાં આવે તેવો હીટ તરફ થતો શિલાજીત જેવો પદાર્થ અને ખાસ કરીને પથ્થર તે દ્વારા આવી શકતાં. જે વખતે પથ્થરનાં બારણાંનાં ચણીઆરાં એવાં કીમતી ગણાતાં કે, રાજાઓ પોતાના દેવને તે અર્પણ કરતા અને તે માટે એક પછી એક ખંડીએરમાંથી શોધી લાવી પાછાં વપરાતાં અને મગરૂબીથી પાછાં દેવને અર્પણ કરતા, તે સમયે મકાન બાંધવાવાળાઓને કેટલી મુસ્કેલીઓ પડતી હશે તેનો આપણને ક્વચિત્ જ ખ્યાલ આવી શકે તેમ છે. વળી પૂર્વ તરફ પણ ટાઇગ્રિસની પેલી બાજુએ પર્વતોની તળાટીમાંની ટેકરીઓમાં થઇને નજીકના ઇમારતી લાકડાંવાળા પ્રદેશની સાથે અને તેની પણ પેલી તરફના તેજાના અને ઔષધીવાળા ગરમ



પ્રદેશની સાથે વેપાર ચાલતો. રણમાં થઇને પણ દક્ષિણમાં આવેલા બીજા તેજાનાવાળા પ્રદેશમાં જઈ શકાતું, અને પશ્ચિમ તરફ પરવાળાં, ત્રાંબું અને બીજી જાતના કઠણ પથ્થરો પણ રાતા સમુદ્રના કિનારા ઉપરના ભાગોમાંથી આવતાં.

આ ચીજોના બદલામાં બૅબીલોનીઆમાંથી પણ અમુક માલની નિકાસ થતી હતી. દાખલા તરીકે, પોતાના વપરાસ ઉપરાંતની પુષ્કળ ખોરાકની ચીજો, દાણા અને ખારેક, રણના કરતાં વધારે સારી રીતે કેળવાતું હોવાથી વધારે ફુમાશદાર ઉંચા દરજ્જાનું ઉન અને તેનાથી પણ વધારે કીમતી ઉનનાં વણેલાં "બૅબીન્લૉનીટીશ કપડાં" નો માલ અને વખત જતાં બીજી જાતની બનાવટની ચીજો પણ ત્યાંથી પરદેશ ખાતે જતી. વળી તે પોતે ચીજોની અદલાબદલી કરવાનું મોટું મથક થયું, અને તેની સ્થિતિ, દુનિયાની પેદાશ જથ્થાબંધ અમુક શખ્સોની પાસે આવી ત્યાંથી નિયમિત રીતે આડ-તીઆઓ અને શાખાઓ દ્વારા પુષ્કળ દૂર દેશદેશાન્તરમાં થોડાથોડા જથ્થામાં વહેંચાઇ જાય તેમ તે, જાણે કે, પુરાતની લંડન હોય, તેવી થઇ પડી. ગધેડાં અને માણસો ભારબદારીનું કામ કરતાં. ઊંટ પોતાના વતન અરબસ્તાન-માંથી અને ઘોડા ટેકરીઓની પેલી બાજુએ આવેલા પૂર્વ તરફના દેશમાંથી દાખલ થયલાં; પરંતુ તે ઘણા જમાના પછી દાખલ થયાં હતાં.

બૅબીલોનીઆમાં આર્થિક સ્થિતિમાં કારીગિરી અને વેપાર એટલે ઉંચે દરજ્જે હોવાથી, અત્યારે આપણી દુનિયામાં જે ગુંચવાડા ભરેલી સ્થિતિની શરૂઆત થઇ છે તેવી જ સ્થિતિ ત્યાંનાં સાંસારિક બંધારણમાં ઉત્પન્ન થઇ હોય તો તેમાં કાંઇ નવાઇ જેવું નથી. ખાસ કરીને કાંઇપણ જાતિભેદ વિના હુન્નર ઉદ્યોગ કરવા અને તેનાં ફળ ભોગવવાનો હક સ્વીકારવામાં આવેલો. પરણેલી સ્ત્રીઓનો દરજ્જો ઉંચો હતો, ( કારણ કે તેઓનો સાથ કીમતી ગણાતો ) અને તેમને પુષ્કળ છૂટ આપવામાં આવતી એટલું જ નહિ, પરંતુ જેમાં કુંવારાં રહેવાની અને ધંધામાં બરાબર ધ્યાન રાખવાની પ્રતિજ્ઞા લેવામાં

આવતી અને ધર્મને લગતી શિક્ષાના નિયમો લાગુ પાડવામાં આવતા તેવી મોટી પરસ્પર સહાયકારી મંડળીઓ ઉભી થવાથી વગર પરણેલી સ્ત્રીઓને માટે એક જુદી જ ઉદ્યોગને લગતી સંસ્થા શોધી કાઢવામાં પણ આવેલી. છતાં મધ્યકાલીન સાધ્વીઓથી ઉલટી રીતે આ સંસ્થાનાં અંગભૂતો પોતાનાં વખત અને મહેનતનાં સ્વતંત્ર માલીક હતાં, અને તેઓ જ્યાં ગમે ત્યાં રહી શકતાં અને મરજીમાં આવે તે કામ કરી શકતાં; તોપણ જ્યાં સુધી પોતાની પ્રતિજ્ઞા પાળતાં અને દેવું આપતાં ત્યાં સુધી તેઓ તે સંસ્થાનાં અંગભૂતો તરીકે ચાલુ રહેતાં. ગુલામ અને સ્વતંત્ર મનુષ્યો વચ્ચેનો, અને જમીન વિનાના (સાધારણ રીતે કારીગર) લોકો અને જમીનદારો વચ્ચેનો એવી રીતે ફક્ત બે જ ભેદ જનસમુદાયમાં હતા. આ છેલ્લા વર્ગમાં દરેક જાહેર પ્રજાના નોકરોનો સમાવેશ થતો હતો, કારણ કે, મધ્યકાલીન યુરોપની માફક જાહેર પ્રજાની નોકરીના બદલામાં પગાર આપવામાં આવતો નહિ, પરંતુ તે નોકરોને પોતાનાં નિભાવ અને કામગિરીના ખર્ચને પૂગી વળવા પૂરતી જમીન એનાયત કરવામાં આવતી હતી. હકના પ્રમાણમાં જવાબદારી પણ રહેતી હતી, અને "ઉંચા વર્ગ" માંના ગુન્હેગારોને વધારે શિક્ષા કરવામાં આવતી હતી. દર્દીની સ્થિતિ પ્રમાણે ઓછું વધતું વૈદ્યોનું મહેનતાણું પણ નક્કી કરવામાં આવતું હતું. ત્યારે ગુલામો પોતાની બચત રાખી શકતા હતા, મીલકત ધરાવી શકતા હતા, અને પૈસા આપીને પોતાનો છૂટકારો મેળવી શકતા હતા. જેવી રીતે પુરાતની દુનિયામાં સામાન્ય હતું તેમ, ખરેખરી રીતે તો, પોતાના કરતાં વધારે સુધારામાં ફરજીઆત દાખલ થવાની શરૂઆત, તે ગુલામોની સ્થિતિ હતી.

બૅબીલોનીઆમાંના દરેક શહેરનું મધ્યબિન્દુ ત્યાંના ઇષ્ટદેવનું મંદિર હતું; અને જનસમૂહનું આ આખું બંધારણ પુરાતની હોવાનો સારામાં સારો દાખલો એ છે કે, મંદિરના અધિકારીઓની સત્તા ઘણી જ હતી. આ ઉપરથી મિસરમાંના સામાજિક બંધારણના વિકાસમાંની શરૂઆતની સ્થિતિ કરતાં એકવીશમા વંશના વખતના ધર્મગુરૂ–રાજાઓની જુલમગાર સ્વતંત્ર રાજ્ય-



પદ્ધતિ આપણને વધારે યાદ આવે છે. મંદિરનો મુખ્ય પૂજારી શહેરમાં પણ રાજ્ય ચલાવતો. બૅબીલોનીઆ બીજા દેશો જીતવા લાગ્યું અને તેના તાબા નીચે સામ્રાજ્યો સ્થપાવા લાગ્યાં ત્યારે જીત મેળવનાર રાજા દરેક જગ્યાએ પોતાનાં વિશ્વાસુ માણસને મુખ્ય પૂજારી તરીકે નીમતો, અને તેવી રીતે તેને જેટલા પોતાના પ્રતિનિધિઓની જરૂર પડતી તેટલા પૂરા પાડવામાં આવતા. આવી જાતનાં શહેરોની જરૂરીઆતો સાથે તેવી રીતે એક જ મનુષ્ય રાજ્ય ચલાવે તે બંધબેસતું હતું. અંદર અંદરના ગાઢ સંબંધવાળા ઔદ્યોગિક જનસમૂહમાં અસાધારણ શક્તિવાળા મનુષ્યો દેખાઈ આવે છે તેમ જ બિન-હોંશિયાર મનુષ્યો પણ જણાઇ આવે છે. ઇષ્ટદેવને નામે સર્વથી વધુ જમીન રહેતી, સર્વથી વધુ માણસોને કામે લગાડવામાં આવતાં અને મોટામાં મોટા પાયા ઉપર વેપાર ચલાવવામાં આવતો હતો, તેથી હોંશિયાર વહીવટદાર ચૂંટી કાઢવામાં તેનું સર્વથી વિશેષ હિત સમાયલું હતું. આવી રીતે દરેક શહેરમાં જે પ્રકારની રાજ્યપદ્ધતિને તે લાયક હોય તે ચાલતી. આવી જાતનાં સાદા રાજ્યબંધારણના મુખ્ય આધાર રૂપ એક જ માણસની એકહથ્થુ જવાબદારીને લીધે જ હમ્મુરાબી જેવા સર્વોપરી સત્તાધીશો અને તેઓના પ્રતિનિધિઓ વચ્ચે ચાલેલા પુષ્કળ રાજકીય પત્રવ્યવહારદ્વારા, અથવા ટેલ્લોવાળા ગ્યુડીઆ જેવા વહીવટદારની પોતાની જ હોંશિયારીની નોંધ રાખવામાં સમાએલી સ્વાભાવિક મગરૂબીદ્વારા આપણને તેઓની કામ કરવાની શૈલી સંબંધી જ્ઞાન ઘણે ભાગે મળેલું છે.

મંદિર શહેરના એક જુદા જ લત્તામાં આવેલું હોય છે અને તેને જુદું ખાસ નામ આપવામાં આવેલું હોય છે. ભારેમાં ભારે પાણીનું પૂર પહોંચી ન શકે તેટલા "બેબલના મિનારા" જેવા ઉંચા બનાવેલા ટેકરા ઉપર એક મોટો ચોક બનાવવામાં આવેલો હોય છે. દેવમંદિર તે ચોકમાં રાજમંદિરના ઘાટનું બાંધવામાં આવેલું હોય છે, અને રાજાના મહેલમાંના કાર્યક્રમ જેવી જ ત્યાં પણ દરરોજ સેવા કરવામાં આવે છે. મનુષ્યજાતિના રાજાની માફક જ દેવ ભોજન લેતા, ગાયનની મજાહ લેતા, નિંદ્રા લેતા, બગીચામાં

ફરતા અથવા પોતાનાં પાળેલાં જનાવરોની માવજત કરતા. જ્યારે દેવને મળવા જવામાં આવે ત્યારે તે મંદિરમાં ન હોય તો કાર્મેલ ઉપર બાલની માફક તે શિકારે ગયલા હોય છે. મંદિરવાળા ટેકરાની નીચેના ભાગમાં કોઠાર, કારખાનાં, અને કડીઆ લોહાર અને બીજા કારીગરો અને મંદિરના નોકરોનાં ઘર તેમ જ બીજી સાધારણ વસતિનાં મકાનો આવેલાં હોય છે. બીજાં અગત્યનાં મકાનો પણ મંદિરની પેઠે ટેકરાઓ ઉપર બાંધવામાં આવેલાં હોય છે. બાંધકામ લગભગ કાદવનાં જ થતાં હોવાથી ભાંગેલાં ટોડાં પુષ્કળ હોય છે, અને તેવાં ટોડાં સેંકડો વર્ષોથી એકઠાં થવાથી અસલના વખતમાં આવા ટેકરાઓ થયલા હોવા જોઇએ. પરતુ પાછળના વખતમાં તેનાં મુખડાં મંદિરોના ટેકરાઓની માફક શોભાયમાન ઇંટનાં બાંધકામથી બાંધી લેવામાં અને પૂરના વખતમાં ઉંચી જગ્યાએ જોઇએ તે પૂરું પાડે તેવાં બનાવી લેવામાં આવેલાં હોય તેમ લાગે છે. જાણે કે, પાણીનાં પૂરનું વતન હોય તેવા આ દેશનાં મકાનો લાંબા કાળ પર્યંત ચાલે તેવાં બનાવવાં હોય તો તેનો આ પ્રમાણે બચાવ કરવો તે આવશ્યક હતું; પરંતુ સાધારણ મકાનો લાંબા કાળ સુધી જાળવી રાખવા જેવાં ન હતાં. તે તો ભીની જમીન ઉપરની ઝાડીમાંનાં સફેદાનાં ઝાડ (પૉપ્લર)નાં ચિકાશદાર લાકડાંની બનાવેલી પરસાળવાળાં, સૂર્યના તડકાથી રક્ષણ કરે તેવાં છાપરાં, અને સૂવાના ઓરડાથી વધારે સારાં નહિ તેવાં, તદ્દન કાદવનાં બનાવેલાં ઝુંપડાં જ હતાં. ઘણા જૂના વખતનાં ખંડીઅરોમાં પકવેલી ઇંટો વપરાયલી માલૂમ પડે છે; પરંતુ તે તો ફક્ત રાજમહેલો અને દેવમંદિરોમાં જ વપરાતી. દેશમાં પથ્થર ન હોવાથી કોતરકામ ક્વચિત્ જ જોવામાં આવતું; તથા યુફ્રેટીસમાંના કાદવને પકાવવામાં આવે છે ત્યારે તેનો એવો ઝાંખો ભૂરો રંગ થાય છે કે, તેમાં કાંઇપણ જાતની શોભા થઇ શકે તેમ ન હતું. દરેક સુધરેલા દેશો કરતાં બૅબીલોનીઆ એકલાનો જ કુંભારકામની કળામાં અગત્યનો ફાળો કાંઇ પણ નથી.

તોપણ કોઇપણ બીજી જગ્યાએ ન થતો તેવો આ દેશમાં એક લખવાના



સાધન તરીકે કાદવનો ઉપયોગ કરવામાં આવતો. ઉપરથી નીચે એવી રીતે ઉભી હારમાં બારીક અણીથી જેમ તેમ ચીતરી કાઢેલ ચિત્રોની નિશાનીઓ મિસરની માફક પહેલાં વસ્તુઓ અને પછી ઉચ્ચાર અને શબ્દોના ભાગ બતાવતી. જલદીથી અને ચોકકસ રીતે લખી શકાય તેટલા માટે પાછળના વખતમાં આ નિશાનીઓને ટૂંકું રૂપ આપવામાં આવેલું, અને કોતરવાને બદલે, કોતરવાનાં ત્રણ ધારવાળાં ઓજારના સાંકડા ખૂણા તરફથી દાબવાથી ફાચરના આકારની, ઓજાર રાખવામાં આવે તે પ્રમાણે લાંબી ટૂંકી થતી આકૃતિ પાડવામાં આવતી. મિસરમાં પાદરીઓની એક પછી એક ચાલ્યા આવતા અક્ષરોની લિપિથી જેટલો સગવડતામાં વધારો થયલો તેટલો આ શોધથી થયલો; પરંતુ મુખ્યત્વે કરીને બાંધકામને શોભાયમાન કરવાને ચિત્રોના રૂપની લેખનકળા વાપરી શકાય તેવી ટકાઉ ન હોવાને લીધે પાદરીઓની લિપિના સંબંધમાં થયલ નહિ તે રીતે તે શોધના પરિણામે ચિત્રોની નિશાનીની પદ્ધતિ તદ્દન બંધ પડી ગઇ હતી.

અત્યાર સુધીમાં થોડાંએક સુમેરીઆમાંનાં શહેરો કે જેમાં ખોદકામ કરવામાં આવેલ છે અને જેમાં લૅગૅશ તથા નિપ્પુર મુખ્ય છે તેનાં લેખિત દફ્તર ઉપરથી આપણને તેઓ વચ્ચેના પરસ્પર સંબંધ વિષે કાંઇક માહિતી મળી ચૂકી છે. આ સંબંધ હંમેશાં સુલેહ ભરેલો હતો નહિ. આપણે કલ્પના કરી શકીએ છીએ તેમ, મુખ્ય તકરાર પાણીનાં પૂરને લઇને નુકસાન થાય, અથવા સમારકામમાં જગ્યા ફેર થાય તેવી હદ સૂચવનારી ખાડને લગતી થતી. લાયક માણસના હાથમાં જમીન હોય તો પુષ્કળ પેદાશ થાય તેવા પ્રદેશમાં "મારા પાડોશીની જમીનની હદનું નિશાન ખસેડવું" તે મોટામાં મોટો ગુન્હો ગણાતું. લૅગૅશ–શીરપુર્લા અને તેની પડોશમાં આવેલ ગીસ્કુ વચ્ચેની આ જાતની તકરારનું આબેહુબ વર્ણન લૅગૅશ–શીરપુર્લાની જગ્યા ઉપરના ટેલોના ટેકરામાંથી મળી આવેલાં દસ્તાવેજોમાં આપવામાં આવેલું છે. આ દસ્તાવેજોમાં એક સૈકા કરતાં પણ વિશેષ લાંબા કાળમાંની હકીકત જણાવવામાં આવી છે, અને તે ઉપરથી તે વખતે દેશપરદેશના

કાયદાની હાલની સ્થિતિ, કરારો, લવાદીઓ, સરહદને માટે ખાસ પંચો, દાણ અથવા જીતનારની જમીન ઉપર વેઠના રૂપમાં લેવામાં આવતા નુકસાની માટેના બદલા: એ સર્વે હોવાનું માલૂમ પડે છે. એક વખતે આ રાજ્યોમાંનું એક બીજાને પોતા સાથે જોડી દે છે અને નવા ધર્મગુરૂઓ રાજાને નીમે છે, તો બીજે વખતે નદીના નીચાણ તરફના ભાગમાં દૂર આવેલા દરેકના પહેલાં, અને પછી "નીચેનાથી ઉપરના સમુદ્રપર્યંત" રાજ્ય કરનાર, "દુનિયાના રાજા" થઇ પડેલા, ગીસ્કુના લુગૅલ્ઝેગીસી નામના રાજાને તે બન્ને રાજ્યો ખંડણી ભરતાં હોવાનું જણાય છે. 'ઉપરનો સમુદ્ર' તે 'વાન' સરોવરથી નજીક હોઇ શકે નહિ, અને તેનો અર્થ કદાચ 'ભૂમધ્ય સમુદ્ર' હોઈ શકે.

બૅબીલોનીઆમાંના સુધારાનું દિગ્દર્શન બને તેટલું આપણે કરેલું છે, એટલે, હવે જે એક બીજી બાબતમાં આ દેશ અને નીલના દેશ વચ્ચે મોટો તફાવત છે તે સંબંધી આપણે જણાવીશું. મિસર પોતાના નજીકમાં નજીકમાંના પાડોશીથી પણ ઘણો જ દૂર આવેલો છે, અને ખીણની બન્ને બાજુ ઉપરનાં રણ ખરેખરાં રણ જ છે અને ઘણા અસલના વખતથી જ રણની સ્થિતિમાં છે. પશ્ચિમ તરફના ફળદ્રુપ પ્રદેશો પણ પોતાના જ ઉપર આધાર રાખે છે, અને તેઓની આસપાસના સંજોગોને લઇને તેઓનો વેપારદ્વારા સંબંધ પણ બહુ થોડો છે; જ્યારે બૅબીલોનીઆ, અરબસ્તાન અને મૅસોપોટેમીઆના એ રણના પ્રદેશોની બાજુએ આવેલ છે, તો પણ તેનો તેઓની સાથે પુષ્કળ સંબંધ છે. તે બન્ને રણના કરતાં ઘાસનાં જંગલો જેવા છે, અને તેમાં ભરવાડની જીંદગી ગાળતી, બીજાઓને ભય પમાડે તેટલી મોટી અને જ્યારે ત્યારે ભટકતું રહેવું પડે તેવી ગરીબ જાતિઓના જંગલી લોકો પોતાનો નિભાવ કરી શકે છે. તે રણમાંના ખરેખરા વતની મીડીઅનાઇટ લોકોએ જૉબની સમૃદ્ધિનો એક રાત્રિમાં જ નાશ કરેલો તે આપણને યાદ આવે છે. તે માટે બૅબીલોનીઆના પરમુલક સાથેના સંબંધનો ઇતિહાસ તે દરેક જમાનામાં પહેલાં અરબસ્તાનના જંગલી લોકો સાથેના



અને પછી અમુક અંશે નીચાણમાં આવેલા પ્રદેશોમાંના, અને બૅબીલોનીઆ પોતામાંના લોકોના સુધારા અને રહેવાની શૈલીમાં ઘણી રીતે મળતા આવતા, પરંતુ, જો કોઇપણ વખતે પોતાના મુલકની બહાર પોતાનું જોર અજમાવવાને ઉશ્કેરવામાં આવે તો, ઇલૅમનાં કાર્યચાતુર્યમાં વધારો કરનાર, મજબુત, ઉચ્ચ પ્રદેશમાંના અને જંગલમાં ઉછરેલા લોકોનું જેમાં મિશ્રણ હતું તેવા એકાળુ પ્રકૃતિના ઇલૅમના લોકો સાથેના, અને ત્યાર પછી બૅબીલોનીઆ પોતામાં જ અરધા સુધરેલા, પરંતુ ઇલૅમની માફક જ વધારે મુશીબતવાળી જીંદગીને લીધે અને તેવી જાતના ઉચ્ચ પ્રદેશમાંના મિશ્રણને લીધે જરા જંગલી અને તાકાતવાળા બૅબીલોનીઆ પોતાનાં જ સંસ્થાનો અને ઉછેરી મોટાં કરેલાં સંતાન રૂપ ઍસીરીઆના લોકો સાથેના સંબંધનો ઇતિહાસ છે.

હવે આપણે બૅબીલોનીઆના ત્રણ મુખ્ય પાડોશીઓ અને શત્રુઓ સાથેનો તેનો સંબંધ કેવા પ્રકારનો હતો તે વિગતવાર તપાસીશું, અને જે ક્રમમાં તેઓ બહાર પડ્યા તે ક્રમમાં, એટલે સેમિટિક આરબો, ઇલૅમના લોકો અને ઍસીરીઆના લોકો, એવી રીતે, એક પછી એક, જો તેમના સંબંધી વિવેચન કરીશું, તો વધારે ઠીક પડશે.

# પ્રકરણ ૫ મું.

## સેમિટીસ લોકોનું આગમન.

અરબસ્તાનમાંનું રણ મનુષ્યનાં પૃથ્વીમાંના મોટાં રહેઠાણોમાંનું એક છે. તેનો ઘણો ભાગ સાધારણરીતે માણસો રહી ન શકે તેવો છે; પરંતુ ઇરાની અખાતમાં પાણીની સપાટીની નીચે ઉતરી જાય છે ત્યાંસુધી ધીમે ધીમે થતા જતા ઢોળાવવાળી તેની જમીન ઘાસ ઉગી શકે તેવાં ભીનાં પોલાણવાળી હોવાથી, વધારે જુદા જુદા પ્રકારની છે. આવાં પોલાણની સંખ્યા હંમેશાં ઘણી હોય છે, અને તેથી તેઓ એક બીજાની નજીકમાં હોય છે, અને આ દ્વીપકલ્પના ઘણા ભાગો એક બીજાને મળતા રસ્તાઓને ભુલવણી જેવા છે. જ્યારે વધારેમાં વધારે ભીનાશ હોય છે ત્યારે અરબસ્તાનમાંના ભરવાડની જીંદગી ગાળતા લોકોના મોટા સમૂહો તેમાં રહી પોતાનું ગુજરાન ચલાવે છે. આ દરેક સમૂહની પોતપોતાની ઘેટાં અને બકરાંની પુંજી હોય છે. દરેકમાંનું સાંસારિક બંધારણ પિતૃસત્તાક ધોરણ ઉપર રચાયલું હોય છે, અને દરેક પોતાની અચોક્કસ રીતે બંધાયલી હદનાં ઘાસનો અને પોતાના પૂર્વજોએ ખોદેલા માનવામાં આવતા કૂવામાંના પાણીનો પહેલાં પોતે ઉપયોગ કરવાનો હક ધરાવે છે; પરંતુ વાતાવરણમાં મોટા ફેરફાર થતા હોવાથી વખતોવખત ભીનાશ કમી હોવાનું માનવાને કારણ મળે છે તે પ્રમાણે જ્યારે ભીનાશ કમી હોય છે, ત્યારે મનુષ્યો તથા તેઓનાં ધણ ત્યાંથી ચાલ્યાં જાય છે અથવા નાશ પામે છે. સારે નશીબે ચાલ્યા જવાનું સહેલાઈ ભરેલું છે; કારણ કે આ જાતિઓ હંમેશાં ફરતી કરે છે, અને આવી જાતનો દુકાળ ધીમે ધીમે ફેલાય છે. ફક્ત બે જ અડચણ નડે છે. સરહદ ઉપરના લોકો સિવાય બીજાઓનો રણની કિનારી ઉપર



જવાનો માર્ગ બીજી જાતિઓની માલીકીનાં બીડમાં થઇને હોય છે, અને તેથી કરીને અંદરના ભાગોના લોકોને નાસી જવામાં ઘણું જોખમ ખેડવું પડે છે; કારણ કે, તેઓ અને જે લોકોની ખેતી થઇ શકે તેવી જમીન હોય છે તેઓની વચ્ચે નિરંતર તકરારો થતી હોય છે.

તેમ છતાં થોડા વધુ વખતમાં કોઇ અસાધારણ બુદ્ધિવાન પુરૂષ સ્થિતિ સમજી જાય છે. “ જો આપણે સર્વે બહાર નીકળીએ અને જો સર્વે એક સામટા જ નીકળીએ તો આપણને કોઇ પણ અટકાવી શકશે નહિ. આપણે પાણીના પૂર અથવા રેતી જેવા છીએ. આપણી સંખ્યા અને હરવા ફરવાની શક્તિ એવી છે કે, આપણને અટકાવે તેની આસપાસ આપણે ફરી વળીએ. વળી, બહુ તો આપણને નુકસાન શું થશે ? રણમાંની ગલ્લીઓમાંની અથવા યુફ્રેટીસના વહેનના તડના ભાગમાંની તેઓની હદબહારની જગ્યાઓમાં આપણે ઘણી વેળા તેઓ પાસેથી જબરદસ્તીથી માલ લઇ લઇએ છીએ. ત્યાંના આપણા અનુભવ ઉપરથી આપણે જાણીએ છીએ કે, જો આપણે તેઓનાં ખેતરોમાં નુકસાન નહિ કરીએ તો તેઓ આપણને નાણાં આપી શકે તેમ છે, અથવા ખરેખરી રીતે તો, આપણને જીવતા રાખી શકે તેમ છે. ” એટલે પછી વખત આવે છે ત્યારે આખા રણમાંના લોકો એક સામટા નીકળી પડે છે. ટેકરીઓમાં અથવા પાણીનાં ખાબોચીઆંવાળા પ્રદેશમાં દૂર જ્યાં જ્યાં ચારો મળી શકે છે ત્યાં ત્યાં તેઓ ઘૂસી જાય છે. નદીઓ તેઓને રોકી શકતી નથી, અને તેમની પછવાડે લશ્કર આવે તો તેનાથી પણ આગળ તેઓ વધી જાય છે.

અરબસ્તાનના જંગલી લોકો ફક્ત એક જ બાબતને લઇને સમૂળગો નાશ પામવામાંથી બચી ગયા છે. ઈ. સ. પૂર્વે ૨૦૦૦ પહેલાં ઘોડા તેઓ પાસે ન હતા એવું માનવાને કારણ છે. ઘોડો એ સુધરેલા લોકોનો “ પહેલા દરજ્જાનો નોકર છે.” પરંતુ લડાઇમાં તે, વરાળને લગતી શોધ પહેલાં, અવિચારી માણસોના હાથમાં સર્વથી વિશેષ નાશકારક હથીઆર હતું

તેથી મધ્યકાલીન જંગલી મોગલ લોકો અથવા આ હથીઆર ધરાવતા તેઓના પોતાના આરબ વંશજોની સાથે સરખાવતાં, જંગલી સેમિટીસ લોકો ફક્ત સાધારણ નુકસાન કરતા; છતાં પણ જ્યારે જ્યારે વખતો વખત પોતાનાં સુકાં રહેઠાણમાંથી તેઓ બહાર નીકળી પડતા ત્યારે ત્યારે તેઓ દેશને ઉજ્જડ કરી દેતા, અને સુધારો આગળ વધવાને બદલે સેંકડો વર્ષ પર્યંત અટકી જતો.

આપણી પાસે ભાંગેલતૂટેલ સાધનો હોવા છતાં, આવી રીતે લોકો અરબસ્તાનમાંથી ઓછામાં ઓછા ચાર વાર બહાર નીકળી પડેલા હોવાનું આપણા જાણવામાં આવેલું છે, અને તેઓ વચ્ચેનો અંતર અને આપણે હાલ જાણતા નથી તેવાં રણમાંના બીજાં કારણોને લઇને અરબસ્તાનમાંથી આવેલા સર્વે લોકોના સામાન્ય સેમિટીસ ભાષાનાં લક્ષણોમાં થોડાએક ફેરફાર થવાને અવકાશ મળેલો. આ એક પછી એક થતી જતી બોલીઓમાં પોતપોતાનાં લક્ષણો, તેઓ માતૃભાષામાંથી છૂટી પડી ત્યારપછી જળવાઈ રહેલાં (અથવા તેમાં કાંઇપણ વધારો થયલો) તેથી કરીને અમુક સેમિટીસ લોકોના પૂર્વજોને નવી ભાષા શીખવી પડે તેઓ ત્યાર પછી કોઇ પણ પ્રસંગ આવેલો નહિ હોય તો તેઓ કયા કાળમાં તે દેશમાંથી નીકળી ગયલા તે ચોક્કસ રીતે માલૂમ પડી શકે તેમ છે; પરંતુ આવી રીતે નવી ભાષા શીખવી પડે તેવા પ્રસંગ ખરેખરી રીતે ક્વચિત્ જ બને છે તેથી તેમજ બહુ થોડા જ સેમિટીસ ભાષા બોલતા લોકોને તેમના આસપાસના સંજોગોને લઇને પોતાના જનસમુદાયના પિતૃસત્તાક પદ્ધતિ ઉપરના બંધારણમાં કાંઇપણ ફેરફાર કરવાનું કારણ મળેલું છે. તેથી કુટુંબમાંના પિતાની ભાષા નવી પ્રજામાં તેમની તેમ ઉતરતી આવે છે. તે બોલે તે પોતાનાં માણસો સમજી શકે છે, અને તેઓ પણ તે સમજે તેમ જવાબ આપે તેને માટે તે કાળજી રાખે છે.

હવે કોઇએક જંગલી લોકોના ઘાસપ્રદેશની હદ વધારે ફળદ્રુપ અને



સુધરતા જતા પ્રદેશની નજીક હોય અને ખાસ કરીને તેની એકથી વધુ બાજુએ આવા પ્રદેશો આવેલા હોય તો પણ તેઓ જાણી જોઇને તેઓ સાથે કાંઇપણ સંબંધ વિનાના એકલા રહ્યાં કરે છે, તેવું માનવાને કાંઇપણ કારણ નથી. વખતે વખતે હલ્લા કરી પાછા ફરતી વખતે તેઓ સુવ્યવસ્થિત દેશમાંથી પોતાની સાથે કેદીઓ અને લૂટ લઈ આવે છે. ઢોર અને તેઓમાંથી બનતી ચીજો, ચામડાં અને મલાઈ આપી તેના બદલામાં તેઓ ધાતુઓ, હથીઆરો અને ઔષધીઓ લાવે છે. આવી જાતની ચોરી અથવા અદલાબદલી કરતાં વધારે અગત્યની બાબત એ છે કે, જેવી રીતે ખલાસીઓ સમુદ્ર ઓળંધે છે તેવી રીતે માત્ર આ જંગલી લોકો જ રણ ઓળંધી શકે છે, અને તેઓ તેમ કરવાથી એક કિનારાના લોકોને બીજા કિનારા ઉપરના લોકો સાથે સંબંધમાં લાવે છે. રસ્તાની નિશાનીઓ અને કૂવાઓ વિષે તેઓને જ માહિતી હોય છે, અને પોતાના મિત્રોનો લાભ લઇ અને પોતાના શત્રુઓથી દૂર રહી, એક જાતિના મુલકમાંથી લોકોને બીજી જાતિના મુલકમાં વગર જોખમે પહોંચાડી શકે છે. પહેલાં તો આવી જાતનું જવું આવવું લગભગ અચાનક થતું. રણની એક બાજુ ઉપરની બજારમાં ખુલ્લી રીતે ખરીદ કરેલ ચપ્પુ બીજી બાજુએ કોઇએ જોયલી કે સાંભળેલી નહિ તેવી ધાતુનો અથવા ખૂબીવાળો થઇ પડે છે તેથી બીજે વખતે તે જંગલી માણસ તેવા બે ખરીદ કરે છે, અને પોતાનો વધારાનો ચપ્પુ વેચે છે અને તેમ કરવામાં સોંઘો લઇ મોંઘો વેચે છે; પરંતુ વખત જતાં તેમ કરવાનો રિવાજ પડી જાય છે. બંદરોની માફક રણના છેડા ઉપરના ભાગોમાં બજારો થવા પામે છે. અરસપરસની સમજૂતી અને સંમતિથી રણમાંના માર્ગની નિશાનીઓ, કૂવા અને છાવણી નાખવા લાયકની જમીનોને કોઇપણ નુકસાન કરતું નથી. વણઝારાઓને જવા આવવાની યોગ્ય ગોઠવણ કરવામાં આવે છે અને તેઓ રણના દરિયામાંના ચાંચીઆની સામે ઇસ્ટઈન્ડીઅન લોકોની માફક હથીઆરબંધ નિયમિત રીતે જાય આવે છે. રેતીના તોફાન અને લૂટારાઓનું મોટું જોખમ હોવા છતાં આવી રીતે રણમાં થઇને મુસાફરી કરનારાઓને ઘણો જ નફો થતો હોવો

જોઇએ, એ સહજ કલ્પી શકાય તેમ છે. એક વખત ફતેહમંદીથી આવી મુસાફરી કરવામાં આવે કે છોડી ન શકાય તેવી લાલચ વેપારીઓને લાગે છે, અને પછી તેઓમાં, તેથી, તેવી મુસાફરી કરવાનો શિરસ્તો પડી જાય છે અને તેઓના બેકાળુ પ્રકૃતિના ઘરાકોને તેઓના વિના ચાલતું નથી. વણઝારાઓને જંગલી લોકો પોતે જ ભોમીઆ તરીકે ફરજીઆત રીતે દોરી લઇ જાય છે અને તેથી તે જંગલી લોકોની ટેવમાં અને વ્યવસ્થામાં થોડા ઘણા ફેરફાર અવશ્ય થાય છે. તેને લઇને અગમબુદ્ધિ અને નિયમોનું શિક્ષણ તેઓને મળે છે; કારણ કે, ગમે તેટલી મોટી સંખ્યામાં વણઝારાઓ હોય, ( અને જેમ વધારે તેમ ઓછી હરકત પડે છે ) તો પણ તેઓ માર્ગમાં એક કુટુંબના માણસોની માફક, લશ્કરમાં હોય તેવા ચોક્કસ નિયમસર અને મુખીનાં ફરમાનોને બરાબર માન આપીને વર્તે છે. વળી બન્ને છેડા ઉપરના ભાગોમાં તેઓ બેહાળુ જીંદગી ભોગવતા લોકોના થોડા વખત માટેના અથવા દુશ્મનાવટ વિનાના સંબંધમાં આવે છે; કારણ કે, ખલાસીઓની માફક વણઝારમાંના લોકોને માલ મેળવવામાં અથવા માલની રાહ જોવામાં પોતાનો થોડો એક વખત બંદરમાં ગાળવો પડે છે. વળી મુસાફરીમાં બૈરાં, છોકરાં અને ઢોર પુરૂષ વર્ગની સાથે જઈ શકે તેમ ન હતું: કારણ કે ઉતાવળથી મુસાફરી કરવામાં સલામતી તેમજ કરકસર સમાયલી છે, અને વણઝારમાં લડાઈ ન કરી શકે તેવા અને રસ્તામાં નકામું ખવરાવવું પડે તેવા લોકોને લઇ જવામાં આવતા નથી. આ વણઝારાઓને માટે ગોઠવણ કરવામાં આવે છે તેને લઇને થોડે ઘણે વખતે પણ રણમાંના લોકોના જ બંદોબસ્ત નીચે રણ ઉપરનાં બંદરો દરેક રીતે મોટાં શહેરો થવા પામે છે, તથા આ શહેરોમાં ખોરાક પૂરો પાડવા માટે જમીન હાથ કરવામાં અને ખેડવામાં આવે છે. રણની હદમાંના ડમાસ્કસ તથા બોખારા જેવા જે ફળદ્રુપ ભાગો નજીક, બરફ ઓગળીને આવતાં પાણીવાળા, ટેકરીઓમાંથી નીકળી આવતા, ઉજ્જડ જમીનમાં પણ વહે તેવા જોસબંધ ઝરા હોય તે, અથવા તો, રણ જ્યાં યુફ્રેટીસના મધ્યભાગમાં આવેલાં ડીર અથવા આસ્લાબાન અથવા સુદાનમાંના



બર્બરની માફક વહાણો જઇ આવી શકે તેવી નદીની અથવા બર્બરથી શરૂ થતા રસ્તાને છેડે સુઆકીન અથવા આફ્રિકામાંના ટ્રિપોલી અથવા અકાબાહના અખાત ઉપરનાં ઇઝીઑન-ગેબરની માફક સમુદ્રની અડોઅડ હોય તે, આ કામો માટે સર્વેથી સારી જગ્યા છે. રાતા સમુદ્રના કિનારા અને ઐતિહાસિક જમાના પહેલાંની નીલ નદી વચ્ચેનો માર્ગ આ જાતનો હતો, અને તે સંબંધી આપણે અગાઉ વિવેચન કરી ગયા છીએ.

હવે સેમિટીસ લોકોના બૅબીલોનીઆના ઇતિહાસપ્રસિદ્ધ પ્રવેશને, દેશ છોડી જવાને લીધે તેમ જ વ્યવહારને લીધે થયલા એ બન્ને જાતના સંબંધની સાથે લાગે વળગે છે. બૅબીલોનીઆમાંનાં જૂનાંમાં જૂનાં અને મોટાંમાં મોટાં શહેરોમાંનાં બે, યુર અને એરીડુ, “ નદીઓની વચ્ચે ” આવેલાં નથી, પરંતુ યુફ્રેટીસની અરબસ્તાન તરફની બાજુએ આવેલાં છે. યુફ્રેટીસના પુરાતની મુખથી પણ ઉપરવાસ ઘણે દૂર તે નદીનાં મુખ્ય વહેન ઉપરની જે જગ્યાએ મોટાંમાં મોટી આડી નહેરોમાંની એક ટાઇગ્રિસમાંથી આવી મળે છે ત્યાં યુર આવેલું છે, અને તે મુખ્યત્વે કરીને નદીના ઉપરવાસના ભાગો સાથેના વેપાર માટે સગવડતાવાળું હતું. જ્યારે એરીડુ, હિન્દુસ્તાન અને તેજાનાવાળા દેશો સાથે કિનારે કિનારે ઘણા જ પુરાતન કાળથી ચાલતા આવેલા વેપારવાળા અખાત ઉપર, જે અસલ કદાચ ખુલ્લા અખાતની ખાડી અથવા નદીનો પુરાતની બાજુએ નીકળેલો ફાંટો હોવો જોઇએ ત્યાં, યુરથી વધારે નીચાણના ભાગમાં, અને વધારે દૂર આવેલું છે. હાલનાં કરબલા અને કોવીટની જગ્યા સાથે તે પ્રત્યેકની જગ્યા સરખાવી શકાય તેમ છે. તેઓ પછી હાલના વખતમાં થયલાં તેવાં, રણમાં થઇને જતા રસ્તાના છેડા ઉપરનાં શહેરોના દેખાવ જેવો જ તેઓનો દેખાવ હતો. આ રસ્તે થઇને દેશના મધ્યમાંના ફળદ્રુપ ભાગોના જથ્થા તરફ અને ત્યાંથી દક્ષિણમાં પુષ્કળ દૂર આવેલા અરેબીઆ ફેલીક્સના તેજાનાવાળા પ્રદેશમાં અને સીનાઈ અને સીરીઆની દક્ષિણ તરફની કિનારી ઉપરના પ્રદેશમાં જવાય છે. મિસરમાં જ જન્મ પામેલા ત્યાંના સુધારા અને તેના જેવા જ

બૅબીલોનીઆમાંના સુધારા વચ્ચેનો સંબંધ કદાચ આ પાછળથી જણાવેલી દિશા તરફથી થયલો હશે. અસલમાં જ્યારથી વેપાર થઇ શકે તેવા કોઇપણ લોકો દોઆબના ભાગમાં હશે ત્યારથી આ દેશમાં સેમિટીસ લોકો જમાવટ કરવા લાગ્યા હશે, એમ માનવાને આપણને કારણ મળે છે. અસલમાં ગમે તેમ હોય તો પણ, સેમિટીસ લોકોનો બીજી વખતનો કૅનાનાઇટ નામનો આ દેશમાંનો પ્રવેશ, મુખ્યત્વે કરીને, આ જગ્યાએથી જ થયલો, અને તેઓએ તે વખતે પુરાતન શહેરની "કાલ્ડીસનાં યુર" તરીકે ફરીથી સ્થાપના કરી, અને છેવટે બૅબીલોનીઆના દક્ષિણ તરફના સર્વે ભાગોને જોડી દઈ, કાલ્ડીઆ રાજ્ય સ્થાપ્યું હતું.

જે બીજી જગ્યાએથી સેમિટીસ લોકોએ બૅબીલોનીઆમાં પુષ્કળ અસરકારક રીતે દબાણ કર્યું તે દોઆબના મથાળાના ભાગમાં આવેલ છે. આ કરબલા નજીક પશ્ચિમાદા કાંઠાની બાજુબાજુ ઘણા વખત સુધી ચાલ્યા જતા દક્ષિણ તરફના રણમાંના રસ્તાનો છેડો આવેલો છે, અને અહીંઆ તે રસ્તો નદી મારફતના જળમાર્ગ સાથે મળે છે, અને આ જગ્યાની લગભગ સામે નહેર મારફતના વહાણોના માર્ગવાળા પ્રદેશની મધ્યમાં ઐતિહાસિક જમાનાનું તેઓમાં સર્વથી મોટું ગણાતું શહેર બૅબીલોન આવેલું છે. જે બૅબીલોનીઆ સુમેરીઆના લોકોના તાબામાં એટલે ઉંચે દરજ્જે પહોંચેલું ન હતું, તે નવા સેમિટીસ અમલ દરમ્યાન એટલું બહાર પડ્યું તેનું નિઃસંશય એક કારણ એ હતું કે, તેની સ્થિતિને લઇને તે સીધી રીતે કરબલાના જેવા જ કોઇએક પુરાતની શહેરની સાથે, અને તેથી કરીને રણમાંના રસ્તાઓની સાથે જોડાયલું હતું, અને યુરને બદલે તે તેની સ્થિતિને લઇને સેમિટીસ લોકોની ચળવળનું મધ્યબિન્દુ થયલું હતું.

બીજી બાજુએ, સેમિટીસ લોકો બીજીવાર આ દેશમાં આવી વસ્યા તે, અને પહેલીવારની અકાદની જીતના આપણને મળેલા થોડા વૃતાન્ત ઉપરથી, એમ સમજી શકાય છે કે, રણમાંના બંદરોની અસર, આપણે શરૂઆતમાં



જણાવી ગયા તેવી દુકાળને લઇને ફરજીઆત રીતે તે લોકોને એક સામટાં દેશ છોડવો પડેલો, તેની અસર કરતાં ઓછી સજડ હતી. સારગૉન અને નેરૅમ્સીન જે વંશના હતા તેની રાજધાનીનું શહેર 'સુમર' નહિ પણ વધારે ઉત્તરમાં આવેલું 'આકાદ' જ હતું, તે હકીકત સચોટ રીતે સૂચવે છે કે, (આપણા જાણવામાં છે તેમ) મોટી બાજુબાજુ ઉપરની નહેરના રૂપમાં કરવામાં આવેલી ખાસ મજબૂત કિલ્લેબંધીવાળી, પાણી પાઈ પાક કરવામાં આવે તેવી જમીનની પશ્ચિમાદી સરહદ ઉપર સીધો હુમલો કરીને આ મુલક તેઓએ પોતાના કબજામાં લીધેલો ન હતો, પરંતુ તેઓ યુક્રેટીસના ઉપરવાસના ભાગમાં નદી ઓળંગી, મેસોપોટેમીઆનાં ઘાસનાં જંગલમાં દાખલ થઇ ચઢી આવેલા. આવી જાતના ભયંકર અનુભવને લીધે, તથા તેમ ફરીથી કદાચ બને તેવી બીકને લીધે, ચોક્કસ તેઓએ બૅબાલોનીઆની કુદરતી હદથી જરા દૂર, આ રણના મથાળાંના ભાગની એક બાજુથી બીજી બાજુ સુધી યુક્રેટીસથી શરૂ થઈ ટાઇગ્રિસ પર્યંત જતી કહેવાતી "મીડીઅન દિવાલ" બાંધેલી હોવી જોઇએ. તે ચોક્કસ મીડીઅન લોકોની જીત કરતાં ઘણાં જ પહેલાંના વખતની છે. તેનો કાંઇએક ખ્યાલ આપીએ તો તે ચીનમાંની મોટી દિવાલની સાથે બરાબર સરખાવી શકાય તેવી છે. તે બાંધવામાં તેઓનો ઉદ્દેશ જંગલી લોકોને અટકાવવાનો હતો એ સ્પષ્ટ છે; જે પહેલાં મેસોપોટેમીઆમાંના જંગલી લોકોનો કાંઇ પણ ઇતિહાસ આપણા હાથમાં આવેલો છે તેઓ આકાદના સારગૉનના સેમિટીસ જાતિના બંધુઓ છે.

ઍગેડ અથવા આકાદનો મુખ્ય કિલ્લો પોતાના કબજામાં રાખી, ઉત્તર બૅબીલોનીઆમાં આવી જાથુકને માટે રહ્યા કે તુરત, આ ચઢી આવેલા સેમિટીસ લોકોના પહેલા ટોળાએ સુમેરીઆનો દક્ષિણ તરફનો ભાગ જોડી દીધો, અને એક સામટા બળને લઇને, ટાઇગ્રિસ નદી ઓળંગી ઇલૅમનો પ્રદેશ પોતાને કબજે કરવાને શક્તિવાન થયા. સારગૉન અને નેરૅમ્સીનની બીજી ચઢાઇઓ દરમ્યાન તેઓ ઉત્તરમાં સપાટ પ્રદેશની હદ બાંધી દેતી ટેકરીઓના આખા પ્રદેશમાં ફરી વળેલા. તે વખતની તવારીખોમાં ઉત્તર

સીરીઆમાંની જગ્યાએ સંબંધી લખવામાં આવેલું છે, એમ કેટલાએક લોકોનું માનવું છે; અને એમ માનવાને પણ ઘણાં કારણો છે કે, જે દેશને તેરૅન્સીન, મગાન કહે છે તે સીનાઇના દ્વીપકલ્પ છે; પરંતુ અહીં રણમાંને સીધે રસ્તે થઇને વેપારને માટે તે લોકો ગયલા હોય.

બૅબીલોનીઆ તથા ઇલૅમ, બન્નેમાં સેમિટીસ લોકોએ પોતાની ભાષા પોતાની રૈયતમાં દાખલ કરેલી. ઇલૅમમાં ત્યાંની માતૃભાષાની સાથે સાથે માત્ર રાજદરબારની ભાષા તરીકે દાખલ કરવામાં આવેલી, એટલે કેટલીએક વેળા અગત્યનાં દસ્તાવેજો બન્ને ભાષામાં લખવામાં આવતાં, પરંતુ બૅબીલોનીઆમાં દેશની સામાન્ય ભાષા તરીકે તે દાખલ કરવામાં આવેલી. ફક્ત પ્રાચીન શોધખોળ કે અભ્યાસ અને કેટલાંએક ધર્મનાં ક્રિયાકામ માટે સુમેરીઆની ભાષા જળવાઇ રહેલી, અને તે ભાષા સંબંધી ઘણી ખરી માહિતીને માટે આપણે બૅબીલોનીઆમાંના અને તેનાથી પણ વિશેષ ઍસીરીઆમાંના પાછળના વખતના વિદ્વાન લોકોએ સુમેરી ભાષાનાં દસ્તાવેજો જાળવી રાખેલાં તેને, અને તે વાંચવામાં મદદરૂપ થાય તે માટે તેઓએ રચેલા સુમેરી ભાષાના શબ્દોના અર્થ સેમિટીસ ભાષામાં આપવામાં આવેલા તેવા શબ્દકોષોના આભારી છીએ. તેઓ પોતાની ભાષા લાવ્યા, અને જીતનો પહેલો આવેશ ચાલુ રહ્યો ત્યાંસુધી ત્યાંની વ્યવસ્થામાં કાંઇક જીવ તેઓએ આણ્યો; પરંતુ તેનાથી વિશેષ કાંઇપણ વધારો બૅબીલોઆમાંના સુધારામાં આ વહેલામાં વહેલા આવેલા સેમિટીસ લોકોએ કરેલો નથી, અને ખરેખર તેઓ કાંઇપણ આપી શકે તેમ નહતા. બૅબીલોનીઆની બહાર તેઓ ગયલા હશે, તોપણ તેનાં કાંઇપણ ચિહ્નો માલુમ પડતાં નથી, અને તેનું મુખ્ય કારણ એ છે કે, આશરે એક હજાર વર્ષ પછી બીજી વખત તે લોકો ચઢી આવ્યા ત્યારે એટલે દૂર ગયલા કે, પહેલી ચઢાઇનાં કંઈ પણ ચિહ્નો રહેલાં હશે તે સર્વે ધોવાઈ નાબૂદ થઇ ગયલાં.

ત્રીજી હજારીના પાછળના અર્ધભાગમાંની આવા કોઇ પણ વખતે થયલી



આ સેમિટીસ લોકોની બીજી ચઢાઇનો ફક્ત જૂજ ઇતિહાસ આપણને મળેલો છે. સીરીઆના કિનારા ઉપરના ભાગમાં તેની સર્વેથી કાયમ અસર જોવામાં આવે છે તેને લઇને આ ચઢાઇને સામાન્ય રીતે " કૅનાનાઇટ " તરીકે જણાવવામાં આવે છે; પરંતુ "કૅનાન" એ નામ ચઢી આવેલા સેમિટીસ લોકોનું, કે જે લોકો જે દેશ ઉપર તેઓ ચઢી આવેલા તે લોકોનું અથવા તે દેશનું તે નામ હતું, તે ચોક્કસ નથી તેવી જ રીતે ત્રીજી અથવા " ઍરૅમીઅન " ને નામે ઓળખાતી ચઢાઇને પરિણામે સેમિટીસ લોકો ત્યાં આવી જથુકને માટે વસ્યા તેની પહેલાં થોડાએક વખત ઉપર મિસર તેમ જ ઍસીરીઆ, એ બંનેના લોકો ઘણી વખત " કૅનાન " ની પેલી બાજુ મધ્ય ભાગમાં આવેલા પ્રદેશને "આમુરાઇ" અથવા " આમોરાઇટ " ના જે નામથી ઓળખતા તે નામના સંબંધમાં પણ શંકા રહેલી છે.

આ બીજી અથવા કૅનાનાઇટનાં નામે ઓળખાતી ચઢાઇને લીધે તેઓ ફક્ત કૅનાનમાં જ દાખલ થયલા ન હતા. હૅડાડ, રાઇમન, ડૅગૉન વિગેરે દેવદેવતા અને માણસાનાં ચોક્કસ રીતે કૅનાનાઇટ જાતિનાં નામ આશરે ૨૩૦૦ ની સાલ પછીથી બૅબીલોનીઆમાં એકદમ સામાન્ય થઇ ગયલાં. ઉત્તર બૅબીલોનીઆમાં નવા વંશના પુષ્કળ જુસ્સા અને મોભાવાળા રાજા રાજ કરવા લાગ્યા, અને તે રાજાનાં નામ કૅનાનાઇટ જાતિનાં હતાં. તેઓએ દક્ષિણ તરફના ભાગો પણ જીતી લીધા, અને ( પોતાના પૂર્વજોની માફક ) આકાદના મુલકમાં પોતાનું મથક રાખવાને બદલે તેઓએ અત્યાર સુધી સાધારણ દરજ્જાના શહેર બૅબીલોનને એક એકત્ર અને સારી રીતે જોડાયલા ભાગોવાળા રાજ્યનું મધ્યસ્થ રાજધાની બનાવ્યું. ઍબ્રાહામની વાર્તામાંનો મહત્ત્વનો બનાવ જેને પરિણામે બનેલો તે જૉર્ડનવાળી સરહદ ઉપર મોટી " ચાર રાજાઓની પાંચ રાજાઓ સાથેની લડાઇ " આ અરસામાં થયલી હોવી જોઇએ. ગમે તેમ હોય તો પણ, આ ઇઝરાલાઇટ વાર્તામાંના કૅડૉર્લેઓમરના મળતીઆ રાજાઓમાંના એક, " શીનારના રાજા ઍમ્રાફેલ " નું નામ તે જ, પાછળના વખતમાં બૅબીલોનીઆની સ્વતંત્રતા

માટે ફરીથી વ્યવસ્થા કરનાર અને દુનિયામાંના મોટા કાયદા ઘડનારાઓમાંના પહેલા હૅમ્મુરાબીનું નામ હતું, એમ જણાય છે.

તે જ ચઢાઇને વખતે સેમિટીસ લોકોનો એક બીજો ભાગ, પહેલી ટેકરીઓની પેલી તરફ ટાઇગ્રિસની ખીણના મધ્ય ભાગમાં દાખલ થયલો અને ત્યાં બીજું સેમિટિક રાજ્ય, જે પાછળથી ઍસીરીઆ તરીકે પ્રખ્યાત થયું, તેનો પાયો નાખેલો; કારણ કે, આશરે ઇ. સ. પૂર્વે ૧૮૦૦ ના અરસામાંના ઇતિહાસમાં માલુમ પડતા તેના પહેલા રાજાઓનાં નામ તેવાં જ. કૅનાનાઇટ જાતિનાં છે. તે જ ભાષાવાળા બીજા લોકો વળી ખાબર અને યુફ્રેટીસ વચ્ચેના ઉંચા નીચા હૅરાનના પ્રદેશ સુધી પહોંચી ગયલા; પરંતુ અહીં તેઓએ કોઈ પણ રાજ્ય સ્થાપેલું નહિ, અને ફક્ત છૂટાછવાયા અને ઘણો થોડો જ વખત રહેલા. તે ખરેખર એવો શૂન્ય પ્રદેશ છે કે, ત્યાંની વસતિ એક જગ્યાએ રહી શકે તેમ ન હતું, તેમ જ ખીણખીણના વિભાગ બનાવી એક બીજા સાથે સારા સંબંધવાળા પાડોશી પણ તેઓ થઇ શકે તેમ ન હતું. તેવી રીતે યુફ્રેટીસની પશ્ચિમ દિશાએ પણ ત્યાં આવેલા કૅનાનાઇટ લોકોએ યુફ્રેટીસ અને ભૂમધ્ય સમુદ્ર વચ્ચેના ઉંચી જમીનના આખા પટ્ટામાં અને તેની દક્ષિણમાં મોટા રણની કિનારી પર્યંત દરેક જગ્યાએ પોતાની છાપ બેસાડેલી.

પરંતુ, સીરીઆમાંના સમુદ્ર કિનારા ઉપરના તેઓના ફેલાવા સંબંધી આપણે ઘણું જ થોડું જાણીએ છીએ. જે આબેહુબ વર્ણન આપણને મળેલું છે તે જેનિસીસ મધ્યેનું જ છે, અને તેમાં જે ભટકતી ફરતી જાતિ એક વખત બૅબીલોનીઆની રણની કિનારી ઉપર યુરની આસપાસ રહેલી, અને પાછળથી યુફ્રેટીસ નદી તેના ઉપરવાસના ભાગમાં ઓળંગી, હૅરાનમાં રહેલી, તે પાછી કેવી રીતે ડૅડેશનને માર્ગે પશ્ચિમ તરફ આગળ વધેલી અને ઇશાન ખૂણા તરફથી કૅનાનના કિનારાના પ્રદેશમાં દાખલ થયલી, તે સર્વ વર્ણન આપવામાં આવેલું છે. (તે વાર્તામાં લખેલ છે તે પ્રમાણે) છેવટે તે લોકો



મિસર સુધી આગળ વધેલા, અને ત્યાંથી પાછા કૅનાનમાં આવેલા. તેમ કરવાથી પોતે જ "ભરવાડ રાજા" હોવાથી પોતે જાણે કે પોતાની દ્રષ્ટિથી ઇસ્કૅાસવાળો જમાનો જોઈ ગયા. રણની કિનારીની આસપાસનો મુલક સઘળો જંગલી લોકોના હાથમાં આવી ગયાનું જણાવવામાં આવે છે; કારણ કે ઍબ્રાહામનાં કુટુંબનાં માણસો પોતાના જૂના રહેઠાણ નજીકના પોતાના જાતિબંધુઓ સાથે વ્યવહાર ચાલુ રાખતાં અને આઇઝૅક અને જૅકબ તે વખતે પણ ત્યાં પરણી આવેલા. આપણે જાણીએ છીએ તેમ, આ ચોક્કસ જાતિ, તેને લગતી દંતકથાઓ પ્રમાણે, પાછી એક વખત મિસરમાંના અઢારમા વંશના વખતને મળતા આવતા અરસામાં મિસરમાં આવેલી, અને પાછી ઓગણીશમા વંશના છેવટના ભાગમાં રણ તરફ નાસી ગયલી. છેવટે બારમા સૈકા દરમ્યાન "જૉર્ડનની પેલી તરફ" થી પૅલેસ્ટાઇનમાં તે પાછી દાખલ થયલી; પરંતુ આ એક જુદો જ ઇતિહાસ છે, અને તે સંબંધી આપણે પાછળથી વિવેચન કરીશું. યુફ્રેટીસ નદીની ઉપરવાસ અને સીરીઆમાં ફક્ત પહેલીવાર તે જાતિના લોકો ભટકતા ફરતા તે ઉપરથી બીજી ફેરાની સેમિટીસ લોકોની ચઢાઇ વખતની સ્થિતિનો ખ્યાલ કરી શકાય છે.

કૅનાનાઇટના નામે ઓળખાતી ચઢાઇને લીધે મિસરમાં પણ અસર થવા પામી હતી કે નહિ, તે એક સવાલ પડતી બાબત છે. આ ચઢાઇની બીના ઇ. સ. પૂર્વે ૨૦૦૦ થી ૧૫૦૦ ની વચ્ચેના સૈકામાં બનેલી તે દરમ્યાનના મિસરના ઇતિહાસના સારી રીતે ચોક્કસ ભાગ પડેલા છે. અગાઉ આપણા જાણવામાં આવેલું છે તેમ, પુષ્કળ સમૃદ્ધિવાળા બારમા વંશની આગળના અને પાછળના બન્ને વખતમાં, તે દેશમાં અરાજકતા અને પરદેશીઓનો જુલમ વર્તતાં હતાં, અને તે એમાંથી એક: વખતની તેવી સ્થિતિ કેટલેક અંશે કૅનાનાઇટ જાતને લીધે થયલી, એમ પ્રથમ દૃષ્ટિએ લાગે છે. કમનશીબે બારમા વંશની મુદત હજી નિશ્ચિત થયલી નથી. કેટલાએક લોકો તે ઇ. સ. પૂર્વે ૨૫૦૦ જેટલા વહેલા અરસામાં થયલો, એમ માને છે; અને તે પ્રમાણે હોય તો, કૅનાનાઇટ નામે ઓળખાતી ચઢાઇ ત્યાર પછી

થયલી; અને તેમ હોય તો તે હકીકતને લીધે મિસરના પાછળના વખતમાં તારાજ કરનારા પરદેશીઓના હુમલા સંબંધી આપણને સમજ પડે છે. બીજાઓ એમ માને છે કે, તે ઇ. સ. પૂર્વે ૧૯૦૦–૧૮૦૦ જેટલા મોડા અરસામાં થયલો, એટલે તે પ્રમાણે ગણીએ તો, કૅનાનાઇટ લોકોની સર્વેથી પ્રથમની ચઢાઇ બારમા વંશની શરૂઆત પહેલાં ક્યારની થઇ ગયલી. છતાં વળી એક ત્રીજી સંભવિત બાબત બાકી છે; અને તે એ છે કે, તે અગત્યના અરસામાં જ બારમા વંશની સત્તા ચાલતી હતી, અને જે સંકટ દૂર કરવાની તેનામાં સત્તા ન હતી તેને તેણે જરા રોકી રાખેલું.

ઍબ્રાહામની "મિસરમાં ઉતરી પડવા" ની વાત ઉપરથી સ્પષ્ટ થાય છે કે, આ ભટકતા ફરતા સેમિટીસ લોકો તેઓની સફર દરમ્યાન નાની સંખ્યામાં અને પ્રસંગોપાત તોપણ ચોક્કસ મિસર સુધી પહોંચેલા; અને તેને માટે કાંઇ ચોક્કસ તારીખ આપી શકાય તેમ છે. બૅબીલોનના હૅમ્મુરાબીના રાજ્ય દરમ્યાનમાંના બનાવોનું બ્યાન જે "ચાર રાજાઓની પાંચ રાજાઓ સાથેની લડાઈ" આપે છે તે લડાઇના વખતથી જરા વહેલો ઍબ્રાહામ પૅલેસ્ટાઇનમાં સ્થાયી થયલો, અને હૅમ્મુરાબી ઇ. સ. પૂર્વે ૨૩૦૦ પછી તુર્તમાં ગાદીએ આવેલો.

લેબૅનાન અને યુફ્રેટીસ વચ્ચેના જે પ્રદેશના નામ ઉપરથી સેમિટીસ લોકોની ત્રીજી ચઢાઇને "ઍરૅમીઅન" ને નામે ઓળખવામાં આવે છે તે પ્રદેશ એકલામાં જ તેઓએ એક મોટી સત્તા સ્થાપેલી. ઇ. સ. પૂર્વે ૧૩૫૦ ના અરસામાં જે જંગલી લોકોનાં ટોળાંઓને બૅબીલોનના રાજાઓ "સુતી" અને "અકલેમી" કહેતા તે યુફ્રેટીસ ઉપરની આખી સરહદ ઉપર રંજાડ કરતાં હતાં; તે વખતે અરબસ્તાનના ઇશાન ખૂણા તરફના ભાગમાંથી ઍરૅમીઅન લોકોએ બહાર પડવું શરૂ કરેલું જણાય છે. તે જ અરસામાં તે જ લોકોએ ઍસીરીઆને હેરાન કરવાની શરૂઆત કરેલી, તે ઉપરથી આપણે એમ માની શકીએ છીએ કે, તેઓ નદી ઓળંગી



મેસોપોટેમીઆના પ્રદેશમાં ફેલાઇ ગયલા. એક હજાર વર્ષ પહેલાં હૅરાનના મુલકમાં કૅનાનાઇટ લોકોએ જેમ કરેલું તેમ જ, ઈ. સ. પૂર્વે ૧૩૦૦ લગભગમાં શૅલ્મેનેસર પહેલો જે લોકોને "ઍરીમી" કહે છે તેઓ ખાબર નદીને માર્ગે આગળ ચઢી આવતા અને ટાઇગ્રિસના ઉપરવાસના ભાગને ધાસ્તીમાં નાખી દેતા તેને માલૂમ પડેલા. ઈ. સ. પૂર્વે ૧૧૩૦ લગભગમાં જ્યારે લાંબા વખતથી ચાલી આવતી ગેરવ્યવસ્થામાંથી નીકળવાની ઍસીરી-આમાં શરૂઆત થયલી ત્યારે પણ ટાઇગ્રિસના ઉપરવાસના ભાગથી શરૂ થઈ યુફ્રેટીસ પર્યન્ત ટેકરીઓમાં "ઍરૅમીઅન અકલેમી" લોકો છૂટાછવાયા જોવામાં આવતા; પરંતુ તે વખતે યુફ્રેટીસ અને પશ્ચિમ સમુદ્રની વચ્ચે કર્કેમીશની પશ્ચિમમાં આવેલાં વ્યવસ્થિત સંસ્થાનોનો સમૂહ તેઓની સત્તાનું મધ્યસ્થાન હતું. આ અને કૅનાનાઇટની ચઢાઇની વચમાંના વખતમાં જેની ચઢતી થયલી તે ઉત્તર સીરીઆમાંનું હીટાઇટ લોકોનું રાજ્ય પડી ભાંગી, આ વખતે તેની જગ્યાએ "ઍરેમીઅન" લોકોની સત્તા વધેલી.

આ ઍરેમીઅન લોકોનાં એકત્ર થયલાં રાજ્યોના કબજામાં સર્વે રણના માર્ગો હતા, તેથી ડમાસ્કસ તેઓની મહેરબાની ઉપર નભતું હતું; અને વખત જતાં જ્યારે તેઓને એક રાજધાનીની જરૂર લાગી ત્યારે તેઓની રાજધાનીનું તે શહેર થયલું. ડેવિડના વખતથી એહેબના સમય સુધી ઇઝરા-યલ લોકોને ધાસ્તીમાં રાખનારા "સીરીઅન" લોકો, તે જ, ખરૂં જોતાં, સુધરેલા અને સ્થાયી થઈ બેઠેલા, આ ઍરેમીઅન લોકો જ હતા. પાછળના વખતમાં તેવી જ જાતની સ્થિતિ આરબ ખલીફોના વખતમાં ડમાસ્કસની હતી. અગાઉથી જ સર્વવ્યાપક અને તે વખતે વેપાર ઉપર કાબુ ધરાવતા હોવાથી તેઓની ભાષા મેસોપોટેમીઆથી મિસરની સરહદ સુધી દરેક દેશની ભાષા તરીકે સ્વીકારવામાં આવેલી, અને સીરીઆની ભાષા અને તેના સાહિત્ય દ્વારા આરબ લોકોની જીત પર્યંત તે હયાતીમાં રહી હતી. બીલકુલ અગત્ય વિનાના ઉથલા અને નશીબદાર સ્થિતિના ઉલટાપાલટા થતાં થતાં આ ડમાસ્કસનું રાજ્ય સીરીઆમાં આશરે બસેં વર્ષ પર્યંત સત્તાવાન રહેલ.

ચોથી અને મોડામાં મોડી ઇસ્વીસનના સાતમા સૈકામાં આરબ લોકોની ચઢાઇ થયલી. તેઓની અગાઉના લોકોની માફક તેઓ રણની ઉત્તર તરફની આખી કિનારી ઉપરથી બહાર પડેલા, અને એક સૈકાની અંદર તો સીરીઆ અને મિસરમાં જ નહિ, પરંતુ આખા ઉત્તર આફ્રિકા અને સ્પેનમાં પણ તેઓ ફરી વળેલા. તેઓએ સિસિલી પોતાને કબજે કરેલું, કૉન્સ્ટન્સ ઉપર હુમલો કરેલો, અને ફક્ત ફ્રાન્સમાં સને ૭૩૨ ની સાલમાં પૉઇટીઅર્સ નજીક તેઓને રોકી રાખવામાં આવેલા. પૂર્વ તરફ ઇરાનમાં ફરી વળીને હિન્દુસ્તાનમાં તેમણે પોતાનું સામ્રાજ્ય સ્થાપેલું, અને છેક સિંગાપોર પર્યન્ત લડાઇ ચલાવેલી, અને સમુદ્રમાર્ગે વેપાર ચલાવેલો. અત્યારે આપણે તે બાબતની વિગત સાથે કાંઇપણ સંબંધ નથી.

# પ્રકરણ ૬ ઠું.

## બૅબીલોનીઆના ઉચ્ચ પ્રદેશમાંના પાડોશીઓ.

સેમિટીસ લોકોના આગમનને લીધે એક બાજુએ સ્થાયી ખેતીવાડી અને છેવટે હુન્નરઉદ્યોગવાળા, અને બીજી બાજુએ જંગલી અને ભરવાડની જીંદગીવાળા અથવા બહુ તો બીજા લોકોની મહેનતને લઇને થયલી પેદાશના વધારાની અદલાબદલી કે વેપારવાળા, એમ જુદી જુદી જાતના સુધારા વચ્ચેની વિરૂદ્ધતાના પહેલવહેલા મોટા દાખલાનો આપણને પરિચય થયલો છે. જે પ્રદેશમાં સ્થાયી રહ્યા વિના અને ખેતી કર્યા સિવાય ચાલે નહિ, પોતાની જ ખાસ રીતભાત અને સંસ્થાઓ વખત જતાં નવીન કાર્યો અને નવીન સગવડતાઓને લઇને ચોક્કસ અદૃશ્ય થવાની જ હતી તેવા પ્રદેશમાં ભરવાડની જીંદગી ગાળતા લોકોને ફરજીઆત જવું પડયું હતું, તે આપણે જોયલું છે; અને દરેક વખતે પહેલાંના લોકોએ જીતેલા પ્રદેશમાં નવીન સંખ્યાબંધ અને વગર સુધરેલા લોકોના ઉપરા ઉપરી આવવાને લીધે સ્થિર વ્યવસ્થાવાળા પ્રદેશમાંના મિશ્રિત સુધારાનો, સેમિટીસ લોકોના આગમન પહેલાંના વખતનો, અસલનો પાયો જડમૂળથી કાઢી ન નાખતાં, તે સુધારામાંનાં સેમિટીક તત્વો બળવાન બનતાં તેવી રીતે એક જ વખતે નહિ, પરંતુ વારંવાર થતો ફેરફાર પણ આપણે જોયલો છે.

બૅબીલોનીઆના તેના રણમાંના પાડોશી સાથેના અને સાધારણ રીતે રણમાંના લોકોના તેઓનાં વતનની આજુબાજુ નજીકમાંના પ્રદેશો સાથેના સંબંધ વિષે પૂરતું વિવેચન આપણે કરેલું છે. હવે દોઆબની બીજી તરફ આપણે જોવાનું છે.

બૅબીલોનીઓના કમનશીબની એક વાત એ હતી કે, ગરમ હવાને લીધે થતી પેદાશવાળા સર્વે ફળદ્રુપ ભાગો તે બંને નદીઓની વચમાં જ આવેલા ન હતા; અને બીજી વાત એ હતી કે, યુફ્રેટીસથી ઉલટી રીતે ટાઇગ્રિસ નીચાં ટેકરીઓની વચમાં થઇને એવી આડી રીતે તથા ધીમે ધીમે વહી જાય છે, અને તેના વહેનના આ ભાગમાં બાજુ બાજુએથી આવી એટલાં મોટાં નાળાંઓ તેને મળે છે કે, બૅબીલોનીઆ જાથુકને માટે પોતાના તાબામાં રાખી ન શકે તેટલે દૂર છતાં, તેને લાલચ લાગે અને તેથી તેને હંમેશને માટે ધાસ્તીમાં રાખે તેટલા નજીકમાં પુષ્કળ વસતિનો તેની દ્વારા નિભાવ થઇ શકે છે. પહેલા કારણને લઇને ઇલૅમના પ્રદેશમાં એક મોટી સત્તા હયાતીમાં આવી, અને બીજા કારણને લઇને ઍસીરીઆની એટલી ચઢતી થઇ કે, તે સ્વતંત્ર થવા હરીફાઇમાં ઉતરવા, અને પછી પોતાનું સામ્રાજ્ય સ્થાપવાને શક્તિવાન થયું બૅબીલોનીઆના લાંબા કાળના ઇતિહાસમાં તે બન્ને કારણોને લઇને વખતો વખત જુદી જુદી જાતનો ગડબડાટ થયલા, અને તેથી તે સ્થિતિ અને હંમેશની ચાલુ એકલા પડી જવાને લઇને થયલી મિસરની સ્થિતિ વચ્ચેનો તફાવત તદ્દન સ્પષ્ટ જણાઇ આવે તેમ છે.

## ૧ ઇલૅમ.

ઇલૅમના ઇતિહાસની શરૂઆત સંબંધી બૅબીલોનીઆના કરતાં પણ આપણને કેટલીએક રીતે વધારે માહિતી છે. ગમે તેમ હોય તોપણ, જે કેટલીએક બાબતો ખરેખર બૅબીલોનીઆમાં હોય તે પણ કાદવની નીચે ઉંડી દબાઇ ગયલી છે. તે સર્વે આ વધારે ઉંચી જમીનવાળા પ્રદેશમાં અત્યારસુધીમાં આપણા જાણવામાં આવી ગયલી છે. 'સુસા' જે પાછળના સમયમાં "સુશાન મહેલ" ને નામે ઓળખાતું અને જે ઇરાની સામ્રાજ્યનું મુખ્ય શહેર હતું તેની જગ્યાએ ખોદકામ કરવાની બૅબીલોનીઆના ઇતિહાસના સર્વે મુખ્ય ભાગોને લગતાં ખંડીઅર અને દસ્તાવેજોના મોટા જથ્થા ઉપરાંત તેમની નીચે પથ્થરના જમાનાના છેવટના ભાગના સમયમાંના વસવાટને લગતા બે



જુદા જુદા થર એમ. ડી. મૉર્ગનને તેનાં સારાં નશીબે મળી આવેલા એ બેમાંનો પહેલો, અસલ અને પૂર જોસમાં થતાં હુન્નર કળા અને સુધારાના અચાનક ઉદય અથવા આગમનની સ્થિતિ દર્શાવે છે: બીજો તેમને નિર્માલ્ય કરી દઇ ઉત્સાહ વિનાની અને પડતી દિશામાં લાવી મુકનાર કોઇ આફત પછી, તેના તે જ વિચારો કાયમને માટે રહેવા પામ્યા હોય તો તેવી સ્થિતિ દર્શાવે છે. સાધારણ રીતે બને છે તેમ, ત્યાંના કુંભારકામમાંથી ઘણું જાણવાનું મળે છે. અમુક અંશે વાંસમાંથી કરવામાં આવતાં ગુંથણકામ અને સૂતરનાં વણાટકામનું અનુકરણ કરીને, અને અમુક અંશે છોકરાંની માફક જેમ તેમ છોડવા અને જનાવરોનાં ચિત્રો કાઢીને, ઝાંખી જમીન ઉપર ઘેરા ભૂરા રંગની આકૃતિવાળી કુંભારકામની ચીજો મિસરમાંના સુધારાની શરૂઆતના વખતનાં ચિત્રોવાળાં માટીકામનાં કામ સાથે સરખાવી શકાય તેમ છે; પરંતુ તે ચિત્રોની ખુબી તદ્દન જુદી જ છે, અને અત્યારસુધી આ ભાગમાં ઘણાં થોડાં જ ખોદકામને પરિણામે હાથ આવેલી ચીજો જુદી જુદી દૂર જગ્યાઓએ છૂટી છૂટી પડી ગયલી ત્યાંથી, એટલે કે ઉત્તર સીરીઆનાં સફજે–ગ્યુઝી નજીકના હીટાઇટ લોકોના કિલ્લા નીચેના પથ્થરના જમાનાના છેવટના ભાગવાળી જગ્યામાંથી, કૅપેડોશીઆમાંના અસલના વારાના ટેકરાની સપાટી ઉપરથી અને ત્યાંની બોધાઝકયુઇ નજીકની હીટાઇટ લોકોની રાજધાનીવાળી જગ્યાએ ઉંડા ભાગોમાંથી અને વળી તુર્કસ્તાન ઉપર-પડતા ઇરાની ઉચ્ચ સપાટ પ્રદેશની ઉત્તર તરફની કિનારી ઉપર આવેલા અનાઉની પથ્થરના જમાનાના છેવટના જ ભાગવાળી અગત્યની જગ્યાઓ, તથા કાળા સમુદ્રની ઉત્તર તરફની બાજુ ઉપરના સપાટ નીચા પ્રદેશમાંની પુષ્કળ જુદી જુદી જગ્યાઓ અને ત્યાંથી બાલ્કનના દ્વીપકલ્પમાં છેક મૅસીડોનીઆ અને થસ્સલી જેટલી દક્ષિણમાંના સ્થળમાંથી મળી આવેલી ચીજો સાથે ઘણી જ સરસ રીતે સરખાવી શકાય તેમ છે:

હુન્નરકળાની શરૂઆતની જુદી જુદી દરેક સ્થિતિ વચ્ચેના સરખાપણાને વધુ પડતી અગત્યતા અપાઇ જાય છે; પરંતુ આવી જગ્યાઓ વચ્ચે

પુષ્કળ અંતર હોવા છતાં ચોક્કસ અને (ચાલુ હોય તો) સમજી શકાય તેવા પ્રદેશમાં તે આવેલી હોવી નહિ જોઇએ; કેમકે, ગ્રીક લોકો જેઓને સીથીઅન્સ અને સૅકી કહેતા તે લોકોનો સમૂહ છૂટો પડી ગયલો તે સંબંધી, અથવા તુર્કી તથા તાર્તાર લોકો તરફથી મધ્યકાલીન દુનિયામાં આવેલા સુધારાની વહેંચણી સંબંધી માહિતી, એક નકશો કાઢીને આપવાને યત્ન કરવામાં આવે તો, જે પ્રદેશમાં તે આવે તેના જેવો જ આ પ્રદેશ થાય. ભૂગોળની દૃષ્ટિએ જોતાં, ખરેખરી રીતે તો, સુધારાની પથ્થરના જમાનાના છેવટના ભાગના જેવી સ્થિતિમાંના, ત્યારે પણ શોભા આપનારી કળાની સાધારણ માહિતી ધરાવનાર, લોકોના છૂટા પડવા બાબતના ઇતિહાસ સંબંધી આપણે વિવેચન કરતા હોઇએ તેમ લાગે છે. તેવી રીતે છૂટા પડવાની શરૂઆત, તુર્કી અને તાર્તાર લોકોની ચઢાઈની માફક, પર્વતોવાળી જમીનના પટ્ટાની ઉત્તરમાંના—ઘાસ પ્રદેશમાં થયલી, અને ત્યાંથી તે લોકો ઘાસ–પ્રદેશની બહાર પશ્ચિમ તરફ ડૅન્યુબની પેલી બાજુ અને નૈઋત્ય દિશામાં છેક યુફ્રેટીસ અને લઘુ એશિયા પર્યંત પણ ગયલા. હવે પછી પ્રકરણ ૯ મામાં સુધારાની બીજી શાખાઓની તેવી જ જાતની વહેંચણી સંબંધી આપણે વિવેચન કરીશું.

મિસરમાંનાં માટીકામના સરખાપણાનો ઉપયોગ એટલો જ છે કે, આપણે કહી ગયા તેમ સુધારાની આ સ્થિતિના અરસામાં જ નીલ–પ્રદેશમાંના લોકોએ પાણી પાઈ પાક ઉછેરવાની, અને ખાતર વિગેરે સાધનોથી થોડી જમીનમાંથી વધારે પાક લેવાની શરૂઆત કરેલી. આ નવીન દિશામાં તેમણે પોતાની શક્તિ વાપરી તેનું પહેલું પરિણામ તો એ આવેલું કે, અત્યાર સુધી મિસરમાંના લોકો જે કળાકૌશલ્ય માટે મગરૂરી ધરાવતા તે દેખીતી રીતે કમી થવા લાગી. સુસામાના પથ્થરના જમાનાવાળા થરમાં તેવું જ પરિણામ આવેલું હોવાનું જણાય છે; અને જે હુન્નરકળા કમી હોવા સંબંધી મી. ડી મૉર્ગન જણાવે છે તે, ઇલૅમના પ્રદેશમાંની ખીણની બાજુઓ અને ઝાડીવાળી જગ્યાઓ સુધારવામાં આવતી હોય તેનું ચિહ્ન



તો નહિ હોય? એમ સહજ સવાલ કરી શકાય તેમ છે. નિપ્પુર સિવાય બૅબીલોનીઆમાંની કોઇ પણ જગ્યાએ ત્યાંના જૂજ માટીકામના ટુકડાઓદ્વારા તેવી સ્થિતિ માલૂમ પડતી નથી, તે બીના ઉપરથી એમ સમજાય છે કે, જ્યારે બૅબીલોનીઆમાંનો સુધારો શરૂ થયો ત્યારે ક્યારનીએ ઇલૅમમાં આ સ્થિતિ આવી ગયલી; અને તે વળી બૅબીલોનીઆમાંનો સુધારો એકાએક અને ઉંચા દરજ્જાથી જ શરૂ થતો જણાય છે, તેનું કારણ પણ સમજવામાં મદદગાર થાય છે. બીજે સ્થળેથી મળેલાં તત્ત્વો સહિત બૅબીલોનીઆમાંનો સુધારો શરૂઆતમાંથી જ સારી રીતે ઉંચા દરજ્જાનો હતો, તેનું કારણ એ હતું કે, મિસરમાંના જુદાજુદા વંશોના સમયના સુધારાની માફક, તેનો પાયો, પ્રાથમિક સુધારામાં સારી રીતે આગળ વધી ગયલા લોકોની બુદ્ધિ અને તેના યત્નોને લઇને અસ્તિત્વમાં આવેલ અર્થશાસ્ત્ર અને ભૂગોળને લગતી સ્થિતિ ઉપર રચાયલો હતો. અમુક સંજોગોમાંથી બીજામાંના પ્રવેશ વખતની સ્થિતિ, જો કાંઇ પણ માલૂમ પડે તો, ઇલમમાંની વધારે નીચાણવાળી જગ્યાઓ જ્યાં મોટા ભીના રહેતા પ્રદેશની ટેકરીઓ તરફની કિનારી ઉપર પહેલાં અખ્તરા થયલા ત્યાં માલૂમ પડી શકે તેમ છે. આકાદ અને સુમેરીઆમાંના દક્ષિણ તરફના પ્રદેશો વચ્ચે પહેલેથી જ માલૂમ પડતા તફાવત સંબંધી સમજ પડે તેટલા માટે યુફ્રેટીસની ખીણમાંના નદીનાં વહેનના હીટથી ઉપરના ભાગોમાં તેવા બીજા અખ્તરા થયલા હોવાનું આપણે અગાઉ ધારી લેવું પડેલું હતું.

પરંતુ, જો કે, સુમેરી લોકોના વખતના બૅબીલોનીઆની સ્થિતિ ઇલૅમમાંના લોકોનાં સાહસને કદાચ આભારી હશે, તો પણ થોડા જ વખતમાં ત્યાંનો સુધારો ઇલૅમના કરતાં આગળ વધી ગયલો, અને ત્યાંના લોકોએ જો કે, સારા ઇરાદાથી તથા શુભ ઇચ્છાને લઇને નહિ, તો પણ સમય જતાં પોતાના ઉપર થયલા ઉપકારનો બદલો વાળી દીધેલો હતો.

ટાઇગ્રિસની પૂર્વ તથા પશ્ચિમમાંના સુધારાની ઉત્પત્તિ અને સંબંધ વિષે આવી રીતે સરખામણી કર્યા પછી આપણે તેઓની અંદર અંદર એક

બીજા ઉપર શું અસર થવા પામેલી તે જોઇશું. બૅબીલોનીઆની માફક ઇલૅમ એક સંસ્થાનના કરતાં ભૂગોળની દૃષ્ટિએ એક પ્રદેશ હતો. કેટલાંએક સુસાની માફક ઉચ્ચ પ્રદેશમાં આવેલાં કેટલાંએક બૅબીલોનીઆમાંના ઇરેકની જેવાં બંદરો અને કદાચ દરિયાઈ વેપારવાળાં, અને કેટલાંએક બબીલોન અને લૅગૅશની માફક નીચી અને ઝાડીવાળી જગ્યામાં વસતિવાળાં, એવી રીતે પુષ્કળ શહેરો તે પ્રદેશોમાં આવેલાં હતાં. બબીલોનીઆમાંનાં સંસ્થાનો માફક અહીંનાં સંસ્થાનોને પણ પોતાના આર્થિક લાભો સાચવવાના હતા, પોતાની મિત્રાચારી અને દુસ્મનાઇ હતી, પોતાનાં વર્તન તથા ઇશ્વર ઇચ્છા વિષેની માન્યતાના ઉંચા આશયો હતા એટલું જ નહિ; પરંતુ તે ઉપરાંત ટાઇગ્રિસની પેલી તરફના સુધારાને ઘણી રીતે મળતા આવતો, અને ધીમે ધીમે તેનાથી ઘણી રીતે જુદો જ પડી જતો એક જાતનો સુધારો આ સંસ્થાનોમાં સ્પષ્ટ રીતે ચાલુ પણ હતો.

વળી તે બે પ્રદેશો વચ્ચે કજીઆ થવાનાં બે જાથુકનાં કારણો હતાં. એક તો બૅબીલોનીઆમાં પથ્થર, તાડ અને રેસાવાળાં સોટા જેવા ઝાડનાં લાકડાં સિવાય બીજાં લાકડાં, અને કોઇપણ ધાતુ લગભગ બીલકુલ ન હતાં. આ સર્વ ચીજો ઇલમમાં પુષ્કળ હતી, અને ખાસ કરીને સૂસામાંથી સારામાં સારી અને વધુમાં વધુ સહેલાઇથી મળી શકે તેવી ચીજો મળી શકે તેમ હતું. વળી ઇલૅમ એકલામાંથી જ આ ચીજો મળી શકે તેમ હતું; કારણ કે ટાઇગ્રિસના ઉપરવાસના ભાગમાં બીજી કોઇપણ જગ્યા સાથે જળમાર્ગે વ્યવહાર ચાલી શકે તેમ ન હતું, અથવા ત્યાં જવાને કરખેહ તથા કારૂન જેવા ખીણમાં થઇને જતા રસ્તા પણ ન હતા. ખરૂં જોતાં, તેનાથી નજીકમાં નજીક જગ્યા આશરે ત્રણસે માઇલ દૂર ઍસીરીઆમાં આવેલી છે, તેથી બૅબીલોનીઆમાંનો કોઇપણ રાજા પોતાને પૂરતો બળવાન સમજે તેને લલચાવવાને આ પ્રદેશ "નેબાથની દ્રાક્ષવાટિકા" જેવો હતો.

બીજું, ટાઇગ્રિસનું વહેન અચાનક જોસબંધ અને પુષ્કળ દૂર ફરી જાય તેમ હંમેશાં હતું; અને આ જોસબંધ અને કાબુમાં ન રહે તેવી રીતે



વહેતા પાણીનું વહેન એ બે પ્રદેશો વચ્ચેની હદ બાંધી લેતું હોવાનો સંભવ છે, તો તે આવી રીતે જગ્યા બદલતું હોવાથી સેંકડો વર્ષે પણ જમીનની માલેકી સંબંધી તકરાર તેને લીધે ઉભી થવી જ જોઇએ, અને તેનો નિવેડો લડાઇ સિવાય થઇ શકે જ નહિ. તેમ જ ઉપરવાસના ભાગમાં જો કે ટાઇગ્રિસ કિનારી તરીકે જ છે, તો પણ જ્યાં તેનો દોઆબ ઇલૅમમાંની નદીઓના દોઆબોની સાથે મળી જાય છે ત્યાં તે તેવી નથી; તેથી બૅબીલોનીઆમાંની સ્થિતિ જે પ્રદેશને આપણે સાધારણ રીતે બૅબીલોનીઆ કહીએ છીએ તેની બહારના ભાગોમાં પણ ચાલુ રહેલી. આ સ્થિતિ 'પો' નદીની બન્ને બાજુઓ ઉપરના "સિસઆલ્પાઇન' ગૉલ લોકો સાથેના અને રૂહાઇન ની ખીણમાંની જાતિઓ સાથેના વ્યવહારમાં રોમને પડેલી મુસ્કેલીઓ સાથે સરખાવી શકાય તેમ છે. કાદવવાળી જમીનની કિનારી ઉપર બૅબીલોનીઆની આર્થિક સરહદ આવેલી છે, અને ટાઇગ્રિસની પેલી તરફનો કાદવવાળી જમીનનો ભાગ બૅબીલોનીઆએ પોતાને હસ્તક કરી લેવાને પાત્ર જ હોય, તેવી સ્થિતિ હતી.

આ મુખ્ય સંજોગોમાં લાંબા સમય સુધી તેઓ વચ્ચે હરીફાઇ ચાલતી હતી તે કેવી રીતે ચાલતી હતી, અને બન્ને બાજુએ તેની શું અસર થઇ તે સંબંધી ઇતિહાસ મળી આવેલો છે, અને તે ઇતિહાસમાંના કેટલાએક ભાગ સંબંધી હવે શંકા પણ રહેલી નથી. બન્નેમાંથી જે કોઇ એકના લસ્કરોનો, કોઇ એક હોંશિઆર નાયકના હાથમાં, વધારે સારો અને એક સામટો ઉપયોગ થઇ શકે, તે ઉપર સત્તાના સમતોલપણાનો આધાર રહેતો હતો.

## ૨. ઍસીરીઆ.

બૅબીલોનીઆને ત્રાસ પમાડનાર બીજા લોકો તેની તરફના ઉચ્ચ પ્રદેશોમાં રહેતા હતા. યુફ્રેટીસના ઉપરવાસના ભાગના સંબંધમાં નથી તેમ ટાઇગ્રિસ, ઉંચા પર્વતોમાંથી નીકળ્યા પછી અને રેતીની કિનારી ઉપર આવ્યા પહેલાં, આશરે એકસો માઇલ પર્યન્ત ખુલ્લા ખેડી શકાય તેવા પ્રદેશમાંથી ચાલી જાય

છે, તથા તેની મોટી શાખામાંથી કેટલીએક આવી ત્યાં તેને મળે છે. આ શાખાઓની ખીણો પણ ફળદ્રુપ છે, અને તેમાંની છેલ્લી લેસરઝાબ અગ્નિકોણ તરફથી આવતા હલ્લા સામે બચાવ કરનારી સરહદનો અર્થ સારે છે.

આ પ્રદેશનો નીચાણવાળો અર્ધભાગ ઉત્તર તરફના અર્ધભાગ કરતાં વધારે સૂકો, ગરમ તથા ઘણો જ ઓછો રસાળ છે; છતાં પણ નદીના નીચેવાસ તરફના લોકોને પ્રથમ આ ભાગની જ માહિતી મળેલી, અને તેઓ પ્રથમ ત્યાં જ આવી વસેલા. તેથી કરીને, જે પ્રદેશના સ્થાનિક 'આશર' નામના દેવ, આ ભાગ જીતી લેનારા સેમિટીસ લોકોની જાતિના અસલ દેવ હતા તે, જેમ જેમ તે દેવમાં માનનારા લોકો બાકીના ભાગ ઉપર પોતાની સત્તા જમાવતા ગયા તેમ તેમ, આખા ઍસીરીઆની પ્રજાના દેવ થવા પામ્યા, તે પ્રદેશ આંહીં આવેલો છે. બૅબીલોનીઆની સાથે અથવા પાછળના વખતનાં નીનેવેની સાથે પણ સરખાવતાં આ પ્રદેશની જમીન કઠણ છે, અને તેની આસપાસની જમીન વધારે કઠણ છે, અને ત્યાંનાં મનુષ્યો ઘણાં મજબૂત હતાં, અને તેમનું રાજકીય બંધારણ પણ તેટલું જ સખત હતું. આશર એક કઠોર મિત્ર તેમ કટ્ટો દુશ્મન હતો. ઍસીરીઆનો કોઇપણ રાજા, પોતાની ફત્તેહ આશરના હુકમ અને ઠરાવને લીધે થયલી નથી એમ ગણવા હિમ્મતવાન થઇ શકતો નહિ. જો આશર ગુસ્સે હોય તો ગમે તેટલી સરસ રીતે ગોઠવી કાઢેલી યુક્તિપણ ફોકટ જવાની. "મારા ભલા દેવ આશર" ના શત્રુઓના હક ઉપર ત્રાપ મારવામાં આવે તો, તેને માટે કાંઇક પણ તેઓએ ઉશ્કેરણી કરવા જેવું કારણ આપેલું હોવું જ જોઇએ, તેમ જ તેઓના ઉપર જે ત્રાસ વરસાવવામાં આવે તેમાં બીલકુલ નિર્દયતા વપરાયલી ગણાય જ નહિ. હાલમાં જર્મની જેને "ખરેખરી રાજ્યસત્તા" કહે છે તે, કોઇપણ અસલના વખતની પ્રજાએ, રોમન લોકોએ પણ, ઍસીરીઆના વિગ્રહોમાં અને તેનાથી પણ વિશેષ ઍસીરીઆની રાજકીય પદ્ધતિમાં જેટલી નિષ્ઠુર ધર્માન્ધતા તથા દયા બતાવવામાં જેટલી પુષ્કળ બે-દરકારી માલૂમ પડે છે તેટલી, વાપરેલી નથી. જે લોકો તેના ભયમાં રહેતા તેઓ તે સંબંધી શું ધારતા, તે યાહુદી ભવિષ્યવાણીમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ છે.



ક્યારે અને શામાટે સેમિટીસ લોકો પહેલીવાર ઍસીરીઆમાં આવી વસ્યા તે ચોખ્ખી રીતે જાણવામાં આવેલું નથી; પરંતુ હૅમ્મુરાબીના સમય પહેલાં તે દેશ જીતી લેવામાં આવેલો, કારણ કે, હૅમ્મુરાબીએ ઍસીરીઆમાં પોતાનું લશ્કર રાખી, એક પ્રાંત તરીકે તેને પોતાને કબજે રાખ્યો હતો. સેમિટીસ લોકોની પહેલી બે ચઢાઇમાંથી એક અથવા બન્નેમાં આ જીત થોડે-ઘણે ભાગે થયલી. જીતનારા લોકોને આ પ્રદેશ કેવી સ્થિતિમાં મળેલો તે હજીધીસુ ચોક્કસ જાણવામાં આવેલું નથી. ઇલૅમમાંના શરૂઆતના કાળના સુધારા જેવો. પરંતુ પથ્થરના જમાનાના છેવટના ભાગ કરતાં જરા આગળ વધેલો, સાદો, ઉચ્ચ પ્રદેશમાંનો સુધારો તે વખતે ત્યાં પ્રવર્તતો હતો. સેમિટીસ લોકો પોતાસાથે જ્ઞાન અને વ્યવસ્થા કરવાની શક્તિ લાવેલા. બૅબીલોનીઆમાં મેળવેલા અનુભવને લઇને તેઓ મોટા પાયા ઉપર પાણી પાઇ પાક ઉછેરતા, ખાણોમાંથી ધાતુ કાઢતા, અને ટેકરીઓમાંથી બાંધકામને લાયક લાકડાં લાવતા. તેઓએ વધારે ભીનાશવાળી ઉપરના ભાગમાંની ખીણમાં પોતાનો કાબુ એકદમ બેસારી, ત્યાંના કુર્દીશ લોકોને સુધારેલા અને તેઓ સાથે લગ્નસંબંધ રાખી પૂરેપૂરી રીતે ભળી ગયલા. તેમની સ્વજાતિય મુખાકૃતિ અને વર્તણૂકમાં આ ભાગમાં આવ્યા પછી પણ એટલો થોડો તફાવત પડેલો કે, કુર્દ એ હાલના જમાનાનું નામ તેઓને આપવામાં કાંઇ વાંધા જેવું નથી. જ્યારે કુર્દ લોકો બહાર નીકળી પડતા ત્યારે, દારૂના વપરાશથી પણ ઘણી જ થોડી ફેરવામલી રાજકીય કળાકૌશલ્યની, લડાઇની તેમ જ સુલેહશાન્તિ ફેલાવવાની તેઓની રીતિ, સાદી જૂના ઍસીરીઆવાળી જ હતી.

મોટા, માણસનાં માથાંવાળા, આખલાની ચોકીવાળા, દરવાજા અને વજનદાર કોતરકામવાળા પથ્થરનાં મુખડાંવાળું, બૅબીલોનીઆની પેઠે ઈંટોનું બાંધકામ ઍસીરીઆમાં હતું. જ્યાં ત્યાં 'આશર' દેવ અને રાજાઓની કીર્તિ ફેલાવનારા દેખાવો, અને ત્રિકોણ આકારના લેખો કોતરવામાં આવતા. તેમની કળા જો કે મૂળ બૅબીલોનીઆમાંથી જ આવેલી, તોપણ તેમાં પાછળથી ઘણો સુધારો વધારો થયલો; છતાં તેમના જાતિસ્વભાવને લઇને તેમાંથી અસલ-

પણું ચાલ્યું ગયલું. તેના છેવટના જમાનામાં જ કદાચ પશ્ચિમ તરફના દેશોમાંથી હાલના જેવી જ જણાતી આવતી જમીનના દેખાવ, ઘોડા, શિકારી કૂતરાઓ, અને શિકાર કરવામાં આવેલા સિંહો વિગેરે સૃષ્ટિસૌન્દર્યની નવીન ખુબી અને મજાહ તેમની હુન્નર કળામાં આવેલી.

હૅમ્મુરાબીએ લસ્કર રાખી ઍસીરીઆને પોતાના કબજામાં રાખેલું તે સમય પછી ઘણા લાંબા કાળ સુધીનો કાંઇપણ ઇતિહાસ આપણને મળી શકતો નથી. ઈ. સ. પૂર્વે ૨૦૦૦ પછી થોડે વખતે જ્યારે દક્ષિણ તરફના ભાગોમાં કૅસાઇટ લોકોએ દબાણ કરવાને લીધે હૅમ્મુરાબીના વંશજોના હાથમાંથી રાજ્ય જતું રહ્યું, ત્યારથી પોતાના પૂર્વજો રાજ્ય કરતા આવ્યા છે, એમ પાછળના સમયમાં ઍસીરીઆના રાજાઓ ગણે છે. ૧૪૦૦ ની સાલ પછી તુરતમાં જ અસીરીઆ અને કૅસાઇટ લોકોના રાજા વચ્ચે કોલકરાર થયલા, અને ત્યારપછી બૅબીલોનીઆ તરફથી ટેકો પામેલાં રાજ્યદરબારમાંનાં કાવત્રાંરૂપ લગ્ન સંબંધ, ઍસીરીઆનાં રાજકુટુમ્બમાંની કન્યા અને મિસરના ઍમેન્હાટેપ ૪ થા ની વચ્ચે થયલો, અને ઍસીરીઆને શિક્ષા આપવા દાખલ રાજા અસ્સુરબલીત ચઢી આવેલો, અને તેને અંગે બુર્નાબુરીઅશ કરીને તદ્દન નાની વયના, નામના રાજાને બબીલોનીઆની ગાદી ઉપર બેસાડવામાં આવેલો. બુર્નાબુરીઅૅશના ઍમન્હોટેપ ૪ થા ઉપરના પત્રો ટેલ–એલ–અમાર્નામાંના પ્રખ્યાત દફતરમાં છે. ૧૩૦૦ ની સાલ પહેલાંની બીજી લડાઇઓનાં પરિણામમાં, ઉત્તર તરફ ટાઇગ્રિસના મૂળની દિશામાં, અને પશ્ચિમ તરફ, યુફ્રેટીસ તરફ નીનેવેહના સ્થાપક નહિ, તો તેનો પુનરુદ્ધાર કરનાર રાજા શૅલ્મેનેસરના અમલમાં, ઍસીરીઆના લોકોની પહેલી ચઢાઇ, અને ૧૨૭૫ ના અરસામાં બૅબીલોનીઆની "જીત" એ બે બીનાઓ બનવા પામેલી. બૅબાલોનના જુના શહેરનો નાશ કરવામાં આવેલો, અને "આર્ક આફ ગાડ" નું બાવલું ફીલીસ્ટીઆમાં અને વીઆઇવાળી જ્યુનોનું બાવલું રોમ લઇ જવામાં આવેલ, તેવી રીતે બૅબીલોનના દેવ મર્દુકનું બાવલું ઍસીરીઆમાં લઇ જવામાં આવેલું. પરંતુ આ જીતનારાઓમાં ફરીથી બાંધવાની શક્તિ



હતી. બૅબીલોન ફરીથી ભભકાબંધ બાંધવામાં આવેલું, અને ટાઇગ્રિસમાંથી નવી નહેર કાઢી બાંધવામાં આવેલી, તથા તે દ્વારા તે એક મોટા પ્રદેશમાં પાણી પાઇ પાક ઉછેરવાની વ્યવસ્થા કરવામાં આવેલી, અને આ નવા ધણીના દેશ તરફ જવા આવવાના રસ્તાઓ સુધારવામાં આવેલા. ૧૨૮૬ ની સાલમાં જેઓ વચ્ચે ખુલ્લી રીતે લડાઇઓ ચાલતી તેવા મિસરના લોકો અને તેમના શત્રુ હીટાઇટ લોકો, ૧૨૭૧ ની સાલમાં લડાઇ અને બચાવ બન્ને બાબતોમાં એક બીજાને મદદ કરવા માટે એકદમ જે રીતે મળી ગયા, તે ઉપરથી પશ્ચિમ એશિયામાં ઍસીરીઆના લોકોએ મેળવેલી ફત્તેહની બીજા લોકોમાં શું અસર થયલી, તેનો પૂરેપૂરો ખ્યાલ આવી શકે તેમ છે. ત્યાર પછી એક સૈકા કરતાં પણ વધારે લાંબા વખત સુધી લડાઇમાં એક બીજાની હારજીત થયાં કરતી, અને છેવટે બૅબીલોનમાંથી કૅસાઇટ લોકોને હાંકી કાઢવામાં આવેલા; અને તેના પરિણામમાં લાંબા સમય સુધી ત્યાં અરાજકતા વ્યાપેલી. તે સંજોગોને લઇને ઍસીરીઆને સામ્રાજ્ય સ્થાપવાની ત્રણ તકોમાંની પહેલી મળેલી, અને તેનાં લસ્કરો ભૂમધ્ય સમુદ્રના કિનારાના ભાગ સુધી પહોંચી શકેલાં, તથા લઘુ એશિયામાં દૂર પેઠેલાં, અને ઍસીરીઆ મિસરને સગવડનું થઇ પડેલું. આ સર્વ લડાઇઓમાં નાયક, ત્યાંનો રાજા ટીગ્લેથપીલેસર ૧ લો હતો. તેનું લાંબું રાજ્ય ૧૧૫૦ થી ૧૧૦૦ સુધી ચાલેલું. પાછળથી પડતી થવાનું કારણ બીલકુલ જાણવામાં આવેલું નથી; પરંતુ તે પડતી એક સૈકાથી વધારે વખત રહેલી હતી.

ઍસીરીઆનું બીજું સામ્રાજ્ય આશરે ૯૫૦ માં શરૂ થઇ ૮૦૦ ની સાલથી જરા પહેલાં પડી ભાંગેલું. ત્રીજું સામ્રાજ્ય જે સર્વથી મહાન્ અને ભવ્ય હતું તે જ્યારે ૭૪૫ ની સાલમાં ટીગ્લેથપીલેસર ૩ જો ગાદી પચાવી પડ્યો ત્યારથી શરૂ થઇ, ૬૭૦ ના અરસામાં ટોંચ ઉપર પહોંચેલું, અને ઇ. સ. પૂર્વે ૬૦૦ લગભગમાં તેનો કરૂણાજનક અંત આવેલો. જો કે અસલના વખતથી શત્રુઓ હતા, તોપણ તે વખતે મળી ગયલા તેવા જીત મેળવનારાઓએ સાથે મળી મેળવેલી જીતના પરિણામમાં, તેઓએ, (૧) ઍસી-

રીઆએ ચઢાઇ કરેલી, પરંતુ કોઇ વખતે પોતાના તાબામાં લીધેલ નહિ તેવા લઘુ એશિયામાં જીત અથવા હાર મળવાના પુષ્કળ સંભવવાળા ઘણે ભાગે ઍસીરીઆની પછવાડેના ઉત્તર તથા ઉચ્ચ પ્રદેશમાંના મીડ્સ લોકોના સામ્રાજ્યની, અને ( ૨ ) નવીન બૅબીલોનીઆની સ્થાપના કરી અસીરીઆના રાજાના બૅબીલોનમાંના પ્રતિનિધિએ બંડ કરેલું, અને અરબસ્તાનની કિનારી ઉપર આવેલો સીરીઆનો દરેક મુલક પોતાને પાછો મળવો જોઇએ, અને પોતાની ઇચ્છા મુજબ મિસરની સાથે સંબંધ રાખવાનો હક પોતાને છે, તેમ તેણે દાવો પણ ધરાવેલો.

યુક્તિથી યોજવામાં આવેલાં અને તેનાં પરિણામ જોતાં એકંદર રીતે વ્યાજબી થઇ પડેલ સત્તાના આવી જાતના સમતોલપણા દરમ્યાન, કાંઇપણ કારણ મળ્યા વિના અને તદ્દન અચાનક ઇરાનનો રાજા સાઇરસ જેને હીરોડોટસ " પોતાનો અગ્રેસર " કહે છે તે કૂદી પડેલો. પોતપોતાના રાજાઓ અને રીતરિવાજો કાયમ રાખી સર્વે પાછાં એકત્ર થાય અને સર્વેની ઉપર સામ્રાટ્, એટલે, " રાજાઓના રાજા ", ઇલૅમમાંની પુરાતની રાજ્યધાનીનાં રાજમહેલને નામે ઓળખાતા શુશૅનના શહેરમાં રહીને રાજ્ય કરે તે, તેની પોતાની રાજ્યપદ્ધતિ હતી. " સાઇરસ કોણ હતો, અને તે કેવી રીતે ઇરાની લોકો ઉપર રાજ્ય કરવા લાગ્યો, તે સંબંધી સારામાં સારી હકીકત હીરોડોટસ ( હરદત્ત )નાં જુનાં પુસ્તકોમાંથી મળી આવે છે. ઍસીરીઆના રાજ્ય સંબંધી વિગતવાર ઇતિહાસ માટે તે ઇતિહાસનાં ખાસ પુસ્તકો વાંચવાં જોઇએ; પરંતુ જો મીડ્સ, નવીન બબીલોનીઆ અને સીરીઆ તથા લઘુ એશિયાના, " નજીકમાંની પશ્ચિમ " ના અંદર અંદર ગુંચવાઇ ગયલા ભાગોનું, તેમનો અસીરીઆ સાથેનો સંબંધ લક્ષમાં રાખી, પૃથક્કરણ કરીશું તો, તે સર્વે રાજ્યોનાં મુખ્ય મુખ્ય લક્ષણો અને તેમની ઉત્પત્તિ વિષે એકસામટી માહિતી આપણને સહજ મળી શકશે.

ઍસીરીઆ જ્યારથી રાજકીય અગત્યતાવાળી સ્થિતિએ પહોંચ્યું ત્યારથી પરદેશી રાજ્યો સાથે વર્તવાનાં ચોક્કસ ધોરણ અને પરમુલકમાંનાં



ઘણાં લક્ષ્યબિન્દુઓવાળી સત્તા તરીકે તે આપણા જોવામાં આવે છે, અને આસપાસના ઘણાખરા મુલકો એક બીજાના સમાગમમાં આવી ગયા પછી, અને તેમનામાં અખત્યારની અને લાગવગ બેસાડવાના પ્રદેશોની વહેંચણી થયા પછી, મોડા જે લોકો મેદાનમાં બહાર પડ્યા તેમને યોગ્ય ન્યાય આપવો, એ તે લોકોના રાજ્ય અમલના ઇતિહાસ કર્તાને માટે મુશ્કેલી ભરેલું કામ છે. બીજા મોડા આવનારાઓની માફક, ઍસીરીઆના પાડોશીઓએ પહેલાં તેનો લાભ અને ઉપભોગ લઇ લીધેલો, અને પાછળથી જેમ જેમ તેની સત્તા વધતી ગઇ અને તેના દૃઢ નિશ્ચયો માલૂમ પડતા ગયા, તેમ તેમ તેઓ તેને માન આપવા તથા તેનાથી ડરવા લાગેલા જણાય છે. સોળમા સૈકામાંના ઇંગ્લાંડ અને હાલના આપણા કાળના સંયુક્ત જર્મનીની માફક, ઍસીરીઆને " સૂર્યમાંની જગ્યા ' ઉપર પોતાનો હક હોવાનું અચાનક માલૂમ પડેલું હોય, તેમ જણાય છે; અને જો કે તે જગ્યા લેવામાં ઘણી વખત સખત પાછું પડવું પડેલું અને તેના યત્નો નિષ્ફળ ગયલા, તોપણ તે સારૂ ખાસ દૃઢ નિશ્ચયપૂર્વક અને ઘણી દૂરંદેશીથી તેણે મહેનત કરેલી હતી.

વિગતો બાજુએ રાખી, કેવળ રૂપરેખા ઉપર જ લક્ષ દઇએ તો, ભૂગોળની દૃષ્ટિએ જોતાં ઍસીરીઆ જેવી સ્થિતિમાં તેને લગતા રાજકીય સવાલોના, બૅબીલોનીઆ, ઉત્તર તરફના ઉચ્ચ પ્રદેશ, તથા નજીકમાંના પશ્ચિમ તરફના ભાગને લગતા સવાલો, એવી રીતે ત્રણ ભાગ પાડી શકાય. જ્યાંસુધી ઍસીરીઆ એ ત્રણે વિભાગવાળા શત્રુઓને જુદા જુદા રાખી, એક પછી એક તેમનો નિકાલ કરે, અથવા એક બીજાની સામે અંદર અંદર લડતા કરી નાખે, ત્યાં સુધી પોતાને ફત્તેહ મળવાની કંઇક આશા રહેલી. જો એ બે મળી જાય, તો ઍસીરીઆની સ્થિતિ ઘણી જ કફોડી થઇ જાય તેમ હતું. જો તેવી રીતે ત્રણે એકસંપ કરે, તો પછી ઍસીરીઆનો વિનાશ થાય તેમ હતું, તથા તેવી રીતે ત્રણેના એક સંપને લઇને જ છેવટે નીનેવેહ ભાંગેલું.

આપણે અગાઉ જણાવી ગયા છીએ તેમ, નીનેવેહથી બૅબીલોન અગ્નિકોણ તરફ લગભગ બસેં માઇલ દૂર આવેલું છે. તેની બાજુએ ઇલૅમ

આવેલું છે, અને તેની પાછળ ઇરાની અખાત અને શીરાઝથી કર્માન સુધી ઉચ્ચ સપાટ મેદાનનો, વસતિ થઇ શકે તેવા ભાગોની વચ્ચેનો સુધારા વિનાનો પ્રદેશ આવેલો છે. બૅબીલોનીઆમાં કૅસાઇટ લોકોનો અમલ ચાલતો હતો તે દરમ્યાન તે પાછલા પ્રદેશમાં ઉત્તર તરફના ઘાસપ્રદેશમાંથી નવા ઉતરી આવેલા લોકોની જોરદાર જાતિ વસતી હતી. તે લોકોના ઇતિહાસ સંબંધી આપણે પાછળથી પ્રકરણ ૯ મામાં વિવેચન કરીશું. પરંતુ બૅબીલોનીઆ તે સર્વેની ચાવી હતી. આપણે જણાવી ગયા છીએ તેમ, ઍસીરીઆ પણ હૅમ્મુરાબીના સમયના સારા દિવસોમાં બૅબીલોનીઆના સામ્રાજ્યના તાબાના મુલક તરીકે જ પહેલાં ઇતિહાસકારોની દૃષ્ટિએ પડે છે. ઇ. સ. પૂર્વે ૬૬૮ માં જ્યારે એસૅર્હડૉને, આખર જે એક " સંયુક્ત રાજ્ય " તરીકે લાગણું તેમાં, બૅબીલોનીઆ તથા ઍસીરીઆના સુબાઓ તરીકે, પોતાના બે દીકરાઓને નીમેલા, ત્યારે ઍસીરીઆની થોડા વખતની જાહોજહાલી તેની ટોચે પહોંચેલી. સેનાશેરીબે બૅબીલોનનો નાશ કરવાને મૂર્ખાઇ ભરેલા યત્નો કરેલા, અને તેવી રીતે યત્નો કર્યા પછી તુરતજ, તેને ખુશ રાખવાને એસૅર્હડૉને ઉપર જણાવ્યા મુજબ યત્ન કરેલો. તે ઍસીરીઆએ પોતાના રાજ્યવહીવટમાં બે મોટી ભૂલ કરેલી; કારણ કે, તેને લીધે જીતનારા લોકોની નિરાશા ખુલ્લી પડી ગઇ, બૅબીલોનીઆને પોતાની શક્તિની ખાત્રી થઈ ગઇ, અને ૬૬૪ માં શમસસુમુકીનનું અને ૬૨૫ માં નૅબૉપૉલેસરનું, એવી રીતે એક પછી એક એમ બંડ થવા લાગ્યાં, અને ૬૦૦ ની સાલ પહેલાં તો, ઍસીરીઆનું સામ્રાજ્ય પડી ભાંગી તેને બદલે બૅબીલોનીઆનું નવીન સામ્રાજ્ય સ્થપાઇ ગયું.

ઍસીરીઆની મુશ્કેલીની બીજી બીના ઇશાન ખૂણા તરફના ભાગોનાં આર્મીનીઆ તથા ઝૅગ્રૉસના પર્વતોમાંના મજબૂત પહાડી લોકો તરફથી થતા ત્રાસ રૂપ હતી. જ્યાં સુધી ઍસીરીઆ ગરીબ અને નબળું હતું, તથા તે પ્રદેશમાં સાધારણ ખેતી થતી હતી અને નજીવો વેપાર ચાલતો હતો, ત્યાંસુધી કૅરીઓમાંના કુર્દ લોકોના પૂર્વજોને ટાઇગ્રિસના મધ્યભાગવાળા પ્રદેશ ઉપર



ચઢાઈ કરવાને લાલચ લાગે તેવું કાંઈ પણ નહતું અને તેમ કરવા સારૂ પોતાનાં અંદર અંદરના કજીઆ છોડી દેવા બીલકુલ કારણ મળેલું નહતું. નીનેવેહમાંની બળવાન સત્તા તરફથી જેમ જેમ ખેડુત અને વેપારી લોકોને વધારે ને વધારે રક્ષણ મળતું ગયું, તેમ તેમ લોકોમાં સાહસ વધવા લાગ્યું, અને દોલત એકઠી થવા લાગી, અને સરહદ ઉપર તોફાન શરૂ થયું અથવા શરૂ થશે, એમ લોકોને ધાક રહેવા લાગી હતી, અને એક પછી એક આવતા લાંબા રાજ્ય અમલની શરૂઆતમાં, અથવા તે દરમ્યાન પહાડોવાળા ભાગો તરફના લોકોને નાશયત પહોંચાડવા માટે ચઢાઇ કરવી પડતી હતી.

લાંબા કાળના ઇતિહાસમાં નશિયત પહોંચાડવા માટેની ચઢાઈની યાદીમાં બળવાન શત્રુ સામા થવાના બે દાખલા મળી આવે છે. ઍસીરીઆની ચઢતીના બીજા ભાગમાં અથવા તેની નવમા સૈકામાંની સ્થિતિ દરમ્યાન, આર્મીનીઆમાં વાન સરોવરની આસપાસ ઉરાર્તુનું મોટું રાજ્ય હોવાનું આપણા જાણવામાં આવે છે. નિયમસર એક જ વંશના રાજાઓવાળું તે રાજ્ય હતું, અને કોઈ વખતે ઓછા તો કોઇ વખતે વધુ ખંડીઆ રાજાઓ પણ તેની મદદમાં રહેતા હતા. ભાષા અને ધર્મ પણ તેનાં પોતાનાં હતાં; પરંતુ એક સરખી ચાલી આવતી લિપિ બહારથી ત્યાં આવેલી હતી, અને ઍસીરીઆની હુન્નરકળાની અસર ત્યાંની હુન્નરકળા ઉપર ઘણી થઇ હતી. લઘુ એશિયાની દિશામાં પશ્ચિમ તરફનાં દુશ્મની રાજ્યનો કાંટો તેને દુઃખ આપ્યા કરતો હતો, અને તેને નિર્બળ કરવા માટે આખરે ઍસીરીઆએ તે દુશ્મન રાજ્યનો ઉપયોગ કરેલો. સાતમા તથા આઠમા સૈકામાં આ ને આ જ દેશમાં રાજકીય એકત્રતા અને લશ્કરી અગત્યતા અને બળ પાછાં આવી ગયાં હતાં; પરંતુ તે વખતે ત્યાંના રાજાઓ બીજા હતા. યુરોપમાંથી લઘુ એશિયામાં થોડા સમય ઉપર જ આવેલા લોકોની, ફ્રીજીઅન ભાષા સાથે સંબંધ ધરાવતી નવી ભાષા તેઓ બોલતા હતા, અને વાનના અસલના રાજાઓની માફક, પશ્ચિમ તરફના

દેશો સાથે લડાઇઓ કરવા કરતાં, તેઓ તરફની મદદની આશા રાખતા હતા. પ્રકરણ નવમામાં આ સર્વે હકીકત શું સૂચવે છે તે સંબંધી આપણે ફરીથી વિવેચન કરીશું.

વાન સરોવરવાળા મુલકમાં રાજાઓનો ફેરફાર જે અંધાધુંધીના કાળમાં થયલો, તે દરમ્યાન જ ઍસીરીઆને ઉચ્ચ પ્રદેશ તરફથી રહેતા ભયના બીજા કારણની ઉત્પત્તિ થયલી. ઇ. સ. પૂર્વે ૭૧૩ માં પોતાના દેશની પૂર્વે આવેલા ઝગ્રાસના ઉચ્ચ પ્રદેશ ઉપર ઍસીરીઆના રાજા સૅર્ગોને ચઢાઇ કરેલી તે વખતે તેની સામે થયલા સબળ શત્રુઓમાં ડૈઆકુના મીડીઅન નામવાળા શત્રુનો તે ઉલ્લેખ કરે છે, અને આ વખતથી તેમાં કાંઇક સત્ય હોવાનું માનવામાં આવવા લાગેલી ગ્રીક દંતકથા મુજબ, મીડ્સ લોકોના ઇતિહાસના જમાનામાંના પહેલા રાજા ડૈઑકીસનું રાજ્ય આ અરસામાં જ થયલું છે. એક જ પુરુષનાં આ બન્ને નામ હોવાનો સંભવ છે. મીડ્સ લોકો આ વચમાં વચમાં પર્વતોવાળા ઉચ્ચ સપાટ પ્રદેશમાં કેટલા લાંબા કાળ પર્યંત રહેલા તે કહેવું મુશ્કેલ છે; તથાપિ તેમની ભાષા ઇલૅમની પછવાડેના દક્ષિણમાંના ઉચ્ચ સપાટ પ્રદેશમાં ઘાસ-પ્રદેશના જે લોકો દાખલ થયલા તેમની ભાષા પેઠે ઇરાની સમૂહમાંની છે, અને તેમનામાંનો સુધારો પણ મુખ્ય બાબતોમાં તેના સુધારાને મળતો આવે છે. ઍસીરીઆના સામ્રાજ્યના છેલ્લા સૈકા દરમ્યાન તેને હંમેશાં લાગતો ભય, તેના મીડ્સ લોકો સાથેના વિગ્રહો દરમ્યાન સરદારો અને જાતિઓમાં થયલો પુષ્કળ ગોટાળો, અને ઉચ્ચ પ્રદેશમાંના લોકોમાં સામે થવાની એકદમ વધવા લાગેલી ટેવ, તે સર્વે બાબતો એમ સૂચવે છે કે, આ અરસામાં તે ઉચ્ચ પ્રદેશની પેલી બાજુએથી અથવા ત્યાં જ ફત્તેહમંદ નીવડેલા યત્નોના પરિણામે કોઇએક નવીન વર્ગ દેખાવમાં આગળ આવેલો. વળી એ પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે, વાન સરોવરની આસપાસના મુલકના નવીન રાજાઓ પશ્ચિમ તરફથી આવેલા હોવા છતાં પણ, તેઓની ભાષા તથા મીડ્સ અને તેમના ઇરાની



જાતિભાઇઓની ભાષા એક જ એટલે કે, ઇન્ડો-યુરોપિયન સમૂહમાંની છે, તથા પશ્ચિમ તરફ વધારે દૂર લઘુ એશિયાના પૂર્વ ભાગમાં પણ "મુસ્કી" અને ત્યાર બાદ "ગીમ્મીરી" જેવાં નવીન આગળ પડતાં સંસ્થાનો હયાતીમાં આવતાં હતાં, અને તે સંસ્થાનોમાંની જાતિઓમાં થોડીએક તો તદ્દન જંગલી નહિ તો એક પછી એક રહેઠાણ બદલતી રહે એવા પ્રકારની હતી. હીરોડોટસના જણાવવા મુજબ, મીડ્સ લોકોના ઐતિહાસિક જમાનામાંના ત્રીજા ક્યાક્સારીસ નામના રાજાએ બૅબીલોનને નીનેવેહ સાથેની કટોકટની લડાઈમાં મુખ્ય મદદ આપેલી હતી.

---

# પ્રકરણ ૭ મું.

## પુલ જેવા પ્રદેશ મધ્યેનું પ્રભાત.

ઍસીરીઆની પરમુલક પરત્વે રાજ્યપદ્ધતિનો ત્રીજો સવાલ નજીકમાંના પશ્ચિમ તરફના દેશો સંબંધી છે. મેસોપોટેમીઆ તરફ લક્ષ રાખી નજર કરશું તો, તેમ જ મેસોપોટેમીઆમાંના વિચારો ઉપર ઘણે ભાગે રચવામાં આવેલ ગ્રીક લોકોની નિયમસરની ભૂગોળની દૃષ્ટિએ જોતાં, એશિયા ખંડના જમીનના મોટા સમૂહમાંથી બહાર નીકળી, ગ્રીક લોકોની તથા હાલની ભૂગોળમાં યુરોપ અને આફ્રિકાનાં નામે ઓળખાતા બીજા જમીનના સમૂહો તરફ જતા જુદા જુદા બે પુલરૂપી પ્રદેશો ઍસીરીઆની નજીકમાં પશ્ચિમ તરફ છે. આપણા બહોળા જ્ઞાનને લઇને આપણા જાણવામાં છે કે, આ પુલરૂપી પ્રદેશપ્રદેશોમાંથી ઉત્તર તરફનો લઘુએશિયાનો પ્રદેશ, ખરેખર લગભગ ચોરસ ભૂશલાકાના આકારનો છે, અને હેલેસ્પૉન્ટની સામુદ્રધૂની નજીક યુરોપમાંની બાલ્કનની ભૂશલાકા સાથે જોડાઇ જાય છે. જ્યારે બીજો તેવો પ્રદેશ, પશ્ચિમ તરફ જતો નથી એટલું જ નહિ, પણ દ્વીપકલ્પના આકારનો પણ નથી. છતાં પણ તે પ્રદેશ પશ્ચિમ તરફ ભૂમધ્ય સમુદ્ર અને પૂર્વ તરફ તેટલા જ ભયંકર અરબસ્તાનના રણમાં થઇને, ઍન્ટીઑકના અખાતથી સુવેજના અખાત પર્યંત જતા ઉચ્ચ પ્રદેશ, અને દરિયા કિનારા ઉપરના મેદાનના બનેલા, મુખ્યત્વે કરીને એક સાંકડા પુલ જેવો છે. જ્યારે રસ્તો ઘણો લાંબો હોય, અને તેની દિશા ધીમે ધીમે બદલાતી જતી હોય, ત્યારે તે રસ્તાનો કુલ્લે વાંક કેટલો છે તે સંબંધી બરાબર અડસટ્ટો કરવામાં પડતી મુશ્કેલીને લીધે અસલના સમયના લોકોની તે પ્રદેશની સામાન્ય દિશા સંબંધી ભૂલ થયલી. હાલનાં શહેરોમાં પણ, વિક્ટોરિયાની



પાજ, અથવા ઑક્સફર્ડમાંના હાઇ જેવા જાણીતા રસ્તાના વાંક સંબંધી પણ તેવી જ જાતની ભૂલ થવા સંભવ રહે છે. આ દક્ષિણમાંનો પુલરૂપી રસ્તો મિસર તરફ જતો હતો, જો કે કૅસાઇટ રાજાઓના વખતમાં બૅબીલોનીઆમાં મિસર સંબંધી જ્ઞાન કદાચ ઉપરછલ્લું જ હતું; કારણ કે, હિસ્કૉસ જાતિના રાજા ખ્યાનનું સ્મારક ચિહ્ન બગદાદ નજીક માલૂમ પડેલું છે. પરંતુ ઈ. સ. પૂર્વે ૧૫૦૦ ના અરસામાં સંપૂર્ણ થયલી અઢારમા વંશના રાજાઓએ મેળવેલી જીતના પરિણામે, મિસરની સરહદ યુફ્રેટીસ સુધી આવી ગયલી; ત્યાંસુધીમાં પણ મેસોપોટેમીઆમાંની રાજનીતમાં મિસરે કાંઇ પણ અગત્યતાવાળો ભાગ ભજવેલો ન હતો.

### ૧ સીરીઆ.

આ આખા પ્રદેશમાં અસલ પર્વતોવાળા મુલકની જાતિની જ વસતિ હતી, અને હાલમાં પણ ઘણે ભાગે તેવી જ છે. ત્યાંનો સુધારો મોટે ભાગે ઉચ્ચ પ્રદેશોમાંની મહેનત ભરેલી ખેતી ઉપર રચાયલો છે; પરંતુ ઘણા વહેલા કાળમાં જ બૅબીલોનીઆમાંથી જરા જરા સુધારો ત્યાં આવવા લાગેલો અને એકસરખા ચાલ્યા આવતા અક્ષરોવાળી લિપિ અને અક્ષરો દાબી ઉઠાડવા માટેની નળીઓ ઉપરાશમાં આવવા લાગેલાં; તથા જે સેમિટીસ જાતિમાંના કૅનાનાઇટ લોકોનાં ટોળાંએ બૅબીલોનમાં હૅમ્મુરાબીનો વંશ સ્થાપેલો, અને ઍસીરીઆમાં સેમિટીક લશ્કર રાખેલું, તે જ લોકો આ પ્રદેશમાં પણ ફરી વળેલા આપણે જોઇ ગયા છીએ; તેમ કેટલાએક એમ માને છે કે, મિસરની હિસ્કૉસ લોકોએ કરેલી જીત પણ આ દક્ષિણ તરફના પુલરૂપી પ્રદેશમાં થઇને જ મેળવવામાં આવેલી હોવી જોઇએ. આ દક્ષિણ તરફનો માર્ગ, જેને આપણે સામાન્ય રીતે સીરીઆનું નામ આપેલું છે, તેના ત્રણ મુખ્ય પ્રદેશોની કુદરતી ખુબી અને પેદાશ તથા સમૃદ્ધિ એવી સ્પષ્ટ રીતે જુદી જુદી છે કે, ત્યાંના લોકોના ઇતિહાસની ત્રણ જુદી જુદી ગતિના દક્ષિણ, મધ્ય, અને ઉત્તર, એવા ત્રણ ભાગ પાડી શકાય તેમ છે. દક્ષિણમાં પૅલેસ્ટાઇન

આવેલું છે, ફીનીશીઆ અને ડમાસ્કસ મધ્યમાં આવેલાં છે, તથા ફીનીશીઆ, યુફ્રેટીસ અને પર્વતોવાળા પ્રદેશોની વચમાંના દરેક ભાગનો મધ્યમાં સમાવેશ થાય છે.

પુરાતની દુનિયાના કોઇ પણ ભાગ વિષે કાંઇ પણ માહિતી ઘણા લોકોને છે તો, તે ફક્ત સીરીઆના કિનારાના છેક દક્ષિણમાંના ભાગની જ છે. તેમને તે પ્રદેશની તથા ત્યાંના ઇતિહાસની તે પ્રમાણે વિશેષ માહિતી હોવાનું કારણ એ છે કે, ગ્રીક લોકોને જેટલે દરજ્જે નહિ તો પણ, ઘણા સારા પ્રમાણમાં આધુનિક દુનિયા ઉપર છાપ બેસાડનાર લોકોનું ઉત્પત્તિસ્થાન આ પ્રદેશ છે. તે લોકો એકત્ર થયલી "ઇઝરાએલનાં બાળકો" ને નામે ઓળખાવતી એકસરખી જાતિઓમાંના હતા. તેમના પાડોશીઓ તેમને "હીબ્રુ" કહેતા. આ 'હીબ્રુ' નામનો અર્થ "પેલી તરફથી આવેલા લોકો" એમ થાય છે, તથા તે નામ ત્યાર પહેલાંના વખતમાં જૉર્ડન નદી અને સમુદ્રની વચમાં આવેલા "દૂધ અને મધથી ભરપૂર સારા દેશ" ની જાહોજલાલીથી લલચાઇને "જૉર્ડન નદી ઓળંઘી" આવેલાં જંગલી લોકોનાં ટોળાંને આપવામાં આવેલું હતું. પર્વતોની વચમાંની જે ખાઇઓમાંથી તે નદી ચાલી જતી હતી ત્યાંનાં ઘીચ જંગલો છોડી, "જ્યુડાહના પહાડો" ની સીધી ખીણમાં થઇને ગયા પછી, તે દેશ ખરેખર સારો જ હતો. આ ઉચ્ચ પ્રદેશનો જમીન તરફનો ભાગ પણ થોડીએક ઝાકળ અને શિયાળામાં થોડોએક વરસાદ પડે તેટલા પૂરતો "મહાસાગર" ની નજીક છે, તથા નીચી જમીનના ભાગોમાં પણ ઢોર ચરી શકે તેટલા પૂરતું ત્યાં ઘાસ થાય છે. સમુદ્ર તરફના ઢોળાવનો ભાગ લાંબો અને પહેલાં ધીમે ધીમે નીચો નીચો થતો જાય છે, અને ત્યાં પણ નીચી જમીન, ખીણોમાં બગીચા થઇ શકે તેવી જમીન તથા રસાળ ખોયાણ, ઉંડા ઝરા, અને દ્રાક્ષવાટિકા, બદામનાં વન, અને અનાજ થઇ શકે તેવી, સેંકડો વર્ષ મહેનત કરીને કિનારી ઉપર ઉંચી સપાટીએ બનાવવામાં આવેલી જગ્યાઓ વાળી જમીન, આવેલી છે. સમુદ્ર કિનારાની નજીકમાંના ઢોળાવ એકદમ સીધા છે, તથા ત્યાં સોરૅક, રેફાઇમ, તથા



ઇલાહની સાંકડી, સમુદ્ર તરફ જતી ખીણો આવેલી છે. ત્યાર પછી ઉત્તરમાંથી લગભગ દક્ષિણ તરફ જતા જૂના વખતના કિનારા ઉપર સફેદ પથ્થર એકદમ બંધ થવાથી, ત્યાં લગભગ ટેકરી જેવો દેખાવ થાય છે; અને તે ટેકરીઓ ઉપરથી નીચે કિનારાનું સપાટ મેદાન દેખાય છે, તે મેદાનમાં પાછળના વખતમાં ફીલીસ્ટાઇન લોકો વસતા હતા, તે પહેલાં તો તેમાં અનાજનાં ખેતરો અને ઘાસનાં બીડો હતા. ત્યાં પુષ્કળ પેદાશ થતી હતી, કારણ કે, ઉત્તરમાં કાર્મેલ પર્વત બાજુ ઉપર હોવાથી વરસાદ ન પડવાની બ્હીક ત્યાં રહેતી ન હતી. દક્ષિણ તરફ "લોકો ભટકતા ફરતા હતા તે રણ" આવે છે, તથા ધીમે ધીમે ઉંચાઇ થતાં થતાં છેવટે સીનાઇનો પહાડ આવે છે તે ભાગમાં તે પ્રદેશ પહોળામાં પહોળો અને વધારેમાં વધારે વેરાન છે. મિસરમાંથી આવતો રસ્તો કિનારા કિનારા ઉપર થઇને આવતો હતો, અને તે રસ્તાને ઇઝરાએલ લોકો "ફીલીસ્ટાઇન લોકોનો રસ્તો" કહેતા હતા. ઉત્તર તરફ તેને તે રસ્તાને "પૂર્વ દિશાનો રસ્તો" કહેવામાં આવતો. કિનારા ઉપરના મેદાનમાંથી મેગીડ્ડો નજીકના બચાવ થઇ શકે તેવા પહાડી રસ્તે કાર્મેલના પહાડ ઉપર ચઢી, ગીલ્બોઆ પર્વતના પડખામાં થઇને, કીશૉન નદીનાં મૂળ પાસે તે નદી ઓળંઘી, ત્યાંથી જ્યુડાહ તથા ગૅલીલીની ટેકરીઓ વચ્ચેના ઇઝડ્રાએલૉન નામના મેદાનમાં જવાય છે. ત્યાર પછી સરોવરની બાજુએ થઇને "જૉર્ડનની પેલી બાજુ દરિયા તરફના માર્ગે," હર્મોન પર્વતના જમીન તરફના ઢોળાવની તળાટી પસાર કરી, તે રસ્તો સીધો ડમાસ્કસ જાય છે.

આ "સારા દેશમાં" ઇઝરાએલના પુત્રો આવનાર હતા, તથા તેઓ આવી પહોંચ્યા તે વખતે તેમની શું સ્થિતિ થયલી, તે સંબંધી નોંધ અહીંઆં લેશું તો ઠીક પડશે. "ઇશ્વરના માનીતા લોકો" આ દેશમાં ઉતરી આવેલા તે, ભૂગોળવેત્તાને તેના શાસ્ત્રની દૃષ્ટિએ મહત્ત્વની તથા ઇતિહાસકારને એક કરૂણાજનક, બાબત લાગે છે. તેમ કરવામાં તેઓ પોતાની જંગલી, ભરવાડની અને પિતૃસત્તાક જીંદગી, તથા તે સાથે પોતાની સાદી જરૂ-

રીઆતો અને ગૃહવ્યવસ્થા, તથા દુનિયાની મુશીબતોથી લગભગ પૂરેપૂરી રીતે દૂર રહેતા તેની સ્થિતિ છોડી દઈ આ આશાજનક દેશમાં આવેલા. પૂર્વમાંના નજીકના દેશોમાંના સર્વે સ્વર્ગસમાન ભાગોની માફક, આ ભાગમાં પણ જીવતોડ મહેનત અને " આવતી કાલને માટે ચિંતાતુર વિચારને " અંતે જ ફળ પ્રાપ્તિ થાય છે. આ દેશમાં પાછોતરી ઝાકળ પડે તો થાપણ વિનાના લોકો અવશ્ય નાશ પામે છે. ત્યાં ગુલામોની ગેરહાજરીમાં મજુરો રાખ્યા વિના ચાલતું નથી. વળી આ દેશમાંની "સારીજમીન" લડાઈ કરીને જ મેળવી શકાય છે, અને તે પોતાના કબજામાં જાળવી રાખવા માટે દગલબાજી કરવી પડે છે, તથા જીતાયલા લોકો જેઓ ફક્ત " લાકડાં કાપી અને પાણી ખેંચી" પોતાનું ગુજરાન ચલાવે છે તેઓ ઉપર જુલમ ગુજારવામાં આવે છે. તેમજ આ દેશમાં " મિસર તરફ ઉતરી આવના મીડીઅનાઇટ લોકો " તથા " ડમાસ્કસ તરફ આવતા " સીરીઆના લોકો, અને બંદરોમાંથી આવતા ફીનીશીઅન લોકો મોટા ધોરી રસ્તાની બાજુ ઉપર જોવા મુકી, અથવા ગામડાંઓમાં ફેરી કરી, પોતપોતાની બનાવટની ચીજ વસ્તુઓ વેચી, લોકોને મોજ શોખ અને વધુ ખર્ચ કરવાને લલચાવે છે.

ઈશ્વરના માનીતા લોકોના આ આશાજનક દેશમાં દાખલ થવા પછીના ઇતિહાસનો, અથ શાસ્ત્ર અને રાજકળાની દૃષ્ટિએ અભ્યાસ કરવામાં આવે તો, તે ખરેખર કરૂણાજનક માલૂમ પડશે; પોતાના પિતૃસત્તાક રીત રિવાજો, અને વંશપરંપરાથી એકલા પડી ગયલા તેની સ્થિતિ, તે રણમાં ઉછરેલા લોકો આ બીજા દેશમાં દાખલ થયા પછી પણ તદ્દન સ્થાયી, ખેતી કરનાર, અને ઉંચા દરજ્જાના સંસાર વ્યવહારવાળા લોકોની વચમાં રહેવા છતાં, કાયમને માટે જાળવી રાખવાને યત્ન કરતા હતા. " પરધર્મીઓનાં કામકાજ શીખવા " થી સગવડતા, અને આર્થિક સુધારામાં વધારો થવા સંભવ હતો, પરંતુ તેમ કરવામાં તે લોકો સાથે વ્યવહાર રાખવો પડતો, અને વહેલાં મોડું તેઓ સાથે એકત્ર થઇ જવાય તેમ હતું. વ્યવહાર ન રાખતાં દૂર રહેવામાં આવે તો, " ટાયરની પુત્રી " તરફની બક્ષીસો ન મળે એટલું જ નહિ, પરન્તુ રાજકીય કે સાંસારિક સત્તાનો ઉપભોગ છોડી દેવો પડે છે, એટલે તેનો અર્થ એમ જ થાય છે કે, તમારા વિના દુનિયાનો વ્યવહાર અટકી નહિ પડે, અને ઉલટા તમે "આશાજનક દેશમાં" પણ પરદેશી અને પ્રવાસી તરીકે જ રહેશો. તેઓના ભવિષ્યને લગતા આ સવાલનો નિવેડો લાવવાને ઇઝરાએલના પુત્રોએ અથવા તેમાંનાં અમુક તડોએ શું શું છોડી દીધેલું; અને કયા કયા જુદા જુદા ઉપાયો લીધેલા, તે વિષે સવિસ્તર નોંધ યાહુદી લોકોના ઇતિહાસમાં આપવામાં આવેલી છે. અહીંઆં તો માત્ર રમતના નિયમો ટુંકમાં જણાવી, પાટીઉં બિછાવી સોગઠાં ગોઠવીશું તો પણ બસ છે. બાકીને વાસ્તે તો, " ઇઝરા-એલ " ! " ઈશ્વરી સત્તા બળવાન છે !"



પરંતુ, પૅલેસ્ટાઇનમાં ઇઝરાએલ લોકો આવી વસ્યા તે, આ દક્ષિણોદ્દા પુલરૂપી પ્રદેશના ઇતિહાસમાંની બાબતોમાંની એક તથા જરા મોડી બનેલી બીના છે. લોકોમાં ઉતરી આવેલી તવારીખ મુજબ તે બીના મિસરના નવા સામ્રાજ્યની પડતી તથા સીરીઆ ઉપરના તેના વાલીપણાના અંત પછીના ગોટાળા ભરેલા ૧૨૦૦–૧૦૦૦ ના સૈકામાં બનેલી છે. ઇઝરાએલની ભાષા કૅનાનાઇટ જાતિની છે તેથી " જોર્ડનની પેલી તરફથી " આવેલી ચઢાઇ, કૅનાનાઈટ લોકોની ચઢાઇની જાણે કે, ઘણા વખત પછી પાછળ હડેલી રેલ હોય તેમ માનવાનું આપણને કારણ મળે છે.

તો પણ જ્યુડાહની ટેકરીઓ તથા મોઆબ અને બૅશાનના પહાડ જેના દક્ષિણ તરફના છેડા છે તે લેબૅનોન અને પ્રતિ-લેબૅનૉનના પર્વતોની બેવડી હારમાં થઇને, સમુદ્ર તરફ દૂર ગયલા કૅનાનાઇટ લોકોનાં ટોળાં, આ બીનાથી ઘણાં વહેલાં પશ્ચિમ તરફ નીકળી પડેલાં. અહીંઆં જોસબંધ વહી જતાં નદીનાળાં વાળા, ઉંચાં છજ્જાં માફકના જમીનના સાંકડા પટ્ટામાં, તેઓએ ખડકોવાળી ભૂશિરો અથવા ખાડીમાં બેટો ઉપરનાં બચાવ થઈ શકે તેવાં બંદરો સ્થાપ્યાં, અથવા હયાત હોય તેવાં બંદરોને તેમણે પાછાં વસતિવાળાં કર્યાં. આ બંદરોમાં એકી વખતે માછલાં પકડવાનો તેમજ પાણી પાઇ પાક ઉછેર-

વાનો ધંધો સાથે સાથે જ કરવામાં આવતો. સેમિટીસ લોકોના રાજકાળ દરમ્યાન આ પ્રદેશને 'ફીનીશીઆ' નામ આપવામાં આવેલું હતું; પરંતુ ઘણા વખત સુધી અંધારામાં રહ્યા પછી, પાછળથી તે દેશ સમૃદ્ધિવાન થયલો; તોપણ મિસરના ઇતિહાસમાંના છઠ્ઠા અને વળી પાછા બારમા વંશ જેટલા શરૂઆતના વખતમાં પણ, આ શહેરોમાંનાં એક બાઇબ્લસ અને નીલ નદીના પ્રદેશ વચ્ચે બાંધકામનાં લાકડાં, તથા ગંધીઆણાંનો વેપાર ચાલતો હતો. દેવદારની જાતનાં " લેબૅનાનનાં સાગ " ને નામે પ્રખ્યાત લાકડાં ત્યાં પુષ્કળ ઉંચાં તથા જથ્થાબંધ થાય છે. ગંધીઆણાંનો વેપાર ચાલતો તે એમ સૂચવે છે કે, ઉંચી જમીનનો ભાગ સમુદ્રમાં જાય તેવી રીતે રણની કિનારી ઉપરના ભાગમાં દૂર જતા, હંમેશાં લીલા રહેતા, પ્રતિલેબૅનૉન નદીવાળા ફળદ્રુપ પ્રદેશમાં આવેલાં, તથા પુરાતન કાળથી બૅબીલોનથી સીરીઆ તરફ, અને ત્યાંથી મિસરમાં જતા મુખ્ય ધોરી રસ્તા ઉપરનાં શહેર ડમાસ્કસ અને બાઇબ્લસ વચ્ચે ઘણા વખતથી વ્યવહાર હોવો જોઇએ, એટલા વહેલા જમાનામાંનો બાઇબ્લસનો વેપાર, જમીન રસ્તે કે સમુદ્રમાર્ગે ચાલતો તે આપણે ચોક્કસ રીતે જાણતા નથી. પુરાતન કાળમાં પણ દક્ષિણ તરફ પૅલેસ્ટાઇનના કિનારા ઉપર, તેમ જ ઉત્તર તરફ ઍન્ટીઑક થઇને સીલીશીઆમાં જતો એક સારો રસ્તો હતો એ ચોક્કસ છે; પરંતુ ઇમારતી લાકડાં પાણીમાં તરે છે, અને યોગ્ય ઉપયોગમાં આવે તે માટે તે લાકડાંને પકવવાની જરૂર હોવાથી તે તુરત જ વેંચી શકાતાં નથી. વળી મોટાં લાંબાં લાકડાં ગધેડાં ઉપર લાદીને દૂર લઈ જઈ શકાય નહિ. એ સર્વે કારણોને લઇને મોસમના વખતમાં થોડાએક માછીમાર ખલાસીઓ તે લાકડાં ત્રાપા ઉપર ચઢાવી તેમને મિસરમાં હંકારી લઇ જતા હોવાનો દરેક રીતનો સંભવ છે. સીરીઆના કિનારા ઉપર પવન આડો, દક્ષિણ દિશામાં, અને કિનારા તરફ વાય છે તેથી, તે બીજી રીતે દરિયાની મુસાફરી માટે જેટલો જોખમ ભરેલો હતો, તેટલોજ પાણીમાં લાંકડા તરતાં લઈ જવા માટે અનુકૂળ હતો. મિસર જવું તે સાધારણ થવાથી, તથા ત્યાં લાકડાં બીલકુલ ન થતાં હોવાનું



માલૂમ પડવાથી આ લાકડાંની પુષ્કળ પેદાશવાળા દેશનો તેની સાથેનો વ્યવહાર એકદમ વધવા લાગેલો. વખત જતાં તે વેપારમાં બીજી ત્યાંની પેદાશની ચીજો અને ખાસ કરીને દ્રાક્ષનો દારૂ અને તેલ તેમ જ કદાચ તાજાં ફળ વિગેરે, તથા નજીકમાં જ પશ્ચિમ તરફ આવેલા સાઇપ્રસના દ્વીપમાંનું તાંબું તથા ઉત્તરમાં દૂર આવેલા પ્રદેશોમાંથી આવતી ચાંદી જે મિસરમાં છેક અઢારમા વંશના વખત સુધી જૂજ માલૂમ પડતી હતી તે, તેમ જ પ્રમાણમાં વધતા જતા પૂર્વ તરફના તેજાના, મીઠાઈ તથા કારીગિરીની વસ્તુઓના વેપારથી વધારો થયલો. તેના બદલામાં મિસરમાંથી પુષ્કળ અનાજ તથા દોરડાં બનાવવા માટે નાગરમોથ છોડના રેસા, બારીક સુતરાઉ કાપડ, અને હાથીદાંત, તથા "ધર્મગુરૂઓના કહેવા મુજબ" વિપત્તિ દૂર રાખનારાં વિચિત્ર તથા ઉંચી કિંમતનાં માદળીઆં તથા તાવીજ, અને સુંદર આસમાની રંગની શૃંગારની ચીજો વિગેરે આવતાં. આપણે ભૂલી જવું નહિ જોઇએ કે, જેમ સૅરૅસન લોકોના અમલ દરમ્યાન મિસર "હુન્નરકળા વાળા દેશો" માંનો એક હતો, તેમજ પુરાતન કાળમાં પણ તે તેવો હતો. મજૂરી ઘણી સસ્તી હતી. શણ, નાગરમોથ છોડના રેસા, અને બીજી કાચી જણસો ત્યાં પેદા થતી હતી, અને કેટલીએક જણસો તો બીજે પેદા થતી જ ન હતી. ત્યાંના રાજાઓના મહેલોમાં કારીગિરી તથા નાણાંની પુષ્કળ છત હતી. આવી જાતનું બીજું શહેર ડમાસ્કસ હતું. ત્યાંનો પોલાદનો હુન્નર ઘણો જ પુરાતની છે અથવા છેક અઢારમા વંશના વખતથી તો છે જ; વળી ફીનીશીઆ પોતામાંનાં શહેરો પણ સમય જતાં મિસર અને ડમાસ્કસની સાથે હરીફાઇ કરે તેવાં હતાં.

પરંતુ સુમારે ૧૫૦૦ ની સાલમાં હીસ્કૉસ લોકોના જમાનાનો અંત આવ્યો ત્યાં સુધીમાં ફીનીશીઆને લગતો કાંઇપણ ઇતિહાસ આપણને મળેલો નથી. માત્ર અઢારમા વંશના સમય દરમ્યાન ફીનીશીઆમાંનાં શહેરો ધનાઢ્ય, સ્વાવલમ્બી, સ્વતંત્ર, મિસરના રાજાની ફક્ત નામની જ તાબેદારી ઉઠાવતાં, પોતપોતામાં નિરંતર તકરાર કરતાં, તથા કોઇ પ્રતિસ્પર્ધી પાડોશી ઉપર જીત મેળવે કે તુરત પક્ષ બદલતાં, અથવા મિસરના છેલ્લા નવીન શત્રુની ચઢતી

થતાં તેની ખુશામત કરતાં, આપણા જોવામાં આવે છે. ઍસીરીઆના લોકોના ઉપરિપણાના જમાના સુધી તે દેશના પશ્ચિમ તરફના પ્રદેશો સાથેના સમુદ્ર મારફતના વેપાર સંબંધી ત્યાંના ઇતિહાસમાંથી આપણને કાંઇપણ માલૂમ પડતુ નથી. "ફીનીશીઅન" એ શબ્દ હોમરની કવિતામાં વપરાયલો છે ખરો; પરંતુ તે શબ્દ, આ દેશના લોકોને લાગુ પડતો નથી, તથા તે ગ્રીકભાષાનો વર્ણનાત્મક શબ્દ છે, અને તેનો અર્થ "લાલ ચામડીવાળા" એટલો થાય છે. આથી કરીને સૂર્યના તડકાથી ચામડીનો રંગ બદલાઇ ગયલો હોય તેવા હરકોઇ ખલાસીને તે લાગુ પડી શકે છે, અને ખાસ આ દેશમાંના જ ખલાસીને સૂચવવામાં તે બીલકુલ વાપરમાં આવેલો નથી. પુરાતની ગ્રીક દંતકથા મુજબ, જે દેશને હોમર ફીનીશીઆ કહે છે ત્યાં દરિયાપારનો રાજા મેનેલૉસ ગયલો; પરંતુ જ્યાં કાંસકામની કારીગિરીવાળું સીડન શહેર આવેલું છે તેનાથી તે દેશ તદ્દન જુદો જ છે. વળી ક્રીટના રાજા માઇનૉસના દાદાનું નામ પણ "ફીનિક્સ" હતું.

વળી વધારે ઉત્તરમાં પર્વતોની હારમાંના ટૉરસ પર્વતની નજીકમાં સીરીઆના ઉચ્ચ પ્રદેશનો આકાર ગુંચવાડા ભરેલો છે. ત્યાં તે સમુદ્રથી છેક યુફ્રેટીસ પર્યંત પહોળો છે. ત્યાંની ટેકરીઓ જરા ઓછી ઉંચી તથા આડી અવળી છે અને સળંગ નથી. ત્યાં વરસાદ પુષ્કળ થાય છે. લેબૅનૉન પહાડોની માફક અહીંઆં વરસાદને અટકાવે તેવું કાંઇપણ નથી તેથી કરીને આ પ્રદેશમાં વસતિ વિશેષ તેમજ સામાન્ય રીતે વધારે ફેલાયલી છે. અહીંઆં ઘણાં સંસ્થાનો થવા પામ્યાં છે, અને તેઓ વચ્ચેનો પરસ્પર સંબંધ અને મિત્રાચારી સારાં પ્રમાણમાં હતાં. સમ્સટ નજીક યુફ્રેટીસ નદી ઓળંઘવાથી પણ આ દેશનાં લક્ષણોમાં ઘણો ફેરફાર થતો માલૂમ પડતો નથી. પર્વતોવાળા પ્રદેશમાંથી રણ સુધી દેખાવ અને આબોહવામાંનો ફેરફાર, જેમ જેમ પૂર્વ તરફ જતા જઇએ તેમ તેમ, ઘણો ધીમોધીમો થતો આવે છે, અને દરિયામાંથી આવતો પવન પછવાડે દૂર રહેતો જાય છે તેમ તેમ આખો પ્રદેશ વરસાદ કરતાં નદીમાંના પાણી ઉપર આધાર રાખે છે. આ પ્રદેશમાં તથા



ટૉરસની પેલી તરફના પ્રદેશોમાં આવવા માટેના પશ્ચિમ તરફના ધોરી રસ્તા ડૈર નજીક નહિ, પરંતુ કાર્કેમીશ અને સમ્સટ નજીક યુફ્રેટીસથી જુદા પાડે છે. બજાર અને દલાલો અથવા આડતીઆઓના સ્થાન તરીકે; અહીંઆં ડમાસ્કસનો ભાવ ઍલેપ્પો ભજવે છે, તથા અહીંઆંનો માલ દરિયા માર્ગે ફીનીશીઆના ઉત્તરે તરફના ભાગમાંનાં શહેરોમાં થઇને જાય છે. પરંતુ આ દેશમાં થઇને પશ્ચિમ તરફ જતો માલ દરિયા રસ્તા કરતાં કિનારે કિનારે જતાં રસ્તા મારફત સીલીશીઆમાં જાય છે. ત્યાંનું સમુદ્રકિનારાવાળું મેદાન ફીલીસ્ટીઆ કરતાં વધારે મોટું છે, તથા ઉપરવાસની યુફ્રેટીસની નાની પિત્રાઇ બેહેનો ટૉરસમાંથી નીકળતી, બરફ પીગળીને આવતાં પાણીવાળી, જેઓના દોઆબનો તે પ્રદેશ થયલો છે અને જે રણને બદલે મહાન સાગરને મળે છે, તેમાંથી તે પ્રદેશને પાણી વધારે સારી રીતે પૂરૂં પડે છે. સીલીશીઆમાંથી ટૉરસના સાંકડામાં સાકડા ભાગમાંની ઉંડી ખાઇઓમાં થઇને લઘુ એશિયાનાં ઉંચાં મેદાનના મધ્ય ભાગમાં જવાય છે, અને ત્યાં પુલરૂપી પ્રદેશોમાંના બીજા પ્રદેશના સમાગમમાં આપણે આવીએ છીએ. યુફ્રેટીસની બન્ને બાજુઓ ઉપરના ટેકરીઓની તળાટીવાળા આ આખા પ્રદેશ, તેમ જ સીરીઆ તથા પૅલેસ્ટાઇનના શરૂઆતના ઇતિહાસમાં તે બીજો પુલરૂપી પ્રદેશ વાયવ્યખૂણા તરફના સ્વતંત્ર સત્તા ભોગવતા લોકોના લઢાઇ કરવાના અને જીત મેળવવાના મેદાન તરીકે આપણા જાણવામાં આવે છે; અને તેથી આ સત્તાવાન લોકોની શરૂઆત અને તેઓનાં રહેઠાણ વિષે વિવેચન કરીએ ત્યાંસુધી આપણે આપણી તપાસ આગળ ચલાવવી જોઇશે.

## ૨. લઘુ એશિયા તથા હીટાઇટ લોકો.

લઘુ એશિયાનો આકાર એશિયાખણ્ડની સાથે જોડાયલી એક બાજુ અને બાકીની ત્રણ બાજુએ સમુદ્રવાળા જરા લાંબા ચતુષ્કોણ જેવો છે. તેના વાયવ્યકોણ તરફ યુરોપમાંના બાલ્કન નામના પ્રદેશનો ખૂણો આવવાથી તે તરફનો તેનો ખૂણો જરા બેસી ગયલો છે. કાળાસમુદ્રમાંથી બૉસ્પરસ, માર્મોરા સમુદ્ર, તથા ડાર્ડેનલ્સમાં થઇને ઇજીઅન સમુદ્રમાં જતી પાણીની નહેરથી જ

તે બન્ને ખૂણા જુદા પડેલા છે. આવી રીતે સમુદ્રકિનારાઓના ચતુષ્કોણ આકારના મધ્યભાગમાં લગભગ લંબગોળ ઉચ્ચ પ્રદેશ આવેલો છે. તેની આસપાસ એક પછી એક એવી રીતે પુષ્કળ ટેકરીઓની હાર આવેલી છે તે સર્વ ભેગી મળીને પૂર્વમાં આર્મીનિયામાં, નૈરૂત્યકોણ તરફ લીશીઆમાં, અને યુરોપ તરફના બેસી ગયલા ખૂણાની પાછળ ફ્રીજીઆના ઉચ્ચ મુલકમાં મોટા પહાડો થયા છે. આ ટેકરીઓની હારની પેલી તરફ સીલીશીઆમાં, પૅમ્ફીલીઆમાં, મામોરા સમુદ્રના કિનારા ઉપર, તથા જે એક બીજાથી સરખે અન્તરે આવેલી ટેકરીઓ પશ્ચિમ તરફના કિનારાના ભાગ પાડી દે છે, તથા જેનાં ધીમે ધીમે કિનારા ઉપર ભૂશલાકા અને છેવટે ઇજીઅન સમુદ્રમાં દ્વીપો થવા પામે છે, તેઓની વચ્ચે વચ્ચે જ્યાં જ્યાં પર્વતો ઉપરથી આવતાં પાણી ભેગાં થઇ ઘસડાઇ આવતો કાદવ એકઠો થાય છે ત્યાં ત્યાં, પર્વતોના નીચેના ભાગમાં, ગરમ કિનારા ઉપરનાં મેદાનો થઇ ગયલાં છે. બીજી જગ્યાઓએ બહારના ઢોળાવ એમને એમ દરિયાના પાણીની સપાટીની નીચે આવી જાય છે. અંદરના ભાગમાં કિનારા ઉપરની ટેકરીઓથી વરસાદનો અટકાવ થતો હોવાથી નદીનાળાં જૂજ છે; પરંતુ આર્મીનિયામાંના બરફવાળા પહાડોમાંથી નીકળી હૅલીસ નદી આ ઉચ્ચ પ્રદેશના ખડબચડા અર્ધભાગમાં થઇને પશ્ચિમ તરફ વહે છે, અને પછી ઉત્તર તરફ વાંક લઇ ઉત્તર તરફના કિનારાના મધ્યભાગમાંની ઉંડી ખીણમાં થઇને, કાળાસમુદ્રને જઇ મળે છે. સૅંગેરીઅસ નામની બીજી એક વિચિત્ર નદી ત્યાં આવેલી છે. અસલ તે કિનારા તરફના ઢોળાવમાંનું કાળા સમુદ્રને મળતું એક નાળું હતું. તે બૉસ્પરસની સામુદ્રધૂનીથી પૂર્વમાં એટલું નજીક મળે છે કે, મામોરાના સમુદ્રના અખાતની અને તેની વચ્ચે બહુ થોડો અન્તર છે; પરન્તુ, હાલમાં તે પ્રદેશના લગભગ ત્રીજા ભાગનું બધું પાણી વાયવ્ય ખૂણા તરફના ખૂણામાંના ખાંચા વાટે તે નાળામાં થઇને જાય છે, અને યુરોપમાંથી આ દ્વીપકલ્પના મધ્યમાં જવાનો એક સહેલો રસ્તો તે થઇ પડે છે. રાજા પ્રાયમ નાની વયનો હતો ત્યારે હોમરના સમયના ફ્રીજીઅન લોકો તથા સાતમા સૈકામાં હીમેરીઅન લોકો, તથા ત્રીજા સૈકામાં ગૅલેટીઅન લોકો, આ



રસ્તે થઇને આવેલા. પૂર્વમાંનાં સામ્રાજ્ય અને કૉન્સ્ટૅન્ટિનોપલ વચ્ચે આ રસ્તે જ વ્યવહાર ચાલતો હતો, તથા બગદાદ તરફની આગગાડીની સડક માટે પણ આ રસ્તાએ સગવડ કરી દીધી છે.

પોતાની રાજકીય સત્તા ટકાવી રાખી શકે તેવા લોકોનો તે પ્રદેશમાં કોઇપણ વખતે નિર્વાહ થઇ શકે તેમ હતું? અને જો તેમ હોય તો, તે કેવી રીતે બનેલું! તે બે મુખ્ય સવાલોનો જવાબ, “ લઘુએશિયા ” નો ઇતિહાસ પૂરો પાડે છે. જો તેમ હતું અને જ્યાંસુધી તેમ હતું ત્યાંસુધી, યુરોપ અને પૂર્વમાંના દેશો એક બીજાને જીતી શકે; અને કદાચ સુલેહ શાંતિ ભરેલી રીતે પરસ્પર વ્યવહારસંબંધ થઇ શકે, તેમાં પણ સંપૂર્ણ અટકાવરૂપ તે પ્રદેશ હતો; તથા એ પણ નક્કી છે કે, પૂર્વમાંના દેશો અગર યુરોપ, બેમાંથી કોઇપણ તદ્દન નિર્બળ હોય તો, આવી સ્થિતિમાંના લોકોને ઇતિહાસમાં ભાવ ભજવવાની ઉમદા તક મળે; અથવા તેમ નહિ તો, પૂર્વ તથા પશ્ચિમ વચ્ચેના આ દરવાજામાં બુદ્ધિચાતુર્યથી દાખલ થવા અથવા બળજોરીથી તે ઓળંઘવા એશિયા તથા યુરોપ બન્નેમાંથી કોઇપણ શકિતવાન થયલ છે? અને જો તેમ હોય તો, ક્યારે અને કેવી રીતે તે બનેલું છે? આ સવાલનો જવાબ મળે છે તેવા ફક્ત પહેલા પ્રસંગ ઉપર જ વિવેચન કરવાનું સ્થળસંકોચને લઇને બની શકે તેમ છે.

એક જાતના અને સારી રીતે એકત્ર થયલા લોકોના સ્થાન તરીકે આ ઉચ્ચ પ્રદેશમાં ઘણા લાભ સમાયલા છે. અગ્નિ કોણ તરફનો થોડો ભાગ ઇરાનની માફક પાણીના નિકાસ વિનાનો હોવાથી ત્યાં ખારી જમીન અને પાણીનાં ખાડાખાબોચીઆં આવેલાં છે; તોપણ ઢોર ચરાવી શકાય તેવી જમીન પુષ્કળ છે અને તે ભાગની કિનારી ઉપર આવેલાં સર્વ બીડોને, ઘાસનાં જંગલમાં જેમ થઇ શકે તેમ ખેડીને અનાજ ઉગાડી શકાય તેમ છે. હીરોડોટસના સુંદર શબ્દોમાં કહીએ તો, તે પ્રદેશના પશ્ચિમ અર્ધ ભાગમાં તે વખતે વસતા ફ્રીજીઅન લોકો, “ આપણા જાણવામાં આવેલા સર્વ

લોકો કરતાં ઘેટાં અને અનાજરૂપી સમૃદ્ધિ વધારેમાં વધારે" ધરાવતા હતા. તેની આસપાસની ટેકરીઓ પુષ્કળ ખનિજ પદાર્થો અને ઇમારતી લાકડાંથી ભરપૂર હતી, અને સૅંગેરીઅસ નદીનાં ફાંટા સિવાય દરેક રીતે તે પ્રદેશનો સારી રીતે બચાવ કરી શકાય તેમ હતું. તે સાથે આ ટેકરીઓનો ભાગ ભયરૂપ થાય તેટલી સત્તાવાળી ઉચ્ચ પ્રદેશની જાતિઓ રહી શકે એવો પહોળો અથવા ગુંચવાડા ભરેલો નથી. હૅલીસની પૂર્વે તેના વાંકની વચમાં જરા ઉંચો નીચો પ્રદેશ આવેલો છે, અને તે ઢોર ઉછેરવાના કરતાં બદામ, અંજીર અને દ્રાક્ષની પેદાશને માટે વધારે લાયક છે. તેની દક્ષિણમાં ટૅારસની તળાટીમાં સીલીશીઆને અડોઅડ કેટલાએક નાના જમીનના ટુકડાઓ આવેલા છે. ઉનાળામાં પર્વત ઉપરના બરફના પીગળી જવાથી થતા પાણીના ધોધબંધ ઝરા તેઓમાં થઇને જતા હોવાથી તે ભાગ નિરન્તર ફળદ્રૂપ રહે છે. તેમાંનો મુખ્ય 'ટૈઆ' નામનો પ્રદેશ છે. તે ડમાસ્કસના જેવો છે, અને ત્યાંથી નાળાં વાટે દરિયા કિનારા ઉપર જતો રસ્તો છે. તેવાં જ અને તેટલા જ પ્રમાણમાં લક્ષણવાળા 'ટર્ની' અને 'ઇકોનિયા' ના પ્રદેશ તેની પશ્ચિમે અને 'કીઝેરીઆ મઝાકા' નામનો પ્રદેશ હૅલીસ નદીના ઉપરવાસના ભાગને લગોલગ આવેલા છે. આ મધ્યભાગમાંના દક્ષિણાદા મુલકમાંના લોકોએ કેટલીકએક વેળા એકત્ર થવાના યત્નો કરેલા હોય એમ લાગે છે.

યુરોપવાસીઓ, ફ્રીજીઆના તથા ગૅલીશીઆના લોકો, ભૂમધ્યમાંના ગ્રીક અને મધ્ય એશિયામાંના મોંગોલ જંગલી લોકોએ, ઐતિહાસિક જમાનામાં વારંવાર આ દેશ ઉપર ચઢાઇ કરી હતી, અને તેઓ ત્યાં આવી વસેલા હતા તે છતાં, આખા પર્વતોવાળા પ્રદેશના પટામાંનાં અસલથી વસતાં આલ્પાઇન જાતિનાં મનુષ્યોનાં લક્ષણો લઘુ એશિયાની વસતિમાં એકંદર રીતે જળવાઇ રહેલાં છે; તથા લઘુએશિયાની કિનારીએ આવેલા લીશીઆ, આર્મીનિયા, અને ઉત્તર સીરીઆમાં અત્યારે પણ તે જાતિ અમિશ્રિત જોવામાં આવે છે. અહીંઆંના અસલના વખતના સુધારા સંબંધી આપણને બીલ-



કુલ માહિતી નથી. પથ્થરના જમાનાના અંતથી લોખંડના જમાનાની શરૂઆત પર્યન્ત યુરોપમાંના અને આ પ્રદેશના પોતાના જ રીતરિવાજોમાં થતા લાંબા કાળમાંના ફેરફારો હેલેસ્પાન્ટના કિનારા ઉપરની દંતકથા મુજબની ટ્રોયની જગ્યા બતાવી આપે છે.

આ ઉચ્ચ પ્રદેશમાંની ફક્ત એક જ જગ્યાએ બરાબર શોધખોળ કરવામાં આવેલી છે. આ 'બોઘાઝકયુઇ' ની જગ્યા, 'હૅલીસ' નદીના મધ્ય ભાગની પૂર્વમાં થોડા એક માઇલ દૂર કેટલાએક સીલીશીઆમાંથી સાઇનોપ તરફ ઉત્તર દક્ષિણ જતા અને બીજા મેસોપોટેમીઆમાંથી યુરોપ તરફ પૂર્વપશ્ચિમ જતા, એવી રીતે પુરાતન કાળમાંના મુખ્ય રસ્તાઓ જે પ્રદેશમાં એક બીજાને મળે છે તે પ્રદેશમાં, આવેલી છે. ઇ. સ. પૂર્વે ૬ ઠ્ઠા સૈકામાં આ શહેર 'કૅપૅડોશીઆ' ના રાજ્યની રાજધાની હતું; પરંતુ તે વખતે તેનું નામ 'ટેરીઆ' હતું; અને તેને લગતો તે પહેલાંનો પણ પુષ્કળ લાંબો ઇતિહાસ છે. એ ઇતિહાસની મુખ્ય મુખ્ય બાબતો નીચે મુજબ છે:—

થોડા સમય ઉપર જ ખાસ બોઘાઝ-કયુઇમાં તથા કૅપૅડોશીઆમાંની બીજી જગ્યાઓ ઉપરથી માલૂમ પડેલા એક પછી એક ચાલ્યા આવતા અક્ષરોમાં લખાયલાં દસ્તાવેજો એમ બતાવે છે કે, પહેલા બૅબીલોની વંશ પછી થોડા સમયમાં જ બૅબીલોનીઆમાંના વેપારીઓ અહીંઆં આવી વસેલા અને ધમધોકાર વેપારમાં ગુંથાયલા. બૅબીલોનીઆમાંના વેપારનો વિસ્તાર તથા તેની વ્યવસ્થાસંબંધી આ ઘણો અગત્યનો પુરાવો છે. તેનાથી પણ વધારે અગત્યની બાબત તે એ બતાવે છે કે, બૅબીલોનીઆના વેપારીઓ આવી વસ્યા તેવી તે વખતે બોઘાઝકયુઇમાંના લોકોની સ્થિતિ હતી.

ટૅારસની પેલી તરફની કોઇ પણ જગ્યામાંની અગત્યની રાજકીય સત્તા સંબંધી હૅમ્મુરાબીના સમયનાં દસ્તાવેજોમાંનાં લખાણને તથા ઉત્તર તરફથી [illegible]

બળવાન થઇ બેઠેલી સત્તા સાથે (ઇ. સ. પૂર્વે ૨૦૦૦ ને સુમારે) બારમા વંશના રાજાઓને થયલા વિગ્રહને લગતાં મિસરમાંના લખાણોને, તથા વાયવ્ય કોણ તરફથી યુક્રેટીસને રસ્તે બૅબીલોનીઆના લોકો જેઓને 'ખટ્ટી' કહે છે તે લોકોએ ઇ. સ. પૂર્વે ૧૮૦૦ ના અરસામાં ચઢી આવી બૅબીલોનીઆમાંના પહેલા વંશના રાજાનો પરાજય કરેલો તે બીનાને, તથા દક્ષિણ પૅલેસ્ટાઇનમાં હીબ્રૉન નજીકમાંની જમીન, અંગ્રેજ લોકોએ સ્વીકારેલી હકીકત મુજબ, "હીટાઇટ" લોકોના કબજામાં હતી તેને લગતી (ઍબ્રૅહામની વાર્તામાં સામેલ કરી દેવામાં આવેલી) ઇઝરાએલ લોકોની દંતકથાઓને, તથા છેવટે, "ચાર રાજાઓની પાંચ રાજાઓ સાથેની લડાઇ" માંના એક લડવૈયા "ઉત્તર પ્રદેશના ધણી ટીડાલ" કરીને હતા, તેનું જે નામ હતું તે જ, બોધાઝ-કયુઇમાંના આ હીટાઇટ લોકોના એક જાણીતા રાજાનું હતું એમ જણાય છે, તે સર્વે બાબતોને, આ ઉપર જણાવેલી શોધને લીધે નવીન અગત્યતા પ્રાપ્ત થાય છે. પરમુલકની ભાષાઓને લઇને જુદી જુદી રીતે લખવામાં આવેલું તેઓનું નામ, ઇ. સ. પૂર્વે ૧૫૦૦ થી ૧૨૦૦ ના અરસામાંના મિસર અને ઇ. સ. પૂર્વે ૮૫૦ થી ૭૦૦ પર્યન્તના ઍસીરીઆના ઇતિહાસમાં વારંવાર નજરે પડે છે. નીલ નદીની ખીણના પ્રદેશની બહારના પ્રદેશોમાં આ જમાનામાંનાં રાજદ્વારી લખાણોની માફક તેમનાં ખતપત્રો પણ, એક પછી એક ચાલ્યા આવતા અક્ષરોમાં, કાદવની લાદીઓ ઉપર લખવામાં આવતાં. તે લખાણો સાધારણ રીતે સેમિટીસ ભાષામાં પરંતુ સેમિટીસ જાતિ બહારની સ્થાનિક ભાષાની અપવાદરૂપ વાક્યાર્થ રચનામાં હોય એમ કોઇ કોઇ વેળા જોવામાં આવે છે. અર્ધ બૅબીલોનીઅન અને ઍસીરીઅન, પરંતુ અર્ધ જંગલી, જુસ્સાદાર, લક્ષણોવાળી છટા, તથા અત્યારે પણ બરાબર ઉકેલી ન શકાય તેવાં ચિત્રોનાં લખાણવાળાં તે લોકોનાં સ્મારકચિહ્નો, યુક્રેટીસથી સાર્ડીસ પર્યન્ત, અને દક્ષિણમાં છેક સીરીઆમાં આવેલ હૅમૅથ પર્યન્ત, જે જે પ્રદેશોમાં તેઓ વસેલા ત્યાં ત્યાં, જુદી જુદી જગ્યાઓએ ફેલાયલાં માલૂમ પડે છે, તથા તેઓ ઉપર જણાવેલી મુદત દરમ્યાનના દરેક વખત સંબંધી હોવાનું જણાય છે. કેટલાંએક તો તેનાથી પણ પહેલાંના વખતનાં અને કેટલાંએક પાછળના વખતનાં પણ કદાચિત્ હોય. તેથી કરીને એટલું તો સ્પષ્ટ થાય છે કે, ઇ. સ. પૂર્વે ૨૦૦૦ ના અરસામાં ઉત્તર સીરીઆ કબજે કરી બેઠેલી, દક્ષિણ પૅલેસ્ટાઇનમાં પણ જમીન ધરાવતી, બૅબીલોનીઆ ઉપર ચઢાઇઓ કરતી, અને બારમા વંશના સમયમાં મિસરને ચિંતામાં નાખી દેતી, "પુરાતની પૂર્વ" ના વાયવ્ય કોણના ભાગમાં એક નવીન રાજદ્વારી સત્તા હયાતીમાં આવી હતી.



મિસરમાંના બારમા વંશનો કે બૅબીલોનીઆમાંના પહેલા વંશનો, વખત નક્કી થઇ શકે તો, આ ખટ્ટી અથવા ખેટા લોકો, જે પરદેશી લોકોને મિસરમાંના લોકો હીક્સૉસને નામે ઓળખતા, જેઓમાંથી ત્યાંના ૧૪ મા, ૧૫ મા તથા ૧૬ મા વંશના રાજાઓ આવેલા, અને જેઓના અમલનો ૧૭ મા તથા ૧૮ મા વંશના રાજાઓએ અન્ત આણેલો, તેઓ અથવા તેઓમાંના હતા, એમ ઘણી વેળા કેટલાએક માને છે, તે સંબંધી આપણે કાંઇક પણ અભિપ્રાય ઉપર આવી શકીએ. એટલું તો ચોકકસ છે કે, મિસરમાંના તેમના અમલનો અન્ત આવ્યો તેના પરિણામમાં મિસરના લોકોએ, જાણે કે વેર લેવાને વિગ્રહ કરેલો હોય તેવી રીતે, તેમ જ આવી જાતની મુશીબત પાછી ન થવા પામે તે માટે અગમચેતી વાપરી રાજદ્વારી ઉપાય યોજેલો હોય, તેમ છેક યુક્રેટીસ ઉપરના કર્કેમીશ પર્યંત સીરીઆનો સર્વ મુલક જીતી લીધેલો. ઇ. સ. પૂર્વે ૧૫૦૦ સુધીમાં તો, સીરીઆ ઉપરની આ જીત સંપૂર્ણ કરી લેવામાં આવેલી. તે જીતને લીધે મિસરના રાજાઓને બૅબીલોનીઆના કૅસાઇટ જાતિના રાજાઓ સાથે પત્રવ્યવહારમાં ઉતરવું પડેલું. યુક્રેટીસની પશ્ચિમે પર્વતોની તળાટીમાંના સર્વે ભાગનો કબજો કરી બેઠેલાં મીટૅનાઇ નામના એક જાતીય સ્વસ્થાન તથા રણની ઉત્તર તરફની કિનારી ઉપર દરેક દિશાએ એકદમ પગપેસારો કરતા અર્ધ જંગલી અૅરૅમીઅન લોકોના સાધારણ રીતે એકત્ર થયલા સમૂહો સાથે તે જીતને લીધે મિસરને સબંધ બંધાણો, અને ઇ. સ. પૂર્વે ૧૪૬૯ ની સાલમાં ઉત્તર સીરીઆમાં

પર્વતોની તળાટીમાંના હીટાઇટ લોકોનાં સ્વસ્થાનોએ મિસરની તાબેદારી સ્વીકારી તથા તેને ખંડણી આપવાનું શરૂ કરી દીધું.

પોતાના પાડોશીઓ, યુફ્રેટીસની પૂર્વ તરફના ઍસીરીઆમાંના લોકો અને પશ્ચિમ તરફના હીટાઇટ લોકો તરફથી એકી વખતે અને કદાચ અંદર અંદર મળી જઇને થતાં દબાણમાંથી મીટૅનાઇ લોકોના રાજ્યને મુકત કરવામાં અણીને વખતે મિસરના લોકોની આ દેશ ઉપરની જીત થયલી. વધારે આગળ વધવાની બીલકુલ ઇચ્છા ન હોવાથી, તથા જીતેલો ભાગ પોતાના કબજામાં જાળવી રાખવાની પૂરેપૂરી ઇચ્છા હોવાથી, મિસરના લોકોએ મીટૅનાઇ લોકો સાથે મિત્રાચારી બાંધી, અને બન્ને રાજકુટુમ્બો લગ્નગાંઠોથી જોડાયાં; પરંતુ જે આફતનો પ્રસંગ રોકવાને માટે આ સાવચેતીના ઉપાયો યોજવામાં આવેલા હતા તે સાવચેતીને લઇને જ તે પ્રસંગ એકદમ આવી પડેલો. શરૂઆતના વખતને માટે બોધાઝ-કુઇમાંનાં સરકારી દફતરો અને પાછળના સમયને માટે મિસરના ઍમેન્હૉટેપ ૩ જા તથા ૪ થાના "ટેલ-એલ-અમાર્નાં પત્રો" આ હકીકતના આધારરૂપ છે. મિસર અને મીટૅનાઇ વચ્ચે કોલકરાર થયા પછી તુરતમાં જ ( મિસરમાંના લોકો જેને સૅપ્લેલનું ટુંકું નામ આપે છે ) કૅપૅડોશીઆમાંના હીટાઇટ લોકોના રાજા સ્યુબીલુલ્યુમાએ ઉત્તર સીરીઆમાંની દૂરની કેટલીએક જાગીરો ઉપર પોતાની સત્તા બેસાડેલી. તેમની મદદથી તથા પોતે તકનો લાભ લઇ, ઇ. સ. પૂર્વે ૧૪૦૦ ને સુમારે તે પોતાના સકળ સૈન્ય સાથે મીટૅનાઇ ઉપર ચઢી આવેલો, અને છેક ટાઇગ્રિસ પર્યંત પર્વતોની તળાટીમાંના આખા મુલક ઉપર ફરી વળેલો. તેના મહાન પૂર્વજ હૅટ્યુસીલ ૧ લા સંબંધી આપણને કાંઇ પણ ઇતિહાસ મળેલો નથી; પરંતુ તેણે જે દૂરના ભાગો ઉપર જીત મેળવેલી તેટલે જ દૂર આ રાજા પણ ગયલો હતો.

આ બનાવથી મીટૅનાઇ લોકોની કારકીર્દીનો અંત આવ્યો, તથા મિસરની સઘળી ગણતરી ઉંધી વળી ગઇ. તેનાથી ઍરૅમીઅન લોકોમાંના મોટા સરદારો ઉપર પણ ઘણી અસર થયલી. જો મિસર જરા પણ આગળ વધે



તો, પોતાને નુકસાન થવાની ભીતિ લાગવાથી તેઓ હીટાઇટ લોકો સાથે મળી ગયલા. મિસર તરફ વફાદારીના સોગંદ ફક્ત થોડા સમય પહેલાં જ લીધેલા હોવાથી શરૂઆતમાં તો તેઓ તે બાબત છૂપી રાખતા હતા; પરંતુ તે વાત બહાર પડ્યા પછી તેઓ હીટાઇટ લોકોનું ઉપરિપણું સ્વીકારી, જાહેર રીતે ખંડણી આપવા લાગ્યા. દરેક લોકોએ મિસરને છોડી દેવાથી, તેને સલાહ કરવી પડી, તથા ઉત્તર સીરીઆનો આખો પ્રદેશ છોડી દેવો પડ્યો. ( ઇ. સ. પૂર્વે ૧૩૬૦ ના અરસામાં) સૅપ્લેલની પાછળ ગાદી ઉપર આવેલા બીજા રાજા તથા ઍમેન્હૉટેપ ૪ થા ની વચ્ચે આ કોલકરાર પાછા કરવામાં આવેલા. બૅબીલોનીઆમાંના ઍમેન્હૉટેપની વંશપરંપરાથી ચાલી આવતી મિત્રાચારીવાળા લોકોથી તેના દુશ્મન ઍરૅમીઅન લોકોએ તેને તદ્દન છૂટો પાડી દીધેલો, અને ઉત્તર સીરીઆ તરફથી મદદ ન મળવાને લીધે તેના જેટલાં જ દબાઇ ગયલાં ફીનીશીઆમાંનાં બંદરો ઉપર પણ મિસરનો કાબુ એકદમ કમી થવા લાગ્યો હતો.

તેમ છતાં હીટાઇટ લોકોની ફત્તેહ નવાઇ જેવી લાગેલી તેવા બીજા લોકોને તેથી કરીને પોતાની વર્તણુકમાં ફેરફાર કરવાને પૂરતી તક મળેલી. ભૂતકાળમાં મીટૅનાઇ લોકોને ઍસીરીઆએ તારાજ કરેલા તે વખતે તેનો ઇરાદો એવો નહતો કે, પાછળથી હીટાઇટ લોકો તેમનો નાશ કરે. સત્તાનું સમતોલપણું જાળવી રાખવાની ઇચ્છાથી શૅાલ્મેનેસર ૧ લાએ તેનો બાકી રહેલો ભાગ મેળવી લેવાને યત્ન કર્યાં. તે ઇ. સ. પૂર્વે ૧૩૨૦ ના અરસામાં તે દેશમાં છેક યુફ્રેટીસ પર્યન્ત ફરી વળેલો, અને તેની પછી ગાદીએ આવેલા રાજાએ સીરીઆ તથા કૅપૅડોશીઆની વચમાંના ટેકરીઓવાળા કૉમૅજીન ઉપર ચઢાઇ કરેલી; તેજ સમયે ૨૦ મા વંશની શરૂઆતમાંનો રાજા સેટી ૧ લો ફરીથી યુફ્રેટીસ પર્યંત જવાનો દાવો ધરાવે છે, અને તેની પછીના રાજા રામીસીસ ૨ જાએ લીબૅનૉન ફરીથી કબજે કરેલું તે ચોક્કસ છે. સ્થિતિ ઘણી જ ધાસ્તી ભરેલી થઇ પડેલી. આ વખતમાં આખા લઘુ એશિયા ઉપર પોતાનું ઉપરિપણું જમાવી બેઠેલા હીટાઇટ લોકોએ નૈરૃત્ય દિશામાં છેક લીશીઆમાંના લોકો અને

ટ્રૉયની નજીકમાંના ડાર્ડેનીઅન લોકો સુદ્ધાં પોતાનાં મિત્રોને એકઠા કર્યાં અને ૧૨૮૭ ની સાલમાં તેઓ અને મિસરનાં લશ્કરો વચ્ચે ઉત્તર સીરીઆમાં આવેલ કૅડેશ નજીક મોટી લડાઇ કરી. રામીસીસ પોતાને જીત મળેલી હોવાનો દાવો કરે છે; પરંતુ તે જીત મળી હોય તોપણ; તેણે તેનો લાભ લીધેલો હોય તેમ જણાતું નથી. વળી આ તકનો લાભ લઇ ઍરમીઅન લોકોએ હીટાઇટ લોકોથી સ્વતંત્ર થવા બંડ ઉઠાવવાથી જે કામચલાઉ સંધિ કરેલી તે બન્ને પક્ષોને જરૂરની હોય તેમ જણાય છે. ઇ. સ. પૂર્વે ૧૨૭૧ માં રામીસીસ અને ( રામીસીસ જેને ખેટાસર કહે છે તે), બોધાઝ–ક્યુઇના રાજા હટુસીલ ૨ જા વચ્ચે મોટા પાયા ઉપર કોલકરાર કરવામાં આવ્યા. તેમાં લેબૅનાનમાં સરહદ્દ નક્કી કરવા સંબંધી; ગુન્હેગારોને સોંપવા બાબત, તથા ચઢાઇ અને બચાવ કરવામાં અરસપરસ મદદ કરવા માટેની શરતો હતી. આ મદદ કરવાની હતી તે કોની સામે કરવાની હતી ? એક તો બૅબીલોનના રાજાને ભય લાગેલો, અને તેણે તે માટે બોધાઝ–ક્યુઇમાં તપાસ કરાવેલી. બે વાત શકય હતી. એક અમુક શત્રુના સંબંધમાં આ અરસામાં જ હટુસીલને બૅબીલોનની ગાદી પચાવી પાડેલા રાજાની સાથે સખત ભાષા વાપરવી પડેલી, અને આ શત્રુ ઍસીરીઆ સિવાય કોઇ બીજો કવચિત્ જ હોવો જોઇએ; કેમકે, થોડા વખતથી તેનું લક્ષ પશ્ચિમ તરફ વધુ દોરાયલું હતું.

જે બીજું જોખમ હતું તે નવીન જાતિનું હતું. આપણે વધારે સ્પષ્ટ રીતે આગળ ઉપર જોઇશું તેમ, યુરોપમાંની વધારાની વસતિ એકદમ ભૂમધ્ય સમુદ્રની આસપાસના પ્રદેશોમાં તથા લઘુએશિયાના વાયવ્ય કોણ તરફના ભાગમાં આવવા લાગી હતી. હીટાઇટ લોકોના સામ્રાજ્ય ઉપર તેથી કરીને પછવાડેથી હુમલા થયા હતા.

આ કારણ સર રામીસીસને પોતાને પણ ચિન્તા થવા લાગી હતી; કારણ કે, “ દ્વીપોમાંના લોકોમાં અંદર અંદર તકરારો થવાથી તેઓ અસ્થિર થવા માંડ્યા હતા; ” અને રામીસીસના ગુજરવા બાદ તુરતમાં સમુદ્ર તરફના લોકો



મિસર ઉપર ચઢી આવેલા તેની તેને પૂરેપૂરી દહેશત લાગેલી. જો આ પ્રમાણે બને તો લઘુ એશિયામાંની ઉપરી સત્તા, તથા લયાકી અને ડાર્ડુનાઇ નામના દરિયાઇ સફર કરનારા લોકો તથા તેમના દોસ્તો કે જેઓએ આ ચઢાઇમાં ભાગ લીધેલો, તેઓની મિત્રાચારી મિસરને ઘણી જ લાભદાયક નીવડે તેમ થાય; તેમ છતાં, આ સર્વે બાબતો સિવાય પણ સીરીઆમાં તે વખતે પુષ્કળ દગા પ્રપંચ ચાલતા હતા, અને જો ગુન્હેગારોને સોંપવા બાબત ચોખ્ખા નિયમો હોય તો જ ફક્ત “ મહાન કોલકરાર કરનારી સત્તાઓને ” નાના માણસોની તકરારોને લઇને પરસ્પર વિગ્રહમાં ઉતરવું ન પડે તેમ હતું.

આવી રીતે તેમની સરહદ તથા તેમના મુલકમાં આવવાના રસ્તા સહીસલામત થવાથી હટુસીલ તથા તેની પછી ગાદીએ આવનાર રાજાઓ પોતાના રાજ્યની વ્યવસ્થા કરવા ઉપર લક્ષ રાખી શકયા, તેઓનું મોટું જમીનને લગતું પત્રક, અને ઍલેપોનાં ખંડીઆં સ્વસ્થાન સાથેના તેઓના કોલકરારોના માટીના શિલાલેખો, બોધાઝ–ક્યુઇમાંના લેખોમાં છે, તેમની આસપાસ સ્વરાજ્ય ભોગવનારા મિત્રો આવેલા હતા, તેઓની પ્રજામાં ઘાટો સંબંધ હતો તથા રાજ્યદરબારમાંથી તેઓના ઉપર દેખરેખ ચલાવવામાં આવતી હતી, અને મોટી જાગીરોનો વહીવટ રાજાઓ પોતે જ કરતા હતા. તેઓની સાંસારિક સ્થિતિ સંબંધી જે ચોક્કસ માહિતી આપણને મળી છે તે એ છે કે, પુરાતની બૅબીલોનીઆ તથા ગ્રીક લોકોના સમય સુધી લીશીઆની માફક અહીંઆં પણ સ્ત્રીઓ ઉંચો દરજ્જો અને છૂટ ભોગવતી હતી. બળ તથા જંગલી હિમ્મત કરતાં, મગજશક્તિ અને ચાલુ મહેનત વધારે જરૂરી ગણાતાં હોવાથી, જ્યાં જ્યાં ખેતી અને હુન્નરકળા એક સરખી સંસ્થાઓ થવા પામે તેટલા લાંબા વખત સુધી પ્રચલિત હોય, ત્યાં ત્યાં આ પ્રમાણે જ સ્થિતિ હોય છે, એમ જણાય છે.

હીટાઇટ લોકો બરાબર વખતે જ આગળ વધતા અટકેલા. ગ્રીક લોકોની માન્યતા મુજબ જો ટ્રૉજન વિગ્રહની શરૂઆત ઇ. સ. પૂર્વે ૧૧૪૪ ને સુમારે થઇ હોય તો મેરેન્ટૅહની સરદારી નીચે મિસર ઉપર સ–

મુદ્રની પેલી તરફના લોકો ચઢી આવ્યા તેનાથી એક બે વર્ષની અંદર ઇ. સ. પૂર્વે ૧૨૩૦ ને સુમારે; એટલે કે, આશરે ૪૦ વર્ષ અગાઉ ફ્રીજીઆના લોકોની ઉચ્ચ પ્રદેશ ઉપરની ચઢાઇ અને તેઓ તથા પોતાના ધણી ઉપર કાબુ ધરાવનાર ઍમેઝૉન સ્ત્રીઓ વચ્ચે મહાન લડાઇ થયલી હોવી જોઇએ; તથા ઇ. સ. પૂર્વે ૧૨૦૦ ના અરસામાં જ્યારે સીરીઆમાં યુરોપ તરફના લોકો મોટા પ્રમાણમાં આવવા લાગ્યા, અને તે વખતે સમુદ્રની પેલી તરફના લોકો મિસર ઉપર બીજી વાર ચઢી આવેલા, તથા રામીસીસ ૩ જાની હિંમ્મત અને હોંશીઆરીથી તેઓને મિસરમાંથી હરાવી કાઢવામાં આવેલા, ત્યારે હીટાઇટ લોકોએ તેમાં ભાગ લીધેલો; પરન્તુ તેઓ અગ્રેસર ન હતા એટલું જ નહિ, પણ ઇજીઅન અને પશ્ચિમ ઍનૅટોલીઅન જાતિનાં નામોવાળા લોકોના જેટલા જ દરજ્જાના અથવા તાબેદાર સ્થિતિમાં હતા. આ નવીન આવનારાઓમાં સર્વેથી વધારે નજરે પડતા મુસ્કી નામના લોકો કદાચ ગ્રીસની ભૂગોળમાં મૅસ્કોઇમે નામે ઓળખાતા લોકોના પૂર્વજો હોય. તેઓ હજી ભટકતા ફરતા હતા; અને ૧૧૭૦ ના અરસામાં તેઓએ ઍસીરીઆની સરહદ ઉપરના ભાગોમાં ધાસ્તી ફેલાવી હતી; અને (વચનો આપ્યા છતાં;) તેઓને જ્યાં સુધી ટીગ્લથ-પીલેસર ૧ લા એ "છેક ઉત્તર સમુદ્ર પર્યન્ત" પાછા હઠાવી કાઢ્યા ત્યાં સુધી તેઓ ભય પમાડતા ચાલુ રહ્યા હતા. આ ઠેકાણે 'ઉત્તરસમુદ્ર' નો અર્થ 'કાળોસમુદ્ર' થાય છે. આ બનાવ ૧૧૨૦ માં બનેલા, અને તેને લીધે અસીરીઆના જુના દુશ્મનો હીટાઇટ લોકોના ભાંગ્યા તૂટયા સામ્રાજ્યને સચેત થવાને તક મળેલી. આ વખતે તેઓનું મુખ્ય શહેર બોધાઝ-કયુઇ ન હતું, પરન્તુ યુફ્રેટીસ ઉપરનું કિલ્લેબંધી-વાળું 'કર્કેમીશ' હતું. ઉત્તર સીરીઆમાંની જાગીરોમાં થઇને છેક લેબેનાન અને ફીનીશીઆમાંના કિનારા પર્યન્ત ટીગ્લૅથ-પીલેસરનું લશ્કર પહોંચેલું ત્યારે આ શહેર પોતાના કબજામાં આવેલું નહિ. એમ જણાય છે; પરન્તુ આ ઍસીરીઆની પહેલી ફત્તેહ ટુંક સમય જ રહેલી. થોડો સમય સુધી યુફ્રેટીસની પશ્ચિમે આવેલાં સ્વસ્થાનો નીનેવેહ તરફ સારી લાગણી ધરાવતાં



હતાં; પરન્તુ ૧૦૬૦ ના અરસામાં બંડ થયલું તેના પરિણામમાં સીરીઆ સ્વતંત્ર થયલું અને ઍસીરીઆના લશ્કરને કર્કેમીશ નજીક તેણે હાર પણ ખવરાવેલી.

ઍસીરીઆનાં નવમા સૈકામાંના જીતનારાઓને તેથી કરીને અગીઆરમા સૈકામાં જે કાંઇ કરવામાં આવેલું તે પાછું કરવું પડેલું; પરન્તુ વસ્તુસ્થિતિ પહેલાંની માફક જ હતી. જૂના મીટૅનાઇની આસપાસ, ટાઇગ્રિસ અને યુફ્રે-ટીસની વચમાં, નરમ સુલેહશાંતિવાળો અને મુખ્યત્વેકરીને ખેતીવાડી વાળો દેશ આવેલો છે. નદીની પેલી તરફ ઍરૅમીઅન જાતિના સેમાઇટ લોકો, જેઓ ભરવાડની જીંદગી ભોગવતા હતા અને રણની કિનારીની આજુબાજુ ફકત થોડે જ અંશે સ્થાયી જીંદગીવાળા હતા, તેઓ પોતાના જ જાતિના બેન્હાડાક અને હૅઝાએલ ધનાઢ્ય વેપારીઓને માન આપતા હતા; તથાપિ આ વેપારીઓ તો ડમાસ્કસની બજારમાંની કાર્યકુશળતા દ્વારા પોતાના પાડો-શીઓ ઉપર અમલ ચલાવતા; તેઓ સાથે દગા પ્રપંચ કરતા, અને તેઓને પોતાનાં હથીઆર બનાવતા હતા. આ લોકોથી ઉપરવાસના ભાગમાં સેંકડો વર્ષ પર્યંત અજીત રહેલું; પરંતુ તે સમયની યુદ્ધકળામાં તેને સહેલાઇથી બાજુએ રાખી આગળ વધી શકાય તેવું કર્કેમીશ શહેર આવેલું છે. હી-ટાઇટ લોકોની જાગીરોના અગ્ર ભાગના "પુલનો બચાવ કરતું હોય" તેમ તે હતું, અને અલેપ્પોના રસ્તા ઉપર તે જગાત લેતું હતું. આ જાગીરોમાં મુખ્ય 'હમથની' હતી, અને ઍલેપ્પો ડમાસ્કસ સાથે સ્પર્ધા કરતું હતું. જરૂર પડે ત્યારે ટૉરસની પેલી બાજુના પોતાની જાતિના લોકોની મદદ તેઓને મળતી; પરંતુ હવે હીટાઇટ લોકોનું સામ્રાજ્ય રહેલું ન હતું. યુસી અને ફ્રીજીઅન લોકો જ ત્યાં જાયુકને માટે રહેવા આવેલા. સીલીશીઆનો નીચાણવાળો પ્રદેશ અને ટેકરીઓમાં આવેલ કૅમેજીન તથા તે બન્નેની તરફ આવેલ પ્યાના, એ કૅપૅડોશીઆમાંના બોધાઝ-કયુઇથી જુદા તથા છૂટા પડી ગયલા હતા, તથા આઠમા સૈકાના અંતકાળમાં તો શાર્ડીસમાં પણ સ્વતંત્ર રાજા રાજ કરવા લાગ્યા હતા.

ઍલેપ્પો તથા હમથની સમુદ્ર તરફની દિશાએ ઍરૅમીઅન લોકોની પ્રગતિ પહેલાં પુરાતની સેમિટીસ લોકોનાં મધ્ય સ્થાનો થઇ પડેલાં ફીનીશીઆમાંનાં શહેરોને "દ્વીપોમાં મુસ્કેલી ઉભી થવાથી" નવી જીંદગી મળેલી. તેમજ, તે લોકોનું લક્ષ આ મુલકના જેવાજ આફ્રિકામાંના કાર્થેજની આસપાસના મુલક તરફ દોરાયલું. દરેક રીતે સારાં, પરંતુ પુષ્કળ જમીન વિનાનાં પોતાનાં રહેઠાણ હોવાથી, આ લોકોને રાજકીય સત્તા છોડી દેવી પડી હતી તો પણ, હવે વેપારની છૂટ હોવાથી તેઓની નાણા રૂપી સત્તા પુષ્કળ વધવા પામેલી. એમ. મૅસ્પેરો કહે છે કેઃ—" સીરીઆની સ્થિતિ એવી છે કે, જો સબળ પાડોશીઓ ન હોય તો જ સીરીઆ સ્વતંત્ર રહી શકે. " પરંતુ તેનાથી ઉલટી હકીકત પણ સત્ય છે. દક્ષિણ તરફ ઇઝરાએલમાં ત્યાંના ફીનીશીઅન જાતિના જ લોકોને મિસર નિર્માલ્ય થઇ જવાથી, હીટાઇટ લોકોના પડી ભાગવાથી તથા ઍસીરીઆ થોડા વખતને માટે પણ પાછું સજીવ થવાથી તેઓને ત્રણ ગણો આરામ મળવાને લીધે, ઇઝરાએલ લોકોએ યુફ્રેટીસથી " મિસરમાંની નદી " પર્યંત આખા દેશ ઉપર પોતાનું વાલીપણું જમાવ્યું. તેઓ પુષ્કળ લૂટ ચલાવતા, અને સીડોનીઅન લોકોના રાજા, ટાયરના રાજા હીરંમની સાથે મળી જઇને, તેઓ " દક્ષિણ દેશ " માં થઇને, રાતા સમુદ્રના કિનારા ઉપરના ભાગોમાં પુષ્કળ વેપાર ચલાવતા હતા.

આવી રીતે પૂર ચઢતી હતી તે દરમ્યાન આ એકત્ર થયલા ઇઝરાએલ લોકોમાં અંદર અંદર નાણાંસંબંધી તથા નફાની વહેંચણીની બાબતમાં તકરારો ઉભી થઇ. તેઓ તો ફક્ત ઉચ્ચ પ્રદેશોમાંના લોકો એકત્ર થયલા એટલુંજ; જો કે સૅાલ, ડેવિસ અને સોલોમન જેવા બે મહાન સરદારો અને એક મહાન રાજનીતિજ્ઞ પુરૂષના પ્રયાસથી તેઓનું એક રાજ્ય અને પછી સામ્રાજ્ય થવા પામેલું. તેથી સીરીઆમાંના એટલે કે ઍરૅમીઅન જાતિના બંડીઆ રાજાઓ તેઓથી છૂટા થઇ ગયા, તથા વાલીપણું ભોગવતા મોટા રાજ્યમાંથી પોતાનું નાનું ડમાસ્કસનું રાજ્ય જુદું પાડી લીધું. ઓમ્રાઇની લડાયક બુદ્ધિ, અહાબનાં



" ટાયરની કન્યા " સાથેનાં જાહોજલાલીવાળાં લગ્ન, તથા જૅહોસૅફટના વેપારને લગતા સટ્ટાને લઇને જ આ બન્ને વર્ગો વચ્ચે ફરીથી સંબંધ જોડાયલો. પરંતુ રૅમાથ–ગીલેડની લડાઇમાં સીરીઆની ફત્તેહ થઇ; જે રાજકર્ત્તા વંશની વિરૂદ્ધતાને લઇને હૅઝાએલ સામેલ થયલ તેજ કારણસર જૅહુનું બંડ થયું, તથા રાતા સમુદ્રનો નવીન કાફલો "ઇઝીઑન–ગેબર નજીક પૂર્વ તરફના પવનથી નાશ પામ્યો. "

આવી જાતની ગેરવ્યવસ્થા અને ગુંચવાડા ભરેલી દુનિયામાંથી બૅબીલોનીઆમાંના, પર્વતોમાંના, તથા કિનારા ઉપરના પ્રદેશોમાંના સવાલો ઉભા રહેલા હોવા છતાં, નવમા તથા આઠમા સૈકામાં ઍસીરીઆ પોતા માટે એક સામ્રાજ્ય જુદું કેમ કાઢી શક્યું, તે ઇતિહાસના પ્રભાતમાંની નહિ, પરન્તુ સંપૂર્ણ પ્રકાશ પડવા લાગેલા તેવા વખતની બાબત છે.

પરન્તુ ફીનીશીઅન લોકોએ તેઓના જમીન ઉપરના વેપારની ગેરવ્યંવસ્થાને લીધે થયલી નુકસાની દરિયાપારના વેપારથી કેવી રીતે વાળી લીધી, અને વિશેષ કરીને ત્યાંના શહેરોમાંના લોકોએ ઘણા સમય અગાઉ તેમ શા માટે નહિ કરેલું, તે આપણા વિષયને લગતી બાબત છે, અને તે બાબતને હવે આપણે વિચાર કરીશું.

# પ્રકરણ ૮ મું.

## પૂર્વાદ્ય ભૂમધ્યસમુદ્ર ઉપરના પ્રદેશોમાંનું પ્રભાત.

ગ્રીક લોકોના સુધારાની શરૂઆતના સ્થાનને લગતા બનાવોના ક્રમ સંબંધી આપણા ખ્યાલમાં, પુરાતનવસ્તુશાસ્ત્ર મુજબનાં ખોદકામના પરિણામે જેટલો ફેરફાર થયલો છે, તેટલો બીજી કોઇ પણ જગ્યાના સંબંધમાં થયલો નથી. મિસર અને બૅબીલોનીઆના સંબંધમાં પાછળના કાળના મિસરમાંના અને બૅબીલોનીઆમાંના લોકો પાસેથી ગ્રીક લેખકોને ઉતરી આવેલી અધુરી, ફેરફારો સહિતની, મોટા રૂપમાં, અને ઘણા દાખલાઓમાં વિચિત્ર રૂપકો અને ગ્રામ્યવાર્ત્તાઓના મરીમસાલાવાળી કાંઇક પણ રૂપરેખા આપણને મળેલી છે; પરન્તુ મેનેસ અને ચીઑપ્સ તથા સીસોત્રીસ સંબંધી હીરોડોટસ લખી શક્યો છે, અને અત્યારે આપણા જાણવામાં આવ્યા મુજબ લગભગ આપણું જેવાજ પુરાવાના આધારવાળી, એક તવારીખને મળતી આવતી માહિતી આપણને તેણે આપેલી છે. બૅબીલોનીઆ વાસ્તવિક રીતે ગ્રીસને વધારે મળતો આવે છે; કારણકે, નવીન બૅબીલોનીઆમાંના વિદ્વાન લોકો આક્કાદના સૅર્ગોન સંબંધી જાણતા હતા, અને ઇઝરાએલની અસલની દંતકથાઓમાં હમ્મુરાબી અને કુદુર્લાગમેર સંબંધી કહેવામાં આવેલ છે; તોપણ બૅબીલોનના પહેલા વંશના વખત પર્યન્ત ચાલુ ઇતિહાસ હોવાનું ભાગ્યે જ કહી શકાશે, તથા કૅસાઇટ રાજકર્ત્તાઓના સમયથી જ સમકાલીન બનાવો સંબંધી લખાણ જોવામાં આવે છે. પરન્તુ ગ્રીસમાં તો ટ્રોજન વિગ્રહના વખતથી અથવા બહુ તો ઍકીઅન લોકોના આગમનનાં કાળથી ચાલુ ઇતિહાસની શરૂઆત થાય છે. પ્રૉફેસર રીજવે આબેહુબ તકરાર ઉઠાવે છે કે, જો ગ્રીક દંતકથામાંનો માઇનૉસ, (વધારે લોકપ્રિય ગાથાઓમાં વર્ણવવામાં આવ્યા પ્રમાણે) થેસ્યુસે જે અમર્યાદિત સત્તા ચલાવનાર



રાજાને હરાવ્યો તે હોય, અને આઇડોમેન્યુસનો દાદો તથા પેલૉપ્સ અને લેઑમેડોનનો સમકાલીન હોય, તો તો પછી તે " માઇનોઅન સુધારા " ના સ્થાપક કરતાં તેનો ઉત્થાપક હતો. હોમર સિવાયની બીજી હકીકત મુજબ તે થીબ્સના રાજા કૅડ્મસનો ભત્રીજો થાય. જો તે ખરી માનીએ તો, તે " માઇનોઅન " જમાનાના મુખ્ય નવ વિભાગોમાંના આઠમામાં થયલો ત્યાર પહેલાંની સર્વે બાબતો ગ્રીક લોકોની તેમ જ અત્યાર સુધી " આર્ય " તથા પેલૅસ્ગીઅન " ગાથાઓના ગાઢ અંધકારમાં રહેલી છે.

અલબત નવીન જ્ઞાન ધીમે ધીમે જ પ્રાપ્ત થયલું છે; અને તે જ્ઞાન મળતું હતું તે વખતે નિશાળોમાં શીખવવામાં આવતા ગ્રીક લોકોના ઇતિહાસ સાથે તેને સંબંધ હોવાનું પૂરવાર કરવાને વારંવાર યત્નો થતા હતા. તે સમયે જે જાણવામાં આવેલું હતું તે સંબંધી ખુલાસો આપવાના યત્ન તરીકે જ દરેક સિદ્ધાન્તનો ઉપયોગ કરવામાં આવતો હતો; અને જે સર્વે બાબતો જાણવામાં આવેલી તેની નોંધ લેતી વેળા તેનો ખરેખરો અર્થ ઇતિહાસકારો ક્વચિતજ સમજતા, અથવા પોતાને જે બાબતનું જ્ઞાન મળેલું તેમાં જે કાંઇ નવીન અથવા અગાઉની હકીકતને ખોટી પાડે તેવું હોય તેને વધુ પડતી અગત્યતા આપતાં તેઓ ક્વચિત્ જ અટકતા. અલબત, મિસર તથા બીજા ભાગો સંબંધી લખાણોમાં પણ આ પ્રમાણે જ બનતું હતું; પરન્તુ, ઇતિહાસના આ વિભાગોને કેળવણીના વિષયમાં " કામે લગાડવામાં આવવા " થી ઘણું ઓછું નુકસાન થાય છે, એટલે, તેટલાજ ખુલ્લા અને શાસ્ત્રીય રીતે તેટલા જ સકારણ હોવા છતાં, જુદા જુદા મત વચ્ચેના તફાવતો સામાન્ય લોકોના જોવામાં ઓછા આવે છે. રસાયન વિદ્યા અથવા પ્રાણીવિદ્યા જેવાં આગળ વધતાં શાસ્ત્રોમાં પણ તે પ્રમાણે જ બનતું હતું. માનુષીશાસ્ત્રો સંબંધી સર્વ જાણવા જેવી અથવા પૂરતી બાબતો ચોક્કસ રીતે તે વખતે જાણવામાં આવી ગયલી છે, તેવો બાળકબુદ્ધિનો ખ્યાલ લાંબા કાળ પર્યંત જનસમાજમાં સજ્જડ બેસી ગયલો હોવાથી પુરાતન વસ્તુશાસ્ત્રને લગતી બંધ નહિ બેસતી બાબતો " જ્ઞાનના પ્રચાર " અથવા " શોધખોળની

પ્રગતિ " નાં ચિહ્નો તરીકે વધાવી લેવામાં આવેલી નહિ. આપણી અગાઉ થઇ ગયલા લેખકોનાં ખરેખરાં કામ અને બુદ્ધિશાળી સૂચનાથી, તે વખતે નહિ મળેલા પુરાવાના આધારે આપણને જુદાં પડવું પડે છે. તેવી જ રીતે, આપણા પોતાના વિચારોમાં પણ થોડા સમયમાં જ નવીન હકીકત બહાર આવવાને લીધે ફેરફાર થવાનો તેટલો જ સંભવ રહે છે. તેટલા માટે, વિદ્વાન તેમ જ સામાન્ય લોકોને, જે ક્રમમાં અને જે ચોક્કસ સમયે જુદી જુદી બાબતો સંબંધી માહિતી મળી તે સર્વે હકીકત સહિત આ પ્રદેશને લગતી શોધના મુખ્ય ભાગોની ઘણી જ ટુંકી રૂપરેખા આ જગ્યાએ આપવામાં આવે તો, તે લેખકો અને વિચારોને ન્યાય આપેલો ગણાશે. ફક્ત આમ કરવાથી જ અગાઉ કરવામાં આવેલી સંક્ષિપ્ત નોંધો બરાબર સમજી શકાય અથવા તે ઉપર વ્યાજબી ટીકા થઇ શકે તેમ છે. વળી આપણે એ પણ ધ્યાનમાં રાખવું આવશ્યક છે કે, પાછળની હકીકત સને ૧૯૧૧ ની ગ્રીષ્મઋતુમાં તથા હાલમાં યોજવામાં આવેલ, અથવા માથે લેવામાં આવેલ શોધખોળના પરિણામે થોડા વખતમાં અને કદાચ તે પછીની પાનખર ઋતુમાં જ, ખાસ કરીને મૅસીડોનીઆ, અને થ્રેઇસ, તથા લઘુએશિયાના પશ્ચિમ કિનારાના, અને ઉત્તર આફ્રિકાના ચોક્કસ ભાગોને લગતી નવીન બાબતો સંબંધી માહિતી વિના લખવામાં આવેલી છે.

સહજ મળી આવેલ વસ્તુઓ, અને મેલૉસ, થેરા, રૂહોડ્સ અથવા સાઇપ્રસમાં જુજ અધુરાં રહી ગયલાં ખોદકામ સિવાય ઐતિહાસિક જમાના અગાઉની ઇજીઅન પ્રદેશમાંની પુરાતન વસ્તુઓની શોધખોળના કામની શરૂઆત હેલેસ્પૉન્ટના એશિયામાંના કિનારા નજીક હીસાર્લીકના ટેકરામાંથી, " હોમરવાળું ટ્રોય " શોધી કાઢવાના ૧૮૭૨–૭૪ માં સ્લીમૅને કરેલા યત્નથી થાય છે. ગ્રીક અને રોમન લોકોના મિશ્રિત શહેર " નવીન ટ્રૉય " ની નીચે છ જુદાં જુદાં ખંડીએરનાં, એકંદર પચાશ ફીટથી પણ વધારે ઉંડાઇએ તેણે શોધી કાઢેલાં પડને લીધે સામાન્ય આશ્ચર્ય અને કાંઇ એક ગોટાળો ઉત્પન્ન થયલાં. કારણ કે, તેમાંની પથ્થરના જમાનાની શરૂઆતથી,



સપાટીની નજીકના જ લોખંડના જમાનાની શરૂઆતનાં પડ પર્યન્ત, દરેક બાબત જંગલી, અને મુખ્યત્વે કરીને, મધ્ય યુરોપમાં તેને મળતી આવતી મુદત દરમ્યાનમાંની કારીગરીની સૂચના કરે તેવી હતી. ચિત્રોવાળું કુંભારકામ તો ત્યાં લગભગ ન જ હતું. ફ્લૅક્સમૅન અને વિદ્યાહુન્નરોના પુનઃવિકાસના સમયમાંના કારીગરોએ જ નહિ પરન્તુ, ગ્રીક લોકોમાંના વાસણ ઉપર ચિત્રકામ કરનારાઓએ આપણને માહિતી આપેલી છે તેવાં હોમરના જમાનામાંનાં ચિત્રો જેવું કાંઇપણ ત્યાં બીલકુલ જોવામાં આવેલું નહિ.

સ્લીમૅન ૧૮૭૬ માં ટ્રૉયમાંથી દક્ષિણ ગ્રીસમાં આવેલ માઇસીનીની જગ્યાએ ગયલો, અને ત્યાંપણ બીલકુલ હેલેનિક નહિ તેવા, પરન્તુ ટ્રૉયથી તદ્દન જુદી જ જાતના કાંસાના જમાનાની વસ્તુઓ તેને મળી આવેલી. ત્યાં ખાસ કરીને ઝાંખી જમીન ઉપર જનાવર અને છોડવાઓની ઘેરી કાળી આકૃતિવાળાં ચિત્રો સહિતનું કુંભારકામ પુષ્કળ જોવામાં આવેલું. વળી ટ્રૉયનાથી ઉલટી રીતે માઇસીનીની જાહોજલાલી કાંસાના જમાનાના છેવટના ભાગમાં હતી. અઢારમા વંશના, ઈ. સ. પૂર્વે ૧૫૦૦ થી ૧૩૫૦ ના સમય દરમ્યાન, મિસરના સહવાસમાં તે આવેલું હોવું જોઇએ, એમ તદ્દન સ્પષ્ટ લાગે છે, તેમ જ ત્યાંની કારીગરી તે વખતે કેલ્ટ લોકોની ગણાતી યુરોપના ઇશાન ખૂણા તરફના ભાગમાંની કારીગરી સાથે ઘણે ભાગે મળતી આવે છે. આ પ્રદેશમાં શોધખોળ કરનારાઓ અત્યારે પણ દરેક બાબતનું કેલ્ટ લોકોની તેવી બાબતો સાથે મળતાપણું હોવાનું જણાવી મજા લે છે, તે ધ્યાનમાં રાખવું જરૂરનું છે. તો પણ, સને ૧૮૭૯ ની સાલમાં સર ચાર્લ્સ ન્યુટને રૂહોડ્સમાં ઇએલાસસ નજીકની કબરોમાંથી તેમ જ ભૂમધ્યસમુદ્રની આસપાસના કેટલાએક દેશમાંની જુદી જુદી જગ્યાએથી મળી આવેલી બ્રિટિશ સંગ્રહસ્થાનમાં રાખેલી ચીજો " માઇસીનીઅન " હોવાનું કબૂલ રાખેલું છે.

પોતાના બે જાતિના સિદ્ધાન્તો વચ્ચેના તફાવત, તેમ જ ટ્રૉય અને પુરાતની ઉત્તર વચ્ચેના મળતાપણાંના ઘણા વિષયો સંબંધી સ્પષ્ટતા કરવાના હેતુથી સને ૧૮૭૮ માં સ્લીમૅન પાછો ટ્રૉય તરફ ગયલો. છેક

તળાટીથી બીજી પાયરી ઉપર આવેલ 'બળી ગયલ શહેર' જેને તે 'હોમર-વાળું ટ્રૅાય' હોવાનું માનતો હતો, તેના તરફ પોતાનું લક્ષ હોવાથી સ્લીમૅને ઉપરના ભાગમાંના થર તરફ બીલકુલ ધ્યાન આપેલું નહિ. તે વખતે જે રીતે શોધખોળનું કામ ચલાવવામાં આવતું હતું તે મુજબ તો, તે ઉપરના ભાગ-માંના થર સંબંધી પૃથક્કરણ અને એકીકરણ કરવાનું કામ ખરેખર ઘણું જ મુસ્કેલ હતું. આવી રીતે હોવાથી તેના ગુજરવા બાદ છેક સને ૧૮૯૩ માં છઠ્ઠું શહેર ખરેખર "માઇસીનીઅન" જમાનાના થર તરીકે જાણવામાં આવેલું. તે દરમ્યાન ૧૮૮૪ ની સાલમાં માઇસીનીઅન કબરોના વખતનો જ માઇસીની નજીક ટીરાઇન્સમાં એક સુંદર ઐતિહાસિક જમાનાની અગાઉનો મહેલ તેણે ખોદી કાઢેલો, અને તે નીચેની જમીન ખોદી ત્યાં કળાકારીગરીની જુદી શૈલી તથા માઇસીની જેવા ભૂરા રંગને બદલે ઘણા જુદા જુદા રંગનાં કુંભારકામવાળી, પહેલાંના વખતની વસતિ હોવાનું તેણે સાબીત કરી આપેલું હતું. પરંતુ, "હોમરના જમાના" તરફ જ તેનું લક્ષ હોવાથી, ઉપરના થરમાં તે વધારે ઉંડો ઉતરેલો નહિ, અને આ જગ્યા ઉપરના "માઇસીનીના જમાના અગાઉની" વસ્તુઓ સંબંધી વધારે જ્ઞાન મેળવવાને ૧૯૦૮ ની સાલપર્યંત આપણને થોભવું પડયું હતું.

આ સમય સુધીમાં તો સામાન્ય જાગૃતિ થવા પામેલી. સને ૧૮૮૩ માં 'માઇસીનીઅન' જમાનાના હોમરવાળા જમાના સાથેના સંબંધ વિષેની હેલ્બી-ત્રની મહાન તપાસનું પરિણામ પ્રકટ કરવામાં આવેલું. સને ૧૮૮૬ માં ટ્રૅાયમાંના અને માઇસીનીમાંના સુધારાની શૃંખલામાંના ગૂમ થયલા મંકોડા-માંનો પહેલો સાઇક્લૅડિક દ્વીપોમાં ડુમ્લરે શોધી કાઢયો અને અત્યાર સુધીમાં યુરોપના અગ્નિકોણ તરફના ભાગમાં બીજી જગ્યા કરતાં "બળી ગયલ શહેર"ના સુધારાને વધારે મળતો આવતો સુધારો સાઇપ્રસમાં તેના જોવામાં આવ્યો. આ વિષય સંબંધી પુરાવા ફરીથી સમતોલ કરવાને, તથા હેલેસ્પૉન્ટ ઉપર પોતાનો કાબુ બેસાડવાને, હરીફાઈ કરતા યુરોપ અને એશિયા પોતપોતાના વારા તે સામુદ્રધુનીની એક બાજુથી બીજી બાજુએ દાખલ કરવાને કેવી



રીતે મથતા હતા, તે બતાવવાને, ઑસ્ટ્રિયા અને સર્વિયામાંના પુરાતનવસ્તુ-શાસ્ત્રીઓને બીજાં વીશ વર્ષ લાગેલાં. એક જ અરસામાં ફ્રૅશીશીઅસ અને મીલ્શીફર માઇસીનીવાળા સુધારાને લીધે ક્રીટની અગત્યતા બતાવતા હતા, જ્યારે સૌન્તાસ અને બીજા શોધખોળ કરનારાઓ જુદી જુદી જગ્યાઓ અને કબરો શોધીને, એમ પૂરવાર કરતા હતા કે—( ૧ ) કાંસાના જમા-નાના છેવટના ભાગમાં ઇજીઅન સમુદ્રની દક્ષિણ તરફના દરેક પ્રદેશમાં અને ગ્રીસના ઘણા ખરા ભાગોમાં, એટલે કે, ઉત્તરમાં છેક દક્ષિણે થેસ્સલી અને પશ્ચિમમાં છેક સેફ્લેનીઆ પર્યન્ત માઇસીનીવાળો સુધારો પ્રાધાન્ય ભોગવતો હતો; (૨) કદાચ તે અસલથી જ ત્યાં વધતો જતો હતો; (૩) તેનો મિસર સાથેનો વ્યવહાર પુષ્કળ હતો; અને (૪) ગમે તેમ ઉત્પત્તિ થયલી હોય અને તે ગમે તે વખતમાં થયલી હોય તો પણ તે ગ્રીસના ઐતિહાસિક જમા-નાની અગાઉનો જ હતો, અને તે સુધારાની અને ગ્રીસના ઐતિહાસિક જમા-નાની વચમાં એક ભયંકર આફત આવી પડેલી, અને તે દરમ્યાન શહેરો ઉપર ચઢાઇ કરવામાં આવેલી, અને લોકો શહેરો છોડી નાસી ગયલા, તથા મહેલો અને મુકબરાઓમાં લૂટ ચલાવવામાં આવેલી, તથા ગોટાળા અને જંગલી-પણાંના "કલિયુગ" જેવા કાળમાં રાજકીય સત્તા તેમ જ આર્થિક બળની એકંદર વહેંચણીમાં તદ્દન ફેરફાર પણ થઇ ગયલો.

અમુક અંશે સને ૧૮૯૩ માં ફ્લીંડર્સ પેટ્રીએ ટેલ-એલ-ઍમાર્નામાંના, ચોકકસ રીતે ઇ. સ. પૂર્વે ૧૪૫૦ ના અરસામાંના ઍમેન્હૉટેપ ૪ થા ના મિસરમાંના બાદશાહી મહેલની અંદર જરા મોડા વખતનું "માઇસીનીઅન" જાતિનું કુંભારકામ શોધી કાઢવાથી, તથા અમુક અંશે સને ૧૮૯૩ માં 'કહુન' નજીકની બારમા વંશના સમયની જગ્યાએથી મળી આવેલ (આગ-ળથી જેને ફ્લીંડર્સ પેટ્રીએ તે નામ આપેલું તે) કેટલુંએક "ઇજીઅન" કુંભારકામ ક્રીટમાં બનેલું હોવાનું માન્ય રાખવામાં આવવાથી તથા તેનાથી વિશેષ અંશે સને ૧૮૯૭ માં અઢારમા વંશથી જેટલો વહેલો બારમો વંશ થયલો તેટલા જ, "માઇસીનીઅન" કારીગરીથી અગાઉના વખતની મેનૅાસ-

માંની, થર બરાબર હોવાથી અગત્યની, ફાઇલૅકૉપીની જગ્યાએ આ જાતિની હુન્નર કળાની ચીજો માલૂમ પડવાથી, અને સર્વેથી વિશેષ અંશે જ્યારે છેક પાંચમા વંશના વખતના મિસરમાંના નમૂના ઉપરથી પ્રેરાયલા કોતરકામવાળા શિલાલેખમાંની આકૃતિ અને શૈલીની, અને તુરતમાં કોઇપણ વખતે મિસરમાંથી દાખલ કરવામાં આવેલી ન હોવા છતાં ત્યાંના જેવી લેખનપદ્ધતિ ક્રીટમાં હોવાની સર આર્થર ઇવૅન્સને ખાત્રી થયલી હોવાથી, આ ચોક્કસ મુદ્દત નક્કી કરવા સંબંધી સવાલનો નિર્ણય થઇ ગયો છે.

ઉત્પત્તિ, સ્થાનિક કે પૂર્વમાંથી થયલી. તે સવાલનો નિર્ણય મુખ્યત્વે કરીને તે જ દાયકામાં ત્રણ મુખ્ય બાબતોથી થયલો હતો:—૧) લઘુએશિયામાં કેરીઆ અથવા ફ્રીજીઆ અથવા બીજા કોઈ સમુદ્ર કિનારા ઉપરના પ્રદેશમાં આ સુધારાનો જન્મ થયલો નથી એટલું જ નહિ, પણ લગભગ છેવટ પર્યંત ત્યાં સુધારો દાખલ થઇ શકે તેમ પણ હતું નહિ, અને ફક્ત છેવટના ભાગમાં જ આફતના–અણીના સમયમાં "પિલ્ગ્રિમ ફાધર્સ" ની માફક નાસી છૂટેલા થોડાએક લોકોને ત્યાં આશરો મળેલો, અને તેઓએ તેમ અકસ્માત્ તે વખતે આયોનિયા સ્થાપેલું; (૨) સ્લીમૅનને ટીરાઇન્સમાં મળવો જોઇતો હતો તે પથ્થરના જમાનાથી કાંસાંના જમાનાના અન્ત પર્યંતના સુધારાની પ્રગતિનો, એક પછી એક ચાલ્યો આવતો ઇતિહાસ પહેલવહેલો ઉપર જણાવેલ મેલૉસમાંની ફાઇલૅકોપીની જગ્યાએથી મળી આવેલો છે. એકજ ઇજીઅન પ્રદેશમાંના રહેઠાણમાંની જીંદગીનો પૂરેપૂરો ઇતિહાસ તપાસવાનું તથા પૂર્વ ઉપર તે ખરેખરી રીતે કેટલે અંશે આધાર રાખતું ન હતું, તે નક્કી કરવાનું આ જગ્યાએ જ શક્ય હતું; (૩) સાઈપ્રસમાં મોટા પાયા ઉપર કરવામાં આવેલાં ખોદકામને લઇને સાબીત થયું છે કે, ઇજીઅન સુધારો ત્યાં એકદમ ઇરાદા પૂર્વક અને મોડો દાખલ કરવામાં આવેલો, જ્યારે (હેલ્બીગ અને કેટલાએકો એક વખત માનતા હતા તે મુજબ), જો આ સુધારાનો જન્મ ફીનીશીઆમાં થયલો હોય, તો બીજી જગ્યાઓ કરતાં સાઇપ્રસમાં તેના વહેલાંમાં વહેલા ફાંટા



ગયલા હોવાનું આપણા જોવામાં આવવું જોઇએ; કારણ કે સાઇપ્રસ ફીનીશીઆના કિનારા ઉપરથી દેખાય તેટલો દૂર છે, જ્યારે ઇજીઅન સમુદ્રમાં દાખલ થવાના દરવાજાના સ્તંભરૂપ ક્રીટ અને રૂહોડ્સ ત્યાંથી આઠસેં માઇલથી પણ વધારે દૂર છે.

વળી માઇસીનીઅન સુધારાનો પશ્ચિમ તરફનો બહોળો ફેલાવો આ અરસામાં જ સિસિલી, સાર્ડીનિયા, સ્પેન અને માર્સેઇલ્સમાં તેમ જ, જરા અસ્પષ્ટ રીતે પરંતુ ઍડ્રીઍટિક સમુદ્રના મથાળા ઉપરના ભાગોમાં પણ મળી આવેલી પુષ્કળ બાબતોથી પૂરવાર થાય છે.

છતાં પણ કેળવણીની પ્રગતિમાં હંમેશાં બાધક રાજકીય સંજોગોને લીધે છેક સને ૧૯૦૦ માં સર આર્થર ઇવૅન્સ, તથા પાછળથી ઈંગ્લાંડ, ઈટાલી, અને અમેરિકામાંના તેના સહકારીઓ, આ સુધરાનું ઉત્પત્તિસ્થાન અને તેનું જાથુકનું મુખ્યગૃહ ક્રીટ હોવાનું શોધી શક્યા. આ બીનાની યાદગીરીમાં તેના મુખ્ય શોધકે સૂચવેલું, ક્રીટના દરિયાઇ રાજા માઇનૉસનાં નામ ઉપરથી તે સુધારાને "માઇનોઅન" એ નામ આપવામાં આવેલું છે તે યોગ્ય જ છે. આ ક્રીટમાંની શોધખોળને લઇને "માઇસીનીઅન સવાલે" અત્યાર સુધી બીલકુલ ધારવામાં નહિ આવેલી ચોકસાઇ અને પૂર્ણતા સહિત નવીન સ્વરૂપ ધારણ કરેલું છે.

અત્યારે માઇનોઅન દુનિયાની કિનારી ઉપરના ભાગોમાંથી સીરીઆ તથા પૅલેસ્ટાઇનમાંથી, લઘુએશિયાના પશ્ચિમ કિનારા ઉપરથી, અને મધ્ય તથા ઉત્તર ગ્રીસમાંથી નવીન પુરાવો જથાબંધ મળતો જાય છે. હાલમાં કેટલાંએક વર્ષોથી જાણવામાં આવેલું છે કે, ઉત્તર ગ્રીસમાં મોડામાંમોડો માઇસીનીઅન સુધારો થેસ્સલીની દક્ષિણાદી કિનારીથી વધારે અંદરના ભાગમાં દાખલ થઇ શક્યો ન હતો, અને દક્ષિણ રૂષિયાના ઘાસ–પ્રદેશમાંના પથ્થરના જમાનાવાળા સુધારાનો ફાંટો હોવાનું સકારણ માનવામાં આવે છે. તેવા વિદેશીય અને ઘણા નીચા દરજ્જાના સુધારાએ માઇસીનીઅન સુધારાને થેસ્સલી-

આંના મેદાનના ભાગમાં આવતાં અટકાવેલો. જ્યાંસુધી મૅસીડોન અને થ્રેઇસમાં પુરાતનવસ્તુશાસ્ત્રને લગતી શોધખોળ થયલી નથી ત્યાંસુધી તે બન્ને સુધારા વચ્ચે કેવી જાતનો સંબંધ હતો તે અજવાળામાં આવી શકે તેમ નથી.

આશરે ચાલીશ વર્ષની મહેનતના પરિણામે ઇજીઅન લોકો તથા ત્યાંના સુધારાનો આપણને જે ખ્યાલ આવે છે તેની રૂપરેખા નીચે પ્રમાણે આલેખી શકાય છે. પથ્થરના જમાનાના પાછળના સમયથી ઇજીઅન સમુદ્રમાંના દ્વીપોમાં ટુંકા કદના, લંબગોળ ચ્હેરા, લાંબાં માંથાં, અને નાના હાથપગવાળા, ઘઉંવર્ણના, કાળી આંખ અને કાળા વાળવાળા "ભૂમધ્ય" જાતિના લોકો વસતા હતા. કિનારા ઉપરની પહેલાંના વખતની જગ્યાઓ ઉપર આ જાતિના કોઇએક લોકો વસતા હોવાનું માલૂમ પડે છે; તોપણ તેઓ ગ્રીસમાંના ઐતિહાસિક જમાના અગાઉ યુરોપ કે લઘુએશિયાના અંદરના ભાગમાં દૂર ગયલા હોવાનો કાંઈ પણ પુરાવો મળતો નથી. પરંતુ થોડી ઘણી "આલ્પાઇન" જાતિના, જાડા બાંધાના, (અને વળી ઘણીવાર લાંબા કદના), પહોળા ચ્હેરા અને ગોળ માથાંવાળા લોકો આ દ્વીપોમાં પણ ઘણા અસલના વખતથી જ રહેતા હતા, તે એમ સૂચવે છે કે, આ તદ્દન જુદી જાતિના લોકો પર્વતોવાળા પ્રદેશના પટ્ટાના નજીકમાં આવેલા ભાગમાં તે વખતે પણ આવી વસેલા, અને સાઇક્લૅડિક દ્વીપો અને ક્રીટના બન્ને છેડાના ભાગમાં તેઓ ઘૂસી ગયલા. કાંસાના જમાનાના છેવટના અર્ધભાગમાં અને ફરી તે જમાનાના અન્તને સમયે થોડી ઘણી "આલ્પાઇન" જાતિના લોકોનું પ્રમાણ દેખીતી રીતે વધતું ગયલું. બાલ્કનના દ્વીપકલ્પના મધ્યભાગમાંથી આલ્પાઇન જાતિના બીજા લોકોના 'મધ્યકાળ' માં દક્ષિણમાંના આગમનને લીધે ઉપર જણાવેલી દિશાઓમાં તેવી જ જાતના અને વધારે મ્હોટા ફેરફારો ઐતિહાસિક જમાનામાં થયલા, અને તે પહેલાંના ફેરફારો પણ તેવાં જ કારણોને લઇને થયલા હોવા જોઇએ. ઇજીઅન લોકોમાં ત્યાંનો અસલ અમિશ્રિત જંગલી સુધારો આપોઆપ જન્મ પામેલો તેવી માન્યતા



હાલમાં થતી જાય છે, તેથી શારીરિક લક્ષણો સંબંધી આ પુરાવો લક્ષમાં રાખવો, એ અગત્યનું છે.

મિસર, સીરીઆ, અને બૅબીલોનીઆના પ્રદેશોની માફક અહીંઆં પણ પથ્થરના જમાનાના છેવટના ભાગમાં લાંબી મુદ્દત સુધી બહોળા પ્રમાણમાં જંગલીપણું હોવાનો સ્પષ્ટ પુરાવો છે. દક્ષિણ ઇજીઆના પ્રદેશમાં અને ક્રીટમાં તો ચોખ્ખી રીતે આ સુધારો કાંસું અને કાંસાંની સાથે જ કુંભારકામ ઉપરની ચિત્રકળા દાખલ થયાં ત્યાં સુધી ધીમે ધીમે અને ખાસ અગત્યતા વિના આગળ વધતો ગયલો. સ્લીમૅનની છ પડવાળી "ટ્રોય" ની જગ્યા સાથે હજી પણ આપણે બીજી જગ્યાઓમાંની સ્થિતિ સરખાવીએ છીએ. તે હેલેસ્પૉન્ટ ઉપરના ભાગમાં વારંવાર બહારના લોકો આવતા બંધ થતા, અને પાછા નવીન લોકો આવતા, અને તે સાથે વસતિમાંના એકદમ ફેરફારો ચોક્કસ રીતે બતાવી આપે તેમ રીતિ અને કામ કરવાની શૈલી બદલાતી જતી. આગળ જણાવી ગયા છીએ તેમ, થેસ્સલીમાં નીચી જમીનવાળા બહોળા પ્રદેશમાં એક તદ્દન જુદી જાતનો પથ્થરના જમાનાને લગતો સુધારો અચાનક દાખલ થયલો, અને સમુદ્રકિનારા ઉપરના પ્રદેશમાંના કાંસાના જમાનાનો અંત આવ્યો ત્યાંસુધી કાયમ રહેલો; પરંતુ આ સંજોગને લીધે જ તેની આગળના વખતની જુદી જુદી સ્થિતિઓ વચ્ચે સરખામણી કરવાનું અથવા તેમાં દાખલ થવાની મુદ્દત નક્કી કરવાનું અશક્ય થઈ પડેલું છે.

પરંતુ જ્યારે થેસ્સલી, ઇજીઆના પ્રદેશમાંના ચાલુ સુધારાથી આવી રીતે જુદો પડે છે, ત્યારે ક્રીટ અને હેલેસ્પૉન્ટ ઉપરના પ્રદેશ તે સુધારાની સાથે અરસપરસ સંબંધ ધરાવે છે. નૉસસમાંના માઇનોઅન મહેલ નીચે તળીએથી વીશેક ફીટ ઉંચા, પત્થરના જમાનાને લગતા સર્વેથી ઉપરના થર, ટ્રૉયની જગ્યા ઉપરના "પહેલા શહેર" માંના સુધારાના જેવી જ સ્થિતિ બતાવી આપે છે. સાઇપ્રસમાંની વહેલાંમાં વહેલા વખતની કબરો, બીજા અથવા "બળી ગયલ શહેર" અને ક્રીટમાંના "માઇનોઅન જમાના" સાથે સરખાવી શકાય તેવી છે; જ્યારે મેલૉસમાંની પહેલી કાંસાના જમાના મધ્યેની

કબરો, અને ફ્રાઇલૅકૉપીમાંનો તળીઆં ઉપરનો થર, પહેલા માઇનોઅન મહેલ માટે પત્થરના જમાનામાંનાં કસ્તર સરખાં કરી, વિશાળ સપાટ જમીન કરવાને લીધે, નૉસસમાં જે ગાળો પડેલો તે તે પુરાવાને મદદગાર થયલાં છે. સર આર્થર ઇવૅન્સની વ્યાખ્યા મુજબ, " માઇનોઅન જમાના "માં કાંસાના આખા જમાનાનો સમાવેશ થાય છે. શરૂઆત, મધ્ય અને અંત એમ તે જમાનાના ત્રણ મુખ્ય વર્ગ પાડવામાં આવેલા છે, અને તેવી જ રીતે તે દરેકના ત્રણ પેટા વર્ગ કરી, તેના નવ વિભાગ પાડવામાં આવેલા છે. મૅલાસ, થેરા અને બીજી જગ્યાઓમાંની કારીગરીની શૈલી જેવી કુંભારકામ અને બીજી બનાવટની બદલાતી જતી શૈલીને લીધે, તે વિભાગમાંની દરેક સ્થિતિ વચ્ચેનો તફાવત સારી રીતે માલૂમ પડે છે. આખા ઈજીઆના પ્રદેશમાંની સ્થિતિ સરખાવવા માટે આ નવ વિભાગો ઉપયોગમાં લેવામાં આવે છે. આ વિભાગોમાં ઘણી વેળાએ પરદેશી અને ખાસ કરીને મિસરની બનાવટની તથા નક્કી કરવામાં આવેલા વખતની ચીજો માલૂમ પડે છે, અને તેથી શરૂઆતના માઇનોઅન જમાનાનો વખત અને મિસરમાંના ૧ લાથી ૬ ઠ્ઠા વંશનો વખત એક જ હોવો જોઇએ, એમ આપણે માની શકીએ છીએ. માઇનોઅન મધ્ય જમાનાવાળાં રંગબેરંગી કુંભાર કામની ચીજો બારમા વંશના વખતની હોવાનું નક્કી થયલી મિસરમાંની જગ્યાઓએ જોવામાં આવે છે માઇનોઅન મધ્ય જમાનાના ૩ જા વિભાગમાંના નૉસસ મધ્યેના થરમાંથી, મિસરમાંના ૧૩ મા વંશના સમયનું નાના કદનું બાવલું, તથા ઇ. સ. પૂર્વે ૧૯૦૦ થી ૧૬૦૦ દરમ્યાન થઇ ગયલા ભરવાડ-રાજા ખ્યાનનો શિલાલેખ મળી આવેલાં છે. માઇનોઅન જમાનાના અન્તનો વખત તેનાથી પણ વિશેષ રીતે ચોક્કસ થઈ શક્યો છે. તેના પહેલા બે વિભાગો અને મિસરમાંનો ૧૮ મો વંશ એક જ સમયના છે; અને તેથી તેની મુદ્દત ઇ. સ. પૂર્વે ૧૯૦૦ થી ૧૬૦૦ વચ્ચે આવેલી છે. વળી તે દ્વારા માઇસીની મધ્યેની બાદશાહી કબરો, ભભકાદાર કોતરકામવાળા સોનાના પ્યાલા સહિતની લૅકૉનીઆ મધ્યેની વૅફીઓ-વાળી કબરની મુદ્દત નક્કી થાય છે. ઇ. સ. પૂર્વે ૧૪૦૦ થી ૧૩૫૦



વચ્ચેના નૉસસમાંના મહેલનો અચાનક નાશ થયો, તે માઇનોઅન જમાનાના બીજા અને ત્રીજા વિભાગોના વચ્ચેના વખતમાં થયલો, અને ફ્રાઇલૅકૉપીવાળું ત્રીજું શહેર, માઇસીની, અને ઇઍલાઇસસમાંની છેવટના ભાગની કબરો, ટ્રૉયમાંનું છઠ્ઠું શહેર, અને સાઇપ્રસ તથા સિસિલીમાં માઇનોઅન લોકો જથ્થાબંધ આવી વસેલા, તે સર્વેનો પણ તે જ વખત છે. ત્યાર પછી, પરંતુ માઇનોઅન જમાનાના છેવટના ભાગમાં જ, થેસ્સલીનો કબજો લેવાને યત્ન કરવામાં આવેલો, અને તે યત્ન કદાચ થોડા વખતને માટે સફળ પણ થયલો, અને તે અરસામાં જ લઘુ એશિયામાંના પશ્ચિમ કિનારા સાથે પહેલવહેલો સંબંધ બંધાયલો.

ત્યાર બાદ મિસર, પૅલેસ્ટાઇન અને સાઇપ્રસ સાથેનો વ્યવહાર બંધ થવાથી, તથા તે જ વખતે પરંતુ ધીમે ધીમે માઇનોઅન સુધારાના છેવટના બે વિભાગો પછી ઇજીઆના મુલકમાં " કિમતી ધાતુ " તરીકે ઓળખાતું લોખંડ પહેલાં ઓજારો માટે અને પછી હથીઆરો માટે દાખલ થવાથી, તેમ જ સલામતી ભરેલી ટાંચણીઓનો ઉપયોગ કરવો પડે તેવી જાતનો પહેરવેશ, અને ચિત્રો વિનાનાં વાંસનાં ગુંથણકામ ઉપરથી યોજી કાઢવામાં આવેલ થોડીએક ભૂમિતિની આકૃતિઓવાળાં કોતરકામ, અને કોતરેલી શોભાની ચીજોની નવીન શૈલી તથા ઉત્તરમાંના જંગલોવાળા દેશોમાં લાંબા વખતથી ચાલતી પરંતુ ઇજીઆના મુલકમાં તદ્દન નવીન દહનક્રિયાની રૂઢિ દાખલ થવાથી, એક નવીન જમાનાની શરૂઆત ત્યાં થયલી. આ લોખંડના જમાનાના શરૂઆતના ભાગમાં લોકોના વસવાટ તથા સત્તા અને ઉદ્યોગનાં સ્થાનોની નવેસર વહેંચણી થયલી, તથા હજી પણ સરખામણીમાં ઉંચા દરજ્જાનો, પરંતુ અગીઆરમા સૈકાના અરસામાં ઘણો ઉતરતો થઈ ગયલો માઇનોઅન જાતિનો છેવટનો સુધારો લગભગ તદ્દન અદૃશ્ય થયલો.

માઇનોઅન જમાનાની સામાન્ય ઉપલક રૂપરેખા ઉપર પ્રમાણે છે. હવે આપણે તે સુધારાનાં મુખ્ય લક્ષણો અને તેને લઇને અમુક રૂપમાં થયલ ત્યાંના ધર્મ અને રહેવાની શૈલી સાથેનો તેનો સંબંધ લક્ષમાં રાખી, તે જમા-

નાની આન્તિરક સ્થિતિ તપાસીશું. પ્રકરણ ત્રીજામાં જ્યારે આપણે ભૂગોળની દૃષ્ટિએ આ વિષય ચર્ચેલો ત્યારે આપણા જોવામાં આવેલું કે, આલ્બેનિયામાંના ઉચ્ચ પ્રદેશ અને પશ્ચિમ લઘુ એશિયા વચ્ચેના પુષ્કળ ગુંચવાડા ભરેલા પર્વતોળા પ્રદેશના જે સર્વે ભાગો પાણીની સપાટી નીચે આવતા રહી ગયા છે તે ક્રીટ તથા બીજા તે સમુદ્રમાંના દ્વીપો તેમ જ ઇજીઅન સમુદ્રના બન્ને કિનારા ઉપરનાં નાના નાના દ્વીપકલ્પો અને લાંબી ભૂશલાકાઓના પ્રદેશ છે. છતાં પણ પાર્નેસસ અને ક્રીટમાંથી અંડાકાર ટેકરીઓ, જે તે જમીનના જ ભાગો છે, તે દરિયાની સપાટીથી આશરે ૮૦૦૦ ફીટ, અને બીજા કેટલાએક ભાગો ૫૦૦૦ થી ૬૦૦૦ ફીટ ઉંચાઇના હોવાથી, આ અમુક અંશે ડૂબી ગયલા દેશમાં તેનો વિસ્તાર થોડો હોવા છતાં, આશ્ચર્ય પમાડે તેવી રીતે જુદી જુદી જાતની આબોહવા અને વનસ્પતિ આવી રહેલી છે. ઉંચા ભાગોમાં સરળનાં જંગલો છે, અને નીચા નીચા ભાગોમાં, પાનખર ઋતુમાં ખરતાં પાનવાળાં મારૂ અને સ્પૅનિશ બાંબોરનાં ઝાડનાં વન થતાં, જે હાલ નાશ કરી નાખવામાં આવેલાં છે; અને છેવટે, નિરંતર લીલાં મારૂ, લઘુની, બે, અને મેંદીનાં ઝાડની ઝાડીઓ, અને પછી સ્થાનિક અને ઉગાડી શકાય તેવાં, બદામ, અંજીર અને દ્રાક્ષના છોડ અને વેલાઓ થાય છે. રણમાંના ફળદ્રુપ દ્વીપોની માફક આ નીચાં ઝાડોની ઝાડીમાં વચમાં વચમાં નાનાં નાનાં માટીવાળી સપાટ જમીનનાં મેદાનો છે. બાજુઓ ઉપરની ટેકરીઓને લીધે તેમનો બચાવ થાય છે, તથા તેને લીધે તે જુદાં જુદાં પડી ગયલાં છે. વળી ત્યાં શિયાળામાં પુષ્કળ વરસાદ પડે છે, વસંતઋતુમાં બરફ ઓગળવાથી અને ગ્રીષ્મઋતુમાં ઉંડા ઝરાઓમાંથી પાણી મળે છે. આ ઝરાઓની આસપાસ લીસાં ઝાડ, સ્વાદિષ્ટ રસવાળાં ઝાડ અને કરણ નામનાં ફૂલના છોડવાઓ થાય છે, અને તેમાંથી પાણી પાઈ સખ્ત ગરમી પડતી હોવા છતાં, વટાણા અને કાકડીનો પાક લઇ શકાય છે. અહીંઆં આવી જાતની જમીન અને હવા હોવાથી ઇટાલી અથવા ઉત્તરના પ્રદેશોની માફક વર્ષના ચાર નહિ, પરંતુ ત્રણ જ ભાગ હોય છે. "લણવાની ઋતુ" સમુદ્ર કિનારા ઉપર મે માસથી શરૂ થાય છે, અને ઉચ્ચ પ્રદેશોમાં જુલાઇમાં સમાપ્ત થાય છે; ત્યાર પછી તુર્ત જ "ફળની ઋતુ" આવે છે અને તેમાં એક પછી એક દ્રાક્ષ, અંજીર અને બદામના પાક ઉતરે છે, અને શિયાળામાં વરસાદ પડે તે અગાઉ પાનખર ઋતુમાં જમીન ખેડવા અને વાવેતર કરવા પુષ્કળ વખત મળે છે. ત્યાર પછી ડીસેંબરથી ફેબ્રુવારી સુધીની આ તોફાની ઋતુમાં ટેકરીઓ ઉપરથી જાનવરોને પાછાં લાવવામાં આવે છે, અને માણસો તેમ જ જાનવરો ઘર આગળ જ રહે છે. પરંતુ માર્ચમાં દિવસ લાંબા થતા જાય છે, કળી ફૂટવા લાગે છે, અને છોકરાં તેમ જ ઘેટાંઓ ટેકરીઓ તરફ જવા નીકળી પડે છે. વરસાદ અને ગરમીની વચમાંની છ અઠવાડીઆંની ટુંકી મુદતમાં વસંત ખીલી નીકળે છે, અને વાર્ષિક ફૂલો, ગોટા, સૂકાં થડવાળાં રતનજ્યોત અને નિરંતર લીલા રંગના ગુલાબ, કપૂરકાચલી, રૂસ્મારી વિગેરે સૃષ્ટિને એટલી ખુબસુરત અને સુગંધી બનાવી દે છે કે, તેનું વર્ણન થઇ શકે તેમ નથી. ફક્ત મનુષ્યને જ થોડા વખતને માટે કામ હોતું નથી, અને તેથી જો ભરવાડ હોય તો, કાંતો તે પોતાના પાડોશીઓ સાથે તેનાં બકરાં સંબંધી તકરાર કર્યાં કરે છે, અથવા તો સૂતાં સૂતાં "પોતાનાં ઘેટાંઓની વચ્ચે વાંસળી વગાડયાં કરે છે;" જો તે પુરાતન વસ્તુની શોધખોળ કરનાર હોય તો, ખોદકામ કરવાને આ ઘણો જ સારો વખત હોય છે, કારણ કે, ત્યારે ગામના લોકો તેની મજૂરી કરવા અત્યન્ત ખુશીથી આવે છે; જો અસલના વખતના ગ્રીક હોય તો, તે બારમાસની જૂની તકરાર કાઢી, પોતાના શહેરીભાઇઓ સાથે કજીઆમાં અથવા બાજુની ખીણમાંના શહેર સાથે વાર્ષિક લડાઇમાં પોતાનો સમય ગાળે છે.

આવી જાતના સ્વર્ગના બગીચાની બન્ને બાજુએ, ત્યાંના લોકોથી અર્ધ છૂટા, અને અરસપરસના અર્ધસંબંધને લીધે અર્ધ જોડાયલા લોકો વસે છે. ટેકરીઓ ઉપર અર્ધ જંગલી અને જંગલમાં વસતા ભરવાડની જીંદગી ગાળતા, ગ્રીક લોકોની વાર્તાઓમાંના 'પૅન' તથા 'સૅટાઇર્સ' લોકો રહે છે. તે લોકો જાનવરો અને શિકારના વિષયોમાં અસામાન્ય હોંશીઆરી ધરાવે છે, અને ગમે ત્યારે માયાળુ અથવા નુક્સાન કરનાર થવાથી, અને બન્ને પ્રસંગોમાં,

ત્યાંના ખેડુતો પણ સમજી ન શકે તેવા, અને થોડેથી ઘણા જ ખુશી થઈ જાય તેવા હોવાથી, કેટલેક અંશે તેઓ પોતે જ જંગલી પ્રાણીઓ જેવા જ હતા. શિકાર અને ચંદ્રની દેવી 'આર્ટેમીસ' તેમજ વનદેવીઓનો પણ અહીંઆં વાસ હતો, અને પવનશાન્ત હોય ત્યારે તેઓની શિકારની ખૂસો દૂર પર્યન્ત સંભળાતી હતી, અને તેથી પર્વતો ઉપરનાં બકરાં ભડકી નીચેનાં અનાજનાં ખેતરો તરફ દોડી આવતાં. પહેલાં "વડી માતાજી" પોતે જ અનાજ વાવી, પકવી લાવેલાં, અને જંગલમાં ચરતાં ડુક્કરોનો પોતાનો દશમો ભાગ લેતાં; તે પહેલાંના દિવસોનું હવે એટલું જ માત્ર રહેવા પામેલું હતું, કારણ કે, ઘાસ–પ્રદેશમાં રહેનારા લોકોની માફક અહીંઆંના લોકો જંગલમાં ચરતાં જાનવરોને ધિક્કારતા ન હતા. માણસો તેમજ ડુક્કરો બન્ને મારૂફળ તથા બાંખોર ખાતાં, અને ઝાડીઓમાં જળચર પાંખવાળાં મગ-રમત્સ્ય જેવાં પ્રાણીઓ થતાં, અને ટુંકાં ઘાસનાં જંગલોમાં પણ સિંહો થતા, તેવો તે જમાનો હતો. આ તદ્દન મનુષ્ય તર્કની બાબત નથી; કારણ કે, માઇનોઅન કળાના નમુનાઓમાં સિંહના દેખાવો જોવામાં આવે છે. પરંતુ "વડી માતાજી" એ સર્પો અને પોતાના પુત્ર સિંહને પાળેલા હતા. વળી ફળઝાડો, તેમજ તેણીના અનાજમાંથી પ્રથમ દાણા લઈ જનાર પક્ષીઓ પણ "વડી માતાજી" તરફની જ બક્ષીસો હતી. તેવી જ રીતે ઇર્ષ અને કમળનાં ફુલ, ઉડતાં માછલાં, અને શંખલાં પણ તેના તરફથી જ મળેલાં, અને આ દુનિયામાંની સર્વે વિચિત્ર અને સુંદર વસ્તુઓ તેની અને આપણી રમતની ચીજો છે. ઇજીઅન પ્રદેશના લોકોની માન્યતાની આ પ્રમાણે સામાન્ય રૂપરેખા છે; અને તેઓના તરફથી આ બાબતો પાછળથી ગ્રીક લોકોનાં ધર્મમાં ઉતરી આવેલી છે. ઉપરની વિગતો માઇનોઅન જમા-નાના સુધારાના તથા ત્યાર પહેલાંના સુધારા વિનાના સમય વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

વેરાન પ્રદેશથી દૂર અને બગીચા જેવા પ્રદેશની પેલી તરફ સમુદ્ર આવેલો છે. શરૂઆતમાં લોકો આ સમુદ્રમાં સાદા, લાંબા, સાંકડા, બન્ને ઉંચા



છેડાવાળા અને અસલના મિસરમાં હતું તેમ પોતપોતાની જાતિના વાવ-ટાવાળા મછવાઓમાં બેસી અને પછી, જમાનાઓ અગાઉ જૉનેથો લખી ગયલ છે તે મુજબના "કાફલા અને ઘોડેસ્વાર લશ્કરવાળા રામીસીસ" પો-તાની ઉપર દોઆબના ભાગમાં ચઢાઈ કરી આવેલ અને હરાવી કાઢવામાં આવેલ લોકોનાં વહાણો જેવાં મોટાં, ઘણાં હલેસાંથી ચલાવવામાં આવતાં, અને એક જ ડોલ અને પહોળા ચોરસ સઢવાળાં વહાણોમાં મુસાફરી કરતા. તે લોકો માછલાં પકડતા, જાતજાતની અને જુદા જુદા ઉપયોગમાં આવે તેવી છીપ ભેગી કરતા, સમુદ્રમાંથી કરચલા અને વેપારને માટે પુષ્કળ વાદળીઓ ડૂબકી મારી કાઢી આવતા. વળી વાદળી, સૂકવેલાં માછલાં, તેલ, દ્રાક્ષ, દ્રાક્ષનો દારૂ અને બદામ, પથ્થરની શોભાની ચીજો તથા વાસણો, અને ફળફૂલ તથા વેલની આકૃતિઓવાળી સુંદર કુંભારની કામની ચીજો, પોતાની સારી હોવાથી, લઇ બીજા દેશોમાં જતા, અને પરદેશીઓ સાથે મળતા હળતા. પરંતુ આ મુલકમાંના કઠણ પથ્થર કરતાં તે દેશોમાંની ટેકરીઓના પથ્થરમાંથી વધારે તીક્ષ્ણ ધારવાળા ચપ્પુ બનતા, અને ક્રીટમાંના વાસણ બનાવવા માટેના પથ્થર સારા હતા, તેમ જ તેનું કોતરકામ પણ ઉંચા દરજ્જાનું હતું. તોપણ, ત્યાં બરફ જેવા સફેદ અને ચળકતા પથ્થર થતા ન હતા. ઉનાળામાં પવનની દિશા હમેશાં દક્ષિણ તરફ હોવાથી દક્ષિણ તરફ પણ તે લોકો જઇ શકતા, અને જ્યારે જ્યારે તેઓ જતા ત્યારે ત્યારે તાડવાળા દેશમાં લોકો ઝાડ નીચે કાંઇ પણ કામધંધા વિનાના બેઠેલા તેઓના જોવામાં આવતા, અને ત્યાંથી આગળ પૂર્વમાં છીછરાં તળાવડાંમાં થઇને, જ્યાં રાજાનો મહેલ આવેલો છે ત્યાં જતા. ત્યાં માલની કિંમત સારી પાકતી હતી; કારણ કે, ત્યાંની દિવાલો ઉપરનાં ચિત્રો મોટાં હતાં તો પણ તેઓના મુલકમાં તેલની પેદાશ થતી ન હતી, તેમ જ ત્યાં દારૂ પણ બનતો નહિ. અહીંઆં જે જે તેઓના જોવામાં આવતું તેની પોતાના રાજાને વાતો કરતા, અને ત્યાંથી લાવવામાં આવેલ પથ્થરના વાટકાઓ અને કોતરેલી શોભાની ચીજોની ભેટ આપતા, તથા તેને લઇને મહેલમાંના કારીગરો પાસે

તેઓ તેવી ચીજો કરાવતા. આ પૂર્વની બનાવટ કરતાં પોતાની બનાવટ વધારે સારી થતી; કારણ કે, અહીંની ચીજો તો લોકોનાં હૃદય ઉપર અસર કરી શકતી હતી.

આવી જાતના કુદરતી સંજોગોમાં માઇનોઅન દુનિયા સુધારામાં આગળ વધેલી. નાનાં છૂટાંછવાયાં ખેતરોમાંથી અને ફળઝાડો પુષ્કળ ઉગાડવામાં આવતાં તેથી તેમને નિભાવનાં સાધનો સહેલાઇથી મળતાં, અને ત્યાંના ઉચ્ચ પ્રદેશમાં ઢોર ચરાવીને અને દરિયામાંથી માછલાં પકડીને તે સાધનોમાં ઉમેરો કરતા. કુદરતી સાધનોમાં મળતા આવતા, પરંતુ ખનિજ પદાર્થો હોવામાં અને હુન્નર કળાની શૈલીમાં પુષ્કળ રીતે જુદા પડતા પરદેશો અથવા બંદરકાંઠા ઉપરના મુલકો સાથે સહેલાઇથી વ્યવહાર થઇ શકતો. વળી મિસર જેવાં કારીગરી અને જાહોજલાલીનાં મહાન સ્થળની સાથે જરા ઓછી સહેલાઇથી, પરંતુ સામાન્ય નૌકાકળા હોવા છતાં મોસમમાં વ્યવહાર ચાલુ રહી શકતો. આ પ્રદેશ ખાસ કરીને અસામાન્ય સુંદરતા અને ખુશનુમા હવા તથા ચિત્રવિચિત્ર ટેકરીઓ અને ભૂશલાકા તથા વસંતૠતુમાંનાં ભાતભાતનાં અને રંગબેરંગી ફૂલો અને દરિયામાંનાં છોડ, છીપ અને સુગંધી છોડવાઓવાળો હતો. આ સંજોગોમાં કુદરતી અને સજીવ કલ્પનાશક્તિથી પ્રેરિત શૈલી પોતાની કળામાં મનુષ્યે પહેલવહેલી વાપરી છે તેમાં કાંઇ નવાઇ જેવું નથી. સજીવ વસ્તુઓના આકાર અને ખુબી તરફ ધ્યાનપૂર્વક બારીકીથી લક્ષ દેનારા, કુદરતમાંની કાચી જણસોનાં લક્ષણો અને આંતરિક શક્તિની અસર કરે તેવા કુંભાર-ચિત્રકાર, કોતરનાર અને સોનીની કળામાં અસામાન્ય નિપુણતા ધરાવનાર અને ખાસ કરીને પોતાની હુન્નર-કળામાં પોતાની શૈલીની સચોટ અસર તેમ જ પોતાનાં લક્ષણોની ઉંડી છાપ પાડવાની શક્તિ કાયમ રાખી, બીજી પદ્ધતિઓ અને રીતિઓમાંથી પોતાની કલ્પનાશક્તિને ખીલવવાની શક્તિ ધરાવનાર આ લોકો હતા. કેટલીએક વેળા તો, ક્રીટમાં હોવા છતાં, જાણે કે આપણે આધુનિક જાપાનમાં જ છઇએ, તેવો ખ્યાલ આપણને થઇ આવે છે.



મિસર સંબંધમાં આપણા જોવામાં આવેલું છે કે; નીલનદીની ખીણના જેવા લાંબા અને સાંકડા પ્રદેશમાં, એક સરખા સુધારા અને એક જ આર્થિક અને રાજદ્વારી અમલના વિસ્તારનાં પરિણામોમાં પહેલું તો એ હતું કે; દૂર જગ્યાઓ વચ્ચે પરસ્પર વ્યવહારને માટે ચોક્કસ સાધનોની જરૂરીઆત પડેલી, અને સુધારાની પ્રગતિની સાથે સાથે જ લેખનકળાની ખીલવટ થવાથી આ જરૂરીઆતને પૂગી વળવામાં આવેલું હતું. ક્રીટનો વિસ્તાર થોડો હોવા છતાં, વસતિવાળા ભાગોની વચમાં વચમાં ટેકરીઓ આવેલી હોવાથી તથા તેને લીધે.થીબ્સ અને મેમ્ફીસની માફક બે બાજુ બાજુના ખીણોમાંના લોકો એક બીજા સાથે બોલી શકે તેવો સંભવ ન હોવાથી, ક્રીટમાં પણ તે પ્રશ્ન ઉપસ્થિત થયલો. વળી મિસરની માફક જ, નૉસસ જેવાં શહેર ક્રીટમાંના બીજા ભાગોપર પોતાની સત્તા બેસાડવા લાગ્યાં તેમ તેમ આ જરૂરીઆત પણ વધારે લાગવા માંડેલી. સમુદ્રમાર્ગે ક્રીટ અને બીજા દ્વીપો તથા યુરોપ, એશિયા, અને આફ્રિકામાંના કિનારા ઉપરના પ્રદેશો વચ્ચે વ્યવહાર શરૂ થયો તથા ક્રીટની રાજદ્વારી સત્તા વધવા લાગી, ત્યારે તે જરૂરીઆત ખાસ જણાવા લાગેલી. આ સંજોગોમાં ક્રીટમાં જે લિપિનો પ્રચાર વધવા લાગ્યો તેની, અને મિસરમાંની ચિત્રાકૃતિવાળી અને દુનિયામાંની બીજી સર્વે મુખ્ય લિપિવચ્ચે મળતાપણું જોવામાં આવે છે. તેની શરૂઆત સામાન્ય ચીજોનાં આબેહુબ રૂપવાળાં ચિત્રોથી થયલી; પરંતુ મિસરમાંના પાંચમા વંશના સમયના અરસામાં જ્યારે તે પહેલીવાર આપણા જોવામાં આવેલી ત્યારે તેમાં ઉચ્ચાર સંબંધી અગત્યતા હોવાનું આપણને માલૂમ પડેલું. જો તેની અગાઉ નહિ તોપણ, શરૂઆતની આ સ્થિતિમાં તો, ક્રીટમાંની અને લઘુએશિયાના ઉચ્ચ પ્રદેશમાંની ચિત્રોવાળી લેખનકળા એક બીજના સમાગમમાં આવેલી. પરંતુ આ એશિયાખંડમાંની લેખનકળા પણ સ્વતંત્ર રીતે હયાતીમાં આવી હોય તો તે માટે પણ પુષ્કળ સંભવ રહે છે.

ક્રીટ વિષેની "ચિત્રલિપિ" માં પાછળથી, કોતરવાનાં અણીદાર ઓજારથી

ઉતાવળથી લખી શકાય તેવા, લીટીઓના બનેલા આકારોવાળા અક્ષરો ઉમેરવામાં આવેલા, અને છેવટે, તેવા અક્ષરો એકલા જ વપરાવા લાગેલા. તે લોકોની આ શોધ જે વખતે લખવાનાં સાધન તરીકે કાદવનો ઉપયોગ કરવામાં આવેલો તે વખતે થયલી હોવી જોઇએ. આ શોધ સ્વતંત્ર રીતે કરવામાં આવેલી કે બેબીલોનીઆમાંથી અહીંઆં દાખલ થયલી, તે આપણે હજી કહી શકતા નથી. ક્રીટ જેવા સળંગ વ્યવહારના અભાવવાળા પ્રદેશમાં એકથી વધારે લિપિ બનવા પામે, તે નવાઈ જેવું નથી. વળી નૉસસની બીજા ભાગ ઉપરની સત્તા પણ અભંગ ચાલુ રહેલી નહિ, તેવો પુરાવો આપણને મળેલો છે. સાઇપ્રસ અને કદાચ સ્પેન અને ઉત્તર આફ્રિકામાં આવી વસેલા માઇનોઅન જમાનાના છેવટના ભાગમાંના લોકોએ પોતાની સાથે લાવવામાં આવેલી લિપિમાં નવીન જગ્યામાં અનુકૂળ પડે તેવા ફેરફારો કરેલા હોય, અને ત્યાંના દેશી લોકો પણ આ લિપિ વાપરવા લાગેલા હોવાથી પણ તેમાં ફેરફાર થયલા હોય, તો તે પણ સ્વાભાવિક રીતે બનવા જોગ છે. સાઇપ્રસમાં હેલેનિક જમાના પર્યન્ત, સ્પેનમાં રોમન જમાના પર્યન્ત, અને ઉત્તર આફ્રિકામાંના વણઝારી રસ્તાઓવાળા પ્રદેશમાં આજસુધી વપરાસમાં રહેલી તે લિપિના અક્ષરો એક સામટા લખીને અર્થ સૂચવવાની પદ્ધતિ ઉપર જણાવવામાં આવેલી બીનાનું પરિણામ છે. ફીનીશીઆમાંનાં શહેરોમાં અને છેક રણની કિનારી ઉપર આવેલા મોઆબ જેટલાં દૂર સીરીઆના કિનારાની અંદરના ભાગોમાં સેમિટીસ ભાષા લખવાને માટે, નિશાનીઓની જોડણીના વધારે મોટા જથ્થામાંથી ખરેખરી વ્યંજનોની લિપિ કેવી જાતની પસંદગીથી તૈયાર કરવામાં આવેલી, તે હજી બરાબર સ્પષ્ટ માલૂમ પડતું નથી. માઇનોઅન જમાના પછી, એક બીજીને મળતી આવતી, અને કદાચ ફીનીશીઅન જાતિમાંથી ઉતરી આવેલી, પરન્તુ દ્વીપો અને આયોનિયામાંની ગ્રીક ભાષા અને લઘુએશિયાની નૈરૃત્ય દિશામાંના ભાગોમાંની પૅમ્ફીલીઅન, લીશીઅન અને કેરીઅન ભાષાઓની વ્યાકરણને લગતી ખાસીઅતને અનુકૂળ પડે તેવી વ્યંજન તેમ જ સ્વરને લગતી નિશાનીવાળી



લિપિની શૈલી, ઇજીઅન મુલકમાંની, અસલ, એક સામટી રીતે લખવાથી અર્થ સૂચવે તેવી, શૈલીની બદલે દાખલ કેવી રીતે થઇ, તે બાબત હજી સુધી અંધકારમાં રહેવા પામી છે.

આ લિપિવાળી ભાષાનો અર્થ પૂરેપૂરી રીતે અદ્યાપિ પર્યંત બેસાડી શકાયો નથી; પરંતુ નૉસસ મધ્યેના મહેલમાંના દફતરખાનામાંથી આર્થર ઇવૅન્સને મોટા જથ્થામાં મળી આવેલ તથા પ્રીસ્ટૅાસ અને એજીઆ ત્રિઆધામાંથી થોડાંએક બીજા શોધખોળ કરનારને મળી આવેલ દસ્તાવેજોનાં રૂપદ્વારા માઇનોઅન રાજકળા અને વ્યવસ્થા સંબંધી કાંઇએક માહિતી આપણને મળી શકે તેમ છે. આ શિલાલેખોમાંના ઘણામાં તો નાણાં અને કોઠારની ચીજોની યાદીઓ, અને રથ, બખ્તર, ધાતુનાં વાસણો, અને એજીઆ ત્રિઆધામાં સંખ્યાબંધ તથા સાઇપ્રસ અને સાર્ડીનિયામાં છૂટક છૂટક માલૂમ પડેલી છે તેવી તાંબાની લગડીઓની; અને નાનાં પ્રમાણમાં સોનાની તેના વજન સહિતની પહોંચો છે. બીજા શિલાલેખોમાં; મરદો તથા ઓરતોનાં નામની યાદીઓ જોવામાં આવે છે. મીનોટોરવાળી ગ્રીક દંતકથામાં છે તેમ, ગુલામોના રૂપમાં અથવા પોતાની જાતની જ ખંડણી આપવામાં આવેલી હોય તેની આ યાદીઓ કદાચ હોય. નૉસસના પોતાના પ્રમાણમાં જોઇએ તેના કરતાં વધુ વિસ્તારમાં ચાલતા, બહોળા અને ચોક્કસ વહીવટની વિગતો સ્પષ્ટ રીતે આપણા જોવામાં આવે છે. તેની સાથે સરખાવતાં મહાન "મહેલોના જમાના" દરમ્યાન ક્રીટમાંનાં બીજાં શહેરો પછાત રહેલાં, અને તેમાંનાં કેટલાએક તો, ટુંક વખતને માટે નાશ પામેલાં તે, તથા પહાડો ઉપરના માર્ગો અને કિલ્લાઓ સુવ્યવસ્થિત રાખવામાં આવતા હોવાની નિશાનીઓ, નૉસસનો રાજા માઇનૉસ સ્વતંત્ર અને નિષ્ઠુર હોવા છતાં માત્ર પોતાના અદલઇન્સાફને લીધે સમુદ્ર ઉપર રાજ ચલાવતો અને પૃથ્વી ઉપર ભય ફેલાવતો, એમ પાછળના વખતના ગ્રીક લોકોની માન્યતામાં સત્ય હોવાની ધારણા સુદૃઢ કરે છે.

તેલ તથા બીજી પેદાશરૂપી પુષ્કળ દોલત, અને તેમાં યાંત્રિક, જળ-

યાંત્રિક, સુથરાઇ વગેરે શાસ્ત્રો ઉપર રચવામાં આવેલી હુન્નરકળામાં છેક અત્યાર પર્યન્ત સરસાઇ થઇ શકેલી ન હતી તેવી કુશળતાને લીધે, મહેલમાંનું કોતરકામ ત્યાંની તે વખતની જાહોજહાલીનો ખ્યાલ આપે છે. કારીગરીના નમુનારૂપ દરવાજામાંથી દાખલ થતાં એક મધ્યસ્થ ચોક આવે છે, અને તેની આસપાસ પહોળી અટારીઓ અને પરસાળવાળાં દીવાનખાનાંઓ હોય છે. બીજા ઓરડાઓ અંદરના ભાગમાં હોય છે, અને ઢોળાવ ઉપર બાંધવામાં આવેલી ઉંચી અગાસીઓ અને કિલ્લેબંધીવાળા પડથારો ઉપર તે પડે છે. આ બે મુખ્ય જાતિના ઓરડાઓની વચમાં અને પછવાડે, આડીઅવળી ઓસરીઓમાં થઇને કોઠાર અને બીજા નાના ઓરડાઓમાં જવાતું. ઉપરના બે અથવા કેટલીએક જગ્યાએ તો ત્રણ મજલા ઉપર જવાની સીડીઓ હતી. બહારના દેખાવ કરતાં સગવડતા તરફ વધારે લક્ષ હોવાથી અંદરના ભાગોની ગોઠવણ અને ઓરડાઓમાંની દિવાલો ઉપરનું જાથુનું ચિત્રકામ અને સુંદર પથ્થરનું લાદીકામ ઘણા સારા દરજ્જાનાં માલૂમ પડે છે. થોડીએક, અસલની ચોકમાં પડતી ખુરશીના ભાગની દિવાલને લીધે મકાનનું મુખડું જરાએક શોભાયમાન લાગે છે; કારણ કે, પાછળથી નાના મોટા સુધારાવધારા ઘણા થવાને લીધે એક જ મકાનના કરતાં ગીચ ગામડાંના જેવો દેખાવ થતો. ખાનગી આસામીઓનાં મકાન બહારની છોયલ દિવાલો, પુષ્કળ બારીઓ અને બેઠાં છાપરાંવાળાં, લાકડાં અને પથ્થર બન્નેનાં બાંધવામાં આવેલાં હતાં. રસ્તા કરતાં સીડી જેવી, ઉંચી નીચી જમીનવાળી, સાંકડી, આડીઅવળી ગલ્લીની બન્ને બાજુએ, તેવાં મકાનો હારબંધ એક બીજાને અડોઅડ આવેલાં હતાં, અને ક્રીટમાંના હાલના ગામડાના જેવો માઇનોઅન જમાનામાંનાં શહેરોનો દેખાવ સાધારણ રીતે હતો.

ક્રીટમાંની હવા શિયાળામાં પણ સખત ઠંડી ન હોવાથી, ફેરવી ફેરવી શકાય તેવી તાપવા માટેની સગડીઓથી જ ચાલતું હતું, અને તેથી ધૂમાડો



મકાનની બહાર કાઢવા માટેની ચિન્તા ન હોવાથી મકાનના બાંધકામની યોજના કરનારા અંદરની ગોઠવણ અને હવા અજવાળાં માટે અનેક યુક્તિઓ કરી શકતા. જ્યારે ગ્રીસમાં ઠંડી અને વરસાદ વિશેષ હોવાને લીધે, રહેવાના મુખ્ય ઓરડાની વચમાં જાથુની સગડીની જરૂર રહેતી, અને તેથી ત્યાંના બાંધકામમાં ઘણો તફાવત જોવામાં આવે છે. છાપરાંમાં ગોળ જાળીઆં રાખી, ધૂમાડાનો રસ્તો કરવામાં આવતો, અને વરસાદ ન પડે તે માટે તે જાળીઆં ઉપર છજાં પણ બનાવવામાં આવતાં. આ મુખ્ય ઓરડાનો ઉપયોગ વધારે થતો હોવાથી તેની અગત્યતા વધતી ગયલી અને તેમાંની અગર તો મકાનના મુખડાની ખાસ શોભા થવા પામેલી. નૉસસનાં પડી ભાંગવા પછી માઇનોઅન દુનિયાના મધ્ય અને કિનારી ઉપરના ભાગો વચ્ચેના સંબંધમાં ફેરફાર થવાને લીધે, ત્યાંની ભૂમિ ઉપરના આવી જાતના મહેલનું વર્ણન હોમરનાં કાવ્યોમાંના ઍકીઅન જમાનાના મહેલોનાં વર્ણન સાથે ઘણું જ મળતું આવે છે.

માઇનોઅન જમાના દરમ્યાન મનુષ્યોનાં શબ રાખવા માટેના સ્થાનના પ્રકારમાં ઘણા ફેરફારો થવા પામેલા છે. અને તે ઉપરથી એવી વાજબી દલીલ કરવામાં આવે છે કે, તે જમાનામાં જુદી જુદી જાતની માન્યતા હતી, અને તેવી માન્યતા ધરાવનાર અને તે પ્રમાણે વર્તનાર કદાચ જુદાં જુદાં ઉત્પત્તિસ્થાનવાળા લોકો હતા. છતાં પણ ઇજીઅન મુલકમાંની સર્વે ક્રિયાઓ, શબને અગ્નિસંસ્કારના કરતાં ભૂમિદાહ દેવામાં આવતો અને નવીન જીંદગી માટેની તૈયારીનાં પુષ્કળ સાધનો પૂરાં પાડવામાં આવતાં, તેટલા પૂરતી મળતી આવે છે. પાછળના સમયની અને કેટલીએક તો ત્યાર પહેલાંની પુષ્કળ ખર્ચ કરી બંધાવવામાં આવેલી કબરો, મિસરમાંની તેવી કબરો સાથે સરખાવી શકાય તેવી છે. ઐતિહાસિક જમાનાની અગાઉની મિસરમાંની અને ભૂમધ્યમાંની દુનિયાના બીજા ઘણા ખરા ભાગોમાંની તેમ જ ભૂમધ્યમાંના તે ભાગોમાંથી લોકો જે જે પશ્ચિમ તરફના દેશોમાં ગયલા ત્યાંની કબરોની માફક જ, અસલના વારાની અહીંઆંની કુંડીના આકારની કબરોમાં શબને

ઘુંટણીઆં વાળેલી સ્થિતિમાં ભૂમિદાહ કરવામાં આવેલો જોવામાં આવે છે. વળી મિસરની પેઠે કોઇ કોઇ જગ્યાએ ભૂમિદાહ બે વખત કરવામાં આવતો; શબને પહેલાં પૂરેપૂરી રીતે ખવાઇ જાય ત્યાંસુધી દાટી રાખવામાં આવતાં, અને પછી હાડકાં ત્યાંથી કાઢી હાલમાં ગ્રીસમાંનાં શ્મશાનમાં કરવામાં આવે છે તેમ, હાડકાનાં સામાન્ય સંગ્રહસ્થાનમાં રાખવામાં આવતાં. પાછળના સમયમાં આબરૂદાર કુટુમ્બોમાં જમીનમાં અથવા ટેકરીઓની બાજુમાં, અને ઉપર ઘુમટના આકારના, પથ્થરનાં ઢાંકણાંવાળા બાંધવામાં આવેલા, ધીમે ધીમે માપમાં વધતા જતા, ઓરડામાં કફનમાં શબને મુકી ભૂમિદાહ કરવાનો રિવાજ પડેલો. આ કફનો ઘણાંખરાં માટીનાં બનાવવામાં આવતાં, અને તેના ઉપર ઉત્તરક્રિયાને લગતા દેખાવોનું સુંદર ચિત્રકામ અથવા એજીઆ-ત્રિઆધામાં છે તેવું કોતરકામ કરવામાં આવતું. છેવટના ભાગમાં સાધારણ રીતે બેઠાં છાપરાંવાળા જરા નાના ઓરડાઓનો ઉપયોગ થતો હોવાથી, અસલની "કુંડીના આકારની કબરો" બંધ થયલી; પરન્તુ માઇસીનીમાંની બાદશાહી કબરો જરા વધારે મોટી અને સીધા લાંબા શબવાળી અસલની "કુંડીના આકારની કબરો" ના નમુના તરીકે જળવાઇ રહેલી છે.

સાઇપ્રસ, સિસિલી, અને સાર્ડીનિયામાં અસલ રિવાજ ગુફામાં દાટવાનો હતો. તે રિવાજમાં ત્યાં વસવા આવેલા માઇનોઅન લોકોએ ઘણો થોડો ફેરફાર કરેલો; કારણ કે, તેઓમાં પણ પોતાના અસલ વતનમાં "મધપુડા" ના આકારની દાટવાની જગ્યા હોવાનો રિવાજ હતો.

માઇનોઅન જમાનાની કેટલીએક બીજી નવીન બાબતોમાં તે વખતનાં પહેરવેશ અને હથીઆરોનો ટુંકમાં ખ્યાલ આપવાની જરૂર છે; કારણ કે, હેલેનિક જમાનામાંનાં ઇજીઅન પહેરવેશ અને હથીઆરોથી તે તદ્દન જુદી જ જાતનાં છે. મરદોનો પોષાક તદ્દન સાદો હતો. વાળના લાંબા ચોટલા રાખવામાં આવતા હોવાથી બીજું કાંઇપણ માથા ઉપર પહેરવામાં આવતું નહિ; ઝાડીવાળા પ્રદેશમાં ચાલવાને ઠીક પડે તેટલા માટે (હાલમાં ક્રીટમાંના



જેવા) મજબૂત ગોઠણ સુધીના જોડા પહેરવામાં આવતા, અને સાદા અથવા કિનારીવાળા કમ્મરબંધ કે પીછોડી, અને તેના ઉપર પટ્ટા બાંધવામાં આવતા. મુખીઓ અને અમલદારો મોટા લાંબા ઝબ્બા, અને રૂ ભરેલા બ્હાંવિનાના ઝબ્બા, ખભા ઉપરથી લટકાવી દેવામાં આવેલાં સુતરાઉ કપડાંના પગ સુધી પહોંચતાં બદનની માફક પહેરતા. ઓરતો કિંમતી ભરતકામવાળા નમુનેદાર અને ઝાલરવાળા ઘાઘરા અને તુર્ક બૈરાંઓના કબજા જેવા આગલા ભાગમાં નીચા ઉંચી ઉપસેલી બ્હાંવાળા, ઉભા કાંઠલાના અથવા ગળાંના પાછલા ભાગમાં જરા ઉંચા કબજા પહેરતાં. કબજાની કસ જોરથી તાણીને બાંધવામાં આવતી; અને ઘાઘરા ઉપર મરદોની માફક પટ્ટા બાંધવામાં આવતા. વાળના સુંદર ગુચ્છ રાખવામાં આવતા, તથા માથે ચ્હેરા ઉપર છાયો પડે તેવી જાતની તુઇ રીતના પટ્ટા અને બનાવટી ગુલાબનાં ફુલવાળી ટોપી પહેરવામાં આવતી. આ પ્રમાણેનો તેઓનો પહેરવેશ, સ્વીટ્ઝર્લૅન્ડમાંની ખીણોમાંના ખેડુતોની કુમારિકાઓના પોષાકને મળતો આવે છે, અને તે કદાચ "આલ્પ્સ" ના પ્રદેશ તરફથી અહીંઆં આવેલો પણ હોય. તેઓનાં હથીઆરો વધારે સાદાં હતાં. હુમલો કરવાનાં સાધનોમાં એક લાંબું ભાલું અને બે સીધી, પોલી, સજેલી ધારવાળી બરછીના આકારની તરવાર, એટલાં જ હતાં. માથા ઉપર ચામડાંના, લાંબા, અણીદાર, ધાતુની ચકરી અથવા ગેંડાનાં શીંગડાંથી વધારે મજબૂત બનાવવામાં આવેલા ટોપા પહેરવામાં આવતા, અને બીજાં બચાવનાં સાધનોમાં, સાધારણ ગોઠણ સુધીના જોડા, અને ચામડાંની, કફુણુ, ધાતુની કોરવાળી, પરન્તુ હાથા અથવા વચમાં ઉપસેલા ભાગ વિનાની લંબચોરસ કે અંડાકારની ઢાલ વાપરવામાં આવતી. એક પટ્ટાથી તે ઢાલને ડાબા ખભા ઉપર લટકાવવામાં આવતી, અને પોતાના વજનથી તેનો આકાર વિચિત્ર રીતે બદલાઇ જતો. પરંતુ તે લટકાવવાથી ઘુંટણથી દાઢી સુધીનો ભાગ ઢંકાઇ જતો, અને તે વાળી શકાતી હોવાથી, દરેક પડખાંનો પણ બચાવ તે દ્વારા થઇ શકતો. તે વખતે ઘોડા વપરાતા, પરંતુ તે દરિયાપારના મુલકોમાંથી

લાવવામાં આવતા. સ્વારી કરતાં વાહનને જોડવામાં તેનો ઉપયોગ થતો જોવામાં આવે છે, તથા શિકાર તેમ જ લડાઇમાં હલકા રથ વાપરવામાં આવતા હતા.

પરંતુ મુખ્યત્વે કરીને માઇનોઅન જમાનામાં ઇજીઅન પ્રદેશો સુલેહ-શાન્તિ ભોગવતા હતા. ટ્રૉયવાળી જગ્યાએ જોવામાં આવતાં એક પછી એક શહેરો ઉપરથી, હેલેસ્પૉંટના ભાગમાં ઉપરાઉપર વિગ્રહ થતા હોવા જોઇએ, એમ નિશ્ચયપૂર્વક ઠરે છે; તેથી આ બાબતમાં તે બન્ને દેશો વચ્ચે તફાવત પડે છે. દક્ષિણ તરફ ક્રીટ તેમ જ બીજા કોઇ પણ દ્વીપમાં, નૉસસ પડી ભાંગ્યું ત્યાં સુધીમાં, ઇજીઅન જાતિ બહારના કોઇ પણ શત્રુ હોવાનું જાણવામાં આવતું નથી; અને નૉસસનો નાશ થયો તે પણ, કિનારી ઉપરના ભાગોમાંના લોકો અંદરના પ્રદેશ ઉપર ચઢી આવી, તેઓના નિરંકુશ અમલનો અન્ત લાવવાને કરવામાં આવેલા અંદર અંદરના કજીઆથી જ થયલો કે કેમ? તે હજી સ્પષ્ટ થયલું નથી. વળી ક્રીટમાં એવી પણ એક દંતકથા ચાલે છે કે, નૉસસનો રાજા એક વખત પોતાની સાથે પોતાના સકળ સૈન્યને લઇ સિસિલી ઉપર ચઢાઇ લઇ ગયલો, અને તે પાછો આવેલો જ નહિ.

પરંતુ, ઇતિહાસમાંના આ મોકાને સમયે, જ્યારે ક્રીટનાં દફતરોમાંથી કાંઇ પણ મળતું નથી, ત્યારે મિસરમાંનાં દફતરો આપણને મદદગાર થાય છે. તે દ્વારા "સમુદ્ર પારના લોકો" નાં નામ અને વર્તણુકમાં થયલા ફેરફારની આપણને માહિતી મળે છે, તથા હવે પછી આપણે ચર્ચા કરીશું તે ક્રીટમાંના સુધારાની પડતીના વિષય ઉપર અજવાળું પણ પડે છે.

# પ્રકરણ ૯ મું.

## ઉત્તરના લોકોનું આગમન.

ઇતિહાસનું નાટ્ય ભજવવામાં આવનારાં, સ્થળ અને જળનાં, નાટ્યગૃહનું અવલોકન કરતાં, કાર્પેથીઅન પર્વતો અને ડૅન્યૂબના નીચાણના ભાગથી શરૂ થઇ આલ્તાઇ અને થીઆનશાન પર્વતોની નીચેની ટેકરીઓ પર્યન્તના વિસ્તારવાળો, કાળા અને કાસ્પિયન સમુદ્રના કિનારાની બાજુએ થઇને જતો અને દક્ષિણમાં કૉકેસસ પર્વત તથા ઇરાનની ઉત્તર તરફની ઉંચી કિનારી સુધી પથરાયલો, મોટો ઘાસ-પ્રદેશ હોવાનું આપણે પ્રાસંગિક રીતે જણાવેલું. આ ઘાસ-પ્રદેશ ઉત્તર તરફના ભાગોમાં જરા એકદમ રૂમાનિયાની ઉત્તરમાંથી યુરલ પર્વતના દક્ષિણ તરફના છેડા સુધી અને ત્યાંથી આગળ મધ્ય સાઇબિ-રિયામાંની ઑબ નદીના વહેનનો મધ્ય ભાગ, જ્યાં આલ્તાઇ પર્વતના ઢોળાવ ઉપર થઇને દક્ષિણ તરફ વૃક્ષોની ઘાટી હાર વાંક ખાય છે ત્યાંસુધી, દોરવામાં આવેલી સીધી લીટીએ લીટીએ માર્ અને ભક્ષી વૃક્ષનાં ઝાડોના જંગલમાં ફેર-વાઇ જાય છે. અહીંથી દક્ષિણ તરફ એક વખત ઘાસ-પ્રદેશ જ હતો; પરન્તુ હવે સમુદ્રની સપાટીથી વધારે ઉંચાઇએ હોવા છતાં તદ્દન સુકો છે તેવા મોંગોલીઆ દેશના પશ્ચિમ ભાગમાં ઇર્ટીશ નદીને માર્ગે જંગલી લોકો કાંઇપણ અડચણ વિના જઇ શકે તેમ હતું. પશ્ચિમ તરફ કાર્પેથીઅન પર્વતોની વચમાં હંગરીનું મેદાન પણ મુખ્યત્વે કરીને ઘાસ-પ્રદેશ જ છે, અને તે ખુલ્લું મેદાન ડૅન્યૂબ નદીની આજુબાજુ વીએનાથી જરા પેલી તરફ સુધી ચાલ્યું જાય છે, અને વચમાં એલ્બ નદીના ઉપરવાસના ભાગો તરફ જવાના પહાડી રસ્તાઓ પણ આવે છે. વળી બાલ્કન દ્વીપકલ્પમાં પણ, અને ખાસ કરીને બલ્ગેરિયા, થ્રેસ, મૅસીડોન, અને થેસ્સલીમાં ઘાસ-પ્રદેશો આવેલા છે. આપણે જેમ જેમ

આગળ ચાલીશું તેમ તેમ, આવી જાતના છૂટા છૂટા વચમાં વચમાં પર્વતોવાળા ઘાસ-પ્રદેશોની અગત્યતા આપણા સમજવામાં આવતી જશે.

ઇરાનમાં પણ તે ઉંચા મેદાનની કિનારી ઉપર ઘાસ-પ્રદેશ આવેલો છે, જો કે વચમાંનો ભાગ ખારા રણનો છે. ઉત્તર તરફની કિનારીનો ભાગ પર્વતોવાળો છે, તો પણ સાંકડો અને ઘણી સહેલાઇથી આવજાવ થઇ શકે તેવો છે. તેથી કરીને ઘાસ-પ્રદેશોમાંના લોકો સીધી રીતે તુર્કસ્તાનના ઘાસ-પ્રદેશમાંથી, જે ટેકરીઓના પશ્ચિમ ઢોળાવની નીચે સેમિટિક પ્રદેશ આવેલો છે તે ટેકરીઓવાળાં મીડીઆ અને ઇરાનનાં મેદાનોમાં જઇ શકે તેમ છે. છેવટે, અને સહજ ધારી શકાય નહિ તેમ તુર્કસ્તાન અને તેની પેલી તરફથી નીકળી પડતા જંગલી લોકોને માટે લઘુએશિયાનો ઘાસ-પ્રદેશવાળો મધ્યભાગ, જો કે તે નકશામાં દૂર લાગે છે અને એરારાટ અને ટૉરસ પર્વતો વચમાં આવેલા છે તો પણ, હંગરી અને ઇરાનના જેટલો જ ખુલ્લો છે.

અરબસ્તાનમાંના કિનારી ઉપરના ઘાસ-પ્રદેશના સંબંધમાં, જુદી જુદી આબોહવા અને ખોરાકની શોધમાં લોકો વારંવાર બહાર નીકળી પડતા, તેવી સર્વે હકીકતોવાળો આવી જાતના પ્રદેશનો ઇતિહાસ આપણા જાણવામાં આવેલો છે. ઉત્તર તરફના દેશમાંના બનાવોનું અવલોકન કરવા પહેલાં ફક્ત બે જ બાબતો વિશેષ જણાવવાની છે. પહેલું તો એ કે, ઘાસમાંથી જંગલમાં થતું રૂપાન્તર કેટલીએક જગ્યાએ એકદમ થાય છે તોપણ, એકમાંથી બીજી જગ્યાએ આવજાવ ન થઇ શકે તેવો એકદમ ફેરફાર કોઇપણ ઠેકાણે થયલો નથી, અને ઘણા પ્રદેશોમાં તે ફેરફાર એટલો ધીમે ધીમે થાય છે કે, જંગલી લોકો વાડી થઈ શકે તેવી જમીનમાંનાં ઝાડોની છાયામાં ઉનાળામાં પણ વધારે સારાં થતાં બીડોમાં જવા ઘણા આકર્ષાય છે. જેમ જેમ ઉત્તર તરફ જઇએ તેમ તેમ સમુદ્રની સપાટીમાં ફેરફાર થતો ન હોવાથી, તેમ જ ત્યાં હવાના ક્રમમાં પણ લગભગ ખબર ન પડે તેમ ધીમે ધીમે ફેરફાર થતો હોવાથી, એક બાજુએ શિકાર અને બીજી બાજુએ સ્થાયી ખે-



તીની આશાઓથી ભરપૂર, વધારે રસમય જીંદગી ગાળવાની નવી શૈલી ભરવાડની જીંદગી ભોગવતા લોકો ધીમે ધીમે ગ્રહણ કરે તે માટે આ સંજોગો ખાસ અનુકૂળ છે, એ સ્પષ્ટ છે. આવી જાતના ફેરફારના તાજા દાખલા, યુરલ પર્વતોના ઢોળાવ ઉપર રહેનારા બશીકર લોકો, અને કૉકેસસની ઉત્તરમાંનો કૉઝૅક પ્રદેશ, આપણને પૂરા પાડે છે. આ ફેરફારની અસર યુરોપના દ્વીપકલ્પના ભાગમાંના નીચા જંગલવાળા પ્રદેશોમાં યા ઐતિહાસિક જમાનામાં સર્વે લોકોનાં સામાજિક બંધારણોમાં ખુલ્લી રીતે દેખાઈ આવે છે.

બીજું એ પણ આપણે ધ્યાનમાં રાખવાનું છે કે, જ્યારે અરબસ્તાનમાં દેશી જાનવરોમાં ફક્ત ગધેડાં એકલાં જ ભારબરદારીનું કામ કરતાં હતાં, અને ઢોરમાં ફક્ત ઘેટાં અને બકરાં જ હતાં ત્યારે, "જૉર્ડન નદીની આ તરફ"ના મુલકમાં જ ત્યાંના સારા ઝાડપાલાને લીધે ગાય અને મધમાખીનો નિભાવ થઈ શકતો હોવાથી દૂધ અને મધની પેદાશ પુષ્કળ થતી હતી. ઉત્તરમાં અને ખાસ કરીને જંગલોવાળા છેવટના ભાગોમાં, અસલથી થતા જંગલી બળદ અને ઘોડાને ઘણા જૂના વખતથી પાળવામાં આવતા હતા. તે કેટલા જુના વખતથી અને કયા ઐતિહાસિક ક્રમમાં પાળવામાં આવેલા તેની માહિતી તુર્કસ્તાનમાંનાં અનાઉની જગ્યામાંની મીસ્તર પમ્પેલીની શોધખોળથી આપણને મળવા લાગી છે. ચોક્કસ સાલની અગત્યતા ઓછી છે; કારણ કે, પર્વતોવાળા પ્રદેશની આજુબાજુમાંના સર્વે જંગલી લોકોમાંથી કોઇપણ શીંગડાંવાળાં જાનવરો અને ઘોડા વિનાના આપણા જોવામાં આવેલા નથી. ઘાસનાં જંગલોમાં પહેલેથી જ ઘોડાને સ્વારી માટે જ પલોટવામાં આવતા હતા; પરંતુ ઝાડવાળા પ્રદેશમાં લાકડાંની ઉપજ થતી હોવાથી લૅપલૅન્ટમાંના લોકો બારશીંગાં જોડી ચલાવતા તેવી, અથવા એસ્કીમો લોકો કૂતરાં જોડી હાંકતા તેવી, ફક્ત માલ લઈ જવા આવવા માટેની, ઘસડાતી જતી ગાડી પહેલાં, અને પાછળથી ઝાડનાં થડમાંથી કાપેલી ગોળ ગંડેરીઓ ઉપર અથવા નક્કર પૈડાં ઉપર ચાલતી ખરેખરી ગાડી વપરાસમાં આવેલી. પશ્ચિમમાંના

કેટલાએક ભાગોમાં તો વખત જતાં ઘોડાનો સ્વારીને બદલે ફક્ત માંસ ખેંચવા માટે ઉપયોગ થવા લાગેલો, એમ જણાય છે.

ઘોડા જેવું ઝડપબંધ ચાલતું નરમાશવાળું અને સ્વતંત્ર પ્રાણી ઉત્તરના પ્રદેશોમાં હોવાથી, ત્યાંની જંગલી જીંદગીમાં પણ ઘણો બહોળો ફેરફાર પડેલો. ઘોડીનું દૂધ વધારે અને વિશેષ પુષ્ટિકારક હોય છે. વછેરાંનું માંસ વાછડાંના જેવું જ સ્વાદિષ્ટ હોય છે, અને રખેવાળ કૂતરાના જેટલો જ ઘોડો પણ સાવચેત હોય છે, અને બીજાઓથી પોતાની ખરીવડે પોતાનું રક્ષણ કરી શકે છે. લડાઈમાં પણ તેને ખરીનો ઉપયોગ કરવાનું શીખવવામાં આવતું, અને ઇરાની લોકોમાં ઇ. સ. પૂર્વે પાંચમા છઠ્ઠા સૈકાપર્યંત તેવી રીતે લડનારા ઘોડાઓ હતા, તે વાત ચોક્કસ છે. ઘોડો ધીમે ધીમે ખાય છે, તોપણ સ્વાભાવિક રીતે રાત્રે જ ખાતો હોવાથી તેના ધણીને તેના ઉપર બહુ થોડો જ વખત ગાળવો પડે છે. તાર્તરીમાંના ટટ્ટુ "સૂર્યના તડકાની સાથે સાથે મુસાફરી કરી શકે" એમ કહેવામાં આવે છે. તેથી ઉત્તરમાંનો ઘાસ–પ્રદેશ વિસ્તારમાં ઘણો જ વિશાળ અને આકારમાં ઘોડાની ખરી ઉપરની નાળના જેવો હોવા છતાં, ઈરાનથી તુર્કસ્તાન અને તુર્કસ્તાનથી કાર્પેથીઅન પર્વતો સુધી તેનો વિસ્તાર, જો મુસાફરી માટેનાં ત્યાંનાં સાધનો ગણતરીમાં લઇએ તો, અરબસ્તાનના વિસ્તાર કરતાં પ્રમાણમાં ઓછો છે; અને તે વિશાળ પ્રદેશના કિનારી ઉપરના દૂર ભાગો ઉપર બહારના લોકો અમુક જ સમયે ચઢી આવેલા તેનું કારણ આ સાધનો જ હોવાં જોઇએ.

અરબસ્તાન, લોકોની એક જાતિનું જ નહિ, પરંતુ ભાષાની શાખાનું પણ ઉત્પત્તિસ્થાન હતું, તે આપણે જોઇ ગયા છીએ; અને ત્યાંથી એક પછી એક વખતે બહાર નીકળી પડેલા લોકોમાં, જેમ રણમાંના અસલ વતનમાંની ભાષાની ખાસીઅત તેઓનાં નવાં વતનમાં ચાલુ રહેલી, તેવી રીતે ત્યાંથી બહાર નહિ નીકળેલા લોકોની ભાષામાં પણ ફેરફાર થવા પામેલા, અને તે ફેરફાર ધીમા છતાં એવા સજડ થતા કે, ત્યાંથી તે પછી બહાર નીકળી



પડતા લોકોની ભાષા, જેમ આર્મોનીઅન ભાષાથી હીબ્રુ, અને આરબીથી ઍરૅમીઅન જુદી પડે છે તેમ, જુદી પડતી જતી હતી. આ પ્રસંગે ભાષાનાં રૂપ કેટલે વખતે બદલાતાં જતાં તે પણ આપણે જાણી શકીએ તેમ છીએ; કારણ કે, ચાર વખત સેમિટીસ લોકો પરદેશ તરફ નીકળી પડેલા, તેમાંથી ત્રણે વખતના અરસા આપણા જાણવામાં છે. આપણે તે ભાષાઓનો ઉત્પત્તિનાં સમય અને સ્થાન જાણતા ન હોવાથી તેમાંના શબ્દ અને વ્યાકરણનાં રૂપ ઉપરથી, તથા તે ઇતિહાસમાં માલૂમ પડે છે તે વખતે કયા જુદા જુદા પ્રદેશોમાં તે વપરાશમાં હતી તે ઉપરથી જ, આપણને તેઓ વચ્ચેનો પરસ્પર સંબંધ નક્કી કરવાનો હોત તો, તે આપણને ઘણું જ મુશ્કેલી ભરેલું લાગત; કારણ કે, વ્યાકરણ અને શબ્દો બીજી ભાષાઓ અને રહેવાની શૈલી સાથે સંબંધમાં આવતાં એકદમ બદલાઇ જવાનો સંભવ છે, અને એક વખતે લોકો બહાર નીકળી પડે તેના પરિણામે, લોકો અને ભાષાની જે વહેંચણી થાય તે, ત્યારપછીના તેવા પ્રસંગને લીધે નાબૂદ થતી જાય છે અને ફેરવાતી જાય છે.

પરંતુ, આવી જ જાતનો પ્રશ્ન "હિંદુ–યુરોપીય" ભાષાઓની વહેંચણીના સંબંધમાં ઉપસ્થિત થાય છે. તે ભાષાઓ ઈંગ્લાંડથી ઉત્તર હિંદુસ્તાન પર્યંત, અને દક્ષિણ ઈરાનથી નૉર્વે પર્યંતના બહોળા વિસ્તારમાં ફેલાયલી હોવા છતાં, સેમિટિક ભાષાઓ અને અરબસ્તાન વચ્ચે જે સંબંધ છે તેટલો જ લગભગ આ ભાષાઓના આખા સમૂહ અને ઉત્તરમાંના ઘાસ–પ્રદેશ વચ્ચે છે. જોકે સેમિટિક ભાષામાંની પુષ્કળ ભાષાઓ એક બીજીથી જુદી પડે છે. તેનાથી પણ વધારે હિંદુ–યુરોપીય ભાષાઓ અંદર અંદર જુદી પડે છે, તોપણ સર્વે હિંદુ–યુરોપીય ભાષાઓમાં જણાઇ આવે તેવું વ્યાકરણનું બંધારણ છે, અને તે સર્વે ભાષાઓમાં સંખ્યા, સગપણ, શરીરના અવયવો, અમુક પ્રાણીઓ, અને છોડવા, અને બીજી વસ્તુઓ અને કૃત્યો માટેના થોડા–એક શબ્દો, તેના તે જ છે. નાની નાની વિગતો પરત્વે નિરાશાજનક પુષ્કળ અનુભવ મળવા છતાં, હજી પણ સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે, આ

અસલના શબ્દો ઉપરથી તે સર્વ ભાષાઓની સામાન્ય માતૃભાષા જે પ્રદેશમાં બોલવામાં આવતી ત્યાંની જીવનશૈલી સંબંધી કાંઇપણ માહિતી મેળવી શકાય તેમ છે, અને જો કે (૧) આ "હિંદુ–યુરોપીય અસલ વતન" માંનાં ઢોરમાં ઘોડા, ગાય અને ડુક્કર તેમ જ ઘેટાં, બકરાં અને કૂતરાં હતાં, અને તેમાં ગાયનો દરજ્જો સર્વેથી ઉત્તમ ગણાતો હતો, તથા (૨) મુખ્યત્વે કરીને આ જન-સમાજના લોકો ભરવાડની જીંદગી ગાળતા હતા, તોપણ તેઓ જંગલી ન હતા એટલું જ નહિ, પણ તેઓની રહેવાની જગ્યા સ્થાયી હતી. અને તેઓ ખેતી પણ કરતા, હળ અને ગાડાંનો ઉપયોગ કરતા, તથા તેઓમાં ઝાડનાં નામો પણ પુષ્કળ હતાં અને સાદો વેપાર કરવાનો અનુભવ પણ ધરાવતા, તેમ જ (૩) તેઓમાંનું સાંસારિક બંધારણ પિતૃસત્તાક હતું, અને પોતે પસંદ કરેલા મુખીઓની નીચે મોટા સાધારણ સંબંધ ધરાવતા જથ્થામાં આ પિતૃસત્તાક કુટુમ્બો રહેતાં હતાં, એમ સામાન્ય રીતે કબૂલ કરવામાં આવે છે, તો પછી આ જાતિની ભાષા પહેલવહેલી બોલતા લોકો આ ઘાસના જંગલોની કિનારીએ આવેલા ઝાડોવાળા પ્રદેશના કોઇએક ભાગમાં, અથવા કદાચ એક બીજાને અડતા ઘણા ભાગોમાં વસતા હોવાની, અને ધીમેધીમે પરન્તુ દુકાળને લઇને, અને દુકાળને લીધે લોકોની ભાગનાસના પરિણામે, જરા જરા ઝડપબંધ વધારે વિસ્તારમાં ફેલાતા જતા હોવાની આપણી માન્યતા કદાચ ભૂલભરેલી ગણી શકાશે નહિ. દુકાળને પ્રસંગે કેટલાએક, ઝાડ વિનાના ફક્ત ઘાસવાળા જ પ્રદેશ તરફ ગયલા અને પોતાની ભાષામાંના જંગલ અને ખેતીને લગતા શબ્દો ભૂલી ગયલા, અથવા તેના અર્થમાં ગોટાળો કરી દીધેલો; બીજાઓ અનાવૃષ્ટને લીધે વધારે ઘાટા જંગલવાળા પ્રદેશમાં ગયલા અને તેમાં પણ પોતાની ભરવાડની જીંદગીને લગતી ટેવ ભૂલી ગયલા. જો આ ભાષાઓના અભ્યાસીઓને વહેલી ખબર પડેલી હોત કે, ઘાસ–પ્રદેશોનો આખો મુલક આવી જાતના વખતોવખત થતા ફેરફારને આધીન હતો, અને આ ફેરફારના પરિણામે તુરત જ નવા સંજોગોને અનુકૂળ થાય તેમ તે લોકોની રહેવાની શૈલીમાં ફેરફાર થતા, અથવા જે મુલકમાં પોતાની પરાપૂર્વની પદ્ધતિએ રહી શકાય તેવા



મુલકમાં, તેઓને જવું પડતું તો હાલમાં જે ઝીણીઝીણી બાબતો ઉપર ચર્ચા થયલી છે તેમાંની ઘણી ચર્ચા થવાને કારણ મળેલું હોત નહિ.

વળી એ પણ અવશ્ય ધ્યાનમાં રાખવું જોઇએ કે, સેમિટિક ભાષા કરતાં હિંદુ–યુરોપીય ભાષામાંના તફાવત વિશેષ પ્રમાણમાં છે, તેથી તેવા તફાવત હોઇ શકે તેટલી લાંબી મુદ્દત વહી જવી જોઇએ, અથવા તો આસપાસ સંજોગો અને રહેવાની શૈલીમાં બહોળા અને વધારે જુદા જુદા ફેરફાર પડેલા હોવા જોઇએ, એમ આપણે માનીશું તો, ગેરવ્યાજબી ગણાશે નહિ. આ બાબતમાં ખાસ ધ્યાનમાં રાખવાની એ વાત છે કે, પુરાતનકાળની સર્વે સેમિટિક ભાષાઓ અરબસ્તાનમાંના રણની આસપાસ નજીકમાંના ૭૦૦ માઇલના વ્યાસવાળા અર્ધચંદ્રાકાર મુલકમાં વપરાતી હતી, અને કાર્પેથીઅન પર્વતોથી યુરલ પર્વતના દક્ષિણાદા છેડા ઉપર આવેલું ઑરેન્બર્ગ ઓછામાં ઓછું ૧૫૦૦ માઇલ દૂર છે, અને ત્યાંથી પાછું એલ્બર્ઝ અથવા ટીએન–શૅન બીજા એક હજાર માઇલ દૂર આવેલ છે.

છેવટે, આપણે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે, આ ઘાસનાં જંગલોનો પ્રદેશ વાસ્તવિક રીતે સળંગ ચાલુ છે, અને વૉલગા જેવી નદીઓ વચમાં આવેલી છે, છતાં તે પણ ઐતિહાસિક જમાનામાંની જંગલી લોકોને આવ-જાવમાં હરકત કરનારી નીવડેલી નથી; તો પણ વૉલગાના નીચાણના ભાગમાં તેની આજુબાજુ જંગલનો પટ્ટો આવેલો છે તે લગભગ અસ્ત્રાખાન નજીક કાસ્પીઅન સમુદ્રના કિનારા ઉપરની ખરેખરા રણની કિનારી સુધી જાય છે, અને તે આખા ઘાસ-પ્રદેશના, વખત માપવાની શીશીની પેઠે, અર્ધ જુદા અને અર્ધ જોડાયલા અને એક સાંકડા માર્ગદ્વારા સંબંધવાળા એવા બે ભાગ પાડી દે છે; તેથી હિંદુ–યુરોપીય ભાષાના પહેલાં પૂર્વની અને પશ્ચિમની, એવા બે મુખ્ય વર્ગો પડે, તે નવાઇ જેવું નથી. આ પશ્ચિમ તરફના વર્ગમાંની સ્લૅવોનિક ભાષાઓ ઐતિહાસિક જમાનામાં જ ધીમે ધીમે વૉલગાની પશ્ચિમ તરફ પ્રસરવા લાગેલી.

તકરારી અથવા ખોટી પડેલી કેટલીએક બાબતો; તેમજ અહીંની સ્થિતિનું સવિસ્તર વર્ણન કરવામાં અપવાદ રૂપ કે તેને સંપૂર્ણ બનાવવામાં ઘણી રીતે મદદ કરે તેવી બાબતો છોડી દઇ, અભ્યાસીઓના અરધી સદીના ભાષા તથા ભૂગોળને લગતા અભ્યાસની તુલના ઉપરથી બંધાયલી ઘણી સામાન્ય ચોક્કસ થયલી બાબતો સંબંધી અત્યાર સુધી આપણે વિવેચન કરેલું છે. પુરાતની દુનિયાની કિનારી ઉપરના ભાગોમાં હિંદુ-યુરોપીય ભાષા બોલતા લોકોના ઐતિહાસિક જમાનામાંના પહેલી જ વખતના આગમન તરફ હવે આપણે લક્ષ દેવાનું છે.

આ લોકોની ભાષા સંબંધી ઘણા વખત પછી તેઓ લખતાં શીખેલા ત્યાં સુધીનું કાંઇપણ સ્વાભાવિક રીતે આપણા સાંભળવામાં આવેલું નથી, પરંતુ માણસો અને દેવોનાં પુરાતની નામોમાં ઘણાં ખરાં વર્ણનાત્મક છે, અને તેઓનાં નામ લાંબા કાળ પર્યન્ત ચાલે છે, તેથી કરીને અમુક પુરૂષો કે વંશનાં નામો તે લોકોના શત્રુઓના તેઓ સાથેના વિગ્રહો અને કોલ કરારનાં દફતરોમાં હોવા સિવાય બીજી સાબીતી ન હોવા છતાં, તેઓ હિંદુ-યુરોપીય ભાષા બોલનારા હતા, તેવી આપણને ખાત્રી થઇ શકે છે. દાખલા તરીકે, પર્વતોવાળા પ્રદેશો ઉપરની ચઢાઇ સંબંધી બૅબીલોનીઆ અને ઍસીરીઆમાંનાં દફતરોમાં ‘ ટીસ્પીસ ’ અને હીસ્ટૅસ્પીસ જેવાં મીડો-પરશી-અન નામો, ત્યાંના મીડસ કે પરશીઆના લોકો સંબંધી કાંઇ પણ ચોક્કસ માહિતી આપણને મળે છે તેનાથી ઘણા વખત પહેલાં જોવામાં આવે છે, અને તેવી જ રીતે બોઘાઝ-કયુઇમાંનાં શંકુઆકારના અક્ષરોવાળાં દસ્તાવેજોમાં બીજા દેવોનાં નામ સાથે ‘ ઇંદ્ર ’ અને ‘ વરૂણ ’ નાં નામ આપવામાં આવેલાં છે તેથી, એમ સાબીત થાય છે કે, આ દેવોના પૂજકોનો મહાન હીટાઇટ રાજ્ય સાથે રાજકીય સંબંધ હતો.

ઇ. સ. પૂર્વે ૧૪૦૦ પછી તુરતનાં વર્ષોમાંની સીરીઆમાંની હકીકતનો આબેહુબ અહેવાલ જેમાં આપેલો છે તે ટેલ-એલ-અમાર્નાવાળા પત્રવ્યવ-



હારમાં આવી જાતનાં હિંદુ-યુરોપીય નામો પહેલવહેલાં જોવામાં આવે છે. તે નામો સીરીઆ અને પૅલેસ્ટાઇનમાં જુદી જુદી જગ્યાઓના મુખીઓનાં છે, અને તમાં યુફ્રેટીસની પેલી બાજુ ઉપરના મીટૅનાઇના મોટા પ્રદેશના રાજા તુશ્રુતનું નામ છે. કેટલાએકો તો એમ પણ ધારે છે કે, મીટૅનાઇ પ્રદેશની ભાષા જેના થોડાએક નમુના હાલમાં હયાત છે તે પણ હિંદુ-યુરોપીય જાતિની છે. પરંતુ આ બહુ મહત્વની બાબત નથી. અમુક દેશના પુષ્કળ લોકો ઉપર પરમુલકના થોડાએક હોંશીઆર ચંચળ પુરૂષો આવી રાજ્ય અમલ ચલાવે અને વ્યવસ્થા રાખે છતાં પોતાની રૈયતની ભાષા શીખે નહિ, અથવા તેઓને પોતાની ભાષા શીખવે નહિ, અથવા કદાચ શીખવે તો ઘણા લાંબા કાળ પછી જ શીખવે, તેવા દાખલા અમુક જગ્યાએ સ્થાયી નહિ રહેનારા લોકોના ઇતિહાસમાં ઘણા મળી આવે છે. દાખલા તરીકે, નૉર્મન રાજાઓનાં રૉબર્ટ, વિલિયિમ, હેન્રી એ નામો ટ્યુટૉનિક જાતિનાં છે; પરંતુ નૉર્મન્ડીમાં રાજ્ય ચલાવવામાં તથા ફ્રાન્સના રાજાઓ સાથેના પોતાના પત્રવ્યવહારમાં તેઓ નૉર્મન-ફ્રેન્ચ ભાષા વાપરતા. આ સર્વે હિંદુ-યુરોપીય નામો ઇરાની વર્ગનાં છે, અને તે વર્ગમાંની ભાષા પાછળના સમયમાં ઇરાનના આખા ઉચ્ચ પ્રદેશમાં સર્વત્ર ફેલાયલી માલૂમ પડે છે.

અગાઉ આપણે જણાવી ગયા તે ઇરાની દેવોનાં નામવાળા હીટાઇટ દસ્તાવેજ ઉપર જણાવેલા સમય પછીના અલ્પ વખતનું જ છે. જે પ્રદેશ સંબંધી તે દસ્તાવેજ છે તેનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવેલું નથી; પરંતુ તે પ્રદેશ લઘુ એશિઆમાં હોવાનું જણાઇ આવે છે, અને કેટલાએક એમ પણ માને છે કે, બોઘાઝ-કયુઇની ઉત્તરમાં અને તેની આસપાસના પ્રદેશ અઝૉવાની ભાષામાં પણ હિંદુ-યુરોપીય લક્ષણો છે. આ દાખલામાં પણ લોકોની ભાષા સાથે સંબંધ ન હોવા છતાં, તેઓના મુખીઓનાં નામ, તેઓની જાતિ સંબંધી ચોક્કસ સાબીતી પૂરી પાડે છે. વળી થોડાએક વખત પછીનું ઇલૅમની દક્ષિણમાંના ઇરાનના ઉચ્ચ પ્રદેશમાંથી પહેલવહેલું ઇરાની નામવાળું બૅબીલોનીઆનું દફતર પણ મળી આવેલું છે

મિસરમાંના અઢારમા વંશના વખત પહેલાં છેક સીરીઆમાંના સમુદ્ર કિનારા અને લઘુએશિયાનાં અંદરના ભાગોસુધી મોટા પ્રમાણમાં હિંદુ–યુરોપી-ય ભાષા બોલતા લોકો ઇરાનના ઉચ્ચ પ્રદેશને માર્ગે ચઢી આવેલા, એ તો ચોક્કસ છે. પરંતુ તેનાથી વધારે સમય પહેલાં તેમ બનેલું નહિ, તે પણ નક્કી છે; કારણ કે, આવી જાતનાં જુદાં જુદાં મુખીઓનાં સ્વસ્થાનો લાંબો વખત ટકી શકે નહિ. તેવા મુખીઓ કાં તો પોતાની ભાષા પોતાની પ્રજામાં દાખલ કરવાને પૂરતા સમર્થ હોય છે, પરંતુ આ દાખલાઓમાંથી ઘણાખરામાં તેમ તેઓ કરી શકયા નથી; અથવા તો તેઓ એટલા નબળા હોય છે કે, વહેલા મોડા તેઓ ત્યાંના લોકોમાં ભળી જાય છે, અથવા પરાજય પામે છે, અને પછી તેઓનાં નામો પણ અદૃશ્ય થઇ જાય છે.

મિસરમાં અઢારમા વંશના સમયમાં પુનઃ જાગૃતિ થઇ તે અગાઉના નિસ્તેજ અરસામાં જ્યારે અપરિચિત "ભરવાડના નામે ઓળખાતા રાજાઓ" ના અમલ દરમ્યાન મિસર અને તેટલા જ અપરિચિત કૅસાઇટ લોકોની ચઢાઇના વખતમાં બૅબીલોન નિર્માલ્ય સ્થિતિમાં પડેલાં હતાં, ત્યારે ઘોડા જેવા, ઉપયોગી પ્રાણીના પરિચયમાં સુધરેલી દુનિયા પહેલીવાર જ આવેલી, તે બીના ખાસ અગત્યની છે. ઘોડો એ સુધારાનું આશીર્વાદરૂપ સારામાં સારૂં સાધન છે. આ પ્રાણીથી બૅબીલોનીઆમાંના લોકો એટલા અપરિચિત હતા કે, તેના માટે તેઓએ યોજેલ શબ્દનો અર્થ "પૂર્વમાંનું ગધેડું" થાય છે. તે અર્થ ઉપરથી આપણા સમજવામાં આવે છે કે, તે પ્રાણી ત્યાં પૂર્વ તરફથી જ દાખલ થયલું. ઉતાવળથી મુસાફરી થઇ શકે તેવા પ્રાણીની મા-હિતી પણ તેટલી જ ઉતાવળથી પ્રસરેલી, તેમાં કાંઇ નવાઇ જેવું નથી. મિસર અને હીટાઇટ લોકોના પ્રદેશ પર્યન્ત સર્વત્ર તે પ્રાણી દાખલ થયલું તે ઉપરથી એમ અટકળ થઇ શકે છે કે, દૂર પ્રદેશોમાંથી વેપાર અર્થે તે ખરીદી લાવવામાં આવેલ નહિ, પરંતુ જંગલી લોકોએ ચઢાઇ કરવાના સાધન તરીકે તે પ્રાણીને સ્વીકારેલું; અને વાસ્તવિક રીતે બનેલું પણ તેમ જ છે. આ બન્ને માન્યતા પરસ્પર વિરોધી નથી, અને આપણે વ્યાજબી રીતે



એમ પણ ઉમેરી શકીએ છીએ કે, જે સમયે અરબસ્તાનમાંથી દુકાળને લઇને કૅનનાઇટ લોકો પરમુલકમાં પેઠેલા તે જ સમયે કદાચ ઉત્તર તરફના ઘાસના જંગલોવાળા પ્રદેશમાં પણ તેવા જ દુકાળ પડેલા હોય અને તેને લઇને આ ઘોડેસ્વાર લોકો બહાર નીકળી પડેલા હોય. ગમે તેમ હોય તોપણ, આખા અરબસ્તાનમાં એટલી પુષ્કળ રીતે સખત અસર કરે તે હવા વધારે બહોળા વિસ્તાર ઉપર પણ અસર કરે તેમ બનવા દરેક રીતે સંભવ રહે છે. તોપણ આ દુકાળ કેટલા વિસ્તારમાં પડેલા, અને બન્ને પ્રદેશોમાંથી લોકો બહાર ક્યારે નીકળી પડેલા, તે બન્ને સંબંધી આપણને ખાસ ચોક્કસ માહિતી નથી, અને તેથી કરીને આ માહિતીને તો વધારે ચોક્કસ શોધખોળ કરવાને માટે ફક્ત કામ ચલાઉ આધાર તરીકે જ ગણી શકાય. અગાઉમાંના ઘણી ઉંડાઇ સુધી ખોદી કાઢવામાં આવેલા થર ઉપરથી એમ સાબીત થાય છે કે, તે પ્રદેશમાં પણ સુકાળ અને દુકાળનાં વર્ષો વારંવાર થતાં. આ સર્વ બીના એકઠી થવાથી, આ બાબત ઉપર પૂરેપૂરૂં અજવાળું પડવામાં હવે વધારે વિલંબ થશે નહિ.

અત્યારસુધી તુર્કસ્તાન અને ઈરાનને રસ્તે થયલ હિંદુ–યુરોપીય લોકોના આગમન સંબંધી આપણે વિવેચન કરતા હતા. તેવી જ જાતના લોકો તેનાથી પણ દૂર પૂર્વ તરફ ઉત્તર હિન્દુસ્તાનમાં પેઠેલા અને ત્યારે ત્યાં પણ ઇતિહાસના પ્રભાતનો જ સમય હતો; પરંતુ આ બીના આ પુસ્તકની બહારનો વિષય છે. અત્યારે તો આપણે એટલું જ કહીશું કે, આ "આર્ય લોકોની" પ્રગતિ ઈ. સ. પૂર્વે ૧૬૦૦ ના અરસામાં થયલી હોવાનું તદ્દન જુદા પુરાવા ઉપરથી ગણવામાં આવે છે. તેથી આર્ય અને ઇરાની, બન્ને લોકો એક જ વ-ખતે બહાર નીકળી પડેલા હોવા જોઇએ, અને તેમ હોય તો, તેથી કરીને ઇરાની લોકોની ચઢાઇ માટેની આપણે જણાવેલી તારીખને અગત્યનો ટેકો મળે છે.

હવે આપણે આપણું લક્ષ પશ્ચિમ તરફના વધારે દૂર ભાગો તરફ પહોં-ચાડીશું. સુસા, તુર્કસ્તાન, દક્ષિણ રૂષિયામાંના કેટલાએક ભાગો, અને

થેસ્સલીના નાના ઘાસ-પ્રદેશમાંના પથ્થરના જમાનાના છેવટના ભાગમાંની કારીગરીમાં જણાઇ આવે તેવું સરખાપણું રહેલું છે. સુસા અને થેસ્સલી બન્નેમાં આ સુધારો તૈયાર રૂપમાં જ દાખલ થયલો, અને આ નવીન વતનમાં ધીમે ધીમે શિથિલ થઇ પડી ભાંગેલો. અનાઉમાં તે દાખલ થયા પછી તુર્તમાં જ દુકાળ પડેલો, અને તે નાશ પામેલો. તેથી કરીને તે સુધારો ખરેખરી રીતે એક જ જગ્યાનો હોવાથી આ સરખાપણું જોવામાં આવે છે, એમ શંકા પડવાનું કારણ મળે છે, તથા આ સુધારો થેસ્સલીમાં કાયમ રહેલો છે, અને ડૅન્યૂબ તરફના જરા વિકટ મુલકમાં જોવામાં આવતો નથી. તેનું કારણ એ છે કે, સુધારો લઇ જનારા લોકો ભરવાડની જીંદગી ગાળનારા હતા, અને જો તેઓએ ટેકરીઓવાળા મુલકમાં રહેવા માગ્યું હશે તો, ત્યાંના લોકોમાં ભળી ગયલા અથવા નાશ પામેલા હશે; પરંતુ તે પ્રદેશમાં થઇને પેલી તરફ પાછા સારા દેશમાં આવવાથી ત્યાં પોતાની જીંદગી ગાળવાની રૈલી મુજબ તેઓ કાયમને માટે રહી શકેલા હશે. મૅસીડૉન અને ઐઇસમાં પણ ઢોર ચરી શકે તેમ ઘાસવાળી જગ્યાઓ હોવાથી, જ્યારે ત્યાં જરા વધારે સારી રીતે શોધખોળ કરવામાં આવશે ત્યારે, આ ઉપર પ્રમાણેની સૂચનાના ઉપયોગીપણા સંબંધી આપણે કાંઇક અભિપ્રાય આપી શકીશું.

તે દરમ્યાન "ટ્રોય"ની જગ્યામાંના એક પછી એક નીકળેલા થર ઉપરથી તેમ જ હેલેસ્પૉન્ટની આસપાસના મુલકમાંના સુધારાની જાતમાં એક-પછી એક થયલા ફેરફાર ઉપરથી સ્પષ્ટ રીતે જણાય છે કે, યુરોપ અને લઘુએશિયા વચ્ચેના પુલરૂપી પ્રદેશ માર્ગે કાંસાના જમાનાની શરૂઆતના સમયમાં ઘણા લોકો આવજાવ કરતા. પથ્થરના જમાનાના અન્તસમયમાં થેસ્સલીના નવીન વતન મધ્યેની સ્થિતિમાં સર્વિયામાં ઉંચે દરજ્જે પહોંચેલા સુધારાની અસર લઘુએશિયાના દૂર ભાગો પર્યન્ત પહોંચેલી; પણ તે અસર પાછળથી સીરીઆ અને સાઇપ્રસમાંના ધાતુના જમાનાની શરૂઆતના વખતના સુધારાના, અગ્નિકોણ તરફથી મોટા જોસબંધ આવતા મોજાઓ નીચે



ઢંકાઈ ગયલી. ફરીથી કરવામાં આવેલા વસવાટ જેવા બીજા પુરાવાથી પણ, જ્યાંસુધી સિદ્ધ ન થાય ત્યાંસુધી, લોકોના આવવાથી જ આવી જાતના સુધારાનો ફેલાવો થાય, એમ આપણે ખુલ્લી રીતે કહી શકીએ નહિ. તે જો કાંઇપણ સૂચવે છે તો એટલું જ કે, જે પ્રદેશોમાં આ નવીન કળા ફેલાતી હતી ત્યાં લોકો સ્થાયી હતા અને સુલેહશાંતિ હતી. તેથી આપણે એમ ધારી શકીએ કે, લઘુએશિયામાંના ધાતુના જમાનાની શરૂઆતના લાંબા સુલેહ-શાન્તિ ભરેલા સમયને લીધે મિસર અને સુમેરીઅન, બૅબીલોનીઆ જન્મ પામેલાં, અને તે સુલેહશાન્તિનો ભંગ હેલેસ્પૉન્ટની આસપાસના મુલકમાં થવાથી ત્યાં અકાદના સાર્ગોનના પૂર્વજોનું આગમન થયલું.

વળી આ સુલેહશાન્તિના સમયમાંજ માઇનોઅન સુધારો ક્રીટમાં તેની જાહોજહાલીવાળા ઉંચા દરજ્જાએ પહોંચેલો. આપણે કહી ગયા છીએ તેમ તે લગભગ મિસરમાંના આરંભને સમયે જ શરૂ થયલો, બારમા વંશના સમયમાં માઇનોઅન સુધારાની મધ્યસ્થિતિએ પહોંચેલો, અને જ્યારે મિસરમાં "નવીન સામ્રાજ્ય" ચાલતું હતું અને તે સીરીઆમાં જીત મેળવતું હતું ત્યારે માઇનોઅન સુધારાની અન્તની સ્થિતિમાં અંદર અંદરની તકરારો અને ઇર્ષ્યાને લીધે તેની ગતિ ધીમી પડવા લાગેલી, અને તે શિથિલ થઇ ગયલો. ઇ. સ. પૂર્વે ૧૪૦૦ના અરસામાં નૉસસમધ્યેનો મહેલ નાશ પામ્યો ત્યારથી ત્યાંનો સુધારો એકદમ અટકી પડેલો, અને ક્રીટને બદલે ગ્રીસ તથા માઇસી-નીમાંના આર્ગોલીસ અને નાૅક્રાનીઆની અગત્યતા વધવા લાગેલી. નૉસસનો વિનાશ કરનારા બીજા ઇજીઅન લોકો જ હતા, કે કોઇ બીજા મુલકમાંથી ચઢી આવેલા લોકો હતા, તે ઇજીઅન પ્રદેશમાંથી મળી આવતા પુરાવા ઉપ-રથી અત્યારે આપણે નિશ્ચિત રીતે કહી શકીએ તેમ નથી; પરંતુ માઇનોઅન સુધારાવાળા દરિયાપારના લોકોના મિસરમાં આવવા સંબંધીનાં તે જ સમ-યનાં ત્યાંનાં લખાણો ઉપરથી એમ જણાય છે કે, આ અરસામાં આ સુધા-રાનાં ઉત્પત્તિસ્થાનમાં નવીન નામો અને ગુણ દાખલ થયાં હતાં.

મિસરના રાજ્યદરબારમાં લગભગ એક સૈકા દરમ્યાન માઇનોઅન લોકો

વારંવાર આવતા હતા. ઍમેન્હૉટેપ ૩ જો જે આશરે ૧૪૧૫ માં ગાદીપર આવેલો તેના રાજ્યઅમલ પર્યન્ત મિસરમાંના લોકો તેઓને 'કેફ્ટયુના' નામે ઓળખતા, અને તેઓ માથે ચોટલાવાળા તથા પોતાના ખાસ દેશી પહેરવેશમાં મિત્રો અથવા વેપારીઓ તરીકે ત્યાં આવતા, તથા પોતાની સાથે સોનાચાંદીની કારીગરીના કીંમતી નમુનાઓ લાવતા; પરન્તુ ઍમેન્હૉટેપ ૩ જા ના વખતથી કેફ્ટયુ લોકો આવતા બંધ થયલા હતા, અને તેઓને બદલે શરદાના અને ડનૌઆ નામના લોકો આવવા લાગ્યા હતા. તેઓ કિંગ્સ્લીકૃત 'હાઇપેશિયા' મધ્યેના ગૉથ લોકોની માફક દુશ્મનાઇને લઇને અથવા પગારના બદલામાં લડવાવાળા લોકો હતા. તેઓમાંના કેટલાએક મિસરના રાજાના સૈન્યમાં જોડાયલા. અને તેઓના દેશના લોકો મિસરમાં પેસવા ન પામે એટલા માટે તેઓને રાખવામાં આવેલા. ત્યાંના પાછળના વારાના પરન્તુ વિદ્વાન ઇતિહાસકર્ત્તા મૅનેથોના કહેવા મુજબ, આ " ડૅનાન " જાતિના એક પુરૂષે, કદાચ તેવી રીતે દેશનું રક્ષણ કરવા માટે રાખવામાં આવેલા લોકોમાંના એકે, અખેન-અટેન ઇ. સ. પૂર્વે ૧૩૬૫ ના અરસામાં ગુજરી ગયો ત્યારપછીના અરાજકતાના ટુંકા કાળમાં થોડા સમયને માટે મિસરની ગાદી પચાવી પાડેલી, તથા ઇ. સ. પૂર્વે ૧૨૦૦ સુધીમાં વારંવાર શરદાના લોકો મિસર ઉપર ચઢી આવતા હતા.

પરંતુ ૧૩૦૦ ની સાલ પછી આવી રીતે તેઓ એકલા જ ચઢી આવતા ન હતા. તેઓની સાથે વધારે અને વધારે પ્રમાણમાં બીજા લોકો આવવા લાગેલા અને તેથી તેઓની ચઢાઇનો વિસ્તાર વધતો ગયલો, અને તેઓ તે દરમ્યાન વધારે અને વધારે નુકસાન કરવા લાગેલા. તેવી જાતની બે મુખ્ય ચઢાઇ ઇ. સ. પૂર્વે ૧૨૩૦ તથા ૧૨૦૮ ના સુમારે કરવામાં આવેલી. તેમાંની પહેલી મેરેન્ટૅહના વખતમાં જ્યારે કિનારા ઉપરના મુલકમાંથી લીબીઅન લોકો મિસરમાંના દોઆબની પૂર્વ તરફની કિનારીના ભાગ ઉપર ચઢી આવેલા ત્યારે તેઓની સાથે મળી જઇને કરવામાં આવેલી હતી. લીબીઅન અને શરદાના લોકો ઉપરાંત તેઓની સાથે તે વખતે અખૈવશા, શકલ્શા



અને તુર્શા લોકો હતા. પહેલા જણાવેલા લોકો ઍકીઅન લોકો જ હોવા જોઇએ, એમ હવે સામાન્ય રીતે માનવામાં આવે છે; કારણ કે, તે શબ્દમાંનો પ્રત્યય " શા " અને નૉસસ, સૅગૅલૅસસ, અને ઇજીઅન પ્રદેશમાંની બીજી જગ્યાઓનાં તેવાં નામોમાં જળવાઈ રહેલો પ્રત્યય " સસ " એ એક જ હોવો જોઇએ. બીજા જે લોકો હોવાનું જણાવવામાં આવે છે તેઓના સંબંધી હજી વાદવિવાદ ચાલ્યાં કરે છે, પરંતુ તેઓ પણ ઇજીઅન પ્રદેશમાંથી આવેલા હોવાનું માનવાને વિશેષ કારણો મળતાં જાય છે. તુર્શા એઓ પાછળથી ઇટુરીઆમાં આવી વસેલા તુર્સેની લોકો હોવાનું તથા શકલ્શા અને શરદાના લોકો જ્યાં જઇ વસેલા ત્યાંનાં તેઓનાં નામ ઉપરથી સિસિલી અને સાર્ડીનિયા પડેલાં હોવાનું અનુમાન થઇ શકે. સિસિલી ઉપર દરિયા માર્ગે મોટી ચઢાઇ થયલી એવી ક્રીટમાંના લોકોમાં ચાલતી દંતકથા વિષે આપણે અગાઉ જણાવી ગયા છીએ. તેવી જ રીતે મિસરમાંના દોઆબના ભાગમાં વસવા માટે તેઓએ યત્ન કરેલા અને તેઓને અટકાવવા માટે મેરેન્ટૅહને ઘણી મહેનત કરવી પડી હતી.

તેવી જાતની બીજી ચઢાઇ સીરીઆની બાજુ ઉપરથી દરિયા તેમ જ જમીન માર્ગે રામીસીસ ૨ જાનાં રાજ્યના આઠમાં વર્ષમાં કરવામાં આવેલી હતી. પહેલાંની માફક તે ચઢાઇ કરનારા લોકોમાં ડનૌના અને શકલ્શા લોકો હતા, અને તેમની સાથે કેટલીએક ઇજીઅન અને બીજી ઉત્તર સીરીઆ અને લઘુએશિયામાંની હીટાઇટ તેમ જ બીજી ટીક્કરાઇ વિગેરે નવીન જાતિના લોકો હતા. આ વખત તેઓનો ઉદ્દેશ પહેલી ફેરાના કરતાં વધારે સ્પષ્ટ રીતે જણાઇ આવે તેવો હતો. જમીન માર્ગે ચઢી આવેલા લોકોની સાથે પૈડાંવાળાં ગાડાંઓમાં તેઓનાં કુટુમ્બો તેમજ મીલકત હતાં. દરિયા માર્ગે આવેલા લોકો મોટાં સઢથી ચાલતાં વહાણોમાં આવેલા, અને તેઓનાં તુતક ઉપર સંખ્યાબંધ શૂરવીર, સારી રીતે હથીઆરબંધ લડવૈયા હતા; તેઓ આ નવા નવા પ્રદેશમાં રહેવાને માટે જ આવેલા હતા, અને જો કે મિસરના રાજાએ મહામહેનતે દક્ષિણ સીરીઆમાં તેઓની સાથે લડાઇ કરી

તથા દરિયાઇ લડાઇમાં તેઓને હરાવી તેઓને તેમ કરતાં અટકાવેલા, તોપણ હયાત રહેલા તેમ જ લડાઇમાં ભાગ નહિ લેનારા લોકોની વ્યવસ્થા કરવાની બાકી રહી હતી. પૅલેસ્ટાઇનના કિનારા ઉપર બહારના લોકો આવી વસેલા હતા, અને તેથી જો ત્યાં જ આ લોકોને પણ વસવા દેવામાં આવે તો, હવે પછી મિસર ઉપર જે કોઇ લોકો ચઢી આવે તેઓએ, આ લડાયક લોકો મિસરને માટે લડવાને બંધાયલા હોવાથી, તેમને પહેલાં હરાવવા પડે. એક સૈકા પહેલાં જેવી રીતે શરદાના લોકોમાંથી મિસરમાંની રખેવાળ પગારદાર ફોજ બનાવવામાં આવેલી હતી, તેજ યુક્તિ આવે વખતે પણ બીજા રૂપમાં અમલમાં મુકવામાં આવેલી હતી.

આ પ્રમાણે આવી વસવામાં પુલીષ્ટ લોકો મુખ્ય હતા. કદાચ આ લોકો ઇજીઅનમાંના અસલ વારાના ચાંચીઆ લોકો, જેઓને ગ્રીક લોકો પેલૅસ્ગીને નામે ઓળખે છે, તે જ હોય. તેમ જ ફીલીસ્ટીન્સ લોકોનુ નામ, અને કિનારાના મુલકને બદલે આખા દક્ષિણ સીરીઆનું નામ પૅલેસ્ટાઇન પડેલું તે તથા આ પુલીષ્ટ એ સર્વ નામો તદ્દન મળતાં આવે છે. તેઓનો પાછળના વખતનો ઇતિહાસ તેઓના પાડોશીઓ ઇઝરાએલાઇટ લોકોના ઇતિહાસ સાથે ભેળસેળ થઇ ગયલો છે. આ પુલીષ્ટ લોકો અહીંઆં એકલા જ વસેલા નહતા. આશરે દોઢસો વર્ષ પર્યન્ત અહીં વસેલા ચાંચીઆનો ધંધો કરતા ટીક્કરાઇ લોકો મુસાફરોને ત્રાસ પમાડતા હતા. સાઇપ્રસમાંનું સૅલેમીસ જે પાછળથી ગ્રીક લોકોના સમયમાં વધીને મોટું શહેર થવા પામેલું, ત્યાં " ટયુક્રીઅન " લોકો અસલમાં આવી વસેલા તે પણ આ ટીક્કરાઇ લોકો જ હોવા જોઇએ, અને ફીલીસ્ટીઆ તથા મિસરની તરફના મુખડાવાળા પ્રાચીન કાળના, ઉપયોગી થઇ પડેલા ક્રીટમાંના બંદર ઝૅક્રોનું નામ પણ કદાચ આ લોકોના ઉપરથી જ પડેલું હોવું જોઇએ.

ઇ. સ. પૂર્વે ૧૨૦૦ ને સુમારે સમુદ્રમાર્ગે થયલી ચઢાઇનાં બે જાતિનાં લક્ષણો હોવાથી આ સર્વે બાબતોનો અર્થ બરાબર સમજવામાં આવે છે.



વળી મિત્રાચારીવાળા ટેક્ટયુને બદલે, શરદાના અને ફીલીસ્ટીન જેવા લડાયક દુશ્મનાઇવાળા બર્ઝરકર, એવી રીતે મિસરમાં દરિયા રસ્તે આવનારા લોકોનાં નામ અને ઉદ્દેશમાં એકદમ થયલા ફેરફાર સમજવામાં મુશ્કેલી પડતી હતી; તેમ જ ઇજીઅન પ્રદેશમાંથી સમુદ્રમાર્ગે તથા સીરીઆમાંથી ખુસ્કી રસ્તે ચઢી આવતા લોકો વચ્ચેના એવા નિકટ સંબંધ વિષે કાંઇપણ ખુલાસો મળી શકતો ન હતો. પરંતુ, હીટાઇટ લોકો ૧૨૭૧ ની સાલ સુધી મિસરની જેટલી જ બળવાન સત્તા ધરાવતા હતા તેઓ પણ હવે તો ફક્ત એકઠી થયલી પુષ્કળ જાતિઓમાંના એક હતા, અને ટીક્કરાઇ અને કદાચ સમુદ્રમાર્ગે ચઢી આવનાર બીજા લોકોની ફ્રેગો-ફ્રીજીઅન જાતિના જ ડાર્ડેનુઆઇ તથા માસા જેવાં હેલેસ્પૉન્ટ તરફનાં નામોવાળા લોકો, ૧૨૮૬ ના સાલમાં હીટાઇટ લોકોએ સીરીઆને રસ્તે ચઢાઇ કરેલી તે વખતે, તેઓની મદદમાં હતા. આ પ્રમાણે દરિયા રસ્તે તેમ જ પડાંવાળાં ગાડાંઓ સહિતના જમીન માર્ગે ચઢી આવેલા લોકો, ઘાસનાં જંગલોવાળા પ્રદેશના પશ્ચિમ તરફના છેવટના ભાગોમાંથી એક સામટા લોકો બહાર નીકળી પડેલા તેના એક ભાગ રૂપ જ હતા. તેઓ ડૅન્યૂબના અને બાલ્કનના પ્રદેશોમાં ઘૂસેલા; થ્રેઇસ અને મૅસીડોનીઆ તેમણે કબજે કરેલાં, હેલેસ્પાન્ટ ઓળંઘી તેની પેલી તરફના ઉચ્ચ પ્રદેશ ઉપર, જેવી રીતે ફ્રીજીઅન લોકોએ કર્યાનું હોમર વર્ણન આપે છે, તેવી રીતે, સૅગેરીઅસ નદીને કાંઠે કાંઠે તેઓ ચઢી આવેલા; ટ્રૉયની ફરીથી સ્થાપના તેમણે કરેલી અને બીજાઓની મદદથી " છઠ્ઠા શહેર " ની દિવાલને નામે ઓળખાતી મોટી દિવાલ, ગ્રીક લોકોની દંતકથા મુજબ રામીસીસ બીજાના શત્રુ અને મિત્ર ખેતાસરનું રાજ્ય જે અરસામાં ચાલતું હતું તે જ અરસામાં તેમણે બાંધેલી હતી.

દરમ્યાનમાં ઇજીઅન પ્રદેશમાં સર્વત્ર ત્રાસ વર્તતો હતો, તે સમયના ત્યાંના લેખ કાંઇપણ મળી આવતા નથી; અને એક પછી એક તુર્ત બનેલા ત્રણ મુખ્ય બનાવો સંબંધી ગ્રીક લોકોમાંની દંતકથામાંથી ભાંગ્યા તૂટયા મળી આવતા પુરાવાની સંકલના આપણે કરી શકેલા છીએ. ઘઉંવર્ણા,

ભૂરી આંખોવાળા, કદાવર, ઘોડા પાળનારા, ભરવાડની જીંદગી ગાળનારા, ઍકીઅન લોકોનું આગમન, એ તેમાંનો પહેલો બનાવ છે. તેઓનાં મુખ્ય રાજકીય મથકો માઇસીની અને લૅકોનીઆમાં હતાં. ત્યાંના ઍકીઅન રાજા અમુક રીતે ફ્રીજીઅન જાતિમાંથી ઉતરી આવેલા હતા. તેઓએ ગ્રીસનો આખો પ્રદેશ, ક્રીટ અને લઘુએશિયાની દ્વીપોની બનેલી કિનારીના દક્ષિણ તરફના છેડાના ભાગો જીતી લીધેલા હતા; પરંતુ ૧૨૫૦ ની સાલ પહેલાં ત્યાં દરેક રીતે અવ્યવસ્થા હતી, અને છેક ૧૧૮૦ ની સાલ પછી પણ કેટલા-એક ભાગો તદ્દન શાંત ન હતાં; કારણ કે, ટેલેમૅકસ તેના પિતાને ખડકોવાળા ઇથૅકામાંથી શોધી લાવે તો, મેનેલૉસ પોતે "એક બે શહેર લૂટી" શકે તેમ છે, તેવી રીતે સ્પાર્ટાથી તેણે કહેવરાવેલું હોવાનું આપણા જાણવામાં આવે છે. વળી સિસિલીના રૅાજર્સે નૉર્મન્ડીના રૅાબર્ટને દક્ષિણ તરફ આવીને આવી સ્થિતિનો લાભ લેવા આમંત્રણ કરેલું. આ ઉપરથી મિસર ઉપર દરિયા રસ્તે કરવામાં આવેલી ચઢાઇ અને લઘુએશિયાના નૈરૂત્ય કોણ તરફના ભાગનો ફ્રીજીઅન લોકોએ કરી લીધેલો કબજો, તે બન્ને અને ઍકીઅન લોકો, એ સમકાલીન હતાં, તેમ સિદ્ધ થાય છે.

બીજો બનાવ ગ્રીક લોકો ઇ. સ. પૂર્વે ૧૧૯૪ થી ૧૧૮૪ સુધીમાં થયલો હોવાનું કહે છે, તે "ટ્રોજન વિગ્રહ" છે. સ્પાર્ટાનો રાજા મેનેલૉસ ઇ. સ. પૂર્વે ૧૨૦૦ ની સાલમાં કરવામાં આવેલી દરિયાઇ ચઢાઇથી એક બે વર્ષની મુદ્દત દરમ્યાન અને કદાચ તે ચઢાઇને લગતા જ કામે સમુદ્રની પેલીપાર ગયલો તે અરસામાં ફ્રીજીઅન જાતિનો રાજા પૅરિસ તેની રાણીને નસાડી લઇ ગયલો. સુંદર હેલન સ્પાર્ટાની ગાદીની વારસ હોવાથી, અને તેને પરણીને આ સાહસિક ઍકીઅન જાતિનો મેનેલૉસ ત્યાં રાજ્ય કરતો હોવાથી, હવે સ્પાર્ટાની ગાદી ઉપર પૅરિસનો હક, જેટલો ફ્રાન્સની ગાદી ઉપર એડ્વર્ડ ત્રી-જાનો હક હતો તેટલો જ થયલો, અને તેથી કાંઇ પણ કરવાની આવશ્યકતા હતી. તેથી ટ્રૉય ઉપર ઍકીઅન જાતિનું સર્વ સૈન્ય લઇને ચઢાઇ કરવામાં આવી, અને દશ વર્ષ સુધી વિગ્રહ ચાલ્યો, અને



તેને પરિણામે ફ્રીજીઅન લોકોના તે શહેરનો નાશ કરવામાં આવ્યો, અને તે સ્ત્રીને પાછી મેળવવામાં આવી. પરંતુ તે લડાઇમાં ઘણી જ મુશ્કેલીથી ફત્તેહ મળી હતી. બન્ને પક્ષ ઉપર મહાન દેવોનો કોપ ઉતરેલો હતો, અને "પૃથ્વી ઉપર મનુષ્યનો બોજો વધારે પડતો વધી ગયલો હતો.' ઍકીઅન અને ફ્રીજીઅન બન્ને લોકોનાં મુડદાંઓ દરિયામાં જ્યાં ત્યાં તરતાં માલૂમ પડતાં હતાં, અને કેટલાંએક તો પશ્ચિમમાં સિસિલી અને ટાઇબર નદીના મુખ સુધી અને ઍડ્રીઍટિક સમુદ્રના નાના નાના અખાતોમાં ઘસડાઇ ગયલાં; જ્યારે બીજાં કેટલાંએક છેક મિસરસુધી પહોંચેલાં, અને તેમાં મેનેલૉસનું પોતાનું શબ પણ હતું. પોતાના વતનમાંના તેઓના મહેલોમાં રાજદ્રોહ વર્તી રહેલો, અને આળસુ રખડતા લોકો "જૂની શ્રુરાતન" ની જૂઠી વાતોમાં મશગુલ થઇ ગયલા. કવિતા લખવાની શકિત ધરાવનાર ફક્ત લડાઇની અને રખડપાટની જ કવિતાઓ રચી ગાવા લાગેલા. રામીસીસ ત્રીજાના કાફલાથી હારી નાસી છૂટેલા મિસર ઉપર સમુદ્ર માર્ગે ચઢી આવનારા લોકોના જેવી જ સ્થિતિ આ વખતે પણ થવા પામેલી.

ત્રીજો બનાવ ટ્રોજન વિગ્રહ બાદ આશરે અર્ધી સદી પછી, એટલે ઇ. સ. પૂર્વે ૧૧૦૮ થી જરા વહેલી કરવામાં આવેલી "ડોરીઅન ચઢાઇ" છે. ડોરીઅન લોકો કોણ હતા, તે વિષે ગ્રીક લોકોને બરાબર માહિતી નહતી. એક રીતે તેઓ મૅસીડોન જાતિ પૈકીના હતા, અને ગ્રીસના દ્વીપકલ્પની બરોડના જેવા આલ્પ્સના છેડાના ભાગ પીંડસમાંથી આવેલા હતા. ઍકીઅન લોકોની માફક તેઓ પાસે ઘોડા નહતા, અને અડોઅડ ઉભા રહીને તેઓ લડતા હતા. દંતકથાઓમાંથી મળી આવતા તેમના ઇતિહાસ અને તેઓની જાતિઓનાં નામો ઉપરથી, તેઓની જાતિમાં ભેળસેળ થઇ ગયલી હોવાનું જણાય છે, અને તેમાં કેટલાંએક નૈરૂત્ય ખૂણા તરફનાં નામોવાળા, આલ્બેનિયાના લોકો જેવા દેખાતા, ઉચ્ચ પ્રદેશમાં રહેનારા હતા, જ્યારે બીજા કેટલાએક દક્ષિણ તરફના ઍકીઅન લોકોની પહેલાંના હીરૅકલીસ ( હરિકુલેશ ) લોકોના વંશજો, અને કદાચ પોતાનું વતન ગુમાવી

એઠેલા માઇનોઅન લોકો હતા. દક્ષિણ ગ્રીસના આખા મુલકમાં ડોરીઅન લોકો અને તેઓની વસતિ એક બીજા સાથે મળતીહળતી રહેલી નહતી એ ચોક્કસ છે, અને કેટલાએક સૈકા પર્યન્ત તે દ્વીપકલ્પની પ્રગતિ અંદર અંદર એક બીજી જાતિઓ વચ્ચેના કજીઆને લઇને અટકી પડેલી. ઉત્તર તરફના બીજા લોકો પૂર્વાદ્ય કિનારાની વધારે નજીકમાં થઇને આવેલા, અને તેઓમાં થોડો ઘણો પણ સંપ હોવાને લીધે થેસ્સલીથી ઍટ્ટિકાની સરહદ સુધીનો ઉત્તરમાંનો સઘળો ભાગ તેઓએ જીતી લીધેલો. ફક્ત ઍટ્ટિકા તોફાનમાંથી બચવા પામેલું; કેમકે, તેના ઉપરે ચઢાઇ કરવામાં આવેલી, પરંતુ તેને જીતી શકાયું નહતું. લોકોની માન્યતા પ્રમાણે આ પરિણામ "ઍકીઅન લોકોના આગમનના વખતમાં" થેસ્યુસે કરેલી ડહાપણ ભરેલી સુવ્યવસ્થાને આભારી છે. જો કે છેવટે દક્ષિણ તરફ ક્રીટ, ર્‍હોડ્સ અને બીજા ભાગોને ડોરીઅન તરીકે ગણવામાં આવતા હતા, તો પણ દ્વીપોમાં સ્થિતિ વધારે સારી હતી.

ગ્રીસમાંથી દરિયાપાર નાસી બચી જવાના લોકોને પૂર્વ તથા પશ્ચિમ તરફ એમ ફક્ત બે જ રસ્તા હતા. જો કે પશ્ચિમ તરફ જૂજ લોકો ગયલા; પરંતુ તેવી રીતે કેટલા અને ક્યાં ગયલા, તે ચોક્કસ માલૂમ પડેલું નથી. દરિયા રસ્તે ચઢાઈ કરનારાઓમાંના કેટલાએક તે તરફ દૂર ગયલા તેમ નક્કી સમજાય છે તે ગમે તેમ હોય તો પણ, હીટાઇટ રાજ્યના પશ્ચિમ તરફના અર્ધ ભાગમાં ફ્રીજીઅન લોકો ચઢી આવવાથી જે ત્રાસ વર્તેલો તેનો તેઓએ લાભ લીધેલો અને તેઓએ છોડી દીધેલા ઉપસાગરો અને ભૂશલાકાવાળા દેશ કરતાં વિશેષ ખુલ્લા, પરંતુ બાંધા, જમીન અને આબોહવા પરત્વે ઘણાખરા તેવી જ જાતના, પશ્ચિમ કિનારા ઉપરના પ્રદેશોમાં તેઓએ મોટા પાયા ઉપર વસવાટ કરેલો. ઇલીઑસ અને હેલેસ્પૉન્ટનાં શહેરો તેમ જ કેરીઅન કિનારા ઉપરનાં બંદરો સુધી ઉત્તર અને દક્ષિણ તરફ વિસ્તાર પામી; વખત જતાં, આ પ્રદેશ આયોનિયન (યાવની) ગ્રીસ થઇ પડેલો.

ઉપર પ્રમાણે દંતકથાઓમાંની મુખ્ય મુખ્ય હકીકતો છે, અને બીજો જે



પુરાવો આપણને મળેલો છે, તેને તે સામાન્ય રીતે મળતી આવે છે. માઇનોઅન જમાનાનો અન્ત અચાનક અને ત્રાસજનક રીતે આવેલો; કેમકે, દરિયા રસ્તે બીજી ચઢાઇ થયલી તે વખતે તે અધોગતિમાં, પરંતુ હયાતીમાં તો હતો જ. રામીસીસ ત્રીજાના સમયનાં દિવાલ ઉપરનાં ચિત્રો તે પૂરવાર કરે છે. તુર્તમાં જ આવેલા જીત મેળવનારા લોકોના સંબંધમાં હોવું જોઇએ તેમ, આ દરિયા રસ્તે ચઢી આવેલા લોકોનાં બખ્તર ખાસ નવીન જાતિનાં હતાં. તેઓ ગોળ ઢાલ રાખતા, શીંગડાંવાળા અને કેટલીએક વેળા ગાલનું પણ રક્ષણ થઇ શકે તેવાં લટકતાં ચકદાંવાળા માથાં ઉપર બરાબર બેસતા આવતા ટોપ પહેરતા; અને લાંબા ટૂંકા થઇ શકે તેવા, આડા ઉભા પટ્ટાઓનું બનાવેલ શરીરના બચાવ માટે વિચિત્ર બખ્તર ધારણ કરતા હતા.

રામીસીસ ત્રીજા પછી મિસર તરફથી આપણને કાંઇ પણ વધારે માહિતી મળી શકતી નથી; પરંતુ કબરો અને પહેલાંના સમયનાં ધાર્મિક મકાનો દ્વારા ઇજીઅન મુલકમાંથી નિશ્ચયાત્મક પુરાવો મળી આવે છે. માઇનોઅન જમાનામાંની સાદી સૃષ્ટિ સૌન્દર્યવાળી શલીને બદલે ભૂમિતિને લગતા આકારોની નકશીવાળી શૈલી અને તે કાળની જાહોજલાલીને બદલે તેના પ્રમાણમાં હવે જંગલીપણું જોવામાં આવે છે. તે જમાનાના પહેરવેશમાં બંધ થઇ વાગે નહિ તેવી સલામતી ભરેલી ટાંચણીઓવતી જોડી દેવામાં આવતા ધાબળાનો ઉપયોગ થતો માલૂમ પડે છે. તેવી જાતની ટાંચણીઓની શોધ કદાચ ઍડ્રીઍટિક સમુદ્રના કિનારા ઉપરના વિકટ પર્વતોવાળા ભાગમાં થઇ હોવી જોઇએ; કારણ કે, તે જ વખતે તે ઇટાલીમાં પણ, દાખલ થયલી. કાંસાને બદલે ધીમે ધીમે હવે લોખંડનો ઉપયોગ વધવા લાગેલો, અને ઇટાલીમાં જૂજ, પરંતુ ડેન્યૂબની ખીણના ભાગમાં વિશેષ પ્રમાણમાં, જે જાતિનાં કાંસાનાં હથીઆરોથી શરૂઆત થયલી તેવી જ જાતિનાં પહેલવહેલાં લોખંડનાં હથીઆરો બનાવવામાં આવેલાં હતાં. શબને દાટવાનો પરાપૂર્વનો રિવાજ ધીમે ધીમે નીકળી જઇ, મધ્ય યુરોપમાં પ્રચલિત હતી તેમ દહન ક્રિયાની શરૂઆત થવા લાગેલી, તે બાના ખાસ ધ્યાન ખેંચે છે. શબને

અવલમંજલ પહોંચાડવાની પદ્ધતિમાં આવી જાતનો મોટો ફેરફાર થયલો, તે ઉપરથી મનુષ્યના આચાર વિચારમાં થયલા ફેરફારનો ખ્યાલ થઇ શકે તેમ છે.

પરંતુ આ સર્વે બાબતો ઉપરથી આપણને કાંઈ વિશેષ માહિતી મળતી નથી. જ્યાં સુધી માઇનોઅન લખાણો વાંચી સમજી શકાય નહિ ત્યાંસુધી કયે વખતે અથવા કેવી રીતે હિંદુ–યુરોપીય ભાષા અથવા ઉત્તરમાં ઉત્પત્તિ પામેલાં મનુષ્યો તથા દેવો અથવા સંસ્થાઓનાં નામો દાખલ થયાં, તે ચોક્કસ થઇ શકે તેમ નથી. ઇ. સ. પૂર્વે ૧૨૫૦ ના અરસામાં ઍકીઅન લોકો આવ્યા તે પછી તેઓ દાખલ થયલાં હોવાનો ક્વચિત્ જ સંભવ હોઇ શકે; પરંતુ તે પહેલી વાર દાખલ કરનાર ઍકીઅન લોકો, કે ૧૩૫૦ ની સાલમાં આવેલા ડનૌના અને શરદાના લોકો હતા, કે માઇનોઅન જમાનાના અંત સમયના કેફટયુ લોકો આ જાતિની ભાષા બોલતા હતા, તે હજી અનિશ્ચિત છે. તે જ પ્રમાણે પુરાતનવસ્તુશાસ્ત્રનો પુરાવો જો લેખિત દસ્તાવેજોના આધાર વિનાનો હોય તો, ઍકીઅન અને ડોરીઅન કબરો અથવા તરવારનાં ઘાનાં વચ્ચે તફાવત બતાવી આપે તેવી ચોક્કસ મુદ્દત અને પેટા વિભાગો સંબંધી ક્વચિત્ જ હોય છે, વળી આ અંધાધુંધીના આખા જમાના સંબંધી તપાસ થઇ શકે તેમ એક પછી એક ચાલી આવતી જાતિની કબરો પણ ફક્ત એક જ જગ્યાએ મળી આવે છે.

આપણે અગાઉ જણાવી ગયા છીએ તેમ જરા પાછળથી, પરંતુ પુષ્કળ સંખ્યામાં ક્રીટમાંથી નહિ પણ ઇજીઅન પ્રદેશમાંની તેવી જ બીજી જગ્યાઓથી, નોસસ પડી ભાંગ્યું તે સમયે, લોકો સાઇપ્રસમાં આવી વસેલા. સાઇપ્રસ, ફીનીશીઆ અને લઘુએશિયાની તદ્દન નજીકમાં, તથા ફીલીસ્ટીઆ અને મિસરથી થોડે જ દૂર હોવાથી, દોલત મેળવવાની ત્યાં પૂરતી તક હતી, અને તે તકનો લાભ પણ પુષ્કળ લેવામાં આવેલો. માઇનોઅન જમાનાના અન્ત સમયની માલૂમ પડેલી કિંમતીમાં કિંમતી કબરો તેના પૂર્વ તરફના કિનારા ઉપર આવેલાં " ટયુક્રીઅન " સૅલૅમીસમાં છે; પરંતુ સમુદ્રની



પેલી બાજુ ઉપર કરવામાં આવેલી ચઢાઇમાં હાર મળવાથી ક્રીટ એકલું પડી ગયલું. ક્રીટમાંથી તાંબા અને ઇમારતી લાકડાંની નિકાસ જમાનાઓ પહેલાંથી થતી હતી. આ કાળે ત્યાં લોખંડ પણ હતું, અને તેવી રીતે ધાતુ અને બળતણ પણ હોવાથી ત્યાં તેનો હુન્નર પણ થવા લાગેલો. આ હુન્નર ડમાસ્કસમાંથી ત્યાં આવેલો હોવો જોઇએ; પરંતુ ત્યાંનાં લોખંડનાં હથીઆરો ઇજીઅન અને ઍડ્રીઍટિકની આસપાસના મુલકોમાંનાં જેવાં હતાં. ત્યાંની નકશીકામની કળામાંથી માઇનોઅન તત્ત્વો ચાલ્યાં ગયલાં, અને ત્યાર પછીની ભૂમિતિને લગતી ઇજીઅન શૈલી દાખલ થયલી નહિ. વળી સાઇપ્રસમાં શબને ભૂમિદાહ કરવાનો રીવાજ નિરંતર ચાલુ રહેલો, અને ઝાડ પાન તથા પક્ષીઓની બક્ષીસ દેનાર "કુદરત માતાનો " અસલના વખતનો ધર્મ પણ ત્યાં કાંઈ પણ ફેરફાર વિના કાયમ રહ્યો હતો.

વળી ફીનીશીઆના કિનારા ઉપર શોધખોળ કરવામાં આવી નથી ત્યાં સુધી તે કિનારા ઉપરનાં બંદરો ઉપર માઇનોઅન સુધારાની પડતી અને ઇજીઅન પ્રદેશોમાંની નવીન વસ્તુસ્થિતિની શું અસર થવા પામેલી તે પણ આપણે સાઇપ્રસમાં જોઈ શકીએ છીએ. માઇનોઅન જમાનાના છેવટના ભાગમાં કેફટયુ લોકોની સુન્દર હુન્નરકળાની ચીજો તેઓ આયાત કરતા હતા, પરંતુ તે ચીજો તેઓ પોતે જ બનાવતા કે બીજેથી લાવતા તે સંબંધી કંઇ પણ પુરાવો મળી શકતો નથી. દરિયાઇ ચઢાઇઓ સંબંધી હોમરનાં કાવ્યોમાં લખાણ છે. તેવી જ રીતે, તેમાં ફીનીશીઅન વેપારીઓ પશ્ચિમ તરફ જતા તેનાથી વધારે પ્રમાણમાં પશ્ચિમ તરફના દરિયાઇ મુસાફરી કરનારા લોકો ફીનીશીઆ અને સીડનમાં જતા હોવાનું જણાવવામાં આવે છે. પરંતુ ફીનીશીઅન વેપારીઓને સીડન સાથે ત્યાંની વેપારની ચીજો લઇ જવા ઉપરાંત બીજો કોઇપણ જાતનો સંબંધ હોવાનું સ્પષ્ટ રીતે માલૂમ પડતું નથી; જ્યારે સીડનમાં પુષ્કળ કાંસું થતું અને ત્યાંની ચાંદીની અને ઝવેરાતની બનાવટની ચીજો ઍકીઆન રાજાઓના મહેલમાં કિંમતી ગણાતી હતી. જેમ માઇનોઆની સમુદ્ર ઉપરની સત્તા કમી થવા લાગેલી, તેમ

ઐતિહાસિક જમાનામાંના ફીનીશીઆના બહોળા વેપારની વૃદ્ધિ થવા લાગેલી; તો પણ માઇનોઆ સાથેના સંબંધના છેવટના ભાગ અને પૂર્વ તરફની ચીજોની આયાતની શરૂઆત વચ્ચેના અરસામાં સાઇપ્રસમાં પણ લાંબા કાળ સુધી આવી ચીજોનો અભાવ રહેતો હતો.

ઇજીઅન પ્રદેશોમાં ગોટાળામાંથી પાછી વ્યવસ્થા કેવી રીતે કરવામાં આવેલી, તથા સીડન અને ટાયર સાથે દરિયા રસ્તે અને આયોનિયાથી યુફ્રેટીસ પર્યન્ત જૂના હીટાઇટ લોકોવાળા જમીન માર્ગે જોડાવાથી, પૂર્વ તરફના સુધારા સાથે કેવી રીતે પાછો સંબંધ બંધાયલો તે સંબંધી આવા નાના પુસ્તકમાં સંતોષકારક રીતે વિવેચન થઇ શકે તેમ નથી. વળી જે પરિણામ આવેલાં છે તે ઇતિહાસના પ્રભાતને લગતાં નથી; તે તો ઇતિહાસના પ્રાતઃકાળ એટલે પુરાતન ગ્રીક લોકોના ઇતિહાસ સાથે સંબંધ ધરાવે છે.

પરંતુ આપણે આગળ ચાલવા પહેલાં એક બાબત લક્ષમાં રાખવાની જરૂર છે. ઐતિહાસિક જમાનામાંના ગ્રીક લોકો ઘણી જુદી જુદી બાબતો એકઠી મળીને બનવા પામેલા છે, તેમ હાલમાં સ્પષ્ટ રીતે માલૂમ પડેલું છે. ઇજીઅન સમુદ્રની આસપાસની દુનિયાના સંજોગોમાં સારી રીતે ઉછરેલો, અને તે સંજોગો ઉપર પોતાનો કાબુ બેસાડનાર મનુષ્યની સ્મૃતિની પહેલાંથી ચાલતો આવેલો સુધારો, પાછો એકવાર જે સહજ વધારે જંગલી લોકો તેનું સ્વર્ગસમાન સુખ ભોગવવાને માટે પોતાનું વતન છોડી ઉતરી આવેલા, તેઓને જીતવા માટે જરા નીચે ઉતરેલો. તે લોકોએ થોડા સમયને માટે ભોગવી શક્યા તેના કરતાં વધારે નુકસાન કરેલું; પરંતુ બૅબીલોનીઆ અને સીરીઆમાં ઘૂસેલા સેમિટિક લોકોની માફક, ઉત્તરના જંગલી મુલકમાંના હિંદુ-યુરોપીય" વિચારશૈલીવાળા આ લોકો પોતાની સાથે જે ગુણ, રીતિ રીવાજ, અને સંસ્થાઓ લાવેલા તેને લઇને, ઇજીઅન મુલકમાંની ખાસીઅતો સંબંધી કાંઇ એક નવીન દૃષ્ટિએ વિચાર કરવાની તેમને તક મળેલી; કેમકે, તે સઘળી બાબતોની ઉત્પત્તિનો આ ખાસીઅત ઉપર બીલકુલ આધાર ન હતો.



આ સર્વને પરિણામે ગ્રીસ દેશ બનવા પામ્યો, તથા જ્યારે પર મુલકમાં ઘૂસવાની ગતિ, આપણે અગાઉ કહેલું છે તેમ, "એશિયામાંની કોઇએક જગ્યા"-એથી, પરંતુ હાલ આપણે નિશ્ચિત રીતે જાણીએ છીએ તેમ ઉત્તરમાંનાં ઘાસનાં જંગલો તથા તેઓની કિનારી ઉપરના ઝાડપાનવાળા પ્રદેશમાંથી, શરૂ થઇ વધારેમાં વધારે દૂર જુદા જુદા દેશોમાં પ્રસરી, ત્યારે તેને લીધે ઍડ્રિઍટિકથી કાસ્પીઅન સમુદ્ર અને ઇરાની અખાત પર્યન્તની આખી પૂર્વાદી દુનિયાંના છેવટના બે ભાગ પડી ગયા, અને તે ભાગો નામના પૂર્વાદા અને પશ્ચિમાદા, પરંતુ તે બન્ને બાજુઓ ઉપર, ઘણા વખતથી જુદા પડી ગયલા ભાઇઓ અને સગા પિત્રાઇઓના એક સરખી રીતે કબજામાં અને અમલ નીચે હતા. આ સ્થિતિ ઇતિહાસમાં જોવામાં આવતી નાટ્યપ્રયોગના જેવી સ્થિતિઓમાંની એક છે. " જેઓએ ઉત્તર તરફથી આવી, " ઇજીઅન સમુદ્રની આસપાસની દુનિયાને માઇનોઅનમાંથી ફેરવી ગ્રીક કરી દીધી, તે લોકો પશ્ચિમ ભાગમાં હતા, અને બીજા પણ પૂર્વ તરફથી આવેલા હોવા છતાં, તીક્ષ્ણ આંખોવાળા, સાહસિક, પરદુઃખભંજન, ઘોડા પાળનારા, રાજાઓના મહારાજાના ઇરાની મિત્રો, "દોલતના ખજાના" ડેરીઅસ રાજાના સુલેહશાંતિના સમયમાંના હોશીઆર નોકરો, ઇરાનના બુદ્ધિશાળી નાયકના મૃત્યુ પછી પણ લગભગ બસેં વર્ષ સુધી ઇરાની સામ્રાજ્યને નિભાવનાર લોકો જ હતા. ગ્રીસનો મહાન ઍલેક્ઝૅન્ડર જે પોતે પણ જન્મના હકની રૂએ " ઘોડા પાળનારા " માંનો જ હતો, તેણે મેસીડોનમાંથી સાથે સાથે આવેલા પોતાના મિત્રોની સાથે સાથે દુનિયાના રાજ્યઅમલમાં ભાગ લેવાને માટે આ લોકોને લાયક ગણેલા. વળી તેઓને ઓળખનાર તથા સમજી શકનાર હીરોડોટસે, પોતાનાં ખાસ ગ્રીક ગૂઢ શક્તિ અને સુન્દર [illegible]દામાં જેઓની નિઃસીમ પુરાતની ઝાડ પાનવાળા દેશમાંની સાહસિક ઉદાર વૃત્તિનું વર્ણન " સ્વારી, શિકાર અને સત્યવાણી " નાં લક્ષણો આપી કરેલું છે તેઓ આ લોકો જ હતા.

---

# પ્રકરણ ૧૦ મું.

## ઇટાલીમાંનું ઇતિહાસનું પ્રભાત.

ઇજીપ્શઅન મુલકમાંના ઇતિહાસના પ્રભાતમાંથી તેના જેવા જ ભૂમધ્યમાંના પશ્ચિમ તરફના ભાગમાંના પ્રભાતમાં જવામાં આપણને વળી પાછાં કાળની સીડીનાં સેંકડો વર્ષનાં પગાથયાં ઉતરવાં પડે તેમ છે. આપણે એક તદ્દન સાદો દાખલો લઇશું. દંતકથાઓ મુજબ રોમની સ્થાપના ઇ. સ. પૂર્વે ૭૫૩ થી અગાઉ થયલી નથી, અને ઇટાલીના દ્વીપકલ્પમાં છેલ્લા આવનારા મધ્યયુરોપમાંના ઉચ્ચ પ્રદેશો તરફના સૅબેલીઅન લોકો ૪૦૦ ની સાલ પછી જ પૂરેપૂરી રીતે સ્થાયી વસવાટ કરી શક્યા હતા. પરન્તુ ૭૫૩ માં ગ્રીસમાંની ડોરીઅન લોકોની મુખ્ય છાવણીની જગ્યા સ્પાર્ટામાં દરેક વ્યવસ્થા થઇ ચૂકી હતી, અને ત્યાંથી પાછી નવીન જીત મેળવવા માટેના વિગ્રહોની શરૂઆત પણ થઈ ચૂકી હતી. થોડાંએક વર્ષમાં તો, કોરિન્થ અને ચાલ્સિસ બહોળો વેપાર કરવા લાગ્યાં હતાં, અને સિસિલીમાં ગ્રીક લોકો આવી વસેલા હતા. ૭૦૦ માં તો સ્પાર્ટાએ ટૅરેન્ટમની સ્થાપના કરેલી, અને કૅમ્પેનિયામાંનું ક્યુમી કદાચ રોમથી પણ જૂના વખતનું હતું. અર્ધદંતકથા મુજબના રોમના સ્થાપના કરનાર રોમ્યુલસના જેવો આબેહુબ ચીતાર આપવાને માટે ઇતિહાસકાર પ્લુટાર્કને, એથેન્સમાંના થેસ્યુસે માઇનોઅન લોકોના જૂલમને લઇને બંડ કરેલું અને તેને પરિણામે ત્યાં જુદા જુદા ભાગો વચ્ચે પરસ્પર સંપ થયલો, તે થેસ્યુસના જેટલા દૂર સમય સુધી જવું પડયું છે. કદાચ ઐતિહાસિક જમાનામાંનાં અને પ્લુટાર્કના જણાવવા પ્રમાણે ૧૨૫૦ ના અરસામાં થયલાં, તેના શબ્દો મુજબ "ઍથેન્સનાં સંયુક્ત સંસ્થાનો" તેટલા માટે રોમથી પાંચસેં વર્ષ જૂનાં છે.

મનુષ્યનાં જીવન, રીતિ, નીતિ, વિગેરેને લગતું જ્ઞાન આપવામાં રૂપકોનો



ઉપયોગ કરનારા ગ્રીક લોકો પાસેથી જ ઇટાલીમાંના પુરાતન ઇતિહાસકારોએ તે વિષયમાં દીક્ષા લીધેલી હોવાથી, તેઓ પોતાના દેશનો પુરાતન ઇતિહાસ કાવ્યની શૈલી મુજબ આપે છે, અને તેઓ જણાવે છે કે, જંગલી લોકો ત્યાં એક પછી એક ચઢી આવતા, અને પોતાની પહેલાં આવેલા લોકોને સામાન્ય રીતે દક્ષિણ તરફ હાંકી કાઢતા હતા. દાખલા તરીકે સિસેલ લોકોને રોમ છોડી દેવું પડેલું, અને સિસિલીમાં જઇ રહેલા, અને તે નામ તેઓનું આપેલું છે. વળી ઇજીપ્શઅન લોકો પશ્ચિમ તરફ આવી શોધખોળ કરતા અને વસતા, તે સંબંધી પણ કાંઇક અજવાળું તેઓ પાડે છે. ટ્રૉયના ઇનીઆસે કાર્થેજ અને લીબીબીઅમ સ્થાપી, લૅટીઅમના કિનારા ઉપર ફ્રીજીઅન લોકોની છાવણી નાખેલી. ઍન્ટેનૉર અને તેની સાથેના લોકો ઍડ્રિઍટિક સમુદ્રના મથાળા તરફ દૂર આવી વસેલા. થેસ્સલીમાંના ટીર્હેનીઅન લોકો 'પો' નદીના મુખની આસપાસના ભાગમાં અને લીડીઆમાંથી આવેલા બીજા લોકો ટાઇબરથી ઉત્તરમાં આવેલા કિનારા ઉપરના પ્રદેશમાં વસેલા. "ટ્રોજન વિગ્રહમાંથી પાછા આવેલા" ઍકીઅન રણવીરોએ પોતાની કીર્તિ કૅમ્પેનિયા અને મૅગ્નાગ્રીશિયામાં પ્રસરાવેલી. આવી જ જાતની ઐતિહાસિક જમાનામાંની દરિયાઇ ચઢાઇઓ સંબંધી આપણે નવમા પ્રકરણમાં વિવેચન કરી ગયા છીએ; પરંતુ તેઓ ફક્ત કિનારા ઉપરના ભાગમાં જ રહેલા, એ સ્પષ્ટ દેખાય છે. ઇટાલી પોતામાંથી જ, અને મુખ્યત્વે કરીને ઇટાલીમાંના જ પુરાતન વસ્તુશાસ્ત્રીઓની ચાલીશેક વર્ષની મહેનતના પરિણામે ત્યાંના ઇતિહાસના પ્રભાત સંબંધી આપણને માહિતી મળેલી છે.

દેશનાં પોતાનાં જ લક્ષણોમાં ઇટાલી અને ગ્રીસ પુષ્કળ દરજ્જે જુદાં પડે છે. ઇટાલીનો દ્વીપકલ્પ અને સિસિલી તથા આફ્રિકામાંનો ટ્યુનિસ એ પ્રદેશો મળીને પર્વતોની એક અર્ધચંદ્રકાર રેખા બને છે; પરંતુ તે પર્વતો જરા પોચા પથ્થરો વગેરેના બનેલા છે. ત્યાંની એક પછી એક આવતી ટેકરીઓ ઓછી આડીઅવળી, તેમ જ ઓછી સીધી છે. વળી તેની વધારેમાં વધારે ઉંચાઇ પણ કમતી છે, અને તેના છેડા તે ઉપરથી

વરસાદના પાણીમાં ધોવાઇ આવેલી માટીની બનેલી નરમ જમીન નીચે અથવા જમીનમાં દૂર મયલા સમુદ્રના કિનારા ઉપરની શંખલાંઓથી ભરપૂર સપાટી નીચે દબાઇ ગયલા છે. ભૂમધ્ય સમુદ્ર, પૂર્વના કરતાં પશ્ચિમમાં પોતાની પહોળાઇ જેટલો જ ઉત્તર તરફ દૂર ગયલો છે, અને ઍટ્લૅન્ટિક મહાસાગરની ભીની હવાની પોતાની લંબાઇ જેટલો જ નજીકમાં આવેલો છે; તોપણ ઇટાલી પોતાની અગ્નિકોણ તરફની સ્થિતિને લઇને, અને તેનાથી વધારે સિસિલી, તેનો બદલો વાળી દે છે. ભૂમધ્ય સમુદ્રના બન્ને ભાગો ઉપર તેઓના કિનારા આવેલા છે, અને આવી રીતે, બે સમુદ્ર ઉપર પોતાના કિનારા હોવાથી, ત્યાંના ઇતિહાસ ઉપર ઘણીજ અસર થયલી છે. જે નીચાણવાળા ભાગને લઇને આ પ્રદેશ આફ્રિકાથી જુદો પડી ગયો છે, તે નીચાણ એટલું તો થોડું છે કે, માલ્ટા અને લૅમ્પેડુસા, એ તે ઉપરની ટેકરીઓની પાણીની સપાટી ઉપર રહેલી ટોંચ છે, અને તે સમુદ્રનાં તળીઆં ઉપરની ઘણી જગ્યાઓએથી સૅલીસ્બરી કૅથીડ્રલ અથવા ગગનસાથે વાતો કરતા ન્યુયૉર્કનાં મકાનો, પણ પાણીની સપાટી ઉપર થોડાં એક બહાર રહે તેમ છે. તેમ છતાં, તે બન્ને પ્રદેશો જુદા પડી ગયા છે, અને પાછી મેસીનાની સામુદ્રધૂનીની જગ્યાએ જમીનની સપાટી પાણીની નીચે જાય છે. આ ઇટાલીમાંની પર્વતની હાર તેથી કરીને આવજાવ કરવામાં અડચણરૂપ થયલી નથી; તોપણ, તે દૂર ગયલી નહિ હોવાથી, ઐતિહાસિક જમાનામાં તો, તેનો આફ્રિકામાં જવા માટેના પુલ તરીકે ઉપયોગ થઇ શકે, તેમ ન હતું. ભૂમધ્યમાંની દુનિયાના વચમાંના દૂર ભાગમાં યુરોપમાંની રહેવાની શૈલી દાખલ થઇ શકે તે માટેના યુરોપના ફકત એક લાંબા કકડાનો તેણે ભાવ ભજવેલો છે.

હમેશાં ઇટાલીનો ઇતિહાસ તે ત્યાં ચઢી આવેલા લોકોનો જ ઇતિહાસ છે. " પ્રાચીન પૂર્વના સંબંધમાં બીજી બહારની જગ્યાઓએથી ત્યાં આવનારા લોકોની આપણને ગણતરી કરવી પડેલી; પરંતુ તેવા લોકોએ ત્યાં આવી ત્યાંના વતનીઓમાં ઉત્સાહ અને જાગૃતિ ફેલાવેલી. તે વતનીઓ ખાસ



અસલથી જ ત્યાં હતા. ઇજીઅન મુલકમાં પરદેશીઓ જરા મોડા આવેલા, અને તેઓએ આવી ત્યાંની ભરયુવાનીની અવસ્થા પસાર કરી ગયલા અને ચોથા વંશ પછી જેમ મિસરમાંનો સુધારો જડ થઇ ગયલો, તેમ તેઓના આગમન વખતે જડ થવા લાગેલા સ્થાનિક સુધારાનો નાશ કરેલો, અથવા બહુતો તેની ગતિ અટકાવી તેનો પુનઃ ઉદ્ધાર કરેલો. તેઓ પોતાની સાથે પોતાની ભાષા, સામાજિક બંધારણ, અને ઘણો ખરો ધર્મ લાવેલા; પરન્તુ, ત્યાંની સ્થાનિક રહેવાની શૈલી તથા સુધારો સ્વીકારી, તેઓ આવી જાતની જુદી જુદી બક્ષીસોવાળી આર્થિક સ્થિતિ ઘટ બનાવવા તથા એક સરખી કરવા માટે, મહાન ભેળસેળવાળી " ગ્રીક પ્રજા " અસ્તિત્વમાં લાવ્યા હતા.

સાદા રૂપમાં શરૂ થવા છતાં, ઇજીઅન મુલક અથવા મિસરની માફક, મુખ્ય ખાસીઅત પરત્વે ઉંચે દરજ્જે પહોંચેલો, ભૂમધ્યવર્તી મનુષ્યનો સ્થાનિક સુધારો ઇટાલીમાં એકલો પડી ગયલો અને ફેરફાર થયા વિનાનો રહેલો. વચમાં વચમાં ચાલુ વપરાસને લઇને મુશીબત વિના આવજાવ થઇ શકે તેવા જંગલોવાળા ઉચ્ચ પ્રદેશોને લઇને જુદા જુદા પડી ગયલા અને એકલા પડી રહેલા ત્યાંના સુધારાની અનેક સ્થાનિક જાતિઓ થવા પામેલી, અને વધારે જંગલી પશ્ચિમ તરફના સમુદ્ર ઉપર આ દેશના કિનારા હોવાને લઇને જરાએક સુધારો ત્યાંથી પણ અહીંઆં આવેલો અને મુખ્યત્વે કરીને માઇનોઅન સુધારાના અન્તના સમયમાં ઇજીઅન મુલકમાંથી પણ થોડોએક સુધારો અહીં દાખલ થયલો. માઇનોઅન લોકો ઇટાલીના દક્ષિણ ભાગોમાંથી સિસિલીના અગ્નિખૂણા તરફ જઇ વસેલા. વળી માઇનોઅન સાહસિક લોકો ત્યાંથી પણ આગળ વધી, સાર્ડીનિયા અને દક્ષિણ સ્પેન પર્યન્ત, રૂહોન નદીનાં મુખ અને ઍડ્રિઍટિક સમુદ્રના મથાળા પર્યન્ત, તથા આલ્પ્સમાંને પહાડી રસ્તે થઇને, ડૅન્યૂબના મધ્યભાગ પર્યન્ત ગયલા હતા.

પરન્તુ સાધારણ રીતે જે આર્થિક, ઔદ્યોગિક અને રાજકીય સ્થિતિમાં ઇજીઅન મુલકની મહાન ઉજ્જવલ કારકીર્દિની શરૂઆત થયલી તેનાથી

ક્વચિત જ વધારે સારી સ્થિતિમાં ઇટાલી અને સિસિલી માઇનોઅન જમાનાના લગભગ અંતના સમયે હતાં. તે આવી રીતે પશ્ચાત રહેલાં તેનાં કારણો સહજ સમજી શકાય તેમ છે. ઇટાલીમાં વરસાદ પૂરતા પ્રમાણમાં અને વર્ષના ઘણા ભાગમાં બહોળા વિસ્તાર ઉપર સરખો પડે છે અને તેથી બીચ, માર્‌ અને ખાસ કરીને બાંખોરનાં ઝાડોનાં સુન્દર કિંમતી જંગલો ત્યાં હોય છે, તેમ જ પર્વતોના ઢોળાવ ઉપરના ઉંચા ભાગોમાં ઉનાળામાં પણ ઘાસનાં પુષ્કળ બીડ હોય છે. જો કે ત્યાંની નદીઓ મોટી નથી, તોપણ તદ્દન સૂકાઇ જાય તેવી નથી. તેઓની ખીણ સાધારણ ઉંચા અને જરા જરા ઢળતા ખુલ્લા પ્રદેશ ઉપરથી ધીમે ધીમે નીચે આવતી જાય છે, અને આ કુદરતી માર્ગે ઉનાળા અને શિયાળામાંનાં બીડોમાં ઉપર નીચે સહેલાઇથી ઢોરને લઇ જઇ શકાય છે. ઇટાલીમાંની ગ્રામ્ય જીંદગીમાં, આવી જાતની અર્ધ જંગલી રીતે ઢોર રાખવામાં આવતાં, તેણે હંમેશાં મોટો ભાવ ભજવેલો છે. અહીંઆં ઢોરમાં ફક્ત ઘેટાં અને બકરાં જ ન હતાં, પરંતુ ગાય પણ હતી, તે ધ્યાનમાં રાખવા જેવું છે. ગાય સારૂં અને પુષ્કળ ઘાસ ખાય છે તે ખરી વાત છે; પરંતુ તે પ્રમાણમાં વધારે ફાયદાકારક છે, તેમ વધારે સહેલાઇથી પાળી શકાય છે, તથા નજીકમાંનાં ખેતરોમાંના પાક તેમજ ફળઝાડો અને દ્રાક્ષના વેલાઓને થોડે અંશે નુકસાન કરનાર છે. બીજી તરફ, ખેતી કરવામાં ફાયદો થતો હતો, તોપણ તેમાં મહેનત વધારે કરવી પડે છે. દ્રાક્ષ અને બદામ ઉગાડવામાં શેબફળ અને આળુનાં ફળોની પેઠે જરા ઓછી મહેનત પડે છે. અનાજ માટે મહેનત વધારે પડે છે. પછીથી તો જવ અને ઘઉંની સાથે ચણા પણ થતા, અને વસંતરૂતુ મોડી બેસતી હોવાથી અને શિયાળામાં હવા વધારે ખુલ્લી હોવાથી વસંતરૂતુમાં પણ પાક લેવામાં આવતો. બાગાયત પેદાશ અને સર્વેથી વધારે વાલ વટાણા વિગેરે કઠોળની ઘણી કિંમત લેખાતી, પરંતુ તે માટે મહેનત પણ ઘણી જ કરવી પડતી. પાણી પાઇને પાક ઉછેરવાનું થોડા પ્રમાણમાં થતુ હતું, તોપણ તેથી કરીને ઉનાળા સુદ્ધાંપણ એક પછી એક પાક ઉતરતા, અને પોતાનાં ઢોરને લઇને ટેકરીઓ ઉપર જવા ઘણું મન



આકર્ષાય તોપણ, ઇટાલીના લોકોને ઘણો વખત પોતાની ખીણોમાંની વાડીઓમાં સ્થાયી રહેવું પડતું, અને જો ટેકરીઓ ઉપર જતા, તો ત્યાંપણ "છોડવાઓનું ખેતર" બનાવતા. તેથી કરીને આખું વર્ષ ખેડુતો મહેનત કરતા. ઇજીઅન મુલકમાં જેમ વસંતરૂતુમાં લોકોને ઉદ્યોગ ન હતો અને તેથી તે વખતે લડાઇ કરવા અથવા શોધખોળ કરવાનું તેઓનાથી બની શકતું, તેમ અહીંઆં થાય તેમ ન હતું. એક બીજા પડોશીઓ વચ્ચે તકરાર ઉભી થવાથી નહિ, પરંતુ વધારે પડતી વસતિને લીધે, અને તેના પરિણામે લોકોને બહાર જવાની ફરજ પડતી તેને લીધે ઇટાલીમાંના શરૂઆતના વખતમાં એકબીજી જાતિઓ વચ્ચે વિગ્રહો થતા. તે જ કારણને લઇને, ખેતીની કળા પણ લગભગ સ્થાયી જ રહેવા પામેલી, અને તેમાંની જરૂરીઆતો ઘણી થોડી હોવાથી સાદાં ઓજારો વડે તેને સહેલાઇથી પૂગી વળવામાં આવતું. વળી "છોડવાઓનું ખેતર" આજ એક ખેડે, તો કાલે કોઇ બીજું જ ખેડતું. લાકડાં અને મજબુત પથ્થરો અને મોટાં પ્રાણીઓના કામમાં આવે તેવાં હાડકાંઓ પુષ્કળ હોવાથી, આખા દ્વીપકલ્પમાં કોઇ પણ જાતની ધાતુઓ બીલકુલ ન હતી તે બીના ખુલ્લી પડતી નહિ. તેનું પરિણામ એ આવેલું કે, ત્યાં કાંસા અને પથ્થરનો ભેગો જમાનો, અથવા ઇટાલીના લોકો કહે છે તે મુજબ, પથ્થરનો મિશ્રિત જમાનો લાંબા કાળ પર્યન્ત રહેલો અને તે વખતમાં સારા સોંઘા પથ્થર અને ખરાબ મોંઘું કાંસું, બન્ને એક સામટાં વપરાસમાં હતાં. થોડી થોડી સંખ્યામાં અને જુદીજુદી જગ્યાઓએ લોકો વસતા હતા, અને તેનું કારણ આપણે અગાઉ જણાવ્યું છે તેમ એ હતું કે, ઢોર પાળવાવાળા લોકોની બુદ્ધિ ઘણી જ ટુંકી હોય છે. વેપાર તદ્દન ઓછો હતો. મટોડી અને રેતીમાંથી કિંમતી ખનિજ પદાર્થો ઘણા જૂજ મળી આવે છે; અહીંઆં લાકડું તેમ જ ઢોર હોવાની ઉદ્યોગવાળી જૂની જગ્યાઓએ માહિતી હોત, તોપણ સમુદ્ર માર્ગે લઇ જવા જેટલી તે વખતે તેની કિંમત ન હતી, અને ઇટાલી તથા ખાસ કરીને તેનો પૂર્વ તરફનો ભૂમધ્ય સમુદ્ર ઉપરનો કિનારો વહાણવટીઓને માટે સગવડતાવાળો નથી. લેખનકળા અને વ્યવસ્થાની તેથી કાંઇ

જરૂર જણાયલી જ નહિ; અરસપરસ સહાય કરવાથી તે સંજોગોમાં કાંઇ લાભ થાય તેમ ન હતું; કાંઇ ફરમાનો કાઢવામાં આવતાં નહિ, અને કહેવા સાંભળવા કે નોંધ કરી દફતર રાખવાનું કાંઇ પણ પ્રયોજન ન હતું.

મધ્ય અને દક્ષિણ ઇટાલીનું આ પ્રમાણે ખેડુતોને હમેશાં લાગતું અને ભવિષ્યમાં પણ લાંબાકાળ સુધી લાગવાનું સ્વર્ગ, ઇજીપ્ત મુલકની માફક મધ્ય યુરોપમાંથી વારંવાર એક પછી એક ચઢાઇ લઇ આવવા માટેની જગ્યા થઇ પડેલી. પરન્તુ પરિણામ ત્યાંના કરતાં અહીંઆં જુદી જ જાતનું આવેલું. દુનિયામાંના સર્વે દ્વીપકલ્પો કરતાં ઇટાલી, આ દિશા તરફથી ચઢી આવનાર લોકોની સામે રક્ષણ થાય તેમ વધારેમાં વધારે મજબૂતીથી અને સહીસલામત ભરેલી રીતે કુદરતી કિલ્લેબંધીવાળું છે, એમ દેખાય છે. દશ હજાર ફીટથી પણ વધારે ઉંચી ટોચો અને નિરન્તર બરફવાળા, રીવીએરાથી ડાલ્મેશીઆ પર્યન્ત મોટા અર્ધચંદ્રાકારના એક છેડે ઉંડા સમુદ્રમાં અને બીજે છેડે બેટોની હારવાળા ગ્રીસના કિનારા સાથે મળી જતા આલ્પ્સના પર્વત આવેલા છે. અંદરના ભાગમાં આલ્પ્સથી સરખા અન્તરે અને તેના સમુદ્રની સપાટી નીચેના ભાગો સાથે ચાલુ રહેતા, આલ્પ્સના કરતાં ઓછા ઉંચા અને વધારે સહેલાઇથી જઈ આવી શકાય તેવા, પરન્તુ ગીચ જંગલને લીધે અડચણ આવે તેવા, રસ્તાવાળા ઍપીનાઇન્સ પહાડો આવેલા છે. ત્રીજું, આલ્પ્સ અને ઍપીનાઇન્સપહાડોની વચ્ચે, ઍડ્રિઍટિક સમુદ્ર નજીકના તેના દોઆબથી એકસો માઇલથી પણ વધારે લંબાઇમાં ઝાડીવાળી, અને ત્યારપછી બીજા એકસો માઇલ જેટલી લંબાઇમાં જંગલી ડુક્કર અને બળદોવાળાં અને ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ દિશાઓ તરફનાં જંગલોની લગોલગ, મારૂનાં ઝાડનાં ગીચ જંગલવાળી પાણીથી ભરપૂર પો નદીની ખીણ આવેલી છે. પરન્તુ આલ્પ્સ સરહદ તરીકે આધાર રાખી શકાય તેવો નથી, અને ખરેખર દગો દઇ દે તેવો છે; કારણ કે, તેનું એકદમ ઉંચું સીધું મુખડું ઇટાલી તરફ આવેલું છે, અને ડૅન્યૂબ ઉપરનાં પાણીથી ભરપૂર ઘાસનાં બીડોવાળા પ્રદેશમાંથી લોકોને આ તરફ આવવાના સહેલા રસ્તાઓ તરીકે બાવેરિયા અને ટીરોલની લાંબી



ઢોળાણવાળી ખીણો લલચાવે છે, અને તેઓ એકદમ અણધાર્યાં પો નદીની તરફ ઉતરતા રસ્તા ઉપર આવી જાય છે. ઍપીનાઇન્સના પહાડો પણ આ બાબતમાં કાંઇ વધારે સારા નથી. તેના પણ એકદમ ઉંચા સીધા ભાગો, બોલોના અને ટ્યુરિનની બાજુએ નહિ, પરન્તુ દક્ષિણ તરફ જીનોઆ અને ફ્લૉરેન્સની બાજુએ આવેલા છે, તથા પો નદીની પુષ્કળ શાખાઓના જેવો જ ભાવ ભજવે છે. ખરેખરી રીતે તો, ફક્ત ઝાડીવાળા પ્રદેશને લીધે જ ઇટાલી અને ઉત્તરમાંની દુનિયા જુદાં પડેલ છે.

જરા વધારે ગરમ હવા હોવાથી, અને જંગલને લીધે ઘણી જ ઓછી અડચણ હોવાથી બૅબીલોનીઆની માફક, લૉમ્બાર્ડી સુધારાનું એક સ્વતંત્ર કેન્દ્રસ્થાન થવા પામેલું હતું. ત્યાં લડાઇના સાધન તરીકે ઝાડ તેમ જ બરૂ પણ હતાં, અને પો નદીનું મૂળ તરફનું વહેન લંબાઇમાં ટુંકું તથા બહુ ઢોળાવ વિનાનું હોવાથી, " બે નદીઓ " ના કરતાં અહીંઆં કાદવ અને કચરો ઓછાં છૂટાં પડતાં. પરંતુ, તેવી વસ્તુસ્થિતિ હોવા છતાં, પો નદીને ફરીને પણ પેલી પાર જઈ શકાયું છે.

આલ્પ્સના પર્વતોવાળા પ્રદેશોમાં ટેકરીઓ એકબીજીથી દૂર સરખે અન્તરે આવેલી હોવાથી, ટેકરીઓની વચમાંની ઘણી નીચી જગ્યાઓમાંથી પાણીને બહાર જવા માટે ક્વચિત્ જ માર્ગ મળતો, અથવા તેવા માર્ગ બહુ જ થોડા હતા. જે જગ્યાએ થઇને પર્વતોમાંના ધોધનું પાણી સરોવરોમાં જતું, અને નાના નાના દોઆબ ઘસડાઈ જતા, તેવી જગ્યાઓ સિવાય, તે નીચી જગ્યાઓએ તેથી કરીને સરોવરો થયલાં, અને છેક પાણીની કિનારી પર્યન્ત ઝાડી જંગલ થાય તેમ હતું. ફક્ત શિકારીઓ સિવાય બીજા લોકોને પાણી તેમ જ જમીન. બન્ને અગવડતા રૂપ હતાં. પરંતુ આલ્પ્સપર્વતોવાળા સર્વે તેમ જ બીજા કેટલાએક પ્રદેશોમાં આવી જગ્યાએ પણ લોકો સ્વસ્થ થઇ વસતા હતા. સરોવરના કિનારા ઉપરનાં મોટાં ઝાડો કાપી ત્યાં ખેતર બનાવતા, અને પથ્થર ખડકીને પાણીની વચમાં જરા દૂર ઓટલા જેવા ઉંચા ભાગો બાંધી, તે ઉપર રહેતા. તેમ કરવાથી રીંછ અને જંગલી

બિલાડાથી તેઓનો બચાવ થતો; અને ત્યાં જવા આવવાનો સહજ બંધ થઈ શકે, અથવા જરૂર પડે તો તદ્દન ખેંચી લેવાય તેવા સાંકડા ઝૂલતા પૂલ જેવા રસ્તા હોવાથી, દુશ્મનો સામે પણ બચાવ થઈ શકતો. તેવા મોટા ઓટલા ઉપર પડથાર અને ઝુપડાં તથા કોઠાર રખાતાં, અને માછલાં પકડવાને માટે ખેંચી લઈ શકાય તેવા દરવાજાવાળો એક ભાગ રાખવામાં આવતો. સર્વે કચરો સરોવરમાં જ નાખી દેવામાં આવતો. હીરોડોટસ લખે છે તે પ્રમાણે, ઇજીઅન મુલકથી ઉત્તરના ભાગમાં "છોકરાંઓ ગબડી જાય તેવી બ્હીકથી, તેમને બાંધી રાખવામાં આવતાં." રસ્તાના આગલા ભાગમાં, સાફ કરેલી જગ્યાઓએ અનાજ અને શાકભાજી તથા કપડાં અને માછલાંપકડવાની દોરીઓ માટે શણ તથા શેબ અને કોકનાં ઝાડ ઉગાડવામાં આવતાં. ત્યાંથી પેલી તરફ જંગલી ફળો થતાં. છતાં પણ મુખ્યત્વે કરીને શિકાર કરીને, અને માછલાં પકડીને, મનુષ્યો પોતાનો નિર્વાહ ચલાવતાં. ઢોર સહેલાઇથી મળી શકતાં, અને ઝાડ ઉગી શકે તેનાથી ઉંચા ભાગોમાં વસન્ત ૠતુમાં બરફ નીચે ઢંકાઇ જતાં, પરંતુ આખા ઉનાળામાં તદ્દન લીલાં રહેતાં પુષ્કળ ઘાસનાં બીડો હોવાથી, ઢોરનો નિર્વાહ થઈ શકતો. શિયાળામાં તો, તેમને ઘરમાં જ અથવા તેની તદ્દન નજીકમાં જ રાખવાં પડતાં. આવી રીતે ઓટલાઓ ઉપર રાખવામાં આવતા, "થોડા માછલાં ખાઇને રહેતા," એમ હીરોડોટસનું કહેવું છે, તે કદાચ ખરૂં પણ હોય.

આલ્પ્સમાંના લગભગ દરેક સરોવરમાં પથ્થરના જમાનામાં ઉપર મુજબનાં સરોવરમાંનાં ઘર બાંધવામાં આવેલાં હતાં. આ પ્રદેશમાંના ઘણા દૂર ભાગોમાંનો સુધારો પણ એક સરખો જ હતો; તેમાં કાંઇ નવાઇ જેવું નથી. કુદરતી સ્થિતિ તદ્દન સાદી અને ફેરવી શકાય નહિ તેવી હતી, તથા આ જાતના રહેઠાણનો ફેલાવો ખાસ જલદીથી થતો; અને તેનું એક વિશેષ કારણ એ હતું કે, આવી જાતના ઓટલા ઉપરના રહેઠાણને લંબાવી, ગમે તેટલાં વધારી શકાય તેવી કિનારા અને ઉંડાં પાણી વચ્ચે વધારે જગ્યા હોતી નથી. તેટલા માટે, જેમ જેમ વસતિ વધતી જાય, (અને આવી જાતની સહીસલા-



મતી ભરેલી જીંદગી તે વધારે જલદીથી વધે છે), તેમ તેમ કોઇએક લોકો ત્યાંથી જઇ જરા દૂર બીજું રહેઠાણ જમાવતા; અને વખત જતાં આવી રીતે બીજી જગ્યાએ જઇ વસવાની તે લોકોમાં એક ખાસ ટેવ જ પડી ગયલી. લાકડાંના ટુકડાઓના બનાવવામાં આવેલા મછવાઓમાં તેઓ પોતપોતાનાં સરોવરોના દરેક કિનારા ઉપર જઇ શકતા, અને ઉનાળામાં પોતાનાં ઢોર ચરાવવાનાં બીડો ઝાડવાળી જગ્યાઓથી વધારે ઉંચા ભાગોમાં આવેલાં હોવાથી, ત્યાંના પહાડી રસ્તાઓની તેઓને માહિતી રહેતી.

પથ્થરના જમાનાના છેવટના સમયમાં ઇટાલીમાંનાં સરોવર ઉપર પ્રમાણે વસતિથી ભરપૂર થઇ ગયલાં, અને પોતાના રિવાજ પ્રમાણે લોકો બહાર જવા લાગેલા. પરંતુ આ સરોવરોની આસપાસ દરેક દિશાએ પર્વતો આવેલા ન હતા, અને લૉમ્બાર્ડીનાં મેદાન તરફ પડતાં ખીણોનાં મોંઆ બરફની સાથે ઘસડાઇ આવેલ કચરા, માટી મટોડાથી બંધ થઇ જવાથી પર્વતોમાંના ઝરા આગળ વહી ન શકવાને લીધે ઉપરના ભાગોમાં પાણી ફરી વળવાથી આ સરોવરો બનેલાં અને તે ઝરાઓના નીચાણના ભાગોમાં લાકડાં થતાં, અને આ ઉપરવાસનાં લાકડાં જેવાં જ તે હજી સુધી સુધારવામાં નહિ આવેલી ઝાડીની પેલી તરફનાં લાકડાં પણ હોવાથી બાંધકામને માટે તેનો ઉપયોગ થઇ શકે તેમ હતું. તેથી જે ઝાડી પહેલાં મુખ્યત્વે કરીને અડચણ કરનારી હતી, તે હવે યોગ્ય મનુષ્યોના આવવાથી આગળ વધવાને માટે સાધનરૂપ થઇ પડી. નવીન સુધારા વધારા સહિતનાં નદીમાં બાંધી શકાય તેવાં ઓટલા ઉપરનાં ઘર હયાતીમાં આવ્યાં, અને જ્યાંસુધી લાકડાં મળી શકે તેવાં ઝાડ હતાં ત્યાંસુધી ઝાડીઓના દૂર ભાગોમાં તેવાં મકાનો બાંધવામાં આવેલાં. છેક બોલોના અને તેની પેલી તરફ પણ તેવાં સેંકડોબંધ મકાનો ભીંની જગ્યાઓના ઉપરના ભાગોમાં અને ઍપીનાઇન્સ પહાડોની નીચે આવેલી ટેકરીઓવાળા ભાગોમાં પણ બાંધવામાં આવેલાં. વખત જતાં અને વળી પાછી જગ્યા થોડી પડવાને લીધે, નદીઓની શાખાના ઉપરવાસના ભાગોમાં લોકો આગળ વધવા લાગેલા, અને

સગવડ પડતી જગ્યાઓએ નાનાં સરોવર બનાવવા માટે નદીઓમાં લાકડાંના બંધ બાંધવામાં આવતા. વળી જો કે હવે સાધારણ રીતે આવી જાતનાં "જળ સ્થાયી" મકાનો સૂકી જમીન ઉપર બાંધવામાં આવતાં, તો પણ અસલની માફક જ તે લાકડાંના બનાવવામાં આવેલા ચોરસ ઓટલા ઉપર જ બાંધવામાં આવતાં. જૂની ટેવ ક્વચિત્ જ અને ઘણી મુશ્કેલીથી નાબૂદ થાય છે, તે આપણા જાણવામાં જ છે. ઍપીનાઇન્સ પહાડોની પેલી તરફ પુષ્કળ દૂરના ભાગોમાં લોખંડના જમાનામાં રોમન લોકોની રાત્રિની લશ્કરી છાવણીઓની આસપાસ ખાઇ ખોદવામાં અને લાકડાંની હાર ગોઠવીને કિલ્લેબંધી કરવામાં આવતી તે વખતે પણ, અસલનાં ઓટલાઓ ઉપરનાં બાંધકામની હારની માફક તેઓનાં ઝુંપડાંઓ ચોરસ "દ્વીપો" ની માફક હારબંધ બાંધવામાં આવતાં હતાં; અને "અસલના શરાતનના જમાનામાં" હૉરેશિયસે જેનો બચાવ કરેલો તે ટાઇબર નદી ઉપરનો પુલ પણ, એક પણ લોખંડના ખીલા વિના લાકડાં ખડકીને શત્રુ નજીકમાં આવે તો, એક જ કલાકમાં તોડી પાડી શકાય તેવો, બાંધવામાં આવેલો હતો.

"જળસ્થાયી" લોકો, પોતે સાફ કરેલી વિશાળ જગ્યાઓ સાથે છૂટથી વ્યવહાર રાખતા, તેમાં કાંઇપણ શંકા રહેતી નથી. પો નદીની ખીણના આખા મુલકમાંના સુધારા અને ઉદ્યોગ મુખ્ય મુખ્ય બાબતોમાં એવા એક સરખા છે કે, તેથી આપણને નવાઈ લાગે છે જો તેઓ અંદર અંદર લડી પડે નહિ તો, અહીંઆં તેઓને કાંઇપણ અડચણ કરનારૂં ન હતું; કેમ કે, તે પ્રદેશ ઘણે અંશે તેઓની પોતાની મહેનતને પરિણામે જ બનેલો હતો. વધારે અગત્યની બાબતો એ છે કે; રેતીનાં રણમાંના મુખીઓની માફક; જ્યારે ઇટાલીના દ્વીપકલ્પ અને ડૅન્યૂબની ખીણના પ્રદેશ, એ બેમાંથી એક પણ પોતાના સુધારામાંનું તત્ત્વ બીજામાં દાખલ કરે તેવી સ્થિતિમાં આવે કે તુર્ત જ, તે બે દેશો વચ્ચેના વ્યવહાર અને માલ લઇ આવજાવ કરવાને માટે આ લોકો એકલા જ હતા અને તેનો લાભ પણ તેઓને એકલાને જ મળે તેવી સ્થિતિમાં હતા; તે સ્પષ્ટ છે. આવી જાતની સગવડતાવાળી પોતાની સ્થિતિ હોવાનું આ "જળસ્થાયી," લોકો જાણતા પણ હતા.



તે લોકો ઉપર પ્રમાણે કેવી રીતે અને કયાં કારણને લઇને જાણી શકયા હતા, તે હજી સુધી ચોક્કસ થયલું નથી. કેટલાએક એમ માને છે કે, તેનું કારણ આ લોકો એકદમ અને એકી વખતે પોતાનાં અસલનાં "જળસ્થાયી" રહેઠાણ છોડી દઇ, સૂકી જમીન ઉપર મેદાનમાં રહેવા આવેલા હોવાથી, તેઓમાં લોખંડના ઉપયોગનો, સુધારવામાં આવેલી જાતની સલામતી ભરેલી દાંચણીઓનો, તથા લક્ષણ વિનાનો ભૂમિતિની આકૃતિઓવાળી કળાનો ફેલાવો થયલો, એ હતું. તેઓ એમ અનુમાન કરે છે કે, ડૅન્યૂબ નદીના ભાગમાંથી લોકોએ આવી આ પ્રદેશ જીત્યો, તેને લીધે ઇજીપ્ત મુલકની માફક અહીંના લોકોએ પણ તેમ જ કરેલું હોવું જોઇએ, અને બીનલડાયક લોકોની કબરો ઉપર પુષ્કળ બીજી ધાતુનું કળાકારીગરીનું કામ હોવાં છતાં, તેના ઉપર હથીઆરો બીલકુલ ન હોવાથી, તેવા બીનલડાયક લોકો અને લડવૈયાઓની કબરો વચ્ચે અમુક ભાગમાં જોવામાં આવતા ખુલ્લા તફાવત ઉપરથી તેઓ પોતાના મતને ટેકો મળતો હોવાનું માને છે. ઇટ્રૂરીઆ સિવાયના આ દ્વીપકલ્પમાંના સર્વ પ્રદેશોમાં વસતા, હિન્દુ–યુરોપીય ભાષાની ઇટાલીમાંની બે મુખ્ય પ્રકારની બોલી બોલતા લોકો અમુક અમુક ભાગમાં વહેંચાઇ ગયલા છે, તે સંબંધી બીજી કોઇ પણ રીતે તેઓ ખુલાસો આપી શકતા નથી; જ્યારે બીજાઓ, કારીગરીની ઘણી શાખાઓમાં ધીમે ધીમે ફેરફાર થયલા છે, અને દફનાવવા માટેની કબરો અને ક્રિયાઓ ચાલુ એક સરખી છે, તે બાબતો, તેમ જ ઍપીનાઇન્સમાંના પહાડી રસ્તાઓના પડદારૂપી આ "જળસ્થાયી" રહેઠાણોમાંના સુધારાનો એકદમ અને જોશબંધ નાશ કરવામાં આવેલો હોય તો ઇટાલીના દ્વીપકલ્પમાં સર્વત્ર કોલાહલ અને ફરીથી વસાવટ થવા જોઇએ, તેમ નહિ થયલું હોવાની વધતી જતી સાબીતીને, ઘણી અગત્યતાની માને છે.

કદાચ, આ બે માન્યતાઓની વચ્ચે સત્ય સમાયલું હોય. નીલ અને યુફ્રેટીસ નદીની આસપાસના પ્રદેશ છોડયા પછી પહેલી જ વાર આ વણે મનુષ્યની વસતિ રહિત પ્રદેશને ઘણે દરજ્જે સુધારવામાં આવેલો ત્યારથી

શરૂ થતા સુધારા સંબંધી તથા જુદા જુદા હવા અને સાધનોવાળા નજીક-માંના મોટા પ્રદેશો સાથે આપ લે થવાના પુષ્કળ સંભવવાળા પ્રદેશમાં ખેતીદ્વારા ધન મેળવવાનાં નવીન મોટા સાધનોની ઉત્પત્તિ સંબંધી વિવેચન કરીએ છીએ. હવે ઇલૅમમાંનાં ઇમારતી લાકડાં અને પથ્થર જેવી નવીન ચીજો અથવા બૅબીલોનીઆમાં કુશળ સેમેટિક લોકોદ્વાર દાખલ થયલાં રાજકીય વ્યવસ્થા અને કેટલીએક જાતિના વિચાર અને ધર્મના ખ્યાલ જેવા નવીન ખ્યાલ, એટલે કે જે કાંઇ સારી બાબતો હોય તે એકદમ ગ્રહણ કરવા છતાં, સુધારાની પ્રગતિનાં મુખ્ય તત્વોમાં ગોટાળો થયા વિના બૅબીલોનીઆમાંના ઇલૅમાઇટ અને સેમિટીસ લોકો જેવા મળતા આવતા અથવા જુદા પડતા અગાઉના ઇતિહાસવાળા લોકો વારંવાર દાખલ થઇ, આવી જાતનો દેશ જીતી લે, તે આર્થિક સ્થિતિ વ્યવસ્થિત થયલી હોવા છતાં બૅબીલોનીઆમાં કેવી રીતે સહન કરવામાં આવતુ તે ઘણુંજ નવાઇ જેવું લાગે છે.

ઉત્તર ઇટાલીમાં બનાવો સંબંધીના આ વિચારને ન્યાય આપવા ખાતર આપણને પો નદીની બન્ને બાજુ ઉપરની ખીણના દૂરના ભાગો તરફ લક્ષ પહોંચાડવું ઘટે છે. દક્ષિણ તરફના ભાગને લગતી બીના સારી રીતે ખુલ્લી છે. ટૅરેન્ટમના પ્રદેશમાંથી લોકોએ ઉત્તરમાંના શરૂઆતના વખતનાં સૂકી જમીન ઉપરનાં રહેઠાણની માફક અહીંઆં પણ ટીમ્બૅરીની જગ્યાએ જઇ, સૂકી જમીન ઉપર રહેવાનું શરૂ કરેલું. આ એક જ ટૅરેન્ટમના છૂટા પડી ગયલા પ્રદેશ સિવાય બીજા પ્રદેશોમાં જતાં "જળસ્થાયી" લોકોને ઍપીનાઇન્સ પહાડોએ અટકાવેલા, એમ જણાય છે. ટાઇબરની ખીણમાંના અને અસલના ઇટ્રુરીઆમાંના સુધારા વચ્ચેના સરખાપણાથી ત્યાં "જમીનથી બ્હીતા" લોકો જાથુકને માટે આવીને વસેલા હોવાનુ સાબીત થઇ શકતું નથી. તોપણ, ટૅરેન્ટમ સુધી પહોંચેલા લોકો કરતાં ઓછા નશીબદાર લોકોએ ત્યાં આવી વસવાના વારંવાર યત્ન કરેલા હોય, અને પોતામાંના કોઇએક લોકો અથવા પોતાનું નામ મુકી જઇ શક્યા ન હોવા છતાં પોતાના સુધારાનાં કાંઇએક ચિહ્નો પાછળ મૂકી ગયા હોય તો તેમ થવા પુષ્કળ



સંભવ છે. સર્વેથી વિશેષ અગત્યની બાબત તો એ છે કે, અહીંઆં "જળ-સ્થાયી" રહેઠાણ બીલકુલ નથી. આર્થિક પ્રગતિની એક પછી એક સ્થિતિની સાથે ઇટાલીમાંની ભાષાનાં પરિણામ તથા તેઓની વહેંચણીનો શું અને કેવી રીતે સંબંધ રહેલો હતો, તે જાણવું ઘણું જ મુસ્કેલી ભરેલું છે, અને તે મુસ્કેલી હજી સુધી દૂર થઇ શકેલી નથી.

તેથી લોખંડના જમાનાની શરૂઆતનો ભાગ, તેની પછી થયલા કાંસાના જમાનાની માફક, આ પ્રદેશમાં ખાસ ધ્યાન ખેંચે તેમ, ઘણો જ ધીમે ધીમે દાખલ થયલો હતો, અને તેથી એક બાજુએ, ઍપીનાઇન્સ પહાડોની ઉત્તર અને દક્ષિણમાંના પ્રદેશો વચ્ચે ઘણો જ અને વધતો જતો તફાવત હોવાનું નજરે પડે છે, અને બીજી બાજુએ, ખેતીથી પાક વધારે સારો ઉતરે તેવી નીચાણમાં આવેલી જુદી જુદી કિનારા ઉપરની સર્વે જગ્યાઓવાળા દક્ષિણમાંના અસંખ્ય જુદા જુદા ભાગો વચ્ચે સહજ જણાઇ આવે તેવો તફાવત પડી આવે છે. તેઓ એક બીજાથી જુદા હોવાને લીધે આપણને એમ લાગે છે, અને તેમાં ઇટાલીમાંના શરૂઆતના ઇતિહાસ ઉપરથી આપણને ટેકો મળે છે કે, ઍપીનાઇન્સ પહાડોની સરહદથી કૅલેબ્રીઆ પર્યન્તના મધ્ય ભાગમાંના ઉચ્ચ પ્રદેશોમાં આ જમાનામાં દરેક વખતે છેલ્લી અથવા સૅબેલીઅન ભાષા બોલનારી જાતિના ભરવાડની જીંદગી ગાળતા લોકો મુખ્યત્વે કરીને વસતા હતા, અને તેઓને પાછળથી ત્યાંથી કાઢી મુકવામાં આવેલા, અને શાન્તિ ભરેલી, અને દક્ષિણ તરફ ગોટાળા ભરેલી સ્થિતિમાં જવું પડતું, તેમ બે જાતની સ્થિતિ તેઓને વારાફરતી ભોગવવી પડતી.

સિસિલી, દક્ષિણ ઇટાલી, કૅમ્પેનિયા, અને પાઇસેનમની તુંકી જુદી જુદી પડી ગયલી ખીણોમાં, (ફક્ત ટીમ્બૅરી સિવાય) છેક ઍડ્રિઍટિક સમુદ્રના કિનારા ઉપરના દૂર ભાગોમાં કાંઇ પણ ફેરફાર થયા વિના શબને ભૂમિદાહ કરવાનો અસલનો રિવાજ ચાલુ રહેલો, અને પાછળથી તેમાં થયલી નવીન મુખ્ય પ્રગતિ ઇજીઅન મુલકમાં પુનઃ ઉદ્ધાર પામેલા પરન્તુ તે વખતે મુખ્યત્વે કરીને ગ્રીક સુધારાની સાથેના દરિયા પારના સંબંધને લઇને

થયલી. ઇટ્રુરીઆ અને લૅટીઅમમાં ગ્રીસના દરિયાઈ વેપારનાં ચિહ્નો માલૂમ પડે છે, અને તે વેપારની ચીજો અને ઍપીનાઇન્સ પહાડોની પેલી તરફની કારીગરી અને બનાવટની ચીજો વચ્ચે હરીફાઇ થતી. વળી ત્યાં શબને ભૂમિદાહ અને અગ્નિસંસ્કાર કરવાના રિવાજ સાથે સાથે ચાલતા હતા. ઉચ્ચ પ્રદેશમાંના સૅબેલીઅન લોકો કરતાં, આ નીચાણવાળા પ્રદેશના " ઇટાલિક " ભાષા બોલતા લોકો હિંદુ–યુરોપીય ભાષાની જરા પહેલાંના વખતની સ્થિતિ સૂચવે છે. તેઓ કયારે અહીં આવી પહોંચેલા તે ચોક્કસ જાણવામાં આવેલું નથી; તોપણ સ્થાનિક રહેવાની શૈલીને ઘણે અંશે અનુસરતા થવા, તથા અસલના ભૂમધ્યમાંના પ્રદેશમાં રહેતા લોકો સાથે તદ્દન ભળી જવા જેટલા પૂરતા લાંબા વખતથી તેઓ આ દ્વીપકલ્પમાં હતા, તે નક્કી છે. છતાં પણ ઢોર ચરાવવા માટેની ઓછી જગ્યાવાળા ઇજીઅન મુલકની આસપાસના કરતાં, " ઇટાલિક ' ભાષાવાળા આખા ઇટાલીના પ્રદેશમાંનું સાંસારિક બંધારણ વિશેષ પિતૃસત્તાક હતું, અને તેથી સામાજિક અને રાજકીય પ્રગતિ તેટલા પ્રમાણમાં ધીમી પડેલી. ઘણા લાંબા કાળ પર્યન્ત શહેરી જીંદગીનો અભાવ રહેલો. લૅટિન મેદાનની આસપાસની બચાવ થઇ શકે તેવી નાની ટેકરીઓ ઉપર અને તેની મધ્યમાંની આલ્બન ટેકરીઓના ઢોળાવ ઉપર જોવામાં આવે છે તેમ, થોડા થોડા સંબંધવાળી જાતિના લોકો નાની નાની સંખ્યામાં જુદી જુદી જગ્યાઓએ રહેતા. લૅટીઅમ તેમ જ કૅમ્પેનિયા અને કદાચ બીજી જગ્યાએ પણ સામાન્ય બચાવ માટે અને ગ્રીક દેવતાઓને મળતા આવતા હિંદુ–યુરોપીય દેવતાઓની સાર્વજનિક પૂજાને માટે સ્થાનિક મંડળો બનવા પામેલાં.

જે " સપાટ જમીન " ઉપરથી તે પ્રદેશ અને ત્યાંના લોકોનાં "લૅટીઅમ" અને "લૅટીનાઇ" નામ પડેલાં, તેના ઉત્તર તરફના ખૂણામાં થઇને આ દ્વીપકલ્પમાંની વહાણો હરીફરી શકે તેવી. એકનીએક જ, વારંવાર મોટાં પૂર આવવાથી માટીવાળાં ભારે પાણીને લીધે "પીળી ટાઇબર" ના સૂચક નામની નદી વહે છે તે " સપાટ જમીન " ઘણે ભાગે તે નદીના પહોળા મુખમાં માટી તથા રેતી જમા થવાથી બનેલી છે.



તે નદીના મુખથી ઉપરવાસ તરફ આશરે પંદર માઇલ દૂર ચાંચીઆઓથી રક્ષણ કરનારી ભીની જમીન થઈ રહે છે ત્યાં, એક દ્વીપ અને કેટલાએક ખડકો આવવાથી વહાણો ચાલી શકતાં બંધ થાય છે; તોપણ દક્ષિણ તરફથી ઇટ્રુરીઆમાં જવાને સુગમ પડે છે. લૅટિન કિનારા ઉપર એક જુદી નાની ટેકરી; કોઇ સાધારણ લશ્કર નદી ઓળંઘવા માગે તો તેને અટકાવી શકે તેમ આવેલી છે. આ ટેકરી તે, ઐતિહાસિક જમાનાની અગાઉના સમયના " ચોરસ રોમ"ની જગ્યાવાળી ' પૅલેટાઇન ' ટેકરી છે. પોતાના બીજા મિત્રો આવી પહોંચે ત્યાં સુધી તે કિલ્લામાંના લૅટિન લોકો ઇટ્રુરીઆમાંના લોકોને " પુલ ઉપર થઇને આગળ વધતા અટકાવી શકે " તેમ સાધારણ સંજોગોમાં હતું. પરંતુ ખરી રીતે તેવી સાધારણ સ્થિતિ રહેવા પામેલી નહિ. આવી મજબૂત જગ્યાનો લાભ લેનાર માણસ અને કદાચ એક મહાન્ પુરૂષ નીકળી આવેલો. બન્તે કાંઠા ઉપરના ભાગોમાં સારી રીતે રહી નહિ શકનારા લોકો માટે, " કૉવેન્ટ્રી " અથવા " ઍડયુલમની ગુફા " કે નિરાશ્રિતો માટેનાં આશ્રમસ્થાન અથવા " આશરો આપનાર શહેર " જેવી એક " બહારની જગ્યા " તરીકે; રોમની ઉત્પત્તિ થયલી હોવા સંબંધી દંતકથા સાચી હોવાનો ઘણો જ સંભવ છે. તે શહેર એકલા લૅટિન લોકોનું જ કોઇપણ કાળે ન હતું; તેમ ઈટ્રસ્કન લોકો પણ ત્યાં ખુશીથી બીલકુલ આવેલા નહિ. શરૂઆતમાં કદાચ ત્યાંના લોકોનો જતા આવતા લોકોને લૂટવા, એ એક જ ધંધો હશે. રોમમાંના મુખ્ય પાદરીઓ અને કદાચ ત્યાંના અસલના પાદરી–રાજાઓને " પૉન્ટીફીસીસ, " એટલે, " પુલ બનાવનારા " નું નામ આપવામાં આવેલું, તે અર્થ વિનાનું નથી. તેઓની પછીના તે નામ ધરાવનારા આ દુનિયા અને સ્વર્ગ વચ્ચેના માર્ગના એકલા જ ધણી હોવાનો દાવો કરે છે, તેવી જ રીતે તે વખતે તેઓ લૅટીઅમ અને ઈટ્રુરીઆ વચ્ચેના રસ્તાના એકલા ઇજારદાર થઇ પડેલા.

પૅલેટાઇનની આસપાસના ઉંચાં સપાટ મેદાનના બીજા છેડા ઉપરના ભાગો અથવા નીચી ટેકરીઓ ઉપર પહેલાંથી ઘણે ભાગે લૅટિન જાતિના

અને થોડાએક બીજી જાતિના લોકો સ્વતંત્ર રીતે આવી વસેલા. અને દંતકથા મુજબ આ લોકોમાં ઉચ્ચ પ્રદેશમાંથી બહાર નીકળી આવેલા “ સૅબાઇન ” જાતિના લોકો પણ ત્યાં રહેતા હતા. વળી નદીના નીચાણવાસમાં દૂર આવેલી ઍવેન્ટાઇન ટેકરીની જુદી જ જાતની ખાસીઅતો હતી. “ પથ્થર અથવા લાકડાં ખડકીને બનાવવામાં આવેલા પુલ ” ને લીધે, જ્યાંથી વહાણોની આવજાવ બંધ થતી હતી તે જગ્યાએ, તે બીજી ટેકરીઓના કરતાં વધારે સીધી નદીની ઉપર ઝૂલતી આવેલી છે, એટલે લંડન બ્રીજ તથા ઑક્સફર્ડ, કેમ્બ્રીજ, પૅરિસ, અને બાલ્ટીમોરની માફક, આ જગ્યાએ સમુદ્રમાર્ગે આવતો માલ વહાણોમાંથી ખાલી કરવામાં આવતો, અને પછી અહીંથી જમીન માર્ગે મોકલવામાં આવતો. નદીના મુખ નજીકનાં ખાબોચીઆંમાં થતા મીઠાનો પણ વેપાર અહીંઆં ચાલતો હતો, અને બીજી જગ્યાઓમાં તેની વહેંચણી અહીંથી થતી હતી; અને રોમથી ખીણમાં થઇને દેશના અંદરના ભાગ તરફ જતા રસ્તે, સલૅરીઆને માર્ગે હમેશાં મીઠું લઇ જવામાં આવતું. આ પ્રમાણે પૅલેટાઇનની માફક ઍવેન્ટાઇન પણ, જો કે બીજા અર્થમાં તોપણ, બહારના લોકોનું જ રહેઠાણ થવા પામેલું; કારણ કે, અહીંના લોકો દરેક દેશમાંથી આવેલા અને દરેક ભાષા બોલતા હતા. સ્થાનિક જાતિના પિતૃસત્તાક ખાનદાન ગણાતા “ પૅટ્રીશીઅન ” લોકોના સારી રીતે અંદર અંદરના સંબંધથી જોડાયલા સમૂહની બહાર આ પ્રમાણેનો પરદેશીઓનો લત્તો લંડનમાંના “ ઇસ્ટ એન્ડ ” ની માફક તેના ઉપયોગીપણાને લીધે પહેલાં થવા દેવામાં આવેલો, અને પાછળથી તે બાબતમાં ઉત્તેજન પણ આપવામાં આવેલું. ખરેખર તે લત્તો સામાન્ય “ પ્લીબીઅન, ” એટલે, તે શબ્દના અસલ અને યોગ્ય અર્થ પ્રમાણે, મનુષ્યનાં ઓછાં વધતાં થતાં તથા બદલાતાં જતાં ટોળાંનો જ હતો.

આવા પ્રકારની નાની ગુંચવાડા ભરેલી સ્થિતિમાંથી વખત જતાં પોતાની લૅટિન ભાષા અને સુધારાવાળું, સૅબેલીઅન કરતાં પણ વિશેષ સહનશક્તિ ધરાવનાર, શોધખોળ કરી તેનો વધારે વધારે લાભ લેવાની હોંશીઆરી માટે



“ ફીલીસ્ટીન ” લોકો મશહુર થઇ ગયા છે તેવા આ પ્રદેશમાંના ઇટ્રસ્કન લોકોના જેવી હોંશીઆરીવાળું, અને “ ઇચ્છવા યોગ્ય પરદેશીઓ ” સાથે ખાસ સન્માનથી વર્તનાર “ સાત ટેકરીઓનું શહેર ” રોમ હયાતીમાં આવી વૃદ્ધિ પામેલું.

ફીનીશીઅન અથવા કેલ્ટ લોકોના સંબંધમાં જેટલી જુદી જુદી વિચિત્ર અટકળો કરવામાં આવે છે તેટલી જ ઇટ્રસ્કન લોકો સંબંધી પણ કરવામાં આવે છે; અને જે મહત્ત્વવાળો ફક્ત એક જ મુશ્કેલી ભરેલો સવાલ આ ઇટાલીના દ્વીપકલ્પમાં ઉઠે છે તે, આ લોકો સંબંધી છે. ગ્રીક વેપારીઓ પાસેથી ગ્રહણ કરવામાં આવેલ લિપિમાં સ્પષ્ટ લખવામાં આવેલ છે તોપણ તે લોકોની ભાષા હજી સુધી સમજી શકાયલી નથી. તે હિન્દુ–યુરોપીય જાતિની નથી, એટલું જ ફક્ત ચોક્કસ રીતે જણાય છે; પરન્તુ કોઇ બીજી જગ્યાએથી ઇટ્રસ્કન લોકો આ ભાષા પોતાની સાથે જ લાવેલા, કે તેઓ બરાબર આવી પહોંચવાથી ત્યાંની સ્થાનિક અસલની ભાષા નષ્ટ થતાં તે બચી ગયલી, તે હજી તદ્દન અનિશ્ચિત છે. સર્વે ગ્રીક ઇતિહાસકારો અને તેઓના ઇટાલીમાંના શિષ્યોનું એવું માનવું છે કે, ઇટ્રસ્કન લોકો પરદેશમાંથી આવેલા. પરંતુ જોકે લીડીઆ કે થેસ્સલી તરફથી તેઓના આવવા સંબંધી તેઓમાં ભિન્ન ભિન્ન મત છે, તોપણ તેઓ ઇજીઅન મુલકમાંથી આવેલા, એમ તેઓમાંના ઘણાખરા કબૂલ કરે છે; જ્યારે કેટલાએક એમ માને છે કે, તેઓ એક પણ ખાસ દેશના ન હતા, પરન્તુ વાઇકીંગ્સ અથવા બોર્નીઓમાંના દરિયાઇ ડૈઆક્સ લોકોની માફક ભટકતા ફરતા હતા. તેઓ ઇટ્રરીઆમાં ત્યાંના સમુદ્ર કિનારા ઉપરથી આવેલા, કે, પો નદીના મુખની નજીકમાંનાં ઍડ્રિઍટિક સમુદ્ર ઉપરના કોઇ પણ બંદર ઉપર ઉતરી ત્યાંથી અહીં આવેલા, તે સંબંધી પણ હજી વાદવિવાદ ચાલે છે. જે સમયમાં તેઓનાં જેવાં જ નામવાળા ‘ તુર્શા ’ લોકોએ મિસર ઉપરની ચઢાઇમાં ભાગ લીધેલો તે જ અરસામાં મોટા જથામાં પશ્ચિમ તરફ નીકળી પડેલા ઇજીઅન મુલકમાંના ચાંચીઆ લોકોમાંના જ તેઓ હતા,

અને ગ્રીસીસ્ટીઆમાં જેમ બનેલું તેમ પશ્ચિમ તરફ આ લોકો ઇટ્રૂરીઆમાં આવી વસેલા હતા, તેમ કદાચ આપણે ધારી શકીએ. તેઓની રાજકીય વ્યવસ્થા સંબંધી જે થોડું જ્ઞાન આપણને મળેલું છે તે ઉપરથી પણ આપણી ધારણાને કાંઇએક ટેકો મળે છે. એકલા પોતાના જ હાથમાં સર્વ સત્તા રાખી બેઠેલા થોડાએક હાકેમો અને લશ્કરના ઉપરીઓ "ફરતી વાડવાળાં શહેરો" ઉપર જોરજુલમથી અમલ ચલાવતા હતા, અને તેવા પુરૂષોમાં અંદર અંદર લડાઇ કરી પોતાની સત્તા બેસાડવાનો રિવાજ પ્રચલિત હતો. સામાન્ય લોકો ઉપર જુલમ ગુજારવામાં આવતો. લૅટીઅમમાં થઇને છેક કૅમ્પેનિયા પર્યંત તેમ જ થોડો વખત આલ્પ્સના પર્વતો નીચેની ટેકરીઓ સુધી પો નદીની આખી ખીણમાં તેઓએ પોતાની સત્તાનો વિસ્તાર કરેલો. લૅટીઅમમાંના ઇટ્રસ્કન જાતિના અમીરોમાંના "ટાર્કિવનના મગરૂર કુટુંબ"ની ક્રૂર અને અપમાન ભરેલી વર્તણુકને લઇને ત્યાં ઇ. સ. પૂર્વે ૫૦૦ ના અરસામાં મોટું બંડ થયલું, અને તે બંડ ટાઇબર નદીની ઉપરવાસમાંના "કલુઝીઅમનો લાર્સ પોર્સીના" પણ સમાવી શક્યો ન હતો. ઇ. સ. પૂર્વે ૪૨૪ માં ઉચ્ચ પ્રદેશોમાંથી ચઢી આવેલા સૅબીલીઅન લોકોએ તેઓને હાંકી કાઢ્યા ત્યાં સુધી કૅમ્પેનિયામાંનું લશ્કર પોતાના હાથમાં અમલ લઇ બેઠેલું. ઉત્તર તરફના નવીન શત્રુઓ ભટકતા ફરતા ગૅાલ લોકોની ચઢાઇને પરિણામે આશરે તે જ વર્ષમાં ઉત્તરમાંના ઇટ્રસ્કન સામ્રાજ્યનો નાશ થયલો. ઇ. સ. પૂર્વે ૩૯૦ માં રોમને પણ, જાણે કે "ગૅાલ લોકો તેના દરવાજા સુધી આવી પહોંચેલા હોય" તેવો ભય રહેલો, તથા ત્યાર પછીનાં થોડાંએક વર્ષ સુધી ચાલુ રહેલી ચઢાઇ દરમ્યાન ગૅાલ લોકો છેક ટૅરેન્ટમ નજીક પહોંચી ગયા હતા.

ત્યાર પછી ઇટ્રૂરીઆના બાકી રહેલા ભાગ સુદ્ધાં ઍપીનાઇન્સ પહાડોની દક્ષિણમાંના સર્વે પ્રદેશોમાંના લોકો પાછા જોરમાં આવી એકદમ એકત્ર થઇ ગયલા, તે સર્વે બાબતોનો રોમના શરૂઆતમાંના લેખી ઇતિહાસમાં સમાવેશ થાય છે; એટલે "જળ સ્થાયી" લોકોમાં કાંસાના જમાનાના અન્તથી ઉપર જણાવવામાં આવેલી ગૅાલ લોકોની ચઢાઇના સમય-પર્યંતના કાળમાં સરહદની પેલી તરફના ઉત્તરમાંના પ્રદેશમાં શું શું બનવા પામેલું, તે પ્રશ્ન ઉપર હવે પછી આપણે વિવેચન કરીશું.

# પ્રકરણ ૧૧ મું.

## મધ્ય અને ઉત્તર યુરોપમાંનું પ્રભાત.

જ્યારે સિસિલી અને ઍપીનાઇન્સ પહાડોની દક્ષિણમાંનો ઇટાલી, ટૅરેન્ટમથી સાઇરૅક્યુઝ પર્યન્ત જથાબંધ ગ્રીકલોકો આવી વસેલા હોવાથી, તેઓની મારફત નવીન હેલનિક સુધારાનાં તત્ત્વો ગ્રહણ કરતું હતું, અને ત્યાંની કળાકારીગરી તો ઇટ્રૂરીઆને રસ્તે પણ દાખલ થયલી, ત્યારે પો નદીની ખીણની તેનાથી વિરૂદ્ધ દિશામાં ગતિ હતી, અને તેમાં તે ફેરફારો પામી બીજી વખત મધ્ય યુરોપના "આલ્પ્સની પેલી તરફના" વધારા તરીકે થતી જતી હતી. "ઇટાલિક" બાજુ ઉપરના કરતાં આ પ્રદેશમાંના બનાવોના ક્રમ સંબંધી ચોક્કસ રીતે લખવું વધારે મુશ્કેલ છે. તેનું મુખ્ય કારણ એ છે કે, હમણાં સુધી તેને લગતો પુરાવો ઘણો જ ઓછો હતો, અટકળ ઘણી કરવામાં આવતી હતી, અને સુધારા તથા ભાષાના અભ્યાસીઓમાં સ્વજાતિ સંબંધી અને રાજકીય ખોટું અભિમાન હોવાથી એક બીજાથી તદ્દન વિરૂદ્ધ અભિપ્રાય પડતા હતા.

બાલ્કન દ્વીપકલ્પ અને ઇટાલીની આલ્પ્સવાળી ભાંગીતૂટી સરહદની પાછળ કાર્પેથીઅન પર્વતોની વચમાંનું ડૅન્યૂબ અને તેની શાખાઓવાળુ મોટું હંગરીનું મેદાન આવેલું છે. તેની આસપાસની નીચી નીચી ટેકરીઓ ઉપર જંગલ તેમ જ ઝાડ થાય તેવી જમીન આવેલી છે, અને ત્યાર પછી લઘુ એશિયાની માફક વખત જતાં અમુક ભાગમાં અનાજ પકવી શકાય તેવી ચરોતરની જમીનવાળો, અને પછી ઘાસનાં બીડો અને ધીમે ધીમે રણનો મુલક આવે છે. પહોળી, ઓળંઘી શકાય તેવી, અને ફળદ્રુપ હોવા છતાં

કુદરતી રીતે સારાં ઇમારતી લાકડાં થતાં તેવી ડૅન્યૂબના ઉપરવાસની ખીણ દ્વારા પશ્ચિમ તરફ શોધખોળ કરવાનું બની આવે તેમ છે; અને વીએના નજીકના ખૂણાની જરા પેલી તરફ તે ખીણ એલ્બ નદીવાળા ઉત્તર તરફના ભાગની સાથે, પહોળા ધીમે ધીમે થતા જતા ઢોળાવને લઇને જોડાઈ જાય છે, અને તેથી કરીને તે બોહીમીઆના ઝાડોવાળા પ્રદેશ મારફતે બાલ્ટિક સમુદ્રના કિનારા તરફનાં મેદાનો સાથે જોડાઇ જાય છે. ત્યાંની વસતિ મુખ્યત્વે કરીને આલ્પાઇન જાતિની હોવા છતાં, ત્યાં એક પછી એક આવેલા મધ્યકાલીન હુણ લોકો, અને ઘોડા તથા હિંદુ-યુરોપીય ભાષા પહેલી દાખલ કરનારા મોટા ઘાસ-પ્રદેશમાંના જંગલી લોકો, તેમ જ ત્યાં વારંવાર આવેલા બાલ્ટિક સમુદ્રની આસપાસના મુલકોમાંના ઘઉંવર્ણા "ઉત્તર તરફના" રાક્ષસો જેવા કદાવર લોકોના ગુણો તેમાં આવેલા છે.

જુદી જુદી જાતની પુષ્કળ રહેવાની પદ્ધતિ હોવાને માટે આ પ્રદેશ દરેક રીતે લાયક હતો. ઘોડા ઉછેરનારા અને બીજા ભરવાડની જીંદગી ગાળનારા લોકો માટે આ તે દેશના મધ્ય ભાગમાં ઘાસવાળો પ્રદેશ હતો, તથા "જળ-સ્થાયી" લોકો પણ ઘોડા ધણી જાતિના હોવાનું જાણતા હતા તેથી કાંસાના જમાનાની શરૂઆતના વખતથી તો ડૅન્યૂબની આસપાસના મુલકમાંના લોકો ઘોડાનો ઉપયોગ કરતા હોવાનું આપણે માનીશું, તો તેમાં કાંઇ ખોટું કહેવાશે નહિ. બીજુ બાજુએ, વધારે મોટા ઘાસ-પ્રદેશ અને ઇટાલીના દ્વીપકલ્પના સંબંધમાં હોવાનું આપણને ધારવું પડલું હતું તેમ જ અહીંઆં પણ મેદાનની કિનારીની આજુબાજુના મિશ્રિત પ્રદેશમાં ભરવાડની અને ખેડૂતની જીંદગી એકી વખતે ગાળી શકાય તેવી સ્થિતિ હતી. છેવટે ટીરૉલની ખીણનાં મથાળાં ઉપરના ખુલ્લા ભાગો ઉપર થઇને દક્ષિણ તરફ આલ્પ્સની નીચીનીચી ટેકરીઓમાં, અને ત્યાંથી "જમીનથી બ્હીતા" લોકોના પ્રદેશમાં આસપાસના સંજોગો અને આબોહવામાં ધીમે ધીમે ફેરફાર થતો જાય છે.

આલ્પ્સની પેલી બાજુની માફક જ ડૅન્યૂબ તરફની બાજુ ઉપર પણ "સરોવરમાં વસનાર લોકો" માંનો સુધારો ઉતરી આવતો આપણે જોઇ શકીએ છીએ. તફાવત એટલો જ છે કે, અહીં સૂકી જમીન વધારે નજીકમાં આવેલી, અને તેથી કરીને પો નદીની ખીણમાં માલૂમ પડેલી છે તેવી "જળસ્થાયી" રહેઠાણવાળી સુધારાની સ્થિતિ અહીંઆં આવેલી નહિ. ખરેખરી રીતે તો, ટેકરીઓની આ બાજુએ બૅબીલોનીઆના કરતાં ઇલૅમ જેવી સ્થિતિ હતી.



લાંબા અને જાહોજહાલીવાળા કાંસાના જમાના દરમ્યાન આ ડૅન્યૂબ નદીની આસપાસના મુલકમાંનો સુધારો વૃદ્ધિ પામેલો. માઇનોઅન સુધારાવાળા દક્ષિણ તરફના ભાગોમાંથી આયાત કરવામાં આવેલી ચીજોની તેના ઉપર ઘણી જ થોડી અસર થયલી; કેમકે, આ પ્રદેશ તેની વધારે અસર થાય તેટલો નજીક ન હતો અને તે તરફ કાંઇએક આકર્ષણ થાય તે પહેલાં જ તે પોતાની જ પદ્ધતિ મુજબ સારી રીતે આગળ વધેલો હતો. કદાચ આ દેશને આલ્પ્સની પેલી બાજુ ઉપરના મુલક સાથે થોડો ઘણો પણ સંબંધ નિરન્તર રહેલો હશે; પરન્તુ જમીનથી બ્હીતા લોકોને જે અસામાન્ય મુશીબતો આવી પડેલી તે અહીંના લોકોને ન હોવાથી, અહીંનો સુધારો વધારે ઉતાવળથી આગળ વધેલો, અને જ્યારે 'પો' નદીની ખીણમાંના લોકો પછવાડે પછવાડે ચાલી શકવાની સ્થિતિમાં આવેલા ત્યારે અહીંના લોકો તેઓને દોરવાને પણ તૈયાર હતા, તેમાં આપણને કાંઇ પણ નવાઇ જેવું લાગવું જોઇતું નથી.

આ બનાવોના ક્રમમાં કયે વખતે "ઇટાલિક" ભાષા બોલતા લોકોના પહેલા અને બીજા સમૂહો દ્વીપકલ્પમાં દાખલ થયલા, તે નક્કી કરવામાં આ આખા સવાલનું તાત્પર્ય સમાયલું છે. આપણે અગાઉ કહીં ગયા તેમ, ઇ. સ. પૂર્વે ૪૦૦ માં કરવામાં આવેલી ગૉલ લોકોની ચઢાઇઓના વખત સુધી ટાઇબરની ખીણના મથાળાથી આલ્પ્સના પર્વતો પર્યન્ત પહોંચેલા લોકો કે જે અમ્બ્રીઅન ભાષા બોલતા હતા તેની સાથે પાછળના સૅબેલીઅન લોકોના સમૂહને ઘાડો સંબંધ હતો, તે ચોક્કસ છે. જળસ્થાયી લોકોના આગમન અને ગૉલ લોકોની ચઢાઇની વચમાંના વખતમાં આલ્પ્સની પેલી બાજુના મુલકમાં બે જાતિની ભાષા એક પછી એક પ્રચલિત હતી. "જળસ્થાયી" રહેઠાણોમાંથી

બોલોના નજીકમાં વીલાનોવા જેવાં સૂકી જમીન ઉપર રહેઠાણ કરવામાં આવેલાં તે દરમ્યાનના ધીમાધીમા ફેરફારના વખતમાં પુરાતન વસ્તુઓને લગતા પુરાવા મુજબ અસામાન્ય રીતે સુધારો આગળ વધેલો, અથવા સુધારાની જાતિમાં એકદમ તફાવત પડેલો. એટલે, આ વખતે અમ્બ્રો-સૅબેલીઅન ભાષા દાખલ થયલી હોવી જોઇએ, એમ કેટલાએક લોકોનું માનવું થાય છે.

પરન્તુ, તેને પરિણામે ત્યાંની વસતિને પણ હાંકી કાઢવામાં આવેલી, એમ અવશ્ય ઠરતું નથી. સેમિટીસ લોકોની માફક હિંદુ-યુરોપીય ભાષા બોલનારા અસલના કાળના લોકોમાં, જે જે નવીન પ્રદેશોમાં તેઓ જતા ત્યાં ત્યાં ચાલતા આર્થિક સુધારાનો લાભ મળે તેમ અનુકૂળ રીતે વર્તવા છતાં, ત્યાંના લોકોમાં પોતાની ભાષા તેમ જ પોતાની માન્યતા અને સાંસારિક રીતરિવાજો, થોડે ઘણે અંશે દાખલ કરવાની ધ્યાન ખેંચે તેવી હોંશીઆરી હતી. વળી, આ ભાષાઓ બોલતા હોવાનું માલૂમ પડેલું છે તેવા લોકોમાં શારીરિક ભિન્નતા હોવાથી એમ પણ ચોક્કસ થાય છે કે, આ પ્રમાણે જુદી-જુદી આબોહવા અને બદલાતા જતા આસપાસના સંજોગોને લઇને, અસલ બહારથી આવેલા લોકો જુદા રહી શકે તેમ ન હતું. તેઓમાં પરસ્પર લગ્ન-સંબંધ થવાથી તેઓ ખાસ ઓળખી શકાય તેવા રહેતા નહિ, અથવા તે તેઓ નાશ પામવાથી પોતાની પાછળ જે ભાષા અને વિચારો મુકી જતા તેનો પ્રચાર ચલાવવાનું જુદી જાતિના લોકો ઉપર જ રહેતું. વળી ઘણા દાખલાઓમાં આ પ્રમાણે ખરેખર બહારથી આવનારા લોકોની સંખ્યા બહુ જ થોડી હોવાથી, સંખ્યા કરતાં ગુણની વધારે અસર થતી હોવાનો સંભવ રહે છે. તેમ જ આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ છીએ કે, જે પ્રદેશ સંબંધી આપણે વિવેચન કરીએ છીએ ત્યાં, જે દેશો સંબંધી આપણે અગાઉ જણાવી ગયા છીએ તેના કરતાં, વધારે અને વર્ષમાં વધારે સરખા પ્રમાણમાં વરસાદ પડે છે; અને તેથી ત્યાંનાં જંગલ વધારે ઘાડાં છે, અને તેને પરિણામે ત્યાંના વસતિયાણ ભાગો પૂર્વમાંનાં મોટાં મથકો કરતાં વધારે છૂટા



છવાયા છે. આવી જાતના પ્રદેશમાં હરવા ફરવાની શક્તિ હોય તો પછી ત્યાં વસવાના ઠરાવથી આવેલા પરદેશીઓ ત્યાંના વતનીઓને હાંકી કાઢ્યા વિના પણ ઘણી સહેલાઇથી ત્યાં વસી શકે, અથવા જાથુકને માટે તેઓને ખલેલ પહોંચાડયા વિના તે પ્રદેશમાં થઇને બીજી જગ્યાઓએ જઇ શકે તેમ હતું. પૂર્વ તરફના નજીકના ભાગોમાં ઉત્તર સીરીઆ અને લઘુ એશિયાનો પશ્ચિમાર્ધ ભાગ આ પ્રદેશને ઘણી રીતે મળતા આવે છે; પરન્તુ ત્યાં પણ જંગલ કરતાં પર્વતોને લીધે પરદેશીઓ દાખલ થતાં અટકેલા.

સાધારણ રીતે કાંસાના જમાનાનો અન્ત આવ્યા પહેલાં ડૅન્યૂબની આસપાસનાં અને આલ્પ્સની પેલી બાજુનાં મેદાનો મળીને એક સરખા સુધારા-વાળો એક મોટો પ્રદેશ બનવા પામેલો, અને સુલેહશાન્તિવાળી અરસપરસ છૂટથી વ્યવહાર ચાલતો તેવી લાંબી મુદ્દત દરમ્યાન, આવા પ્રકારનું સામાન્ય એકસરખાપણું તે પ્રદેશમાં ચાલુ રહેલું. તે મુદ્દતમાં કોઇ કોઇ વખતે અથવા કદાચ વારંવાર જીત મેળવવા અથવા આવી વસવા ખાતર, ઉચ્ચ આશયો-વાળા અથવા વધારે પડતી વસતિવાળા લોકો તરફથી કરવામાં આવતા યત્નોને લીધે, તે શાન્તિમય સુધારામાં બૅબીલોનીઆમાંની અથવા સીરીઆના કિનારા ઉપરની આન્તરિક પ્રગતિની માફક જ થોડા વખતને માટે ખળભળાટ થતો, પરન્તુ તેનો ભંગ થતો નહિ.

આ "ઇટાલો-ડૅન્યૂબીઅન ' સુધારાના સામાન્ય પ્રકાર સંબંધી કાંઇક માહિતી, ત્યાંની પુષ્કળ ખર્ચ કરીને બાંધવામાં આવેલી સુંદર કબરો તથા ઢબ અને આ દેશ પરત્વે તદ્દન સ્વતંત્ર રહેવા છતાં પૂર્વ તરફની વલણવાળી ઈ. સ. પૂર્વે ૮ મા અને ૭ મા સૈકામાંની ગ્રીસ અને લીવૅન્ટમાંની કારીગરીમાંથી ઝીણી ઝીણી બાબતો ગ્રહણ કરેલી તેવી જાતિનાં કોતરકામવાળાં શોભા-યમાન પુષ્કળ કાંસાનાં વાસણો ઉપરથી મળી આવતા પુરાવાને લઇને આપણને મળે છે. તેઓની કબરોમાં માલૂમ પડે છે તેવી દેશી નમુનાની જુદી જુદી ચીજો સહિત દિનચર્યાનાં ક્રિયાક્રમ, રથની શરતો, લડાઇઓ, સરઘસ, જમણવાર, અને જાહેરસભાઓના પુષ્કળ દેખાવો આ વાસણો

ઉપર ચીતરેલા જોવામાં આવે છે. તેથી આવી જાતના ઉંચા દરજ્જાના સુધારાવાળા લોકો ઘણા વખત સુધી તદ્દન અભણ રહેલા હોવાથી, ત્યાંના કાયદા, રાજનીતિ અને ધર્મ સંબંધી તેઓના જ તરફથી આપણને કાંઇ-પણ માહિતી મળી શકે તેમ નથી, એ ઘણું જ શોચનીય છે.

છતાં પણ ગ્રીસ અને રોમના ભૂગોળવેત્તાઓ તે દેશની જાહોજલાલીના સમયમાં તેની નજીકમાં રહેલા હોવાથી ત્યાંના કેટલીક બાબતો એકઠી કરી શકેલા છે, અને તેઓની મારફત કાંઇએક માહિતી આપણને પણ મળેલી છે. તેઓ દ્વારા આપણા જોવામાં આવેલું છે કે, ગૅાલ લોકો ચઢી આવેલા તે પહેલાં આલ્પ્સની ઉત્તરે ડૅન્યૂબ નદીની ખીણનો આખો પ્રદેશ "કેલ્ટી" નામના લોકોના સમૂહનું રહેઠાણ હતું, તથા તેઓ જ્યારે દૂરમાં દૂર ગયલા તે સમયે પૂર્વમાં છેક ક્રીમીઆ પર્યન્ત તેઓનું ચલણ હતું. અહીં ઈ. સ. પૂર્વે ૭૦૦ થી તેઓને પૂર્વ તરફથી ચઢી આવતા સીથિયન લોકોનું દબાણ લાગેલું. ર્‌હાઇન નદીની પેલી તરફ અને છેક ઍટ્‌લૅન્ટિક મહાસાગરના કિનારા પર્યન્ત તેઓ ગયલા, અને ઈ. સ. પૂર્વે ૬૦૦ માં જ્યારે ગ્રીક લોકો માર્સેલ્સ સુધી પહોંચેલા તે સમયે મધ્ય ફ્રાન્સમાં રહેતી બીટ્‌યુરીજીસ નામની મહાન જાતિના લોકો ત્યાંથી આગળ વધી સ્પેનના કેટલાએક ભાગોમાં સારી રીતે જામી ગયલા હતા. તે લોકો લાંબા તથા ગૌર વર્ણના અથવા રતાશ પડતા રંગના, દક્ષિણ તરફની ગરમી સહન ન કરી શકે તેવા, 'વરાહ' માછલી ખાનારા અને જવમાંથી બનાવવામાં આવેલો દારૂ પીનારા, ઘોડાની શરતો કરનારા અને રથ હાંકવામાં પ્રવીણ, ઝનુનથી લડવાવાળા, દયાળુ અને આનંદી સ્વભાવવાળા હતા, એમ તેઓનું વર્ણન કરવામાં આવે છે. આ પ્રમાણે આપણને મળેલો તેઓનો લગભગ ખરેખરો ચીતાર પૂર્ણ થાય છે.

આ પ્રમાણે પરચુરણ સૂચના મળવાથી ડૅન્યૂબ નદીની આસપાસના આખા પ્રદેશમાંની સ્થાનિક કારીગરીની બનાવટોમાં છિન્નભિન્ન થયલી તથા તે મુલકમાંના સુધારાની કેટલીએક ચોક્કસ થઇ શકે તે સમયમાંની સ્થિતિને



લગતી આપણને મળી આવેલી જણાઈ આવે તેવી જાતિની તરવારો, સલા-મતીવાળી ટાંચણીઓ વિગેરે કાંસા તથા લોખંડની હેરવી ફેરવી શકાય તેવી ચીજો, જે સાહસિક લોકોની ટોળીઓએ આ નવા પ્રદેશને સુધારી તેમાં પોતાનો સુધારો દાખલ કરી, અને કદાચ પોતાના ક્ષણભંગુર સામ્રાજ્ય સાથે જોડી દીધેલો, તેઓની હોવાનું આપણને નક્કી કરી શકીએ છીએ. સીથિયન લોકોનો ઇતિહાસકાર હીરોડોટસ અને ગ્રેઇસમાંના લોકોનો ઇતિહાસકાર થુકીડાઇડીસ તે લોકોના વર્ણનની સમાપ્તિ કરતાં કહે છે તેમ, કેલ્ટ લોકોનો હાલનો ઇતિહાસ, "જો તેઓ પોતપોતામાં ફક્ત સંપ રાખી શક્યા હોત તો, કાંઇ પણ તેઓની સામે ટકી શકત નહિ," એટલા જ શબ્દોમાં સંક્ષિપ્ત રીતે આપી શકાય તેમ છે.

પરંતુ, આ કેલ્ટિક લોકો ઇતિહાસના ગૃહના દ્વારમાં પેસે તે દરમ્યાનમાં તો પુષ્કળ શત્રુઓએ તેઓના ઉપર હુમલા કરવાની શરૂઆત કરેલી. પૂર્વ તરફ તેઓમાંના "કામેરીઅન" જાતિના લોકોને જંગલી સીથિયન લોકોએ આખા ઘાસ—પ્રદેશમાંથી જડમૂળથી હાંકી કાઢેલા, અને તેવી રીતે નાસી છૂટેલા સાહસિક લોકોએ ઇ. સ. પૂર્વે સાતમા સૈકામાં લઘુએશિયામાં ધાડ પાડેલી, સને ૬૫૦ ના અરસામાં લીડીઅન લોકોના દેશી રાજ્યને તોડી પાડેલું, અને તેઓની અગાઉ આર્મીનિયાના ધણી થઇ બેઠેલા લોકોની માફક ઍસીરીઆ સુધી પહોંચી, ત્યાંના લગભગ પડી ભાંગેલા સામ્રાજ્યને છેવટનો ફટકો મારેલો. એક સૈકા પછી ઇટ્રસ્કન લોકોની જીતને લઇને આલ્પ્સની પેલી બાજુ ઉપરનો મુલક જુદો પડી ગયો, અને ત્યારબાદ એક સૈકા પછી આ લોકોને ઘણા મળતા આવતા પરંતુ વધારે જંગલી રીતભાત-વાળા, અને અસલના "ઈટાલીક," લોકોને સૅબેલીઅન લોકો સાથે જેના સંબંધ હતો તેવો જ સંબંધ જેઓને રોમન ગ્રંથકર્તાઓ "અસલના અથવા અમ્બ્રીઅન" કેલ્ટ કહે છે તે લોકો સાથે ધરાવતા, મધ્યયુરોપમાંની તેઓની જ જાતિના લોકો ઉત્તર તરફથી નીકળી ડૅયૂબની ખીણના ઘણા ભાગના ધણી થઇ પડેલા. ઈ. સ. પૂર્વે ૪૦૦ ને સુમારે આ ગૅાલ જાતિના

લોકોએ દક્ષિણ તરફ આગળ વધી પડી ભાંગેલ ઈટ્રસ્કન રાજ્યની જગ્યાએ "આલ્પ્સની પેલી બાજુ ઉપરના ગૉલ" પ્રદેશને જન્મ આપેલો, ઈટ્રરીઆને બલહીન કરેલું, સને ૩૯૦ માં રોમ ઉપર ચઢાઈ કરેલી, અને ટૅરેન્ટમને ધાસ્તી પહોંચાડેલી. ત્યાર બાદ એક સૈકા પછી તેઓના એક બીજા ટોળાએ ગ્રીસમાં દાખલ થઇ, ૨૭૯ માં ડેલ્ફી પહોંચી ત્યાંથી હૅલીસ્પૉન્ટ ઓળંઘી લઘુ એશિયાના ઉચ્ચ પ્રદેશોમાં એક નવીન "ગૅલેટીઆ" સ્થાપેલું. સને ૨૩૫ ના અરસામાં આલ્પ્સની પેલી બાજુ ઉપરના ગૉલ પ્રદેશ ઉપર ભયાનક "ગીસેટી" લોકો ચઢી આવેલા; અને જેને લઇને ઍપીનાઇન્સની બીજી તરફના પ્રદેશમાં વચ્ચે પડવાને રોમને કારણ મળેલું તે ચઢાઇ કરનાર પણ, કદાચ આ ગૅલેટીઅન જાતિના બાકી રહેલા લોકો જ હોવા જોઇએ. વાયવ્ય ખૂણા તરફ તેવી જ રીતે પ્રદેશો જીતી લેવાંમાં આવેલા; તથાપિ તે ઘણા વખત પછી બનેલું, અને તેનો વખત મુકરર કરવો એ ઘણું મુશ્કેલ છે; પરંતુ ઇ. સ. પુર્વે પહેલા સૈકામાં જ્યારે જ્યુલીઅસ સીઝરે કેલ્ટ તેમજ બ્રિટનમાંના અસલના વતનીઓ સાથે વેપાર ચલાવતાં બ્રિટનવેનેટાઇ લોકોનાં દરિયાઈ અને વેપારી સાહસિક કામોનો અન્ત લાવી, તેને બદલે સમુદ્ર ઉપર રોમની સત્તા બેસાડી, અને રૂહાઇન તથા ઍટ્લૅંટિક મહાસાગર વચ્ચેના સર્વ પ્રદેશ ઉપર રોમનો અમલ ચાલુ કર્યો; ત્યારે પણ સીન નદીની ઉત્તરના ભાગોમાં બેલ્જીક લોકોની ચળવળ ચાલુ રહેલી હતી.

હાલની દુનિયાના ઇતિહાસનો પ્રભાત સંબંધી આ પુસ્તકમાં વિવેચન કરવાની ધારણા રાખવામાં આવેલી નથી. સીઝરના જમાના અને આપણા કાળની વચમાં ફકત એક જ બીજી મધ્યસ્ત મુદ્દત આવેલી છે, અને તેણે રૂહૅાન નદી ઓળંઘી ગૉલના અગ્રપ્રદેશ ઉપર ચઢાઈ કરી તે પહેલાં તો સૂર્યનો પ્રકાશ પડવો શરૂ થઇ ગયલો. ઇ. સ. પૂર્વે ૫૮ માં સીઝરની સામે થયલા હેલ્વેટાઇ લોકોને પોતાનો દેશ છોડવાની ફરજ પડેલી, અને રૂહાઇન નદીની ઉપરવાસના ભાગમાંના ટ્યુટૉનિક લોકોના દબાણથી તેઓને સહન કરવું પડેલું, અને તે જ વર્ષની પાનખર રૂતુમાં વૉસ્જીસ અને જ્યુરાની વચમાં થઇને ગૉલમાં દાખલ થવાનો યત્ન કરતાં ઍરીઑવીસ્ટસના ટ્યુટાનિક સૈન્ય સાથે સીઝરે લડાઈ પણ કરેલી.



પરંતુ આર્થિક, સામાજિક અને રાજકીય સુધારો ઘણે ભાગે એકસરખો હતો; તોપણ ટ્યુટન અને કેલ્ટ લોકોની ભાષાઓ જુદી જુદી હોવાથી આ સરખાપણું દેખાવમાં આવતું ન હતું. વળી તેટલા સમયસુધીમાં તેઓ બન્નેના લોહીમાં પણ આલ્પ્સ તરફનાં અને ઉત્તરમાંનાં તત્ત્વોનું મિશ્રણ થઇ ચૂકેલું, અને તેઓનો દેખાવ પણ એવો થઇ ગયલો કે, દક્ષિણ તરફના લોકો તેઓને ઓળખી શકે તેમ ન હતું. પરંતુ કાર્પેથીઅન પર્વતોની વચમાંના મધ્યયુરોપના પ્રદેશમાં નહિ પણ તે પર્વતો અને બાલ્ટિક સમુદ્રની વચમાના જંગલોવાળા સપાટ પ્રદેશમાં ટ્યુટૉનિક લોકોની અભિવૃદ્ધિ થયલી. તેઓના મુલકનો વિસ્તાર પૂર્વમાં છેક પ્રીપેટ નદીવાળા મોટા ભીના પ્રદેશપર્યંન્ત, અને પશ્ચિમ તરફ ઓડર નદી સુધી છે. આ અસલની હદની બહારના ભાગોમાં તેઓના છેવટના સમયના સુધારાને લગતી કોઇકોઇ બાકી રહેલી વસ્તુઓ આપણને માલૂમ પડે છે, તેથી ખાસ કરીને હેલેનિક અને અત્યંત પ્રાચીન અંબરના વેપારને લઇને કદાચ માઇનોઅન જાતિના ભૂમધ્ય પ્રદેશોમાંના સુધારાનો તેઓને જે પરિચય પડેલો તે પોતાથી જ નહિ, પરંતુ ડૅન્યૂબની આજુ બાજુના અને આલ્પ્સની પેલી તરફના ત્રાહિત લોકોની મારફત પડેલો. વળી આ બે પ્રદેશોમાંના લોકોને પોતાની ચીજો પણ વેચવી હતી. હિન્દુ-યુરોપીય ભાષા અહીંઆં પણ ફેલાયલી હતી; પરંતુ તે કેવી રીતે અને કયારે દાખલ થયલી, તે સંબંધી કાંઇપણ ચોક્કસ કહી શકાય તેમ નથી. જે કાંઇ નિશ્ચિત છે તે એટલું જ છે કે, આ જંગલવાળા આખા પ્રદેશમાં લોકોની ગતિ ચાલુ રહેલી, અને તે ગતિ ખાસ કરીને ઘાસવાળા પ્રદેશોથી દૂરના ભાગોમાં થતી હતી. અમુક જાતિની હોવાથી નહિ, પરંતુ રાજકીય અગત્યતાવાળી વખતો વખત નાની સંખ્યામાં ચઢાઇએ, થતી તે, બાકી રહી ગયલા લોકો તરફથી ખાસ ઇરાદાપૂર્વક કરવામાં આવેલી હોય એમ જણાય છે.

તેજ પ્રમાણે રોમન લોકો તરફથી સમુદ્ર કિનારાના રક્ષણ માટે રાખવામાં આવેલાં થાણાં ઉઠાવી લેવામાં આવ્યા પછીથી ખરેખરી પહેલા દરજ્જાની થઇ પડેલી દરિયાઈ સત્તા ધરાવનાર સ્કૅન્ડીનેવિયામાંના લોકોના ત્યાર બાદ ઘણા વખતે બહાર નીકળી પડવા સંબધી પણ બહુ જ સંક્ષિપ્ત નોંધ આપી શકાય તેમ છે. તે લોકોમાંના સુધારાની શરૂઆત જાહોજહાલીવાળા પથ્થરના જમાનાથી થાય છે; તેઓનું આગીઆ પથ્થરની કારીગરીનું કામ મિસરમાંનાં કૉપ્ટૅાસમાંના કામ સાથે બરાબરી કરે તેવું છે. ત્યાર પછી તેટલી જ જાહોજહાલીવાળો કાંસાનો જમાનો આવેલો, અને તે ઉત્તરમાંના ભૂમધ્ય સમુદ્ર જેવા જ સમુદ્રના બન્ને કિનારા ઉપરના પ્રદેશોમાં પ્રસરેલો હતો. તોપણ જ્યારે દક્ષિણમાંના ભૂમધ્ય સમુદ્રમાંનો દ્વીપોનો સમૂહ તેના એક ખાંચામાં, અને તેના એક વધારે જંગલી કિનારો આખો, તે સમૂહ અને ઍટ્લૅન્ટિક મહાસાગર વચ્ચે આવેલો છે, ત્યારે બાલ્ટિકમાંનો “ઇજીઅન” ના જેવો ભાગ સ્વીડન અને ડેન્માર્કની વચમાં અને ત્યાંથી જીબ્રાલ્ટર, એલ્સીનોર નજીક આવેલા છે. વળી ડૅન્યૂબ અને હુન્નર ઉદ્યોગવાળા દક્ષિણ તરફના ભાગ તરફ જવાના મોટા રસ્તા તરીકે એલ્બ નદીની ખીણનો માર્ગ છે. તેથી અંગ્રેજી ખાડીની પેલી તરફ દષ્ટિ પહોંચાડે તેવી પહેલી ઍટ્લૅન્ટિક મહાસાગરને લગતી દરિયાઈ સત્તાનો જન્મ, માઇનોઅન જમાનામાંનાં ક્રીટ અને કાર્થેજ અને રોમમાં પણ ન થતાં અહીં જ થયલો, એ તદ્દન સ્વાભાવિક છે.

આ સત્તાને જન્મ આપનાર લોકો ચોખ્ખા “ઉત્તર તરફના જ” હોવા છતાં, તેઓની હિંદુ–યુરોપીય ભાષા એવી મિશ્રિત હતી કે, ઘણી વખતે એમ પણ તકરાર લાવવામાં આવે છે કે, આ ભાષાના આખા કુટુમ્બની જન્મભૂમિ આ પ્રદેશ જ છે. અહીંની ભાષા અને સંસ્થાઓ બન્નેનો કાળક્રમ નક્કી કરવો, એ પાછું અસંભવિત છે, અને કાંસા તથા શરૂઆતના લોખંડના ઉદ્યોગની મુદ્દત પણ હજી સુધી ઘણી જ જુદી જુદી આપવામાં આવે છે. પરંતુ આ બાબતની કાંઈ વધુ અગત્યતા નથી; કારણ કે,



ટ્યુટન લોકોના કરતાં પણ ઘણા જ મોડા સમય પછી અહીંના ઇતિહાસની શરૂઆત થાય છે. જો કે સ્વીડનમાંનાં બૅાહુસ્લૅન મધ્યેનાં બાલ્ટિકમાંની દરિયાઈ મુસાફરીનાં ચિત્રોવાળાં દફતરો ઘણા વહેલા વખતને લગતાં છે, તોપણ ઉત્તરમાંના લોકોની મહત્તાનો વખત નવમા અને બારમા સૈકાની વચમાં આવેલો છે, છતાં તેઓની સાહસિકતાનો પ્રદેશ ઘણો જ બહોળો છે. જમીન માર્ગે રૂષિયાના મધ્યમાં થઇને છેક તેઓ કાળા સમુદ્ર પર્યન્ત ગયલા, અને ત્યાં પાછા તેઓ પૂર બહારની સ્થિતિમાં પહોંચેલા; દરિયા રસ્તે તેઓમાંના કેટલાએક આઇસલૅન્ડમાં જઇ વસેલા, અને ગ્રીનલૅન્ડની પેલી તરફ પણ તેઓએ શોધખોળ ચલાવેલી. તેઓએ નૅાર્મન્ડીનો આખો અને બ્રિટિનીનો કેટલોએક પ્રદેશ જીતી લીધેલો, અને “સાંકડા સમુદ્ર” ના દરેક કિનારા ઉપરની વસતિ ઉપર ઘણી જ ઉંડી અસર કરેલી. ભૂમધ્ય સમુદ્રમાં પણ વારંવાર જઇ, સૅરેસન લોકો પાસેથી સિસિલી. મૃત્યુવશ થયલ ઇસ્તમ્બુલના જડ થઇ ગયલા પંજામાંથી દક્ષિણ ઇટાલી પાછાં મેળવી, ક્રુઝેડમાં ધર્મયુદ્ધ ચલાવી શકાય તેમ છે, તે સિદ્ધ કરી આપેલું. ઍટ્લૅન્ટિક મહાસાગરના બન્ને કિનારા ઉપરના અમલ ચલાવવાના ખરેખરા સાધનરૂપ નૌકાશાસ્ત્ર અને વહાણ બાંધવાની કળા, ઍટ્લૅન્ટિક મહાસાગરના કિનારા ઉપરના તેમ જ ભૂમધ્ય સમુદ્રમાંના વહાણવટીઓમાંના તેનો ઉપયોગ કરી શકે તેવા દરેક બહાદુર લોકોને તેઓએ શીખવેલી; અને ઍટ્લૅન્ટિક મહાસાગર ઉપર જય મેળવવો તે અર્વાચીન દુનિયાના આગમન માટેની નિશાની છે.

આ આખા વિષયની સમાપ્તિ થોડાએક શબ્દોમાં થઇ શકે તેમ છે. “ઇતિહાસ વિનાના” લોકોના ખાસ દાખલાઓના નિરીક્ષણ ઉપરથી આપણે એવા નિશ્ચય ઉપર આવીએ છીએ કે, મનુષ્યની કુદરત સાથેની હરીફાઇમાં બન્નેનાં બળ જુદી જુદી રીતે એવા એક સરખાં છે કે, જ્યાંસુધી મનુષ્યો પોતે અને જે દુનિયામાં તેઓ વસે તે, કાંઇપણ ફેર પડ્યા વિના ચાલુ રહે છે ત્યાંસુધી કોઇપણ જાતના વધારે ફેરફારનો સવાલ જ રહેતો નથી, તથા ઘણા બહોળા પ્રદેશોમાંની વસ્તુસ્થિતિ ઘણા લાંબા કાળ પર્યન્ત

કાંઇપણ ફેરફાર રહિત ચાલુ રહેલી પણ છે, અને જ્યાંસુધી આ પ્રમાણે રહેવા પામેલી છે ત્યાંસુધી નોંધ કરવા લાયક કાંઇપણ " ઐતિહાસિક બીના" તેવા સંજોગોમાં બનવા પામેલી નથી.

આ ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે, ઐતિહાસિક બનાવો મનુષ્ય અને કુદરત વચ્ચેના સત્તાના સમતોલપણામાં ફેરફાર થવાથી મનુષ્યને કુદરત ઉપર પોતાનો કાબુ બેસાડવાને ખાસ નવીન યત્નો કરવાં પડે છે ત્યારે જ બનવા પામે છે; તથા નીલ અને યુફ્રેટીસ નદીઓના પ્રદેશો, ભૂમધ્ય સમુદ્રમાંના દ્વીપો અને દ્વીપકલ્પો, મધ્યયુરોપના જંગલોવાળા પ્રદેશ, અને બાલ્ટિક સમુદ્રની આસપાસના મુલકના અને સર્વથી વિશેષ રીતે પર્વતોવાળા જમીનના પટ્ટાના પ્રદેશની ઉત્તર તથા દક્ષિણમાંના મોટા ઘાસ–પ્રદેશોનાં દષ્ટાન્તો ઉપરથી આપણે જોયલું છે કે, એક સામટી રીતે કહીએ તો, ઐતિહાસિક બનાવની ઉપર મુજબના એ શબ્દના અર્થમાં ત્રણ મુખ્ય જાતિઓ છે.

પહેલું તો એ કે, અમુક લોકોનાં લક્ષણોમાં જ ફેરફાર થાય છે. અગાઉ કાંઇપણ અપ્રતિમ બુદ્ધિ હોવાનું જોવામાં આવેલ નહિ તેવા કુટુમ્બમાંથી કોઇએક અસામાન્ય બુદ્ધિશાળી વ્યકિત અચાનક નીકળી આવે છે, તેવું ઘણી વખત આપણા જોવામાં આવેલું છે, અને આવા એક કુટુમ્બમાં ભાગ્યયોગે બનતો બનાવ અમુક જમાનાના સંબંધમાં પણ શા માટે બનવા ન પામે, તેનું કારણ આપણે જોઇ શકતા નથી. તો પણ તેવા બનાવ ક્વચિત્ જ બનવા છતાં, આખા જમાનામાં એવા વારંવાર બને કે, ઇતિહાસકર્ત્તાને તેની નોંધ લેવાની ફરજ પડે છે. યુરોપમાં તેરમો સૈકો, અને ઇગ્લાંડમાં રાણી ઇલીઝાબેથનાં રાજ્યનો સમય એ આવી જાતનાં બુદ્ધિશાળી પુરૂષો થઇ જવા માટેના મશહુર દાખલા છે; અને અસામાન્ય બુદ્ધિશાળી પુરૂષોની સુધારાની પ્રગતિ કરવાની શક્તિ, તેઓની સંખ્યાનાં પ્રમાણમાં ઘણી જ વિશેષ હોવાનું અથવા અણધારેલા સારા સંજોગોમાં એકી વખતે તેઓ ઘણા મહાન પુરૂષોના પરિશ્રમને લઇને તેવી શકિત ગમે તેટલી હદ બહાર હોવા છતાં, તેમાં વધારે પ્રમાણમાં ઉમેરો થતો હોવાનું જણાવવાને ખાસ જરૂર રહેતી નથી.



બીજું, અમુક પ્રદેશનાં કુદરતી લક્ષણોમાં ફેરફાર થાય છે. લોકોને કાંતો દેશ છોડી જવું પડે છે, અથવા બીજા દેશના લોકો ત્યાં આવી વસે છે, તેવો લોકોનાં નિર્વાહનાં સાધનો ઉપર અસરકારક હવામાં ફેરફાર થાય, તે તેવી જાતનાં લક્ષણોમાં થતા ફેરફારનો ઉત્તમ અને રૂઢ દષ્ટાન્ત છે.

ત્રીજું, અમુક પ્રદેશનાં કુદરતી લક્ષણોમાં અથવા અમુક લોકોનાં પોતાના જ લક્ષણોમાં ફેરફાર ન થાય છતાં, બીજા દેશમાં કુદરત અથવા લોકોમાં બીજી જ જાતિનાં ફેરફાર થવાને લીધે તે પ્રદેશમાં વસતા લોકો, નવીન લોકોના સહવાસમાં આવે છે અને તેઓ વચ્ચે હરીફાઇ થાય છે એટલે વળી પાછા કુદરત અને કુદરતનાં સાધનો ઉપર કાબૂ મેળવવા માટેના મનુષ્યના નવીન જાતિનાં યત્નો શરૂ થાય છે.

આ ત્રણે જાતિના ફેરફારોની એક એકદમ થતી અસર એ છે કે, તેને લીધે મનુષ્યને પોતાની જીંદગી ગાળવાનું કામ વધારે મુશ્કેલ થઇ પડે છે, અને તે અસર પૂરતું જ તેઓમાં મળતાપણું રહે છે. નવીન વસ્તુસ્થિતિમાં મનુષ્યને તેવી જ જાતના યત્નો વધુ કરવા પડે છે, અથવા તો જૂની રીતિ મુજબ કરવામાં આવતા યત્નોની ધારેલી અસર હવે થતી નથી, અને તેથી કરીને હવેની જરૂરીઆત પૂરતા યત્નો કરવાની જેઓને શકિત અથવા ઇચ્છા હોતી નથી તેઓને પોતાની કાર્યહિનતા માટે સહન કરવું પડે છે. વળી મનુષ્યની જીંદગી વધારે ગુંચવાડા ભરેલી પણ થવા પામે છે. તેઓને વધારે કામ કરવું પડે છે એટલું જ નહિ, પરન્તુ તેઓને કરવાનાં કામ પણ ઘણી જાતિનાં હોય છે. કામના જુદા જુદા વર્ગ પાડવામાં આવે છે, તેમ તે જુદા જ પ્રકારનું હોય છે, અને તેથી કામ કરનારાઓને પણ અમુક કામને જ વળગી રહેવું પડે છે. તેનું પરિણામ એ આવે છે કે, સુધારો આગળ વધતો જાય છે, અને તેની સાથેસાથે નાગરિકત્વ એટલે કે, સુધરેલી દુનિયામાં વર્તવાની કામેલીઅત, અસ્તિત્વમાં આવે છે. પરન્તુ એટલું તો નક્કી છે કે, દરેક પ્રદેશમાંનો સુધારો અને નાગરિકત્વ એ, તે જ જગ્યાએ ત્યાંનાં મનુષ્યોના પોતપોતાના " સારી રીતે રહેવાના " યત્નો સૂચવનાર છે.

આ નિબંધમાં હાલનો ઇંગ્લાંડમાંનો સુધારો જ્યાંથી આવેલો છે તે પ્રદેશોમાં આ સર્વે પ્રગતિ "ઐતિહાસિક જમાના" માં ઉંચામાં ઉંચા દરજ્જે પહોંચે ત્યાં સુધી તેનો ક્રમ દર્શાવવાનું યોજવામાં આવેલું છે, અને ઇતિહાસની ભૂગોળની દષ્ટિએ અને ભૂગોળની ઇતિહાસની દષ્ટિએ તથા બન્નેની પ્રાણીશાસ્ત્રની દષ્ટિએ ચર્ચા કરવાનો યત્ન કરવામાં આવેલો છે; અને તેનાં પરિણામે, સર્વ કોઇના કરતાં આ ગ્રંથના લેખકને વધારે સ્પષ્ટ રીતે લાગવા મુજબ અર્ધ જોવામાં આવેલી વસ્તુઓ અને અર્ધ પાર પાડવામાં આવેલ કાર્યક્રમના જેવી અસ્પષ્ટ રૂપરેખા આપવામાં આવેલી છે. પ્રાણીશાસ્ત્ર તરફ વિશેષ પડતો વાંચકવર્ગને લાગે, અને "મનુષ્યો જાણે ચાલતાં વૃક્ષો જ હોય તેમ જણાતાં હોવા" સંબંધી અગાઉ થયલ ફર્યાદ નવેસર કરવાનો પ્રસંગ પાછો પ્રાપ્ત થાય તો, તેઓએ ધ્યાનમાં રાખવાનું છે કે, ઉપર મુજબ ફર્યાદ કરનાર "દરેક મનુષ્યને સ્પષ્ટ રીતે જોવામાં" ઘણે અંશે ફતેહમંદ થયલો છે.

સમાપ્ત

# શ્રી સયાજી સાહિત્યમાળા.

૧ **संस्कृत वाङ्मयाचा इतिहास.** ૨-૮-૦ "આ પુસ્તક ઉંચી પ્રતિનું અને સાહિત્યના અભ્યાસીઓને ખાસ અગત્યનું છે."—**બુદ્ધિપ્રકાશ.**

૨ **ભૂપૃષ્ઠવિચાર.** (સચિત્ર) ૦-૧૦-૦ "વિદ્યાર્થીઓ માટે આ પુસ્તક યોજ્યું છે, અને તેના વાચનથી તેમને ઘણું જાણવાનું અને શીખવાનું મળશે."—**બુદ્ધિપ્રકાશ.**

૩ **આપણા લઘુબન્ધુ અંગ્રેજ.** ૧-૦-૦ "ઇતર પ્રજાનું ગૃહજીવન જાણવાને લગતો, પ્રસ્તુત પુસ્તકમાં જે પ્રકાશ પડયો છે તેને લીધે તેટલા પુરતો લેખકનો શ્રમ સફળ થએલો અમે માનીશું." —**ગુજરાતી પંચ.**

"ભાષાંતર સારી અને સરળ રીતે કરવામાં આવ્યું છે...તે આપણા બાળ સાહિત્યમાં સારો વધારો કરે છે."—**અંજલિ.**

"આ પુસ્તક બાળોપયોગી છે, એટલું જ નહિ, પણ મોટી વયનાં તે વાંચે તો તેને તેટલુંજ ઉપયોગી છે."—**ચંદ્રપ્રકાશ.**

"The book describes the life of English children at home, their places of amusement etc."—**Modern Review.**

"બાળકોને નિરસ ન લાગે, માટે વર્ણનને એક કુટુંબ-જીવનરૂપી દોરાથી ઠીક ગ્રંથી લીધું છે. પરિણામમાં એક વાર્તા જેવો આભાસ થાય છે, અને વાર્તા જેવી રસિકતા જામે છે...દરેક કુટુંબની બાળ લાઇબ્રેરીમાં આ ચોપડી રાખવા અમારી ભલામણ છે."—**સાહિત્ય.**

"આ પુસ્તકમાં ઇંગ્લાંડનાં બાળકો કેવી પ્રવૃત્તિથી આનંદ અને જ્ઞાન મેળવે છે તેનું વર્ણન આપવામાં આવ્યું છે. વાંચતાં આપણને અનુભવ થાય છે કે આપણે ઇંગ્લાંડમાં જાણે કેમ ન હોઇએ...ઇંગ્લાંડમાં બાળ-

કેળના વિકાસ માટે કેટલો બધો મહાન્ પ્રયાસ થાય છે તેનો ખ્યાલ પણ આ પુસ્તકમાંથી આવે છે...દરેક ઘરમાં અને પુસ્તકાલયમાં આવાં પુસ્તકો જરૂર રાખવાં જોઇએ. "–**કેળવણી.**

"પ્રસ્તુત પુસ્તકમાં બાળકોને ઇંગ્લાંડ વિશે વાર્તારૂપે બહુ રમુજી માહિતી આપવામાં આવી છે. તેના વાચનથી બાળકોને ઘણો આનંદ મળશે. "–**બુદ્ધિપ્રકાશ.**

"અંગ્રેજી નહિ વાંચી જાણનારા આપણા મોટા સમૂહને પણ આ પુસ્તક ઉપયોગી થયાં વગર રહેશે નહિ. "—**જ્ઞાનપ્રકાશ.**

"ભાષાંતર સરળ અને વિદ્યાર્થીઓથી પણ સમજી શકાય તેવું થયું છે." **ત્રિમાસિક.** પોષ, ૧૯૭૫.

૪ **અલકાનો અદ્ભુત પ્રવાસ.** (સચિત્ર) ૧–૬–૦ "આ પુસ્તક રા. રા. જયસુખરાય પુરૂષોત્તમરાય જોષીપુરાએ "એલાઇસીઝ ઍડવેન્ચર્સ ઇન વન્ડર્લૅન્ડ" નામના અંગ્રેજી પુસ્તક ઉપરથી તૈયાર કર્યું છે. અંગ્રેજી પુસ્તક માત્ર અંગ્રેજી ભાષામાં જ નહિ પણ યુરોપની લગભગ સર્વ ભાષાઓમાં અનુવાદરૂપે સુપ્રસિદ્ધ છે. આવા પુસ્તકનો ગૂજરાતીમાં અનુવાદ કરવો મુશ્કેલ છે, પણ આ કાર્ય મિ. જોષીપુરાએ ખાસ પરિશ્રમ લઇ બનતાં ફતેહ સાથે પાર પાડયું છે; તે માટે તેમને અભિનંદન ઘટે છે. "—**ગુજરાતી પંચ.**

"આ પુસ્તક આપણા બાળોપયોગી સાહિત્યમાં સારો વધારો કરે છે...અનુવાદ ઘણો પ્રશંસનીય છે. "—**અંજલિ.**

"ઉક્ત પુસ્તક પાશ્ચાત્ય સંસ્કૃતિનું નૂતન પ્રકારનું હાસ્યવિનોદ પુસ્તક છે એમ કહી શકાય. તથાપિ અમારે કહેવું જોઇએ કે, રા. જોષીપુરાએ તેને ગૂજરાતીમાં ઉતારતાં મૂળ ભૂમિકા કાયમ રાખી જ્યાં જ્યાં ફેરફાર કરવો યોગ્ય જણાયો છે ત્યાં ત્યાં ફેરફાર કરી તેને ગૂજરાતી પ્રજાયોગ્ય કરવા પ્રયત્ન કર્યો છે.—"**ચંદ્રપ્રકાશ.**



"મૂળ અંગ્રેજી પુસ્તક ઘણું સારૂં છે. તેનો ગુજરાતી તરજુમો કરવાનું કામ સહેલું નથી; તથાપિ રા. જોષીપુરાએ ગુજરાતી સંસારને લાગુ પડે તેવી રીતે અનુવાદની ગુંથણી કરી છે...છેક નાનાં બાળક તો નહિ, પણ બારેક વરસનાં છોકરાં હોંસે હોંસે વાંચે તેવું તે જાણે મૂળે જ ગુજરાતીમાં લખાયું હોય તેવું સુંદર પુસ્તક આપણી સમક્ષ રજુ થયું છે." —**સાહિત્ય.**

"ઇંગ્રેજી ભાષામાં શ્લેષના પ્રયોગોથી જે રસ જમાવ્યો છે તે આ પુસ્તકમાં જળવાયો છે. વિચિત્ર કવિતાની ગમત મૂળ પુસ્તકમાં ઉપજાવી છે તે અહીં પણ દાખલ થઇ શકી છે, તે માટે લેખકને યશ ઘટે છે...દરેક ઘરમાં, શાળામાં અને લાયબ્રેરીમાં આ પુસ્તક સંઘરવાની જરૂર છે. "–**કેળવણી.**

"બાળસાહિત્યમાં આથી એક નવીન જાતિના પુસ્તકનો ઉમેરો થયો છે; અને વિદ્યાર્થી વર્ગમાં તે બહુ આદર પામશે. "—**બુદ્ધિપ્રકાશ.**

"ઇંગ્રેજી જીવન સાથે વણાએલી વાર્તાને ગૂજરાતના જીવન સાથે બંધ બેસતી કરવી એ કાર્ય સાધારણ કઠિણતાનું નહતું; તથાપિ રા. જોષીપુરાએ એ બહુ ફતેહમંદીથી કર્યું છે. "–**વસંત.**

"ભાષાંતર સરળ અને વિદ્યાર્થીઓથી પણ સમજી શકાય તેવું થયું છે,"—**ત્રિમાસિક** પોષ, ૧૯૭૫.

૫ **આબાપને બે બોલ** (બીજી આવૃત્તિ) ૦–૬–૦; ૦–૪–૦ "પુસ્તકની શૈલી ઘણી જ રસિક અને સુગમ છે...ભાષા નિર્મલ અને સરળ છે, અને આખું પુસ્તક વાંચતાં ઘણો રસ અને બોધ મેળવાય છે. તે વાંચવા અમે સર્વે ગૃહસ્થો અને ગૃહિણીઓને ભલામણ કરીએ છીએ."—**નવજીવન અને સત્ય.**

"પુસ્તકમાં દર્શાવવામાં આવેલા વિચારો ઘણા ગંભીર અને મનન કરવા યોગ્ય છે"—**અંજલિ.**

"દરેક સ્ત્રીપુરૂષે વાંચવું જોઇએ. ખાસ કરીને સ્ત્રીએ તો આ પુસ્તક

અવશ્ય વાંચવું જોઇએ. આપણી શાળામાં કામ કરનાર શિક્ષકે આ પુસ્તક વાંચવું જ નહિ પણ વિચારવું જોઇએ...ભાષા શુદ્ધ છે. ભાવ સરળતાથી જણાવવામાં આવ્યા છે; ક્લિષ્ટતાનું દર્શન જ વલ્લેજ થાય છે. "—ચંદ્રપ્રકાશ.

"The translation reads well enough"—**Modern Review**.

"છટાદાર અને વાંચવી ગમે તેવી ઝમકવાળી બાનીમાં આ તરજુમો રા. ભરતરામે કર્યો છે."—**સાહિત્ય.**

"ભાષાંતર સરલ, શુદ્ધ અને સંસ્કારી થયું છે...ગુર્જર સાહિત્યમાં બાલસાહિત્યનો અભાવ છે; બાલસાહિત્યનો અને બાલજીવનનો વિકાસ કેમ કરાવી શકાય તેની વ્યવહારૂ સંજ્ઞાઓ સુન્દર સ્વરૂપે આમાં ઉતરેલી છે."—**બુદ્ધિપ્રભા.**

"પુસ્તકની વસ્તુ તેનું મથાળું જ પ્રદર્શિત કરે છે...બાલકના ચારિત્ર્યના બંધારણ માટેની સાંસારિક, માનસિક, અને નૈતિક સાથે આધ્યાત્મિક કેળવણી ઋષિ મુનિઓના કાળમાં હોવાની પૂર્વ-ઇતિહાસ સાક્ષી પૂરે છે. પરંતુ દશા હાલ ફરી ગઇ છે; અને તેવે સમયે આ તેમ જ આવા પ્રકારનું પ્રસિદ્ધ થતું સાહિત્ય વિશેષ આદરણીય છે."—**ગુજરાતી પંચ.**

"આ અનુવાદ છે, અને તે કાર્ય રા. ભરતરામે બહુ સારી રીતે કર્યું છે. તે પુસ્તક સઉ કોઇએ વાંચવા જેવું છે."—**બુદ્ધિપ્રકાશ.**

"અમારી ખાત્રી છે કે, નવા વર્ષની મુબારકબાદી ઇચ્છનારા પત્રો એક બીજાને મોકલવામાં આવે છે તેને બદલે આ પુસ્તક જો એક વખત સ્નેહી મિત્રોમાં ફેલાવવામાં આવે તો તેની ઉપયોગિતા કાર્યસાધક નીવડયા વગર રહેશે નહિ. મરાઠી પુસ્તકનો ગૂજરાતી ભાષામાં સરસ તરજુમો કરનાર રા. ભરતરામે ગૂજરાતી સાહિત્યની સેવા બજાવી છે."—**જ્ઞાનપ્રકાશ.**

"અમે ઇચ્છીએ છીએ કે, માબાપ આવાં પુસ્તક વાંચીને છોકરાંને તદનુસાર ઉછેર."—**વસંત.**



'માબાપોને બે બોલ' નામનું પુસ્તક દરેક માબાપે તેમ જ દરેક શિક્ષકે વાંચવા તથા મનન કરવા યોગ્ય છે."—**ત્રિમાસિક.** પોષ, ૧૯૭૫.

૬ **હિન્દુસ્તાનના દેવો** (સચિત્ર) ૪-૦-૦ "આ પુસ્તક અનુવાદ રૂપે પણ રા. બ. કમળાશંકરે લખ્યું છે તેથી અસલ પુસ્તકની મહત્તા વધી છે, અને હાલના સ્વરૂપમાં પણ આ સચિત્ર પુસ્તક ગુર્જર વાચકવર્ગને અત્યંત ઉપયોગી થઇ પડશે એમાં કશો શક નથી."—**ગુજરાતી પંચ.**

"રા. કમળાશંકરભાઇએ ભાષાંતર ઘણી સારી રીતે કર્યું છે. તેમને કંઇક ઠેકાણે ક્ષતિઓની અનુપૂર્તિ કરવા અને મૂળમાંથી આપેલા અર્થોની છાયા બદલવા 'ફુટનોટ' આપવી પડી છે. એકંદરે આપણા ધર્મ અને ધર્મની ક્રિયાઓ તેમ જ તેમના ઉપાસ્ય દેવોની પૂજાનાં હાર્દને સમજ્યા વગર પોતે વિદેશીય ધર્મવિકાસની કેવી ઉત્તમ સમાલોચના કરી શકે છે એમ અભિમાન ધરાવનાર યુરોપીય પંડિતો આપણા ધર્મ પ્રતિ કેવી દ્રષ્ટિથી જુએ છે તેનું આ પુસ્તક અચ્છું દર્શન કરાવે છે."—**અંજલિ.**

"રાવબહાદુર કમળાશંકરભાઇએ ભાષાન્તર કરતાં મૂળ લેખકે આપણા ગ્રંથોમાંથી જે જે ઉતારા લઇ પુસ્તક રચ્યું હતું તે તે ઉતારા અસલ પાઠ સાથે આપ્યા છે, તેથી એ પુસ્તક બેવડી ગરજ સારે છે, ને તે માટે એ પુસ્તક નમૂનેદાર બન્યું છે...પુસ્તક અદ્વિતીય છે, અને ધાર્મિક હોઇ સર્વોપયોગી છે."—**ચંદ્રપ્રકાશ.**

"This translation, it is needless to say, is well done."—**Modern Review.**

"બનતાં લગી દરેક દેવનું તથા દરેક આખ્યાયિકાને લગતું ચિત્ર આપ્યું છે. એકંદરે ચિત્ર સંખ્યા ઘણી મોટી છે, ને તમામ ચિત્રો સુઘડ અને સ્વચ્છ છે. ભાષાંતર છતાં પુસ્તકની ભાષા મૂળ જેવી જ સહેલી ને અકૃત્રિમ છે. કોઇ પણ લાઇબ્રેરીએ આ પુસ્તક સિવાય ચલાવી લેવું ન જોઇએ."—**સાહિત્ય.**

"પુસ્તકની ભાષા ઘણી સરળ, અને મનોગમ્ય છે. દરેક પ્રકારે પુસ્તક ઉત્તમ કોટિનું છે. દરેક પુસ્તકાલયમાં આ પુસ્તક અવશ્ય રાખવા જેવું છે." —કેળવણી.

"ભાષાંતર બહુ સારૂં છે, અને ભાષાંતરકર્ત્તાએ પોતા તરફથી કેટલાંક ઉતારારૂપી ટિપ્પણો ઉમેરીને ગ્રંથને વધારે કિંમતી બનાવ્યો છે."—**વસંત.**

૭ **નીતિશાસ્ત્ર.** ૦-૧૪-૦; ૦-૧૦-૦. "સુંદર અને સંસ્કારી ભાષામાં તેનું ભાષાંતર થએલું જોઇ અમને હર્ષ થાય છે."—**ગુજરાતી પંચ.**

"ભાષાંતર માટે પુસ્તકની ચુંટણી સમર્થ અંગ્રેજ વિદ્વાનોને હાથે લખાયલી અને લોકોની પ્રશંસા પામેલી પુસ્તકમાલામાંથી કરવામાં આવેલી છે...ભાષાંતર પણ તેટલી જ ઉત્તમ રીત્યે થએલું છે."—**અંજલિ.**

"The translator...has been able to do justice to the original."—**Modern Review.**

"ખુબીથી પ્રો. અતિસુખશંકરે આ નવીન વિચારોને આપણા દેશી લેખાસમાં રજુ કર્યા છે. નીતિશાસ્ત્ર એક રીતે યુરોપીય શાસ્ત્ર છે તથાપિ જાણે તે આ દેશનું જ હોય તેવું તેને રૂપ આપ્યું છે, અને ભાષા પણ સામાન્ય રીતે સરળ અથવા સમજણું પડે તેવી તો છે જ."—**સાહિત્ય.**

"પુસ્તકની ભાષા સરળ છે, અને કઠણ હોય ત્યાં સંસ્કારી હોય છે. ઇંગ્રેજી ન ભણ્યા હોય તેવા જીજ્ઞાસુ વાચક માટે સારો ખોરાક આ પુસ્તકમાં અપાએલો છે."—કેળવણી.

"આ અનુવાદ છે, અને તે ઉત્તમ રીતે કરવામાં આવ્યો છે."—**બુદ્ધિપ્રકાશ.**

"ગૂજરાતી શાળાના ઉપલા વર્ગ અને ટ્રેઇનિંગ કૉલેજોમાં અભ્યાસ કરતા શિક્ષકો માટે આ પુસ્તક ઘણું કીંમતી થઇ પડશે."—**જ્ઞાનપ્રકાશ.**

"શબ્દોની યથાર્થતા જાળવતાં ભાષાંતર જેટલું સરળ બની શકે તેટલું સરળ કરવામાં આવ્યું છે."—**વસંત.**

"નીતિ શાસ્ત્રનું ભાષાંતર જોઇએ તેવું, સરળ થયું છે."—**ત્રિમાસિક.** પોષ, ૧૯૭૫.



૮. **પ્રેમાનંદ** (સચિત્ર ચરિત્ર) ૧-૦-૦; ૦-૧૨-૦ "ગૂજરાતી સાહિત્યનું ગૌરવ વધારનાર કવિવર પ્રેમાનંદના જીવનનો વિશાળ તેમ જ ઉંડો અભ્યાસ કર્યા પછી, અતિ મન્થનને પરિણામે આ પુસ્તક ગૂજરાતના જાણીતા ને જુના લેખક શ્રીમાન ભાનુસુખરામભાઇએ તૈયાર કર્યું છે...પ્રેમાનંદને વાંચતાં પ્રસ્તુત વિષયના વૈવિધ્યમાં નિમગ્ન થયા સિવાય કોઇપણ કાવ્યરસજ્ઞ વાચક નહિ રહે એમ અનુભવે અમે કહી શકીએ છીએ."—**ગુજરાતી પંચ.**

"ચરિત્રગુચ્છનો આ મણકો ખરેખર સારી રીતે લખાએલો છે. આવી જાતનાં સ્વતંત્ર પુસ્તક અત્યંત આવકારદાયક છે, અને કર્ત્તાએ કવિ પ્રેમાનંદને પોતાના અભ્યાસનો ખાસ વિષય બનાવી આપણા ભાષાસાહિત્યની આ રીતે ઘણી સારી સેવા બજાવી છે."—**અંજલિ.**

"Compilation shows all the marks of great laboriousness, and gives much information in a compact form."—**Modern Review.**

"આમાં સ્વતંત્ર રીતે પ્રેમાનંદનાં પુસ્તકોની તપાસ લેવામાં આવી છે અને કેટલાક યોગ્ય નિર્ણય ઉપર કર્તા આવેલા છે...આ પુસ્તક લખવામાં લેખકે ઘણો શ્રમ લીધો છે. ઘણા હસ્તલિખિત ગ્રંથો ઉકેલ્યા છે."—**સાહિત્ય.**

"ગૂજરાતી ભાષાના મહાન અધ્વર્યુ પ્રેમાનંદ જેવા કવિનું ચરિત્ર ગૂજરાતી ભાષામાં અત્યાર સુધી લખાયું ન હતું; ટુંકા ટુંકા નિબંધો, અને ટુંકાં જીવનવૃત્તાન્ત આમ તેમ પ્રકટ થયાં હતાં ખરાં. આ પુસ્તક સાહિત્યદ્રષ્ટિથી બહુ જ ઉપયોગી છે...પ્રેમાનંદની સાહિત્ય સેવાનો જે વિભાગ આ પુસ્તકમાં છે તે બહુ કિંમતી છે. પ્રેમાનંદની બધી કૃતિઓ સંબંધી જાણવા જેવી હકીકત આ પુસ્તકમાં છે."—**કેળવણી.**

"ગૂજરાતી સાહિત્યના અભ્યાસીને આમાંથી ઘણું જાણવાનું મળશે, અને તે એક ઉપયોગી પુસ્તક થઇ પડશે."—**બુદ્ધિપ્રકાશ.**

"કવિના જીવનચરિત્ર સાથે તેનાં પુસ્તકોનો ટુંક પરિચય આપવાથી

લોકો પોતાને રસ પડતું પુસ્તક આખું વાંચવા ઉત્કંઠા ધરાવશે, અને તેના અભ્યાસીઓનો વધારો કરશે. "—**જ્ઞાનપ્રકાશ.**

"લેખકે ગુજરાતના મધ્યકાલીન મહાન્ કવિના સંબંધમાં થયલી છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણે તેમના જીવનચરિત્રનું નિરૂપણ કર્યું છે; અને તેમના કાવ્યોની સાહિત્યની દૃષ્ટિથી તુલના કરી છે. લેખકનો પરિશ્રમ સફળ થયો છે."—**ત્રિમાસિક.** પોષ, ૧૯૭૫.

૯ **જગતનો વાર્તારૂપ ઇતિહાસ.** ગ્રંથ પહેલો ૩–૮–૦. "જગતમાં" હરેક રીતે આગળ વધવા માટે જગતના ઇતિહાસનો અભ્યાસ આવશ્યક છે, અને બાળકોને કઠિન ન લાગે તેવી ભાષામાં લખાએલા આ ગ્રંથથી બાળસમાજની ઉત્તમ સેવા મિ. શાહે બજાવી છે."—**ગુજરાતી પંચ.**

"સરળ વાર્તાઓમાં જગતના ઇતિહાસનું સારૂં જ્ઞાન આપે છે... ભાષાંતરકારની પ્રસ્તાવના વાંચવા જેવી છે."—**અંજલિ.**

"In the translation, there are portions which cannot but interest them (*children.*)"—**Modern Review.**

"આ ગ્રંથમાંથી કેટલાંક પ્રકરણ વાંચતાં એમ જ લાગે છે કે, જાણે આ ભાષાંતર નથી. એવી ગાંઠા ગળફા વગરની સરળ વાણી...ઉચ્ચારી છે." —**સાહિત્ય.**

"ગૂજરાતી ભાષા દ્વારાજ પોતાનું જ્ઞાન વિસ્તૃત કરવાનું જેમને હોય છે તેમને માટે તો આ પુસ્તક બહુ જ સારી માહિતી આપનારૂં છે...આ પુસ્તક ગૂજરાતની પ્રત્યેક લાયબ્રેરીમાં રાખવા જેવું છે, સંસ્કારી કુટુંબમાં વાંચવા જેવું છે; બાળકો–એટલે યુવાનો–પણ વાંચી શકે તેવી સહેલી ભાષા આ પુસ્તકમાં વપરાઇ છે એટલે પુસ્તકની ઉપયોગિતા બહુ છે."—**કેળવણી.**

"આવા એક ઉપયોગી પુસ્તકની પ્રસિદ્ધિ ગૂજરાતી સાહિત્યમાં ખચિત અભિનંદનીય ગણાય એટલું બધું તે પુસ્તક આકર્ષક છે."—**બુદ્ધિપ્રકાશ.**



૧૦ **बाळोद्यानपद्धतीचें गृहशिक्षण (सचित्र)** ०–१०–०; ०–६–०.

૧૧ **દેહધર્મવિદ્યાનાં તત્ત્વો.** ૧–૦–૦; ૦–૧૪–૦ "આપણા ગૂજરાતી સાહિત્યમાં વિજ્ઞાનનાં પુસ્તકો ગણ્યાગાંઠ્યાં છે તેમાં આ પુસ્તકથી મહત્ત્વનો ઉમેરો થયો છે...એ વિષયના પાઠ્યપુસ્તક તરીકે આ પુસ્તક ઉત્તમ નીવડશે...આખા પુસ્તકમાં એક પણ પરભાષાનો પારિભાષિક શબ્દ દાખલ થયો નથી. આ પ્રમાણે શુદ્ધ ગૂજરાતીમાં આવું અઘરૂં વિજ્ઞાનનું પુસ્તક તૈયાર કરવા માટે લેખકને તથા લખાવનારને ખરેખર ધન્યવાદને ઘટે છે. પારિભાષિક શબ્દો ઘણા જ યોગ્ય અને અર્થસૂચક યોજાયા છે, અને પુસ્તકને છેડે આપેલા શબ્દકોશથી વાંચન ઘણું સરળ થઇ જાય છે."—**વડોદરા વર્તમાન.**

"આપણા લોકો આરોગ્યવિદ્યા અને શરીરશાસ્ત્ર વિષે તદ્દન અજ્ઞાન હોવાથી આવાં પુસ્તકો ઘણાં ઉપયોગી અને ઉપકારક છે."—**હિન્દુસ્તાન.**

"આ પુસ્તક ગૂજરાતી સાહિત્યની એક પ્રકારની ઉણપ મટાડવાના હેતુથી તૈયાર કરાવવામાં આવ્યું જણાય છે. શારીરવિદ્યા આપણા વૈદ્યો જે સ્વરૂપે જાણે છે તેમાં પશ્ચિમની શોધથી જે સુધારા થવા જોઇએ તે આવા પુસ્તકથી થઇ શકે. ઉંચુ જ્ઞાન આપવાની કોઈ પાઠશાળા દેશી ભાષાદ્વારા પોતાનું કામ કરવા ઇચ્છે ત્યારે આવાં પુસ્તકની જરૂર પડે...શારીરવિદ્યાની સંપૂર્ણ હકીકત આ પુસ્તકમાં છે તેથી પુસ્તકની શિષ્ટતા સ્થપાઇ છે...ઘણા શબ્દો આપણા વૈદ્યકીય પુસ્તક ઉપરથી યોજાયા છે; પણ ઘણા શબ્દો યુક્તિથી બનાવ્યા છે...ભાષાંતર કરવું એ બહુ કઠણ કામ છે; વિજ્ઞાનના પુસ્તકનું ભાષાંતર કરવું એ એથી પણ કઠણ છે. એવું કામ રા. રા. દવે સ્થિરતાથી કરી શકયા છે તે માટે જોઈતો આગ્રહ શ્રમ અને બુદ્ધિવ્યાયામ તેમણે બતાવ્યો છે; તેથી એમને તો ધન્યવાદજ ઘટે છે."—**કેળવણી.**

"તેમાં શરીરનાં બંધારણ અને રચના વિષે ઉપયોગી માહિતી આપેલી છે પુસ્તકને છેડે પારિભાષિક શબ્દોનો કોશ આપ્યો છે, જે સાહિત્યના અભ્યાસીઓને તેમજ અન્ય લેખકોને સહાયભૂત થઇ પડશે."—**બુદ્ધિપ્રકાશ**

"...આ પુસ્તક ફરી ફરીને જેમ જેમ વાંચીએ છીએ તેમ તેમ તેમાં રહેલો ગૂઢાર્થ ઉકલાતો જાય છે તે રસ વધતો જાય છે. ... ઉપરો છાપરી વાંચનથી આપણે પારિભાષિક શબ્દોથી ટેવાઇ જઇએ છીએ. આવા અઘરા વિષયના પારિભાષિક શબ્દો સહેલા યોજાયા છે. અલબત્ત નવા જોડા પહેરીએ ત્યારે ડંખ પણ પડે તેમ આ શબ્દો પહેલાં જડબાફાડુ લાગશે, પણ તેથી કોઈ ભાષાની પ્રગતિને અટકાવ કરાય નહિ. પુસ્તકને છેડે પારિભાષિક શબ્દકોષ આપ્યો છે તે જ ચાળીશ પાનાં રોકે છે. આવા વિસ્તૃત શબ્દકોષથી વાચકનું વાંચન બહુ સરળ થઇ જાય છે. માત્ર વાંચતાં આવડવું જોઇએ, વાંચવાનો શોખ ઉત્પન્ન થવો જોઇએ, વાંચવાની ધીરજ હોવી જોઇએ. અમે મૂળ પુસ્તક સાથે આ ભાષાંતર અથથી ઇતિ સુધી સરખાવી જોયું છે અને આવા સુંદર રૂપાંતર માટે અમે રા. દવેને ધન્યવાદ આપીએ છીએ. આપણે ત્યાં દેશી ભાષાદ્વારા કેળવણી આપનારી ઘણી સંસ્થાઓ છે. તેવી કોઈ સંસ્થામાં આ પુસ્તક ટુંક મુદતમાં દાખલ થયલું જોવામાં આવે તો તેમાં કંઇ નવાઇ જેવું નથી."

**નવજીવન અને સત્ય** જાન્યુઆરી–ફેબ્રુઆરી ૧૯૧૯.

"...The task of coining new technical terms for a language, which is as yet innocent of any really comprehensive scientific vocabulary of its own, is no doubt a difficult one and we congratulate Mr. Dave for having passed through the ordeal creditably."—

**Hindustan Review.** March 1919.

૧૨ **વિજ્ઞાનપ્રવેશિકા.** ૦–૧૧–૦. "આપણા ગુર્જર સાહિત્યમાં વ્યવહારૂ વૈજ્ઞાનિક ગ્રંથોની ઘણી ખોટ છે, અને તે દરમ્યાન આ પ્રકારનું સાહિત્ય પ્રસિદ્ધ થવા માંડયું છે, એ બેશક આવકારદાયક છે. પ્રસ્તુત પુસ્તકમાં જ્ઞાનનું વર્ગીકરણ, ભૌતિકવિદ્યા, જીવવિદ્યા અને મનોધર્મવિદ્યા એમ ચાર વિષયોનો સમાવેશ થએલો છે, અંતે પારિભાષિક શબ્દોનું ટીપણું છે. એકંદરે ભાષાંતર સુંદર થયું છે."—**ગુજરાતી પંચ.**



"It has been so well done that it almost reads like an original work."—**Modern Review.**

"આ ગુજરાતી અનુવાદ છે, અને તે પ્રયત્ન સફળ થયો છે...અંગ્રેજી શબ્દોને ગુજરાતી અર્થસૂચક પારિભાષિક શબ્દોમાં ઉતારવાનો પ્રયાસ ઘણો જ સ્તુતિપાત્ર છે. કેટલાક યોજવામાં આવતા શબ્દો જરા ક્લિષ્ટતાનું ભાન કરાવે છે એવો આરોપ મુકવામાં આવે છે. પરંતુ કોઈ પણ ભાષામાં આવા પ્રકારના પ્રથમ પ્રયાસો પ્રજાને દુર્બોધ્ય જ જણાયા હશે. આવા લેખકોને આ માર્ગ ગ્રહણ કરતાં જુની શિષ્ટ ભાષાઓનો આશ્રય લેવો પડે છે એ વાત ધ્યાનમાં રાખવાની છે. રફતે રફતે આવા શબ્દો વપરાસ અને પરિચયને લીધે આરૂઢ થઇ જાય છે, અને આપણે ત્યાં પણ તેમ જ થશે. વિષયની ગહનતા તરફ જોતાં આ પુસ્તકની ભાષા ક્લિષ્ટ કહી શકાય નહિ."—**અંજલિ.**

"પરિભાષા યોજવા તથા નવા વિચાર ગૂજરાતીમાં દર્શાવવા માટે રા. પુરાણીએ ઘણો શ્રમ વેઠયો છે."—**સાહિત્ય.**

"આ પુસ્તક લોકો વાંચે તેના કરતાં લોકો પાસે બીજા કોઇ વાંચી બતાવે તો વિશેષ ઉપયોગી થાય તેમ છે...હવે ગુજરાતમાં સમજાવા લાગ્યું છે કે, કેવળ અક્ષરે અક્ષર ભાષાંતર કરવા કરતાં મૂળ વિચાર પ્રમાણે જ અનુવાદ કરવો એ વધારે લાભદાયક છે. પારિભાષિક શબ્દો જે યોજવામાં આવ્યા છે તેમાંના કેટલાક બહુ સારા યોજાયા છે."—**કેળવણી.**

"આ અનુવાદ પણ વાંચકવર્ગમાં સારી પ્રીતિ સંપાદન કરશે. પુસ્તક ઉંચી પ્રતિનું છે, અને સર્વને તે વાંચી જવાની વિનંતિ છે."—**બુદ્ધિપ્રકાશ.**

"વિજ્ઞાન–પ્રવેશિકાનું ભાષાંતર પણ જીંદગીના વીમા જેટલું જ સરલ અને સ્પષ્ટ થયા છતાં મૂળ ગ્રંથકારના લખાણનો ભાવ ઓછો થયો નથી. ભાષાંતર કરવામાં ખાસ કરીને પારિભાષક શબ્દો અને ઇતર ભાષાઓના જ મનોભાવદર્શક શબ્દોની પુરી મુશ્કેલી નડે છે. ગાયકવાડ સરકારના કેળવણી ખાતાની ભાષાંતર શાખાએ તેવા શબ્દોનાં ભાષાંતરો નિર્ણિત કરી કંઇક અંશે

તે મુશ્કેલી ઓછી કરેલી જણાય છે.......એકંદર, શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી જે કામ હાથમાં લેવામાં આવ્યું છે, તે બહુ અગત્યનું વખતસર, અને ઉપયોગી છે. ભાષાંતર ખાતાના જે અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે, તેઓ ઉત્સાહી અને વિદ્યાવિલાસી હોવાથી ગુજરાતી ભાષામાં ઉપકારક જ્ઞાનવૃદ્ધિ કરવામાં તેમનો પરિશ્રમ સફળ થશે, એમ સંપૂર્ણ આશા રહે છે...."—ત્રિમાસિક. પોષ, ૧૯૭૫.

૧૩. **જીંદગીનો વીમો** ૦–૧૧–૦ "આ પુસ્તક વીમો ઉતરાવનારાઓને મનપૂરતી માહિતીઓ મેળવવા માટે ખાસ ઉપયોગી નીવડ્યા સિવાય રહેશે નહિ."—**ગુજરાતી પંચ.**

"આવી જાતનાં પુસ્તકોનો આપણા વાચનસાહિત્યમાં બીલકુલ અભાવ, તેથી આ પુસ્તક ઘણું આવકારદાયક થઇ પડશે. વળી, વિમો ઉતરાવનારને તેમ જ આપણા વ્યાપારી વર્ગને પણ તેમાંથી ઘણું શીખવાનું મળે તેમ છે ...આપણા વ્યાપારી વર્ગને પોતાના દેશનું વિમાનું કામકાજ પોતાના હાથમાં લેવાનો વખત આવી પહોંચ્યો છે તે સમયમાં આ પુસ્તક એક સારૂં માર્ગદર્શક થઈ પડશે."—**અંજલિ.**

"This, we believe, is the first book of its kind in Gujarati...It gives all up-to-date information on the subject...The writer has been able to put into it great interest and attraction"—**Modern Review.**

"જુદાં જુદાં પુસ્તકોનો આધાર માત્ર લીધો છે, પણ ખરી રીતે સ્વતંત્ર પુસ્તક હોય તેવી જ તેની રચના છે...વિમા વિષે સવિસ્તર સમજણ આ પુસ્તકથી મળે છે; તેની ખાસ ખુબી એ છે કે, જુદી જુદી જાતના વિમાની સમજુતી આપેલી છે, ને તે પણ તદ્દન ઘરગથુ ભાષામાં. દરેક માણસે આ ચોપડી વાંચવી જોઇએ."—**સાહિત્ય.**

"ગૂજરાતી ભાષામાં સંપૂર્ણ માહિતી આપનાર આ એક સારૂં પુસ્તક છે. વડોદરા રાજ્યે આ પુસ્તક પ્રકટ કરી ઘણી મોટી જરૂરીઆત પૂરી પાડી



છે એમ કહ્યા સિવાય ચાલે તેમ નથી...જેમણે જીંદગીનો વિમો ઉતરાવ્યો હોય તેમના કુટુંબમાં આ પુસ્તકનું એક વખત વાચન અવશ્ય થવું ઘટે છે, અને પુસ્તકનો સંગ્રહ પણ તેવા ઘરમાં થવો ઘટે છે. પુસ્તકની ભાષા બહુ જ સરળ અને સાદી છે."—**કેળવણી.**

"આવા સાહિત્યની આપણે અહીં ખરી જરૂર છે, અને તેની પ્રસિદ્ધિ લાભદાયી થશે જ."—**બુદ્ધિપ્રકાશ.**

"ગુજરાતી વાઙ્મયમાં આ નવીન અને રમુજી વિષય દાખલ થએલો જોઈ અમે આશ્ચર્ય અને આનન્દ પામીએ છીએ."—**વસંત.**

"**જીંદગીના વીમાનું** ભાષાંતર સામાન્ય કેળવાયલો પણ સમજી શકે તેવું થયું છે તેને માટે કર્તા સંપૂર્ણ ધન્યવાદને પાત્ર છે."—**ત્રિમાસિક.** પોષ ૧૯૭૫

૧૪. **દયારામ** ૦–૧૧–૦; ૦–૧૦–૦ "જીવનચરિત્ર સંપૂર્ણ વાંચ્યા પછી ખાત્રી થાય છે કે, રા. મોદીએ પોતાનું કાર્ય રસિકત્તાથી, વિદત્તાથી અને ભાષાભિમાનથી પાર પાડ્યું છે...પુસ્તકની ભાષા પણ સરળ અને લાગણી ભરી રાખેલી છે."—**સાહિત્ય.**

"આ પુસ્તક લખાવવાને માટે લેખકની ચુંટણી કરવામાં ઘણી કુશળતા વાપરવામાં આવી છે. આ પુસ્તક સાક્ષરી પરંતુ સરળ અને રસિક ભાષામાં લખાયું છે, અને તેમાં કવિ દયારામના જીવનના અનેક પ્રસંગો મહાશ્રમથી મેળવીને આપવામાં આવ્યા છે કવિ દયારામનું ચિત્ર બને તેટલી તટસ્થતાથી લખવામાં આવ્યું છે."—**હિન્દુસ્તાન.**

"કવિ દયારામભાઇ કોણ હતા, કેવા હતા, ગૂજરાત એમનું કેટલું ઋણી છે, ગૂજરાતી સાહિત્યવ્યોમમાં એ કયું સ્થાન લે છે, વિગેરે બાબતો આ પુસ્તકના વાચનથી વાચકને સ્પષ્ટ થાય છે. પુસ્તકની ભાષા ઘણી ઘરગથુ અને સ્ત્રીપુરૂષને સમજાય તેવી છે."—**વડોદરા વર્તમાન.**

"લોકશિક્ષણ માટે અને સાહિત્યના શોખનો પ્રચાર કરવા માટે આવાં પુસ્તક વિશેષ ઉપયોગી થઇ પડે છે. આ પુસ્તકની ભાષા અથથી ઇતિ સુધી સરળ છે. કવિ દયારામના જીવનની વાર્તા—ખરી તેમ જ લોકોક્તિને આધારે લખાએલી—સારી રીતે એકત્ર સાંકળેલી છે...અમને તો આ જીવનચરિત્ર

સારી ભાષામાં લખાએલી એક સળંગ કથા જેવું લાગે છે...લેખકે પુસ્તકને વાંચવા યોગ્ય બનાવ્યું છે...આ પુસ્તક ગૂજરાતી સાહિત્યના અભ્યાસી થવા ઇચ્છા રાખનારે વાંચવું જોઇએ "—**કેળવણી.**

"'કવિ દયારામનું જીવનવૃત્તાંત આ ગ્રંથમાં રા. જગજીવનભાઈ મોદીએ સુંદર રીતે આલેખ્યું છે, અને તેના વાચનથી સૌ કોઇને આનંદ થશે. આ પુસ્તકની રચના સરળ અને આકર્ષક છે."—**બુદ્ધિપ્રકાશ.**

"...આવા સુંદર સ્વરૂપમાં પુસ્તક તૈયાર કરવા માટે અમે રા. મોદીને ધન્યવાદ આપીએ છીએ...."—**નવજીવન અને સત્ય** જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૧૯.

"...Mr. Modi has turned out a valuable short biographical sketch of the darling of literary Gujarat—Dayaram The style of the book is delightfully simple. ...The author takes us very rapidly from one interesting incident in the poet's life to the other. He has personally collected and verified a good deal of information about the poet and we believe that he must have spent a considerable amount of time and energy over his book...."—**Hindustan Review.** *March 1919.*

" લેખકે ગુજરાતના મધ્યકાલીન મહાન્ કવિના સંબંધમાં થયલી છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણે તેમના જીવન ચરિત્રનું નિરૂપણ કર્યું છે અને તેમનાં કાવ્યોની સાહિત્યની દ્રષ્ટિથી તુલના કરી છે. લેખકનો પરિશ્રમ સફળ થયો છે."

—**ત્રિમાસિક** પોષ, ૧૯૭૫

" એ જીવન ચરિત્ર સંપૂર્ણ વાંચ્યા પછી ખાત્રી થાય છે કે, રા. મોદીએ પોતાનું કાર્ય રસિકતાથી, વિદ્વત્તાથી અને ભાષાભિમાનથી પાર પાડયું છે. × સાથે સાથે પુસ્તકની ભાષાપણ સરગઅને લાગણી ભરી રાખેલી છે×.—**સાહિત્ય.**

૧૫ **सुधारणा व प्रगति** ૩-૮-૦.

૧૬ **વીર પુરૂષો.** ૦-૧૨-૦: ૦-૧૧-૦. " પુસ્તક મુખ્યત્વે કરીને બાળકોને વધારે ઉપયોગી નીવડે તેવું હોવાથી પુસ્તકની ભાષા છેક ઘરગથુ અને આબાલવૃદ્ધ સૌથી સમજી શકાય તેવી છે. પરદેશોના વીર પુરૂષોનાં સાહસોની પણ આપણાં બાળકોને જાણ થાય તે માટે આ પુસ્તક શાળાઓમાં પાઠ્ય પુસ્તક તરીકે દાખલ થાય એવું અમે ઇચ્છીએ છીએ "—**વડોદરા વર્તમાન.**



" આ નાનું પુસ્તક વીર પુરૂષો વિષે બોધક વાતો આપણી સમક્ષ સહેલી ભાષામાં મૂકે છે...પશ્ચિમના સાહિત્યમાંની કેટલીક વાતો જાણવાથી આપણને કાંઇ નુકશાન નથી; ઉલટું વીર પુરૂષોની વીરતા આપણા ચારિત્ર્યમાં ઉતારવાનું મન થવાનો સંભવ છે."—**સાહિત્ય.**

"આવા એક ગ્રંથની પસંદગી કરવા માટે ખાતાને તેમ જ તેનો સરસ અનુવાદ કરવા માટે રા. ભરતરામને અભિનંદન ઘટે છે. વિદ્યાર્થીવર્ગને તે વાંચવાની ખાસ ભલામણ છે."—**બુદ્ધિપ્રકાશ**

" ...ગ્રીસ દેશમાં પણ પુરાણકથા કેવી ચમત્કારી અને રસવાળી હોય છે તેનો ખ્યાલ આ કથાપરથી ઠીક આવશે. " **કેળવણી.** જાન્યુઆરી-ફેબ્રુઆરી. ૧૯૧૯.

" ભાષાંતર સરળ અને વિદ્યાર્થીઓથી પણ સમજી શકાય તેવું થયુ છે. " **ત્રિમાસિક.** અંક ૪ થો સવંત ૧૯૭૫. નવજીવન અને સત્ય. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૧૯.

"...પુસ્તકની ભાષા ઘણી સરળ અને ઘરગથ્થુ છે. અમે મૂળ પુસ્તક સાથે આ પુસ્તક શબ્દશઃ સરખાવી જોયું છે ને અમને લાગે છે કે, મૂળના જે ભાવ છે તે આ ભાષાંતરમાં તેવાને તેવા કાયમ રહ્યા છે. × × × આપણે ત્યાં બાલસાહિત્ય હજી જોઇએ તેટલા પ્રમાણમાં ખીલ્યું નથી. તેવે વખતે આ પુસ્તકનો ઉમેરો ખરેખર અગત્યનો છે. × × × આમ આવી સંસ્થાઓ મુખ્યત્વે કરીને અસ્પર્શ્ય ગણાતા વિષયો જે છેડે છે તેમ છેડતી રહેશે તો આપણી ભાષાની સમૃદ્ધિ ટૂંક મુદતમાં વધી પડશે એવી અમને ખાત્રી છે. આ પુસ્તક કોઇ શાળાઓમાં પાઠ્ય પુસ્તક તરીકે સ્થાન પામશે તો અમને કે કોઇ સુજ્ઞ સાહિત્ય પ્રેમીને જરા પણ આશ્ચર્ય લાગશે નહિ...."—**નવજીવન અને સત્ય.**—જાન્યુઆરી ફેબ્રુઆરી, ૧૯૧૯.

"...The rendering into Gujarati, is quite simple."—
**Hindustan Review.** March 1919.

૧૭. **ઉદ્ભિજ્જવિદ્યાનું રેખાદર્શન** (સચિત્ર) ૧-૦-૦; ૦-૧૫-૦.

" ભૂતળમાં ઉગી નીકળતી વિવિધ વનસ્પતિઓના આકાર, અવયવો

કોષ-જન્મ, વૃદ્ધિ અને જીવનનું મૂળ બીજ, દેહ ધર્મ-વૃદ્ધિ, સંકોચ અને વિનાશનાં સાધનો તથા તેને લગતી ક્રિયા, નિવાસ, જીવશેષત્વ, ઉચ્છેદ, દોષનિદાન અને વર્ગીકરણ એ સઘળું જેમ એક ચિત્રની રૂપરેખા દોરવામાં આવે તેમ આ પુસ્તકમાં દોરેલ છે. વિજ્ઞાનશાસ્ત્રનો વિષય હોવાથી વાપરવા પડેલા કઠિન શબ્દોનું વિવરણ ઉપસંહાર પ્રકરણની પછી પારિભાષિક શબ્દકોષરૂપે મૂકી આ વિદ્યાના અભ્યાસી વાચક વર્ગને માટે વિશેષ સરળતા કરી આપી છે."—**અંકુશ** ચૈત્ર, ૧૯૭૫.

"આ પુસ્તકના ભાષાંતરથી ગુજરાતી ભાષામાં વૈજ્ઞાનિક સાહિત્યની સારી વૃદ્ધિ થઈ છે."—**ત્રિમાસિક** પુસ્તક ૧૫, સંવત ૧૯૭૫.

"The way in which the translator has handled his subject, together with the glossary given at the end is sure to make it interesting to those who are interested in the subject, and we think it is a useful addition to the scanty literature in science which we have at present."—**Modern Review.** May 1919.

૧૮ **કરોળીઆ,** ૦-૧૩-૦, ૦-૧૪-૦:—

"...સામાન્ય એટલે શાસ્ત્રીય અંગ્રેજી જ્ઞાન જેમણે નથી મેળવ્યું, તેવાં માણસો વાંચી સમજી શકે તેવી રીતે આ ગ્રંથ લખાયો છે × × × ×"—**સાહિત્ય.** માર્ચ, ૧૯૧૯.

"આ પુસ્તકમાં કરોળીઆ સંબંધી શાસ્ત્રીય માહિતી આપવાનો પ્રયત્ન થયો છે. આવાં પુસ્તક ગુજરાતી ભાષામાં હમણાં જ લખાય છે; તે માટે સયાજી સાહિત્ય માળાના યોજકને ધન્યવાદ ઘટે છે. × × × આવાં પુસ્તકો તો ગામડાના સીનીઅર શિક્ષકોએ પોતાના ખરા અવલોકનપરથી લખવાં જોઈએ. જ્યારે એવું થશે ત્યારે જ આપણા દેશની ખરી પ્રાણીવિદ્યા અને ઉદ્‌ભિજ્જ વિદ્યા ખેડાશે. ત્યારે જ ભાષાંતર કરવાનું કામ બંધ પડશે. આ પુસ્તકમાં કરોળીઆની જાતો, તેમની દિનચર્યા, સ્વભાવ, શરીર રચના, તેમના દુશ્મને વગેરે માહિતી આપવામાં આવી છે. ભાષા સરળ છે." × × **કેળવણી.** મે, ૧૯૧૯.



૧૯. **બ્રિટિશ રાષ્ટ્રીય સંસ્થાઓ,** ૦-૧૩-૦; ૦-૧૨-૦. "હિંદી નેશનલ કોન્ગ્રેસે ઘણાં વર્ષોના સતત પ્રયત્નથી ક્રમે ક્રમે આ દેશમાં જે રાજદ્વારી જાગૃતિને દાખલ કરી છે અને જેને હાલના યુરોપીય મહાવિગ્રહની પૂર્ણાહુતિના સમયમાં વિશેષ વિકાસ મળ્યો છે તથા તેને લીધે ઉછરતા શિક્ષિત વર્ગમાં ઉન્નતિના પ્રકાશમય વિચારોની પ્રભા ચારે બાજુ ફેલાવા લાગી છે તે સમયમાં દરેક માણસે જાણવું બહુ જરૂરનું છે કે, બ્રિટિશ મહારાજ્યનો વિકાસ કેવાં બંધારણોથી થયો છે, એ બંધારણથી કેવા કેવા સુધારાઓ આવકારદાયક નિવડયા છે, હાલનું રાજ્યતંત્ર કેવાં કેવાં નાનાં મોટાં અંગોથી ગોઠવાયું છે અને એમાં સ્વાતંત્ર્યભાવનાઓના કેવા કેવા તથા કેટલે કેટલે અંશે રંગો પૂરાયા છે અને સમયના અમુક અંતરે તેવા રંગોથી તેના સ્વરૂપમાં કેવા કેવા ફેરફાર થયા છે અને થાય છે? તે સઘળું ટુંકામાં સમજાવનાર આ પુસ્તક ધ્યાન દઈને વાંચવું બહુ જરૂરનું છે."—**અંકુશ.** ચૈત્ર, ૧૯૭૫.

"...હાલમાં જ્યારે હિંદી પ્રજા પોતે દેશનો રાજ્યકાર્યભાર ચલાવવાની સત્તાની માંગણી કરે છે ત્યારે બ્રિટિશ રાજ્યમાં કાર્યભારનું બંધારણ કેવું છે અને તેની કેવી વ્યવસ્થા ચાલે છે, તે દરેક મનુષ્યે અવશ્ય જાણવું જોઈએ. આ લઘુ પુસ્તકમાં તે વિષે જોઈતી સઘળી હકીકતો પૂરી પાડવામાં આવી છે ભાષાન્તરની ભાષા એટલી બધી સરળ છે કે, આવો અપરિચિત વિષય પણ બહુ સરળતાથી સમજી શકાય છે. હાઈસ્કૂલોમાં અને ગુજરાતી ટ્રેઈનિંગ સ્કૂલોમાં આ પુસ્તક પાઠ્ય પુસ્તક રાખવા યોગ્ય છે."—**ત્રિમાસિક** પુસ્તક ૧૫ સંવત ૧૯૭૫.

"...The book gives all possible information on this important matter, and as each chapter has been written after close study, it would prove of great assistance to the student in making him familiar with such a subject which every Indian should know well."—

**Modern Review. May 1919.**

૨૦. **મીરાંબાઈ.** ૦–૧૧–૦; ૦–૧૦–૦. "મીરાંબાઈના જન્મકાળ અને જીવનવૃત્તાંત વિશે જૂદી જૂદી દંત- કથાઓ પ્રચલિત છે અને તે પરથી ઐતિહાસિક દ્રષ્ટિએ, તેમનું જીવનચરિત્ર આલેખવાને કેટલાક લેખકોએ પ્રયાસ કર્યો છે; પરંતુ પ્રમાણભૂત અને સ્વતંત્ર એવું એકે પુસ્તક અદ્યાપિ પ્રસિદ્ધ થયું ન હતું, તેમ જ તે સઘળાં સાધનો એકત્ર કરવાં એ પણ એક શ્રમસાધ્ય કાર્ય હતું. તેથી પ્રસ્તુત પુસ્તકની નોંધ લેતાં અમને ખાસ આનંદ થાય છે....આખું પુસ્તક ખસુસ કરીને વાંચવા જેવું છે અને તે રસિક રીતે લખાયું છે..." —**બુદ્ધિપ્રકાશ** જાન્યુઆરી, ૧૯૧૯.

"**મીરાંબાઈ** સંબંધી ઐતિહાસિક માહિતી છુટા છુટા લેખોમાં અત્યાર સુધી ગુજરાતમાં છવાઈ રહી હતી, તેને છણીને રા. ભાનુસુખરામે આ પુસ્તકમાં યોગ્યરૂપે સંઘરી છે તે ઘણું ઉંચું કામ થયું છે....લોકવાયકા-પરથી અને પ્રચલિત કથાઓપરથી મીરાંબાઈનું જીવનચરિત્ર જેટલું સંપૂર્ણ બનાવી શકાય તેટલું સંપૂર્ણ બનાવવામાં આવ્યું છે."–**કેળવણી** એપ્રિલ, ૧૯૧૯

"એવી ભક્ત બાઈનું ચરિત્ર વડોદરા રાજ્યે પ્રકટ કરાવી ગુજરાતની સેવા કરી છે. ભાષા સાદી છે. ઈતિહાસની દૃષ્ટિએ ઉપયોગી થઈ પડે તેવી કેટલીક બાબત આ પુસ્તકમાં છે. મીરાંબાઈ માટે ખરો અભિપ્રાય બાંધવા સારૂ આ પુસ્તક સહુએ વાંચવું જોઈએ."—**હિંદુસ્થાન**, ૧૬ મી જાન્યુઆરી, ૧૯૧૯.

"...મીરાંબાઈનું જીવન ઘણી સારી રીતિ લખવામાં આવ્યું છે. રા. ભાનુસુખરામે ઐતિહાસિક દ્રષ્ટિએ વિશ્વાસ રાખવા જોગ જીવન ઠીક ઉપજાવી કાઢ્યું છે. પ્રસ્તુત ચરિત્રમાં વાંધો લેવા જેવું કશું રહેતું નથી...તેની શૈલી એવી સુંદર મોહક અને ભાવકભરી તથા એકદમ સહેલી છે કે, ઉલટભેર વાંચી શકાય અને અનુકરણીય શૈલીના નમુના તરીકે આગળ ધરી શકાય..." —**સાહિત્ય** ફેબ્રુઆરી, ૧૯૧૯.

૨૧. **ચિસ્ત.** ૧–૦–૦.



૨૨. **પ્રાણીવિદ્યાનું રેખાદર્શન** (સચિત્ર) ૧–૦–૦; ૦–૧૪–૦. "વિજ્ઞાનનાં પુસ્તકો વાર્તાનાં પુસ્તકો જેવાં ગડગડાટ વાંચી શકાય તેવાં નીવડે, એવી આશા રાખવી વ્યર્થ છે' એવો અભિપ્રાય ધરાવ્યા છતાં...પ્રસ્તુત પુસ્તકની ભાષા મોટે ભાગે સહેલી ને ગડગડાટ શકાય તેવી છે. ઓખામંડળના દરિયાઈ પ્રાણી વિશેની માહિતી દાખલ કર્યાથી પુસ્તકની પ્રાસંગિક ઉપયોગિતા વધી છે."—**સાહિત્ય.**

"આ પુસ્તક લખવામાં પારિભાષિક શબ્દો બહુ યોજાયા છે, અને તેમાંના કેટલાક તો ઘણા જ બંધબેસતા છે. વિજ્ઞાનના વિષયને ગુજરાતી ભાષામાં ઉતારવા ઇચ્છતા લેખકે એક વાર આ પુસ્તકના પારિભાષિક શબ્દ તરફ અવશ્ય નજર નાંખવી જોઈએ."–**કેળવણી.**

"વડોદરા રાજ્ય ગુજરાતી સાહિત્યમાં જે વૃદ્ધિ કરતું જાય છે તે બદલ તેનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. હમણાં હમણાં વિજ્ઞાનનાં પુસ્તકો તરફ એ રાજ્યની કેળવણી ખાતાની નજર પડી છે અને સારા અને લોકોપયોગી પુસ્તકો બહાર પાડવામાં ઘણે અંશે સફળતા મેળવી છે. "પ્રાણી વિદ્યાનું રેખાદર્શન" થોડા વખત ઉપર બહાર પડ્યું છે તેનો પ્રયાસ એકંદર જોતાં ફલીભૂત થયો છે. પ્રાણીવિદ્યાને લગતું સાહિત્ય ગુજરાતીમાં નહિ જેવું જ છે માટે આવા પ્રયાસોને પ્રજા ઉત્તેજન આપે તે ઇચ્છવા જોગ છે.." × × × × "સ્વતંત્ર પુસ્તકોને અભાવે આવી જાતના અનુવાદો આવકારદાયક ગણવા જોઈએ." × × × એકંદર અનુવાદ સફળ થયો છે. પારિભાષિક શબ્દો બનાવવાની મુશ્કેલી આવી જાતના પુસ્તકના અનુવાદને હંમેશાં નડે છે તે છતાં પણ કેટલીક વખત વાચકો એવા શબ્દો સમજી શકતા નથી તે ન થવા પામે તે માટે ભાષાંતર કર્તાએ ઘણી કાળજી રાખી છે—**બુદ્ધિપ્રકાશ**, ફેબ્રુઆરી ૧૯૧૯.

*Prani Vidyanu Rekhadarshan* is a translation of 'Zoology' in the People's Books series and as such reads quite well.

We notice with pleasure the glossary of new and difficult words at the end. It adds to the usefulness of the work.—**Hindustan Review.** March, 1919.

" પુસ્તક વૈજ્ઞાનિક હોવાથી ભાષા વાર્તા જેવી ન સંભવે છતાં આ ગ્રંથમાં ભાષા પ્રમાણમાં બહુ સહેલી ને ઝટ સમજાય તેવી છે. " × × × " પારિભાષિક શબ્દો બહુ જ અર્થસૂચક, ટૂંકા અને મહેનત લેનારને યાદ રહે તેવા યોજાયા છે. લેખકનાં પહેલાંનાં પુસ્તકોમાં પરભાષાના શબ્દો બહુ ઘુસી ગએલા જોવામાં આવે છે. તેવું આ ગ્રંથમાં થયું નથી તે આનંદની વાત છે. " × × × × " જો મગજમાં એવી ભ્રમણા પેસી ગઈ ન હોય કે આ પુસ્તક ભાષાંતર છે તો આ છેવટનાં પ્રકરણો વાંચીને તો એમ જ જણાય કે બધું સ્વતંત્ર જ લખાયું છે. મનુષ્યના મૂળ વિષેની દલીલો આદિ બાબતો એટલી સરસ ભાષામાં રજુ થઈ છે કે, ધ્યાન પૂર્વક વાંચનાર અભ્યાસીને આ વિષયનો વધારે ઉંડો અભ્યાસ જ઼ુસ કરવાનું મન આ ગ્રંથના વાચન પછી થયા વિના રહે જ નહિ એમ અમે માનીએ છીએ. "—**નવજીવન અને સત્ય.** જાન્યુઆરી—ફેબ્રુઆરી, ૧૯૧૯.

૨૩ **दीघनिकाय. भाग पहिला.** १-८-०.

૨૪ **પેલેસ્ટાઇનની સંસ્કૃતિ** ૦-૧૨-૦; ૦-૧૧-૦.

"એકંદરે તરજુમો ઠીક થયો છે."—**સાહિત્ય** ફેબ્રુઆરી, ૧૯૧૯.

" મુસલમાન અને પાશ્ચાત્ય સંસ્કૃતિઓના ઇતિહાસથી આપણે સારી રીતે પરિચિત છીએ એટલું જ નહિ, પણ જે સંસ્કૃતિઓની આપણા જીવન અને સમાજપર પ્રબળ અસર થયલી છે તે હજી ચાલુ છે. આ બે સંસ્કૃતિઓ પર પેલેસ્ટાઇનની સંસ્કૃતિએ ઉંડી અસર કરી હતી, એટલે તે સાથે આપણને કંઈ આડકતરો સંબંધ છે. સિવાય હવેથી, મેસેપોટેમીઆ અને પૅલેસ્ટાઇન સાથે જો આપણો સંબંધ અને વ્યવહાર બહુ નિકટ અને બહોળો થવાનો સંભવ છે. આવા સંજોગોમાં પ્રસ્તુત પુસ્તકની પસંદગી અને પ્રસિદ્ધિ ખાસ



આવકારદાયક લેખાવી જોઇએ. તેના વાચનથી આપણને કેટલુંક નવું જાણવાનું અને શીખવાનું મલી આવશે."—**બુદ્ધિપ્રકાશ.** જાન્યુઆરી, ૧૯૧૯.

"ઇસ્લામ સંસ્કૃતિ અને ક્રિશ્ચિયન સંસ્કૃતિ વચ્ચે કેવા પ્રકારનો ઝઘડો થયો, યાહુદી લોકોએ તે ઝઘડામાં શો ભાગ ભજવ્યો, અને છેવટે પૂર્વ અને પશ્ચિમનું કેવી રીતે મિશ્રણ થયું વગેરે બાબત આ પુસ્તકમાં સારી રીતે રજુ થઈ છે. ઇતિહાસના અભ્યાસી માટે એક નવું પુસ્તક ગુજરાતી સાહિત્યમાં ઉમેરાયું છે તે બદલ અમે સંતોષ જાહેર કરીએ છીએ."—**કેળવણી** એપ્રિલ, ૧૯૧૯.

" કાળજીપૂર્વક અંગ્રેજી પુસ્તકનું ભાષાંતર આ કર્યું છે, અને ભાષાંતરકારે ઘટે તેટલે દરજ્જે દરેક અંગોને ન્યાય આપ્યો છે. ભાષા સંસ્કારવાળી છે.—**દેશીવિપારી ચેમ્બર્સનું માસિક.** માર્ચ, ૧૯૧૯.

"અત્યારના યુદ્ધના પ્રસંગથી જેરૂસલેમ અને તેની આસપાસનો પ્રદેશ બહુ જાણીતો થયો છે; તે પ્રદેશમાં કેવા પ્રકારની પ્રજા વસતી હતી; તે પ્રજાની સંસ્કૃતિનો વિકાસ કેમ થતો ગયો અને ક્રિશ્ચિયન ધર્મના સ્થાપક ઇશુ ખ્રિસ્ત જે ભૂમિમાં જન્મ્યા તે ભૂમિની કેટલીક હકીકત વગેરે માહિતી આ પુસ્તકમાં છે. જે જમાનામાં જુદી જુદી પ્રજા આત્મનિશ્ચયના અધિકાર માગી રહી છે, તે જમાનામાં જુદી જુદી પ્રજાના ઇતિહાસ જાણવાની પણ બહુ જરૂર છે એ દૃષ્ટિથી આ પુસ્તક ગુજરાતી વાચકોને ઠીક કામમાં લાગશે."—**હિંદુસ્થાન.** ૧૬ મી જાન્યુઆરી, ૧૯૧૯.

૨૫ **મનુષ્યવિદ્યાનાં તત્ત્વો.** ૧-૦-૦; ૦-૧૫-૦.

" પુસ્તકની ભાષા વિષયની નવીનતા છતાં ઘણી સરળ રીતે અને ધ્યાનપૂર્વક શબ્દોની પસંદગી કરી લેખકે લખેલી છે. " **સાહિત્ય.** ફેબ્રુઆરી, ૧૯૧૯.

" આપણા સાહિત્યમાં આ વિષય તદ્દન નવીન છે, અને તે આપણે અભ્યાસ કરવા જેવું ઉપયોગી અને અગત્યનું શાસ્ત્ર છે. અમે ઇચ્છીએ છીએ કે તેના અભ્યાસીઓ સારી સંખ્યામાં આપણે અહીં ઉત્પન્ન થાય. "—**બુદ્ધિ પ્રકાશ.** જાન્યુઆરી, ૧૯૧૧.

"એ પુસ્તકમાં પુરાતન કાળ, ઓલાદ, પરિસ્થિતિ, ભાષા, સમાજ-વ્યવસ્થા વગેરે જે જે બાબતો રજુ કરવામાં આવી છે તે ઘણી મનન કરવા યોગ્ય છે." × × × "આ અને એના જેવાં પુસ્તકોને છેડે પરિભાષક શબ્દકોશ આપવાની રીતી ઘણી સ્તુતિપાત્ર છે અને તે જેમ ફાયદાકારક છે તેમ જ તે આપવાથી કયો પરભાષાનો શબ્દ આપણી ભાષામાં ઉતારવામાં આવ્યો છે તેની જાણ વાચક વર્ગને થાય ત્યારે બીજો શબ્દ બનાવવાનો વ્યર્થ પ્રયાસ તે કરી શકતો નથી." **દેશી વેપારી ચેમ્બર્સનું માસિક** માર્ચ ૧૯૧૯.

"આવું પુસ્તક ગુજરાતી ભાષામાં પહેલીવાર જ પ્રકટ થાય છે." × × × આ પુસ્તક સારા શિષ્ટ અંગ્રેજી પુસ્તકનું ભાષાંતર છે તેથી ઇતિહાસ અને વિજ્ઞાનના અમૂલ્ય જ્ઞાનથી ભરપુર છે. ગુજરાતી ભાષાદ્વારા ઉંચુ જ્ઞાન આપવાની કૉલેજ નીકળશે ત્યારે આ પુસ્તકની કિમ્મત બહુ અંકાશે."—**હિંદુસ્થાન.** ૧૭ જાન્યુઆરી ૧૯૧૯.

"સમાજશાસ્ત્ર અને મનુષ્ય- શાસ્ત્રપર ગુજરાતી ભાષામાં હજુ સ્વતંત્ર પુસ્તકો લખાયાં નથી. આ પુસ્તક તેથી કરીને બહુ યોગ્ય રીતે એક ઉણપ પૂરી પાડે છે. માણસમાં મનુષ્યત્વ કેમ ખીલતું ગયું; હમણાં કેમ ખીલે છે; પરિસ્થિતિ, ભાષા અને વારસાની અસર એ ખીલાવટમાં કેવી થાય છે; કાયદા, ધર્મ અને નીતિના વિષયનો વિચાર માણસો કેમ કરતા શીખ્યા; વગેરે પ્રશ્નોની ચર્ચા સારી રીતે આ પુસ્તકમાં કરવામાં આવી છે. આ પુસ્તક લાયબ્રેરીમાં ખાસ રાખવા જેવું છે. **કેળવણી**—મે ૧૯૧૯.

૨૬ **જગતનો વાર્તારૂપ ઇતિહાસ.** ગ્રંથ બીજો. ૩–૦–૦

"વાર્તા જેવો રસ, અસલ અંગ્રેજી પુસ્તક જેવો રસ—આ ગૂજરાતી ભાષાંતરમાં તેઓ જમાવી શક્યા છે; અને જે કોઇને જગતનો ઇતિહાસ જાણવાની ઇચ્છા છે, તેને આથી વધારે સારૂં—વધારે સહેલું ને છતાં વધારે રસીલું પુસ્તક ગુજરાતી ભાષામાં ભાગ્યેજ બીજું મળશે."—**સાહિત્ય.** મે. ૧૯૧૯.



"વાર્તારૂપે ઐતિહાસિક જ્ઞાન આપનારૂં આ પુસ્તક, વાંચનારના અંતઃકરણમાં દુનિયાના જુદા જુદા દેશોપર અસ્તોદયનું ચક્ર પોતાની છાયા કેવા વિવિધ પ્રકારોથી પાઙ્યા કરે છે તેનું ભાન અચ્છીરીતે કરાવવાની સાથે દેશ હિતની પ્રવૃત્તિનું સ્વરૂપ સમજાવે છે, અને કુદરતના સામર્થ્યનું અગાધપણું દેખાડી છે."
—**અંકુશ** ચૈત્ર ૧૯૭૫.

"ભાષાંતર પહેલા ભાગ જેટલું સરળ અને સુગમ થયું છે, ભાષાંતર છતાં ભાષા મૂળના જેવી રસિક અને જેઓને ઉદ્દેશીને પુસ્તક રચવામાં આવે છે, તેઓને હોંશથી વાંચવી ગમે તેવી છે. બ્રિટિશ સામ્રાજ્યના ઉદ્ઘાટન સાથે જે જે દેશો સંબંધમાં આવ્યા છે તે દેશોનો ઇતિહાસ પણ બ્રિટિશ સામ્રાજ્યના ઇતિહાસની સાથે છુટીછુટી વાર્તાઓથી એવી યુક્તિથી ગુંથી દીધો છે કે, જરા પણ રસની ક્ષતિ થયા વિના અથવા સંબંધની સાંકળ તુટયા વિના આખા ઇતિહાસનું જ્ઞાન થાય છે. વિદ્યાર્થીઓએ તેમજ સામાન્ય મનુષ્યોએ પણ આ બન્ને પુસ્તકો અવશ્ય વાંચવાં જોઇએ."—**ત્રિમાસિક** પુસ્તક, ૧૫; સંવત્ ૧૯૧૯.

"This is a continuation of the former volume and connected as it is with India and the Modern History of England is likely to find greater favour × × × × with its younger readers."—**Modern Review.** May, 1919.

× × × એક વિશેષ ધ્યાન ખેંચે એવી એવી વાત આ પુસ્તકના ભાષાન્તરની શૈલી સંબંધી છે. રા. રા. શાહની ગુજરાતી લેખનશૈલી ડોળવગરની, શોધી શોધીને શબ્દો મૂકવાની કૃત્રિમતા વગરની, વ્યવહારમાં ચાલતી, અને પ્રસંગે પ્રસંગે ગુજરાતી ભાષાના ખાસ અલંકારોનો ઉપયોગ કરવાવાળી છે; સાદી છતાં સંસ્કારી છે. રા. રા. શાહ થાક્યા વગર ત્વરાથી લખનારા છે એ હું જાણું છું અને એવા લખનારમાં બહુધા સ્વાભાવિકપણું હોય છે. આ

સ્વભાવિકપણું એ જ સૌદર્ય છે. આવો સૌંદર્યથી પરિપૂર્ણ ગ્રંથની હું વાંચવા સર્વને અને ખાસ કરીને પોતાના દેશ તરફ અને પ્રજા તરફ પ્રીતિ ધરાવનારા-ઓને—વાંચવાની ભલામણ કરૂં છું. **કેળવણી** મે ૧૯૧૯.

૨૮ **બાલોદ્યાનપદ્ધતિનું ગૃહશિક્ષણ.** (સચિત્ર) ૦-૧૪-૦; ૦-૧૨-૦.

" અનુવાદ સારો થયો છે, ને મૂળમાં યોગ્ય ફેરફાર લેખકે કરેલો છે, તેથી પુસ્તક ગુજરાતને અનુકૂળ થઈ પડે તેવું થયલું છે."—**સાહિત્ય** ફેબ્રુઆરી ૧૯૧૯.

" વિષય અતિ મહત્ત્વનો અને મનન કરવા જેવો છે અને અનુવાદ પણ તે જ પ્રમાણે સરળ અને ખૂબી ભર્યો થયો છે."—**બુદ્ધિપ્રકાશ.** જાન્યુઆરી, ૧૯૧૯.

" અંગ્રેજી પુસ્તકનો અનુવાદ સારો ઉતર્યો છે. શિક્ષણના કામમાં સમાજ રસ લેવા લાગ્યો છે તેવે સમયે આ પુસ્તકનો પ્રચાર સારો થવા સંભવ છે"

" ટ્રેનિંગ કાલેજમાં આ પુસ્તકનો રીતસર ટેક્સ તરીકે નહિતો—મરજીઆત વાંચન તરીકે તો ઉપયોગ થવો જોઇએ. એક વખતના વાંચનથી પણ શિક્ષકોને કેટલુંક નવું વિચારવા જેવું મળે તેમ છે."—**કેળવણી** એપ્રીલ ૧૯૧૯

"પુસ્તકની રચના ઉચિત છે."—**દેશી વેપારી ચેમ્બર્સનું માસિક** માર્ચ ૧૯૧૯.

" કિંડરગાર્ટન પદ્ધતિ આપણા દેશને કેટલે અંશે ઉપકારક છે અને તેમાં આપણે પોતે કેવા સુધારા કરવા જોઇએ તે બાબતનો વિચાર કરવા આ પુસ્તકની વસ્તુ જેવા જેવી છે. ભાષા સરળ છે. શિક્ષકો અને બચ્ચાંઓના વાલીઓને પુસ્તકપર નજર નાખવાની અમો ભલામણ કરીએ છીએ."—**હિંદુસ્થાન** ૧૬ મી જાન્યુઆરી ૧૯૧૯.

---

Smt. HANSA MEHTA LIBRARY
NOT TO BE ISSUED
This book may be kept for 15 days.
HANSA MEHTA LIBRARY BARODA
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY
NOT TO BE ISSUED
SHML
014372
ENTERED
V
7 DS
68
.M9
~~(G)E9~~
14372